॥ ॐ ॥

બ્રહ્મતેજ

યાને

પુરુષાર્થનું પરિણામ.

લેખક તથા પ્રકાશક

ચત્રભુજ શીવજી ત્રિવેદી.

ભીમપિતામહ અને [illegible] યાને ભયંકર ભુલ,

[illegible] ની ટીકાના કર્તા—કરાચી,

પ્રથમાવૃત્તિ પ્રત ૫૦૦

સાં. ૧૯૭૩ માર્ગશીર્ષ શુકલ પ્રતિપદા

(સર્વ હક કર્તાને સ્વાધીન)

હિતેચ્છુ પ્રેસમાં

દ. વા. ઠાકરે છાપ્યું.—કરાચી.

મુલ્ય રૂા. ૧-૬-૦

॥ ॐ ॥

બ્રહ્મતેજ

યાને

પુરૂષાર્થનું પરિણામ.

લેખક તથા પ્રકાશક

ચત્રભુજ ભીમજી ત્રિવેદી.

ભીષ્મપિતામહ, પ્રાણહારકવિષ યાને ભયંકર ખુન,
ભોળીકાન્તા ઇત્યાદીના કર્તા—કરાચી.

પ્રથમાવૃતિ   પ્રત ૫૦૦

સં. ૧૯૭૩ માર્ગશીર્ષ
શુકલ પ્રતિપદા

હિતેચ્છુ પ્રેસમાં
હ. વા. ઠાકરે છાપ્યું.-કરાચી.

મુલ્ય રૂા. ૧-૪-૦

धर्मार्थ काम मोक्षाणां यस्यै कोऽपि न विद्यते ।
अजागल स्तनस्येव तस्य जन्म निरर्थकम् ॥

ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચાર પુરૂષાર્થમાંથી એક પણ પુરૂષાર્થ જેના ઉદ્દેશ રૂપે નથી તેનો જન્મ બકરીના ગળા પર રહેલા સ્તનના જેવો નિરર્થક છે.

સીમેન્ટ બ્લોકસ

અથવા

સુંદર મકાનોનો શણગાર

અમારે ત્યાં—

૧ હાથથી ઘડાએલા કુદરતી પથ્થર કરતાં કોઈ બી રીતે ઉતરે નહિ તેવા નકસીદાર અને સીધા સીમેન્ટના પથ્થર દરેક કદના કે નમુનાના મળી શકે છે.

૨ ઘડાઇઓની હાડમારીને લીધે, તેમની સાથે કરવી પડતી માથાકુટને લીધે તેમજ કરાચીના કુદરતી તથા બીજી જાતના પથ્થરને કલર લાગતા હોવાથી મકાન બાંધનારાઓ મનમાનતા નમુનાની બીલ્ડીંગ બાંધવામાં નિષ્ફળ થાય છે આ તકલીફમાંથી મુક્ત થવા માટે એક વખત હમારા કારખાનાની મુલાકાત લેવાને અમો તેવાઓને નમ્ર વિનંતિ કરીએ છીએ.

૩ સીસા, ગઠાળા, બંધના કે ગોળ પીલરવાળા નમુના નમુનાના પથ્થર, દીલપસંદ કાનસો, શીડીઓ, ઓળાઓ, કુંડાઓ વિગેરે તઈયાર રાખવામાં આવે છે.

ભાવ કીફાયત રાખવામાં આવ્યા છે.

ઠા. વીશરામ નરશી એન્ડ બ્રધર્સ

કારખાનું— બંદર રોડ ઉપર બોમટન મારકેટ સામેના જુના હોલ્ડરી કંપાઉન્ડમાં	સીમેન્ટ બ્લોક મેન્યુફેકચર્સ એન્ડ કંટ્રાકટર્સ ઓફીસ–કચેરી રોડ રામબાગ ગાડીખાતા કરાચી સીટી.

ભારતી સ્તવન

વહેલી ભવ્ય ભારતી, જય વંદે માતરમ્
રઢિઆળી સ્વર્ગ સમી, પરમ સુશીલ હૃદય ગમી;
મધુભૂમિ અમરાવતિ, મમ પ્રિય ભારતી. વહેલી—
શૌર્ય તેજના ભંડાર, સંપ સ્નેહના આગાર;
ભાખી ઉરદ્ શ્રેષ્ઠ મતિ, આપી સન્મતિ વહેલી—
વેદ શ્રુતિઓ મહાન, તુજ ઉદરમાં કરતાં ગાન;
"जननी जन्म भूमिश्च स्वर्गादपि गरीयसी" વહેલી—
પરશુ ને પ્રતાપી રામ, બીજા કૃષ્ણ બળરામ;
વિભૂતિ તારી પ્રભુવતિ, હે ! પ્રિય ભારતી.— વહેલી
સ્વતિએ સર્વ લેઈ હાથ, દિવ્ય મંગળ મૂર્તિ માત;
અર્પે આત્મ બળ શક્તિ, અમ અંતરે ભક્તિ. વહેલી—

"અમૃત"

ભૂમિકા

કુટિલકાળની વિચિત્ર ચાલ બરોબર બદલાતી જાય છે, તે એટલે સુધી કે મોટા ત્રિકાળદર્શી વિદ્વાનો પણ કાળની આ વિલક્ષણ ગતિનો પાર પામી શક્યા નથી, જ્યાં સુધી સંસારનું અસ્તિત્વ રહેશે ત્યાં સુધી કાળની અનિવાર્ય ગતિપણ બરોબર રીતે બદલાતી જશે. એ ગતિનું રોકાવું ઘણુંજ કઠિન છે. એક એવો સમય હતો કે જ્યારે ભારતવર્ષની ઉજ્વળ અને નિર્મળ કીર્તિ ઉછળતા પ્રવાહે ચોમેર પ્રસારને પામી સમગ્ર જગતને તેમાં ગરકાવ કરી દેતી, પુરતી જગ્યા નહિ મળવાથી આકાશ તરફ ઉંચે ચઢવા લાગી; સ્વર્ગમાંથી દેવતાઓને પણ ભારત ભૂમીમાં અવતરવા ઇચ્છા થઇ આવતી. એક મહેશ ભગવાનના પાદ પખાળવા અનંત પ્રદેશમાં પહોંચી વળી હતી, પ્રભુના ચરણને પખાળીને પાદ પ્રક્ષાલનરૂપ તે પ્રભુ પ્રસાદ ભારત સંતાનો તરફ પાછો વાળ્યો, જેની અપુર્વ મહત્તા—ઉંચાઇ; અલૌકિક નિર્મળતા અને અખંડ શીતળતાનું ભાન હજુએ આપણને તે ગગનચુંબી હેમગિરિ શિખરો પરના સફેદ બરફથી અને પતિત પાવની ગંગાના પાપવિમોચનિય પ્રભાવથી કરાવે છે! તે સમયે ભારત વર્ષમાં સરસ્વતીનો ચંદ્ર પુર્ણ કળાએ પ્રકાશી રહ્યો હતો, એટલુંજ નહિ પરંતુ ઠામો ઠામ પર્વત ઉપર નિવાસ કરી રહેલ ઋષિઓ વિના સંકોચે પોતાનું જ્ઞાન એક બીજાને શીખવતા હતા અને પોતાના તુલ્યજ બીજાને બનાવતા હતા. તેથી જેમ આકાશમાં ઉગેલો એકજ ચંદ્ર કેવળ નિર્મળ શ્વેત શિખરો પર પડતાં શૃંગે શૃંગે શશિ શો-

વાનું આપણને ભાન થાય છે, તેમ આખા દેશમાં વિદ્યાદેવીએ વિલાસ વિલસી રહ્યો હતો. દુનિયાના સર્વ સુધરેલા દેશના વિદ્યા-વિલાસી મુમુક્ષુઓ ભારત વર્ષમાં આવતા હતા, સર્વ ધર્મ પ્રવર્તકો તથા બીજા મહાન વિદ્યાકલાભિજ્ઞ પુરૂષોના જ્ઞાન અને કીર્તિનું ખરૂં મુળ ભારત વર્ષમાંજ હતું, અને એથીજ ભારત ભુમી ધર્મમાત્રની જનેતા મનાતી હતી. અત્યારે જે જે વિદ્યાઓ, હુન્નરો આદિ અન્ય વિદેશીઓ પાસે જોઇએ છીએ તે સર્વ તેઓએ ભારત વર્ષમાથીજ મેળવ્યા હતા. આપણું ભારત વર્ષ રસ કસથી પુર્ણ ભરેલું હતું. આપણા દેશમાંજ લક્ષ્મી અને સરસ્વતિએ જન્મ લીધો હતો! આખી પૃથ્વીમાં સર્વ જાતની વિદ્યા અત્રેના મહાન વિદ્વાન બ્રાહ્મણો દ્વારા ફેલાઇ હતી, એટલુંજ નહિ પરંતુ આપણા જ દેશના વિદ્વા-નોથી શિક્ષા મેળવી બીજા અસભ્ય દેશના વતનીઓએ પણ સભ્યતા પ્રાપ્ત કરી હતી! એનું પ્રમાણ ઇતિહાસ અને પુરાણોમાંથી મળી આવે છે. પરંતુ અફસોસ! એક દિવસ એ પણ છે, કે સૃષ્ટિમાં સર્વથી શ્રેષ્ઠ ગણાતો ભારત આજે અતિ આરત દશામાં આવી પડ્યો છે! જેની કારીગીરી અને પદાર્થોથી પરદેશીઓ મોહ પામી પોષાતા તે આજે માલ વગરનું મનાઇ, દિસે મુખે પારકાના ઉપર પોતાનો આધાર રાખી પાયમાલ સ્થિતિમાં પડ્યું છે! જેની પ્રજા પુર્ણ ધર્મશ્રધાળુ, પવિત્ર હૃદયની, ઉંચ્ચા વિચારની, અપુર્વ બુદ્ધિ-શાળી મનાઇ જ્યાં ત્યાં માનસનમાનને પામતી તેની પ્રજા આજે મહામુર્ખમાં મનાઇ જ્યાં ત્યાં અનહદ અપમાન પામે છે! પ્રાચીન અને અર્વાચીન રૂપરંગ, આચાર વિચાર, અને વ્યવહારિક બાબતોમાં

આસમાન જમીનનો અંતર પડી ગયો છે. શું ! એ કાળની ગતિના બદલાવોથી નથી બનાવતું ! કે જેણે ભારતને ઉન્નતિના ઉંચા શિખરોએથી નીચે ગબડાવી પાડયું છે !?!

ભારતની આ દશા થવાનું કારણ શું ! એ પ્રશ્ન જ્યારે હૃદયમાં ઉપસ્થિત થાય છે ત્યારે અંતઃકરણમાંથી બરકાળ પ્રકૃતિ સતિનો એજ ઉત્તર મળે છે કે, કિસ્મત ! પરંતુ ખરી રીતે જોતાં ઉન્નતિ પુરૂષાર્થપર નિર્ભર છે. જે રીતે દ્વાર વિનાનું ઘર નકામું છે, પ્રભાવ વિના પ્રાર્થના વૃથા છે, સંતાનવિના જીવન અકારૂં છે, અને જન શુન્ય નગર ભયદાયક છે, તેજ રીતે પુરૂષાર્થહિન મનુષ્ય આલોક અને પરલોક બંન્નેમાં નિરાશ થાય છે. પુરૂષાર્થવિના આજે ભારત આરત દશા ભોગવે છે, બ્રાહ્મણોએ પુરૂષાર્થનો ત્યાગ કરી વેદ પઠન છોડી દીધું, ક્ષત્રિઓએ પુરૂષાર્થને તજી હથિયારો પરથી હાથ ઉઠાવ્યા, વૈશ્યોએ પુરૂષાર્થને થેલીમાં બાંધી વાણિજ્ય વ્યાપારનું ધ્યાન છોડી દીધું, શુદ્રોએ પુરૂષાર્થહીન શુન્ય હૃદયથી ઉપરના ત્રણે વર્ણોની સેવા કરવાનો ધર્મ તજી ન્યુનતા કરી, જ્યાં દ્રષ્ટિ ફેરવીએ ત્યાં આળસ્ય નૃપતિનું સામ્રાજ્ય ફેલાએલું જણાય છે, આળસ્ય નૃપતિની ચઢાઇથી પુરૂષાર્થ પલાયન કરી ગયો છે. જે દિવસથી આળસ્યનો વિજય થયો છે તે દિવસથી ભારતમાં કાળશક્તિનું આગમન થયું છે. પણ મહાન બ્રિટીશ છત્ર નીચે ભારતમાં પુરૂષાર્થ રૂપી દીનમણિનો ઉદય થવા સંભવ છે, જેથી એવા પુરૂષાર્થના વિચારો આપણે કરવા જોઇએ.

વિચારોનું ઉત્પત્તિ સ્થાન વાચન છે એટલે ઉત્તમ વિચારો લાવવા માટે સારા વાચનની યોજના થવી જોઇએ, તેમ થવા માટે

ચતુર્વેદ અને ઉત્તમ લેખોની ખાસ જરૂર છે, જ્યારે દેશના સાહિત્યોદ્યાનમાં નીતિમય જીવન માળા ઉપાય જેવા બોધ દાયક વાર્તાઓની સુંવાળીથી ગુંથાએલા ઉત્તમ નીતિબોધક પુસ્તકોનો ફેલાવો થશે ત્યારેજ પ્રજાના વિચારો અને આચારો સુધરશે, સન્માર્ગ તરફ વળશે, અને દેશનું કલ્યાણ પણ ત્યારેજ થશે.

આપણાં પવિત્ર પુરાણો ધર્મનીતિનાં તત્વોથી ભરેલાં છે, તદપિ મહાભારત અને બીજા પુરાણો એટલા મોટા છે કે તેને સંપુર્ણ વાંચી જવા જેટલો સમય અથવા ધીરજ થોડાનેજ રહે છે. હાલમાં કેટલાક વિદ્વાન લેખકોના લેખોદ્વારા તેમાંથી અનુકરણ કરવા લાયક મહાન પુરૂષોનાં જીવન ચરિત્રો જન સમાજની જાણ માટે પ્રસિદ્ધ કરવાનો ભગીરથ પ્રયત્ન થઇ રહ્યા છે તદનુસાર મારામાં તેવી કોઇપણ શક્તિ ન હોવા છતાં તેવા ઉત્તમ લેખોના વાચનદ્વારા મેં જે કાંઇ મેળવ્યું છે તે તથા હિંદી સાહિત્યનો આધાર લઇ મારી અલ્પ શક્તિ વડે આટલો લેખ લખી જન સમુદાયની સમક્ષ મુકવાનું સાહસ કરૂં છું.

પ્રસ્તુત કથામાં પરમ પ્રતાપી વિશ્વામિત્રનું જીવન ચરિત્ર છે. કથાનો મુળવિષય કપોળ કલ્પિત નથી પરંતુ આપણાં અમુલ્ય રત્નો મહાભારત, ભાગવત, શિવપુરાણ આદિપુરાણોમાંથી સંશોધન કરીને મેળવ્યો છે પુરાણોમાં આવા અનેક મહાપુરૂષોનાં ચરિત્રો છે અને તે નીતિબોધક છે તેના વાંચનથી આપણને ઘણું શીખવાનું મળે છે. પ્રાચીન કાળમાં મનુષ્યમાં અમુક પ્રકારની શક્તિ હતી એટલીજ માન્યતા ફેલાવવી એજ આ ગ્રંથનો હેતુ નથી, પરંતુ તેનું અનુકરણ કરવું કેટલે દરજ્જે યોગ્ય છે તથા મનુષ્ય જાતિની શી રીતે ઉન્નતિ થઇ શકે તે બતાવવાનો આ ગ્રંથનો વિશેષ હેતુ છે.

કોઇ શંકા કરે કે રંક અને સામાન્ય લોકોને મહાત્માઓનાં દ્રષ્ટાંત સા કામના ! પણ એ શંકા વ્યાજબી નથી જેનું અંતઃકરણ મહાન છે તે મહાત્મા કહેવાય છે. મહાત્મા બનાનો અધિકાર બાહ્ય સ્થિતિ ઉપર નથી પણ અંતઃકરણની સ્થિતિ ઉપર છે, બાહ્યસ્થિતિ ગમે તેવી હોય પણ અંતઃકરણની મહત્તાથી મહાત્મા થઇ શકાય છે, એ સુક્ષ્મસિદ્ધાંત દુર રાખીએ તોપણ આપણા પુર્વજ મહાત્માઓનાં ઉત્કૃષ્ટ દ્રષ્ટાંતો અનેક રીતે બહુ લાભકારકજ છે, વ્યર્થ શંકામાંજ આપણે આપણાં અમુલ્ય રત્નો ગુમાવ્યા છે. અયોધ્યા છે અયોધ્યા પતિ નથી ! યમુના છે પણ તે જળકેલી નથી ! તીર્થ અને આશ્રમ છે પરંતુ પુર્વના મહાત્માઓ નથી ! આજે કેવળ તેની સ્મૃતિમાત્ર રહી છે ! એ પણ કદી કર્મ અને શિક્ષાના દોષથી જાતિ ન રહે !

આજકાલ કેટલાક યુવાનો એવાં પુસ્તકો વાંચવાનું પસંદ કરે છે કે જેમાં નાયક નાયિકાના રોમાંચિત પ્રેમ હાવભાવ-કટાક્ષ એ વગેરે હોય છે, પણ તેવાં પુસ્તકો પરિણામે હિતકર નથી, કારણકે વાસ્તવિક રીતે જોતાં ભારતનો એ વિષય નથી પરંતુ યુરોપ અને એવાજ બીજા સુધરેલા દેશોની નકલ છે, ભારતનું એક માત્ર રત્ન "હિંદુ જાતિનું આદર્શ" કે જે હિંદુત્વનું પ્રધાન કારણ છે. જે બળથી હિંદુ જાતિ પૃથ્વી પર સર્વથી શ્રેષ્ઠ છે તેજ આ કથામાં બતાવવામાં આવ્યું છે. મહત્વ શું છે ! અને મહત્વ પ્રાપ્તિ માટે શું કરવું જોઇએ ! એ તથા આપણા પુર્વજો કયા કારણથી ચિરસ્મરણિય છે ! તે સ્પષ્ટ રૂપથી આ મહાન પુરૂષાર્થી વિશ્વામિત્રના જીવન ચરિત્રમાં બતાવવામાં આવ્યું છે.

પ્રાચીન કાળમાં દેવો કેટલીક વખત પ્રત્યક્ષ રીતે અને કેટલીક વખત મહાન ઋષિમુનિઓ દ્વારા સંસ્કારી મનુષ્યોને શિક્ષણ આપતા અર્થાત મંત્ર આપતા. "મંત્ર" એટલે એક એવો શબ્દ અથવા એવું વાક્ય કે જેના ઉચ્ચારની અદ્રશ્ય સૃષ્ટિઓમાં અસર થાય છે દેવો આવા મંત્રો સંસ્કારી મનુષ્યોને સાક્ષાત રૂપે અથવા કોઈ અન્ય સ્વરૂપે આપતા અને તેના ઉપયોગથી કાર્ય સિદ્ધિ થતી, એ વેદપિતામહ બ્રહ્મા અને વેદમાતા ગાયત્રી દેવીએ મનુષ્ય સ્વરૂપે આ પેલો ઉપદેશ વાંચવાથી પ્રતિત થશે.

પ્રસ્તુત કથામાં પુરાણોનો આધાર લેવા ઉપરાંત સુબોધચંદ્ર મુનશી પ્રણિત "બ્રહ્મતેજ" નામક નાટકમાંથી પણ કેટલોક ભાગ લીધેલો છે ઉક્ત નાટકમાં બતાવ્યા મુજબ વિશ્વામિત્રની સ્ત્રીનું નામ સુનેત્રાજ હતું એવું કારણ જો કે પુરાણોમાંથી મળે મળી શકતું નથી, તોપણ શિવ પુરાણમાંથી વિશ્વામિત્રની સ્ત્રી તેમની તપશ્ચર્યા ના અંત સુધી સાથે હોવાનું પ્રમાણ મળી આવે છે. એટલે તે મહાશયના ઉચ્ચ આશયને માન આપી કાંઈક હેતુસર કલ્પેલા એ નામને મેં પણ આ પુસ્તકમાં કાયમ રહેવા દીધું છે, જો કે મેં તેમાં કેટલીક કલ્પિત ભાવનાનો ઉમેરો કર્યો છે તદપિ ઇતિહાસને બાધા ન આવે તેની સંભાળ રાખવા મેં મારાથી બનતો પ્રયત્ન કીધો છે.

કદાચ કોઈ કહેશે કે એવા લેખોમાં કલ્પિત ગપાટા ભેળવવાની શી જરૂર છે ! તો તેને એટલુંજ કહેવું જરૂરનું છે કે જેવી રીતે અન્ય રસિક સામગ્રીઓ એકઠી થવાથી કોઈપણ ભોજન અતિ સ્વાદિષ્ટ લાગે છે અને જમનાર પણ હોંસથી જમે છે. તેવીજ રીતે

જેમ લેખોને રસપૂર્ણ અને લોકપ્રિય બનાવવા સારૂ તેની સાથે અન્ય કલ્પિત સામગ્રીઓથી ભરપુર લેખો વાંચવામાં લોકોને પણોજ આનંદ પડે છે. અને તેવા લેખોથીજ તેમના મન ઉપર સચોટ અસર થાય છે, એ નિર્વિવાદ વાત છે. માટે આ ધોરણ પર મેં આ કથા લખેલી છે કદાચ મારી કલ્પિત સામગ્રીની રસિકતામાં કાંઈપણ ન્યૂનતા જણાય તો તે માટે હું ઉદાર વાચક વૃંદની પ્રથમથીજ ક્ષમા યાચું છું.

અધિકારી ન છતાં ઉતાવળે ઉચ્ચ પદ મેળવવાની ઇચ્છા કરનાર મનુષ્યની કેવી દશા થાય છે તે જણાવવા ત્રિશંકુનું દ્રષ્ટાંત ઘણું જ અનુકરણીય છે. વિશ્વામિત્ર અને સુનેત્રાના જીવન વૃતાંતથી દંપતિના પરસ્પર શુદ્ધ ધર્મોનું સત્ય સ્વરૂપ વાંચનારની દ્રષ્ટિ આગળ પ્રત્યક્ષ ખડું થાય છે, પવિત્રતાની મુર્તિ સુનેત્રાનું પાત્ર આર્ય અબળાઓને ઉત્તમ બોધ આપનારું છે. શાન્ત મુર્તિ વશિષ્ટનું વર્તન પુર્વના પવિત્ર બ્રાહ્મણોનું દિગ્દર્શન કરાવનારું છે, એવં પ્રકારે કથાને વિશેષ રસમય બનાવવા મેં યથાશક્તિ પ્રયત્ન કર્યો છે તદપિ તેનો સત્કાર થશે યા ન થશે એ જૈન સમાજની રૂચીપર આધાર રાખે છે.

પુસ્તકો લખવાનો જો કે મારો ધંધો નથી, અને વ્યવહારિક કાર્યોમાં હું એટલો બધો ગુંથાએલો રહું છું કે વાંચવા વિચારવા જેટલો સમય પણ મેળવી શકું તેમ નથી, તદપિ મને તે વસ્તુ કાંઈક પ્રિય હોવાથી જે કાંઈ સમય મળે છે તેને વ્યર્થ નહિ ગુમાવતાં મારી એ ઇચ્છા તૃપ્ત કરવામાં તેનો ઉપયોગ કરૂં છું. જોકે જ્ઞાનના સાધનને અભાવે મારા પ્રયાસને પુસ્તક રૂપે પ્રકાશમાં લાવ

થોડું જુની થાતું નથી, તોપણ અમેના જાણીતા પેપરો "હિતેચ્છુ", અને "પારસી સંસાર" ના અધિપતિઓ મારા ક્ષુદ્ર લેખને સ્થાન આપી મારા ઉત્સાહને વિશેષ ઉત્તેજીત કરવા પોતાનાથી બનતું કરે છે, તે માટે તેઓનો હું ઉપકાર માનું છું. "પ્રાણઘાતક વિષ યાને ભયંકર ખુન" એ નામની નવલ કથા જ્યારે મેં શરૂ કરી ત્યારે મને સ્વપ્ને પણ આશા નહોતી કે મારી એ ક્ષુદ્ર કથા વાંચક વૃંદની એટલી બધી પ્રીતિ મેળવશે ! અને તેને પુસ્તક રૂપે બહાર પાડવાની માગણીઓ થશે ! ધારવા કરતાં વિશેષ પ્રિય થઇ પડેલી એ કથાને પુસ્તક રૂપે બહાર પાડવાનો એક વખત મને વિચાર થયો. પરંતુ બીજીજ પળે તે બદલાઇ ગયો. કારણ કે તેમ કરવામાં જે સાધનની જરૂર હતી તે સાધન ધન તો મારી પાસે હતું નહિ આથી હું નિરાશ થયો મારી નિરાશા મારા એક મિત્રના જાણુવામાં આવતાં તેણે મને શેઠ શિવારામ નરશીનો આશ્રય લેવાની સુચના કરી, આ પરોપકારી શેઠની ઉદારતા જો કે મારા જાણુવામાં હતી પરંતુ તેમની સાથે મારો બિલકુલ પરિચય ન હોવાથી તેમને રૂબરૂ મળવાનું સાહસ કરી શક્યો નહિ. એક પત્રદ્વારા મેં એ સંબંધી તેમની પાસે પ્રાર્થના કરી, ઉતરતા ગરીબ લેખકની સ્થિતિનો એ પરોપકારી શેઠને સંપુર્ણ અનુભવ હોવાથી તેમણે મારી પ્રાર્થના સ્વીકારી, એટલુંજ નહિ પરંતુ સંપુર્ણ ઉદારતા પુર્વક આશ્રય આપવાની આજ્ઞા પણ આપી. નિરાશાથી નિરુત્સાહી બની ગયેલા મારા હૃદયમાં ઉત્સાહનો આવિર્ભાવ થયો. હું તે પરોપકારી શેઠ પાસે ગયો. મારી ઉક્ત કથા તેમને બતાવી પરંતુ

સાહિત્યોદ્યાનમાં ઉમદા નૈતિક લેખો રૂપી રહસ્યદાર ઉત્તમ વૃક્ષો રોપાએલાં જોવાની ઇચ્છાવાળા એ સાહિત્ય પ્રેમી શેઠે મારા એ પુસ્તકમાં સાહયતા આપવાની અભિલાષા બતાવી, પરંતુ કોઇ ધાર્મીક વિષય લખી લાવવાની મને સુચના કરી અને તેમાં સંપુર્ણ સહાયતા આપવા જણાવ્યું. આમ કરવામાં એ ઉદાર શેઠનો ઇરાદો મારા ભાવિ માટે કાંઇ ઉમદા હતો એમ મને પાછળથી જણાયું, કારણકે જ્યારે મેં આ પરમ પુરૂષાર્થી વિશ્વામિત્રનું વૃતાંત લખવા માંડ્યું ત્યારે તેને લગતો ઇતિહાસ મેળવવામાં મને જે જે પુરાણો અને પુસ્તકોનો આધાર લેવો પડ્યો છે તે તે પુરાણો અને પુસ્તકોમાંથી મારા આ વિષયને લગતી બાબતો ઉપરાંત મેં તેનાથી ઘણું મેળવ્યું છે. અને તે મારાં ભાવિ લેખો માટે ઉપયોગી ભંડોળ રૂપે થયું છે. એટલે એ મહાશયે મારા આ પ્રયાસને પ્રકાશમાં લાવવા ઉદાર મદદ આપવા ઉપરાંત મારા પર એ પણ મોટો ઉપકાર કર્યો છે. મારૂં આ પુસ્તક પ્રગટ કરાવવાનું માન શેઠ વિઠ્ઠલદાસ નરશી નેજ છે, તેઓશ્રી મારા જેવા ઉછરતા લેખકોને સહાય આપવા ઉપરાંત કરાચીની દરેક જાહેર સંસ્થાઓમાં પણ પોતાનો ઉદાર હાથ લંબાવે છે, એટલુંજ નહિ પરંતુ અનાથ અને ગરીબ વિદ્યાર્થીઓને તેમના તરફથી ગુપ્ત મદદ મળે છે એવું મેં તેમના કેટલાક આશ્રિત વિદ્યાર્થીઓના મુખે સાંભળ્યું છે, તેમના લઘુબંધુ રણછોડભાઇ પણ તેમના જેવાજ નિખાલસ હૃદયના અને સાહિત્ય પ્રેમી છે. આ પુસ્તકમાં તેઓશ્રીએ મને જે ઉમદા સલાહ આપી છે, અને યોગ્ય ફેરફાર કરવા સુચના કરી છે. તેને માટે તેઓશ્રીનો હું ઉપકાર માનું છું. પ્રભુ ! આ પરોપકારી શેઠીઆઓના હાથે અનેક

પરોપકારનાં કાર્યો થાઓ તેમને દીર્ઘાયુષ્ય આપો ! એજ મારી અંતિમ પ્રાર્થના છે.

મારા શેઠ મેઘજી ગોકળદાસ અને પરમાણંદ ગોકળદાસ કે જેઓની સહાયતાથી હું મારો પ્રથમ પ્રથમ પ્રયાસ (ભીષ્મ પિતા મહનું પુસ્તક) પ્રકાશમાં લાવવાને ભાગ્યશાળી થયો છતો, તેમનો મારા પર જે અપુર્વ ભાવ છે તે અકથ્ય છે, વારંવાર તેઓ મારી ઉન્નતિ માટે પોતાનાથી બનતું કરે છે. આ વખતે પણ તેઓએ મારો માટે ઘણું કર્યું છે. હું તેમના નોકર હોવા છતાં તેઓશ્રી મારા પર ભ્રાતૃવત સ્નેહ રાખે છે, એટલે તેમનો પણ ઉપકાર માનવાની આ તક હું જવા દઇ શકતો નથી.

મારા મિત્ર શેઠ ધનજી કરમશી [illegible] દરેક વખત મારા કાર્યમાં મને ઘણીજ સારી મદદ આપે [illegible] અને મારા પર સ્નેહ રાખે છે, માટે હું તેમનો આભાર [illegible]

[illegible] વ્યવસાયને લીધે [illegible] સુધારવામાં અને ચિન્હો મુકવામાં [illegible] સંભાળ રહી શકી નથી એટલે તેમાં અનેક દોષો [illegible] જણાય તો તે સુધારીને [illegible] વાંચકોને પ્રાર્થના કરૂં છું

[illegible] ક્ષુદ્ર પ્રયાસ પુરો કરતાં તેમાં રહેલી ભુલોને દોષ [illegible] ગુણગ્રાહી યતા સજ્જ વાંચકોને પ્રાર્થના કરતો [illegible] પ્રભુ ! [illegible] દાતાઓને દીર્ઘાયુષ બનાવો ! અસ્તુ. [illegible] કર્તા.

ચત્રભુજ ભીમજી ત્રિવેદી.



શેઠ વિશ્રામ નરસી.

જનરલ કંટ્રાકટર. કરાચી.

લક્ષ્મી આર્ટ, ભાયખળા, મુંબઈ.

અર્પણ પત્રિકા.

સદ્ વિદ્યા વિલાસી સદગુણાલંકૃત ઉદારાત્મા મહાશય શ્રીયુત શેઠ વિશ્રામ નરશીભાઈ

ગુર્જર સાહિત્યના ઉત્કર્ષ અને વિકાસ માટે આપની નિઃસ્વાર્થ અને ઉદાર યોજનાઓ, ધર્મ અને પરમાર્થના શ્રેયસ્કર કાર્યમાં અડગ શ્રદ્ધા, સ્વજ્ઞાતિની ઉન્નતિ અર્થે તન મન ધનથી સેવાનો ભગીરથ પ્રયત્ન, દુર્દૈવે કરી ભટકતા અનાથ નિરાશ્રિત બંધુઓપર અતિશય અનુકંપા, સાર વસ્તુને સાધ્ય કરવામાં પરિપક્વ વિચારો, ભારતીના પુર્વ વીરરત્નોના જીવન ચરિત્રો જન સમાજ આગળ ધરાવી આર્યનું ઉચ્ચ જીવન સમજાવવા તિવ્ર ઉત્સુકતા, અને સાહિત્યને આંગણે રમતા ઉછરતા ઉત્સાહી લેખકોને ઉત્તેજન આપી તેઓના મુખે ભારતીના મહાપુરૂષોના યશોગાન અને ગરવી જન્મભુમીનાં ગૌરવના ગીતડાં ગવરાવી ઉગતા આર્ય સંતાનોની જીવન રેખાઓમાં તેવા મંત્રોના મુદ્રાલેખો આલેખાવવા આપની ઉભરાઇ જતી સ્વદેશ પ્રીતિ, એ વગેરે આપનામાં અપાર ગુણો છતાં સાદા, સદાચરણિય, સંપુર્ણ વિવેકી અને નિરાભિમાની છો. એ સર્વ અનુકરણિય ગુણોથી આકર્ષાઇ આપનીજ પ્રેરણા અને આભારી પોષાએલું આ પુષ્પ આપના કર કમળમાં સમર્પિત કરૂં છું આશા છે કે તેનો આદરથી સ્વીકાર કરશો.

લી૦ હું છું.

આપનું નિરંતર કલ્યાણ ઇચ્છનાર

ચત્રભુજ ભીમજી ત્રિવેદી—કર્તા.

અનુક્રમણિકા.

પાંચસો ગ્રાહક થયે બહાર પડશે

પ્રાણહારક વિષ

આને

ભયંકર ખૂન

(એક સામાજીક અને ડિટેક્ટિવ નવલ કથા)

ઉક્ત નવલ કથામાં કેટલાક સ્ત્રીની કમાઈપર તાગડ ધિન્ના કરનાર ક્રુર કસાઈઓનાં લોપાળાં ખુલ્લાં કરવા ઉપરાંત તેવા પતિને આશ્રયે પડેલી ક્રુર સ્ત્રી કેવું કાત્યાયની સ્વરૂપ ધારણ કરે છે; અને ભોળા હૃદયના ધનવાનોની ભોળાઇનો કેવો લાભ લે છે એ તથા પોતાના સ્વાર્થને ખાતર એક નીચ મનુષ્ય બિચારાં એક નિર્દોષ કુટુંબને કેવી રીતે પાયમાલ કરે છે, એ નીચનાં કાવત્રાં ખુલ્લાં પાડી એક ડિટેક્ટીવ સર્વને કેવી રીતે બચાવી લે છે આ વગેરે આનંદ ઉપજાવે તેવા કરાચીમાં બનતા કેટલાક બનાવોનું આબેહુબ ચિત્ર આળેખવામાં આવ્યું છે આ નવલ કથા જોકે કલ્પિત છે. તદપિ વાંચનારને જાણે તે બનાવો ખરાજ બનેલા હોય તેવું ભાન કરાવે છે.

ઉક્ત કથા કરાંચીમાં પ્રસિદ્ધિ પામેલા "પારસી સંસાર" પેપરમાં લગભગ સવા વરસ સુધી ચાલી હતી જેના માટે ઉક્ત પેપરના અધિપતિ પોતાનો અભિપ્રાય

આપતાં તા. ૩ જી એપ્રીલ ૧૯૧૫ના "પારસી સંસાર"માં જણાવે છે કે—

" ગત વર્ષના જાનેવારી તા. ૧૭ મીથી આ પત્રમાં "પ્રાણહારક વિષ યાને ભયંકર ખુન " વાળી મી. ત્રિવેદીની કલમથી લખાએલી વાર્તા શરૂ થઇ હતી જે આજે લગભગ સવા વરસે પુરી થાય છે આ વાર્તા અમારા વાંચક મહાશયોને એટલી તો પસંદ પડી હતી કે બીજો શનીવાર ક્યારે આવે તેની રાહ જોઇ બેસતા અને કેટલાક મહાશયો તો ખાસ વાર્તા માટેજ "પારસી સંસાર "ના ગ્રાહક થયા હતા તે દરેક મહાશયો આ વાર્તાની લેખિનીને એકે અવાજે વખાણે છે જેથી અમો આ વાર્તાના લખનાર મી. ત્રિવેદી નો અમારા વાચક વર્ગ તરફથી તેમની નિસ્વાર્થ દેશ સેવા માટે આભાર માનીએ છીએ અને ઇચ્છિએ છીએ કે મી. ત્રિવેદી આવી અનેક વાર્તાઓ લખી દેશ સેવામાં પોતાની ફુરસદનો હિસ્સો અર્પણ કરે.

આ પરથી ઉકત કથાની રસિકતાનો ખ્યાલ સુજ્ઞ વાંચકો પોતેજ કરી લેશે. પુસ્તકનું કદ રોયલ સોળપેજી લગભગ ૩૫૦—૪૦૦ પૃષ્ટનું થશે છતાં તેની કીમત અગાઉથી ગ્રાહક થનાર પ.સેની માત્ર રૂા. એક અને પાછળથી ચાર આના વધારે.

આશા છે કે આ ઉછરતા લેખકના ઉત્સાહને વિશેષ ઉત્તેજીત કરવા અગાઉથી ગ્રાહક બની આશ્રય આપવા આપનો ઉદાર હાથ લંબાવશોજી.

ઠે. શેઠ જસરાજ વાલજીના માળામાં જોડીયા બજાર-કરાચી.

નામ નોંધાવવાનું ઠેકાણું:-

ચત્રભુજ ભીમજી ત્રિવેદી

જ્યોતિષ વિદ્યાનો અદ્દભૂત ચમત્કાર

જો તમો તમારા આખા વર્ષનું ભવિષ્ય જાણવા માંગતા હો, વેપારની તેજી મંદી સાથે તમારો કાંઇ સંબંધ હોય, સટો અથવા એવાજ કોઇ બીજા ધંધામાં ઉતરવા પહેલાં લાભ હાનીનો નિર્ણ કરાવવાની ઇચ્છા હોય તો એક વખત અમારી મુલાકાત લઇ જ્યોતિષ વિદ્યાના અદ્દભૂત ચમત્કારનો પ્રત્યક્ષ અનુભવ કરો. લાંબા લખાણોથી ખોટાં બણગાં ફુંકી ગ્રાહકોને લલચાવવાનો તેમજ પ્રશ્નના પરિણામને છુપાવી માત્ર સારૂં લગાડવા ગ્રાહકોને ઉલટું સમજાવવાનો અમારો નિયમ નથી પણ જ્યોતિષના આધારે પુછાએલા પ્રશ્નનું જે કાંઇ ફળ જણાય તે સાફ અને ખુલ્લું જણાવીએ છીએ ખાત્રી માટે મળો અથવા લખો

પંડિત પ્રભાશંકર કાળીદાસ સરપદડકર

ઠે. શેઠ જસરાજ વાલજીના માળામાં જોડીયા બજાર—કરાચી.

બ્રહ્મ તેજ

યાને

પૂરૂષાર્થનું પરિણામ.

લેખક:—ચત્રભુજ ભીમજી ત્રિવેદી.

પ્રકરણ ૧લું.

પતિ વિયોગિની.

હજુ સુર્યોદય થવાને બે કલાકની વાર છે. જ્યારે સર્વ મનુષ્યો હજુ નિંદ્રા દેવીના ખોળામાં રમે છે; ત્યારે આપણે આપણું કામ ચાલુ કરીએ છીએ. આપણી કથાની શરૂઆતનું સ્થાન નાના ડુંગરોની તળેટીમાં આવેલો સ્વર્ગની રચનાનું ભાન કરાવતો એક સુંદર મહેલ છે. મહેલ અનેક વૃક્ષો અને પુષ્પલતાઓથી દેદિપ્યમાન થયેલો છે. મહેલથી થોડે દુર એક નાનું તળાવના આકારનું સ્નાન માટે બનાવેલું જળાશય છે. જળાશયમાં બદક આદિ જળચરો

અને વિવિધ પ્રકારનાં પક્ષિઓ કુદરતનું કંઇક ભાન કરાવતાં આમ તેમ ફરી રહ્યાં છે, વાંસના વૃક્ષોથી તે જળાશયની હદ બાંધી લેવામાં આવી છે. આ સ્વર્ગિય સ્થાનથી થોડે દુર આવેલા એક નાના પણ પર્વત સમાન ડુંગરમાંથી નીકળતાં રમણિય ઝરણાંથી બનેલું તે જળાશય કુદરતનું અદ્દભૂત સૌંદર્ય બતાવે છે. તેના નિર્મળ પાણીમાં નાચતા તારાઓ આ શુશોભિત સ્થાનને વિશેષ લાવણ્યમય બનાવે છે.

કુદરત ! ઓ કુદરત ! તારી લીલા કોણ જાણી શકશે ! તારૂં અદ્દભૂત ચિત્ર કોણ ઓળખશે. ? તારા કૃત્યોની ગણના કોણ કરશે ! તારાં મહિમ્ન કોણ ગાઇ શકશે? શહેર, જંગલ, સુખ, દુઃખ, ભોગ અને જોગ સર્વ સ્થળે તારી કાંઇક ઉંડી છાયા છે, તારૂં કાંઇક ઉંડું સૌંદર્ય છે ! તારૂં સ્વર્ગિય લાવણ્ય તેના ઉંડામાં ઉંડા ભાગમાં હાસ્ય કરે છે ! અને સર્વ માનવ હૃદયને આનંદિત કરે છે. વાંસની પોલાણમાં અથડાતો વાયુ સ્વર્ગિય વાંસળી વગાડે છે, જંગલી પ્રાણીઓની ચીસનો ગુફામાં થતો પ્રતિધ્વનિ મૃદંગની ગરજ સારે છે, વૃક્ષ પાત્રો વાયુથી હાલી ઘુઘરી વગાડે છે, અને જળાશયમાં ઉડતી લહેરીઓ, અને તે લહરીઓમાં નૃત્ય કરતા તારાઓ હાવ-ભાવ કરી નૃત્યની જમાવટ કરે છે. એ રીતે સર્વ મંગળરૂપ બનાવવું, તે ઓ કુદરત ? તારા વિના બીજું કોણ કરી

શકે છે! કુદરતનું ચિત્ર આળેખવા કોઇ ચિતારો જનમ્યો નથી! કુદરતનું સૌંદર્ય લખવા કોઇ શક્તિવાન થયો નથી! કાળીદાસ, ભવભુતિ, ગુણાઢ્ય, વરરૂચી આદિ સર્વ કવિઓની કલમને સાથે એકઠી કરો તો પણ તેઓ કુદરતનો મર્મભાગ કદી પણ ઉકેલી શકવાના નથી; તો હું એક ઉછરતો લેખક શું લખી શકું. કુદરતનું સૌંદર્ય અવર્ણનિય છે.

પ્રિય વાચક! તને લાંબા લખાણુથી કંટાળો આપવા કરતાં એટલુંજ લખીશ તો બસ થશે કે; પોતે હેલી રૂપ નૃત્ય કરતું, રંગ બેરંગી પુષ્પરૂપી વસ્ત્રાભુષણથી અલંકૃત થઇ સુવાસરૂપી હાસ્ય કરતું, એ નાનું જળાશય હૃદય ઉર્મીઓને છલકાવતું—આલ્હાદિત કરતું આનંદજન્ય દેખાતું હતું.

આ સ્થળ કોઇ રાજા અથવા મહારાજાને માટે બનાવેલું હશે, એવી જોનારને કલ્પના થાય એ સ્વભાવિક છે, ખરેખર છે પણ તેમજ. જુઓ બહાર સંતરી પહેરો ભરતા જણાય છે. સામેની બાજુમાં ચારપાંચ તંબુઓ પણ દેખાય છે. પણ મહેલની અંદરનો ભાગ જનશુન્ય કેમ જણાય છે! પ્રિયવાચક! ચાલો આપણે તે સ્વર્ગિય સ્થાનમાં પ્રવેશ કરીએ, અને નિહાળીએ કે તે સ્થળ આટલું સુંદર રાજ્ય મહાલયનું ભાન કરાવતું છતાં, અંદરથી શાન્ત અને વસ્તી વગરનું કેમ જણાય છે! નિર્ભય રીતે મારી સાથે ચાલો,

તેના રક્ષકો આપણને ન જોઇ શકે તે રીતે અદ્રશ્ય ફરીને આપણે સઘળું જોઇ શકીશું. પણ સબુર, જુઓ તે જળાશયના કિનારા પર એક સુંદરી કાંઇ વિચારમાં નિમગ્ન થયેલી ઉભી છે. આવો, આપણે તે સુંદરીના સ્વરૂપનું અને તેના મનોવિકાર કિંવા મનો વિચારનું અવલોકન કરીએ.

કાળા નાગ સમાન કેશકલાપ, હરિણ સમાન ચંચળ નેત્રો, હંસ સમાન ગતિ, અને દુગ્ધ સમાન શરિર કાન્તિ, ઇત્યાદિની સાથે મધુર મનોહર આકૃતિ હોવાથી સૌંદર્યમાં આપણે તેને મૃત્યુ લોકની મેનકાના નામથી ઓળખીશું, તો તેમાં કાંઇપણ અતિશ્યોક્તિ કરી કહેવાશે નહિ. જો કે તેણીની ઉમર લગભગ ચાળીશ વરસની હશે તોપણ તેની આકૃતિ અને મોહક કાન્તિ પરથી ભાગ્યેજ કોઇ તેને સોળ વરસથી વધારે ઉમરની કહે. તેણીના ચંચળ નેત્રોની ગતિને નિહાળતાં, અને ક્ષણે ક્ષણે આમ તેમ દ્રષ્ટિ ફેરવતી જોતાં તે કોઇની માર્ગપ્રતિક્ષા કરતી હોય એમ અનુમાન થાય છે. જુઓ તે જળાશય પાસેની સામે દેખાતી શિલાપર બેઠી, અરે! આશું! તેના હસ્તમાં વિણા છે! વાંચક! શાન્તિથી સાંભળો, એ વિણાધારી વામાનું વલણ ક્યા વિચારોમાં છે તે એના ગાનપરથી આપણે જાણી શકીશું.

સુંદરીએ વિણા હાથમાં લીધી, અને તાર મેળવી તેના સુરની સાથે પોતાનો મંજુલ રવ મેળવી, ગાનનો પ્રારંભ કરવા પોતાનું મુખાકાશ ખોલ્યું પરંતુ તેનાથી ગાઈ શકાયું નહિ. તેની મુખ મુદ્રામાં ગ્લાનિનો ભાસ થવા લાગ્યો. ચિતમાં ભયંકર ચિંતાનો વાસ થતો પણ સમક્ષ ભાસવા લાગ્યો. તેણીએ વિણા નિચે મુકી એક ઉંડો નિશ્વાસ નાખ્યો, "નાથ! મને અહીં એકલી શા માટે રાખી! આખી રાત્રિ પસાર થઇ, હજુ નાથ ન આવ્યા! સંગીતથી સુખ નહિ થાય, સ્વામી વિના હવે એક ઘડી પણ નહિ જાય!" એકા એક એક મનુષ્યાકૃતિ તેની દ્રષ્ટિએ પડી. કોમળાંગિનાં કોમળાંગો તત્કાળ શિથિલ થઇ ગયાં, અને કંપ થવાથી કિંચિત ભયનો ઉદ્દભવ પણ થયો. પરંતુ એ સર્વ ચિન્હોનો એક પળમાંજ લોપ થઇ ગયો. તેની મુખ મુદ્રા પુનઃ પ્રફુલ જણાવા લાગી. તેણીએ વિણાને સુર આપનારી જે પોતાના જમણા હાથમાં પકડેલી હતી તે જમીન પર મુકી દીધી અને આનંદ યુકત સ્વરથી હાથ પહોળા કરી તે મનુષ્યાકૃતિ જે તરફથી આવતી હતી તે તરફ દોડી અને "નાથ આટલી વાર સુધી કયાં હતા" એવા તે કોમળાંગિના મુખમાંથી મૃદુ સ્વરો ખરી પડયા.

પ્રિય વાંચક! હવે તને સમજાયું હશે કે આ વિણા ધારી વનિતા પોતાના પતિનીજ રાહ જોઈ રહી હતી, આવ-નાર આકૃતિ પોતાના પતિનીજ છે એમ તે પતિ પ્રેમમાં લુબ્ધ બનેલી પ્રેમદાએ જાણ્યું, તે હર્ષભેર આવનાર આકૃતિ તરફ જવા લાગી, આ મહાલયમાં તે સુંદરીના પતિ શિવાય અન્ય કોઇ પુરૂષને દાખલ થવાની મનાઇ હોવાથી તે આકૃતિ પોતાના પતિનીજ છે એમ માનવામાં તે માનુનિ જુઠી ન હોતી. એ આકૃતિની પાછળ કેટલેક દુર બીજી પણ છ સાત મનુષ્યાકૃતિ દ્રષ્ટિ ગોચર થતી હતી તેના તરફ આ પતિ પ્રેમમા લુબ્ધ બનેલી સુંદરીનું લક્ષ નહોતું. તે તો પતિ દર્શનનીજ પ્યાસી હતી. એથી તેણીને તે આકૃતિ શિવાય સર્વ સ્થળે અંધકારજ જણાતો હતો.

અહા! પ્રેમ તને ધન્ય છે.! આ સંસારમાં તારા જેટલો ચમત્કાર તારા જેટલી અલૌકિકતા! અને તારા જેટલું સુખ! બીજી કોઈ પણ વસ્તુમાં નથી, તું જ્યાં નિર્દોષ રૂપે રહે છે ત્યાં આનંદ કરાવે છે; પ્રેમ! તને કદાચ સંસારનું જીવન હૃદય, અથવા સમાજનું સારતત્વ, યુવાનોનું શ્રેયસ્કર ઔષધ કિંવા પ્રણયી યુગ્મના હૃદયનું અમૃત કહીશું તો અયોગ્ય નથી, મહર્ષિઓએ તને જન માત્રનો પરમ ધર્મ અને પરમાત્માનું હૃદય કહ્યું છે. તે યોગ્ય છે, તું તેવોજ છે!

તને એજ ઉપમા યોગ્ય છે. વાસ્તવિક જોતાં જેઓ પ્રેમને શુદ્ધ, અશુદ્ધ, કૃત્રિમ, વાસ્તવિક, વેધ, અવેધ, આદિ વિશેષણો લગાડે છે તે મોટી ભુલ કરે છે! કારણકે પ્રેમ નિર્વિશેષણ છે. તે પોતાનું વિશેષણ પોતેજ છે. પ્રેમ જ્યારે ઇશ્વરનું હૃદય છે, તો તે કદીપણ અશુદ્ધ, કૃત્રિમ, અવેધ જેવાં નીચ વિશેષણોને પાત્ર થઇ શકતોજ નથી! વિશેષણ વાળો પ્રેમ યથાર્થ રીતે "પ્રેમ" નામ ધારણ કરવા યોગ્યજ નથી! એ પ્રેમ તો માત્ર લોકાચાર છે! વળી જે સત્ય નિર્મલિન અને નિષ્કલંક પ્રેમ છે તેનાથી સંસાર અથવા સમાજનું અમંગળ કદીપણ થઇ સકતુંજ નથી. નિર્મળ પ્રેમથી તો એક બીજા ઉપર અનહદ ઉપકાર થાય છે. જે પ્રેમથી ઇષ્ટ સિધિ ન થાય તેને પ્રેમ કહેવાયજ નહિ! માટે પ્રેમ! પ્રેમ? અમે તને ભકિત પૂર્વક પ્રણામ કરીએ છીએ, અને તમારી પાસે નિરંતર એવી ભિક્ષા માગીએ છીએ કે પૃથ્વીના પ્રલય કાળ પર્યંત અમારા હૃદયનો ત્યાગ કરતા નહિ. અમારા અંતઃકરણમાં નિર્મળ રૂપે નિવાસ કરજો અને આ સંસારનાં પ્રત્યેક મનુષ્ય પ્રાણી ઉપર અતુલ પ્રેમ રાખતાં શીખવજો, પ્રેમની લીલાનો અંત નથી, તેજ પ્રમાણે તેનાં આદિ મધ્ય પણ નથી, એ પ્રેમ કયારે કયાં કેવી રીતે લીલાઓ કરવા માંડશે તે ભેદ તેની કૃપા વિના આપણે

જાણી શકીશું નહિ. તેની અદ્દભૂત લીલા જાણવી એ આપણા માટે અસંભવિત છે. જુઓ! તે જાદુગર પ્રેમે આ સુંદરીના હૃદયમાં કેવું ચિત્ર આળેખ્યું છે! પતિ દર્શનની પ્યાસી પ્રેમાળ સુંદરી “ પતિ આવ્યા ” એમ સમજી આગળ વધી તો ખરી પરંતુ તે આકૃાત નજીક થતાંજ તે ચમકી. કંપી, ભયભિત થઇ ગઇ તે બે પગલાં પાછળ હઠી ગઇ, “ હેં કોણ પ્રધાનજી ” એટલાજ શબ્દો તે માત્ર બોલી શકી. “હા, દેવી? હું આપનો સેવક–રાજયમંત્રી ! ” આવનાર આકૃતિએ ધીમા અવાજે પ્રત્યુતર આપ્યો. અને ત્યાંજ ઉભો રહ્યો.

સુજ્ઞ વાંચક! આ સ્ત્રી કોઇ રાજાની રાણી છે. એ વિશે હવે કાંઈ શંકા રહી નથી, માત્ર તે આવા નિર્જન અરણ્યમાં દાસ દાસીઓ રહિત એકલી કેમ રહેતી હશે એ જાણવાનું આપણા માટે બાકી રહ્યું છે. ચાલો એ બંને વચ્ચે થતી વાતચીત સાંભળીએ કદાચ તેમાંથીજ આપણી એ શંકાનું સમાધાન થઇ જશે.

“ પરંતુ આ વખતે આવા એકાંત સ્થળે મહારાજની ગેરહાજરીમાં, મારી પાસે આવવાનું કાંઇ કારણ ? ” મંત્રીના આવવાથી શંકાશીલ થએલી સુંદરીએ સહજ ગુસ્સા માં પ્રશ્ન કર્યો.

"શું કહું દેવી! હું જે કહેવા આવ્યો છું તે કહેવાને મારી જીભ ઉપડતી નથી." ગભરાએલા મંત્રીએ નિશ્વાસ નાંખતાં કહ્યું.

મંત્રીના આવા અસ્પષ્ટ શબ્દોની અસર તે સુંદરી પર કંઇ ઉલટીજ થઇ તેની શંકામાં ઉમેરો થયો. તે સક્રોધ મંત્રી તરફ ફરીને બોલી; "બસ! મંત્રી તમારો મનોભાવ હું સમજી ગઇ! હવે આગળ બોલી મારા શ્રવણપુટને અપવિત્ર કરવાનું સાહસ ન કરતા. જાઓ? અહીંથી એકદમ ચાલ્યા જાઓ! મારે તમારૂં કાંઇ સાંભળવું નથી. ?"

"સાધ્વી? આ શું બોલો છો? આપના હૃદમાં શંકાને સ્થાન આપવા પહેલાં મારૂં જરા સાંભળી તો લો!"—

"નરાધમ? નીચ હૃદયના નષ્ઠુર માનવી! તારે શું કહેવું છે તે હું જાણી ગઇ છું! માલિકની ગેર હાજરીમાં માતા સમાન માલિક પત્ની પર અત્યાચાર."—

મંત્રીએ જોયું કે પોતાના અસ્પષ્ટ શબ્દોની અસર રાણી પર બહુજ માઠી થઇ છે; તે રાણીને બોલતી અટકાવીને વચ્ચેજ બોલી ઉઠયો; "નહિ, નહિ, દેવી? એવું ના બોલો, આ વૃદ્ધ શરીરે અદ્યાપિ એવું નિંદ્ય કર્મ કર્યું નથી. અરે! પ્રભુ મને એવું નિંદિત કર્મ કરવા જેવી બુદ્ધિ પણ ન આપે!"

"પાપિષ્ટ! આ તારૂં ચાતુર્ય કોઇ તારા જેવી નીચ વૃતિની નારી પાસે ચલાવજે! સાધવી સુનેત્રા તારી શબ્દ જાળમાં સપડાય એવું સ્વપ્ન પણ ન લાવજે!"

સુજ્ઞ વાચકોને સમજાવવાની જરૂર નથી કે આ સ્રીનું નામ સુનેત્રા હતુ.

સુનેત્રાના શબ્દ પ્રહારથી મંત્રીનું હ્રદય ખિન્ન થયું તે ગળગળિત સ્વરે બોલ્યો; "અફસોસ! સુનેત્રા! હું તમને શી રીતે સમજાવું! તમારી તરફ મારો પુજ્ય પવિત્ર ભાવ છે. તેની ખાત્રી કેવી રીતે કરાવું દેવી કહો તો મારૂં હ્રદય ખોલી બતાવું."

"જ્યારે તમારો મારા તરફ પુજ્ય ભાવ હતો, ત્યારે આવા અયોગ્ય સમયે મારા પતિની ગેરહાજરીમાં મારી સાથે એકાંત લેવાનું કાંઇ કારણ!"

"કારણ વગર કાર્ય ઉદભવતુંજ નથી; દેવી! મને અહીં એકલો આવેલો ધારવામાં તમારી ભુલ થાય છે. મારી સાથે સજ્ય અનુચરો છે જુઓ તે સામેથી આવતા જણાય છે, તમે મહેલમાં હશો એમ ધારી મેં તેમને ત્યાં તપાસ કરવા મોકલ્યા હતા. પરંતુ તેઓ મહેલમાંથી તપાસ કરી આવે તે પહેલાં મેં તમને અહીં ઉભેલાં જોયાં એટલે હું અહીં

આવ્યો, અને મહેલમાં તમારી તપાસ કરવા ગયેલા અનુચરો મારી પાછળ રહી ગયા, સુનેત્રાએ પાછું વાળી જોયું તો શિકારી વેશમાં રાજ્ય અનુચરો પોતાની તરફ આવતા જણાયા. સુનેત્રા શરમિંદી બની ગઇ. મંત્રીને આપેલા અન્યાય માટે તેણી મનમાં પશ્ચાતાપ કરવા લાગી. વૃદ્ધ મંત્રી સુનેત્રાનો ભાવ સમજી ગયો તેથી તે વિશેષ કાંઇ પણ ન કહેતાં ચુપ રહયો. કેટલીવાર શાંતિ પ્રસરી રહી; પરંતુ શોક ભારથી દબાએલો મંત્રી પોતાના શોકનો આવેગ વધારે વખત રોકી શકયો નહિ. તેણે એક દીર્ઘ નિશ્વાસ નાખ્યો. અને પોતાનું બોલવું આગળ ચલાવ્યું; "મહારાજ શિકાર કરવા ગયા છે, અને તેના તરફથી આ અનુચરો કાંઇ સમાચાર લાવ્યા છે, તે ઘણાજ અગત્યના અને—મંત્રી એટલું બોલી અટકી ગયો. તેનાથી આગળ બોલી શકાયું નહિ. તેનો કંઠ રૂંધાઇ ગયો. નેત્રમાંથી અશ્રુધારા વહેવા લાગી. મંત્રી શા ખબર આપવા આવ્યા છે તેનાથી સુનેત્રા અજ્ઞાત હતી, જો કે મંત્રીનું નિસ્તેજ વદન અને નિરાશા સુચક નિશ્વાસ એ સઘળું કાંઇ અનિષ્ટ સુચવતાં હતાં. પરંતુ સુનેત્રાનું તે તરફ બિલકુલ લક્ષજ નહોતું એટલે મંત્રીની આ સ્થિતિ થવાનું કારણ પોતે આપેલો અન્યાય છે એમ તેણીને લાગ્યું મંત્રીની સત્યનિષ્ઠા તેના

નિર્દોષ ચહેરા પરથી સુનેત્રા સ્પષ્ટ જોઇ શકી પોતે કરેલા વાક્ય પ્રહાર માટે હવે તે પસ્તાવા લાગી. તેણી એકદમ મંત્રીના ચરણમાં ઢળી પડી અને અશ્રુપાત કરતી બોલી; “પિતા! પિતા! મને ક્ષમા કરો! આપ સત્યનિષ્ટ સ્વામી ભક્ત છો, મારા પરમ પુજ્ય પિતા તુલ્ય છો! મેં પાપિણીએ વગર સમજે ક્રોધના આવેશમાં ન સહન થાય તેવું આપનું અપમાન કર્યું છે, મને ક્ષમા કરો.!”

“દેવી, ઉઠો, આમાં આપનો કાંઇ અપરાધ નથી, દુઃખદ સમાચારથી દગ્ધ થયેલા આ વૃદ્ધના અંતઃકરણમાં ઉદ્ભવેલા શોકોદ્‌ગારોજ કંઇક અસ્પષ્ટ હતા, અને તેથીજ તે શબ્દોએ આપના હૃદયમાં વહેમને સ્થાન આપ્યું હતું. દેવી! તમારા શબ્દ પ્રહારથી મારા હૃદયમાં સહજ પણ આઘાત થયો નથી, પરંતુ હાય! શું કહું ? આજના દુઃખદ સમાચારે મારૂં હૃદય વિંધી નાંખ્યું છે! એ અશુભ સમાચાર લાવનાર અનુચરોએ મારા પર વજ્રઘાત કરી મારા સર્વાંગ વિંધી નાંખ્યું હોત! તો..........ઓહ! મારૂં ગળું સુકાય છે! મને પાણી”..............આટલા શબ્દો બોલતાંજ તે વૃદ્ધ મંત્રી બેશુદ્ધ થઇ ધરણી પર ઢળી પડયો. સુનેત્રા જળાશયમાંથી પાણી લેવા દોડી પોતાની સાડીનો છેડો પલાળી તે વડે મંત્રીના મુખપર પાણી છાંટવા લાગી થોડી

વારે મંત્રી શુદ્ધિમાં આવ્યો સુનેત્રાને કાંઇક અનિષ્ટ પરિણામનું સુચન થવા લાગ્યું સજળ નેત્રે તે મંત્રીના દયાર્દ્ર મુખ સામું જોઇ રહી. કેટલીકવારે સંપૂર્ણ શુદ્ધિમાં આવેલો મંત્રી ગળગળિત સ્વરે બોલ્યો; "દેવી! આજે આ વૃદ્ધ મંત્રી આપને ઘણુંજ માઠા સમાચાર આપવા આવ્યો છે! અરેરે! એવા અનિષ્ટ ઉદગારો મારા મુખમાંથી નિકળે તે પહેલાં મારૂં મૃત્યું થાય તો કેવું સારૂં."

"પિતા! મને વધારે શંકામાં ન નાંખો! જે હોય તે સ્પષ્ટ કહો! શું મારા પતિના સબંધમાં કાંઇ અનિષ્ટ થયું છે! તેમની સાથે ગયેલું સૈન્ય તે મહાનુભાવને મુકીનેજ પાછું ફર્યું છે!"

"અફ્સોસ! દેવી શું કહું!"

"કહો! કહો! જલદી કહો! મારા પતિ ક્યાં છે!"

"સુનેત્રા! મહારાજા તો કાન્યકુબ્જ છોડી સદાને માટે ચાલ્યા ગયા છે!"

"શું નાથ ગયા! કયાં ગયા! ક્યારે પાછા ફરશે!" સુનેત્રાના હૃદય પર આ સમાચારથી એક જબરો આઘાત થયો તેણીને ચક્કર આવવા લાગ્યાં તે પડતાં પડતાં બચી ગઈ.

"દેવી! સ્થિર થાઓ, ભાવિ કોઇનાથી મિથ્યા થતું નથી, મહારાજની પાછા ફરવાની હવે બિલકુલ આશા નથી, અનુચરોએ આપેલાં ખબર પરથી જણાય છે કે તેઓ હવે આ લોકમાં નથી."

"ઓહ! આ હું શું સાંભળું છું! નાથ! નાથ!" સુનેત્રાથી વધારે બોલી શકાયું નહિ તે બેશુદ્ધ થઇ ધરતી પર ઢળી પડી. સુનેત્રાની આ સ્થિતિ જોઇ મંત્રીથી પણ રડી જવાયું પરંતુ સમય ખોવાનો નહોતો તેણે તરતજ અનુચરોને કંઇક સંજ્ઞા કરી અનુચરો મંત્રીનો ભાવ સમજી ગયા. અને ત્યાંથી દોડયા થોડીજ વારમાં તેઓ ત્યાંથી અદ્રશ્ય થઇ ગયા. મંત્રી સુનેત્રાને શુદ્ધિમાં લાવવાના ઉપચારો કરવાના ઉદ્યોગમાં ગુંથાયો.

પ્રકરણ ૨જું

પુર્વ કથા.

કાન્યકુબ્જ નગરમાં પૂર્વે ગાધિ નામનો રાજા રાજ્ય કરતો હતો. તે રાજા ક્ષત્રિયના સર્વ ધર્મોથી પરિપૂર્ણ સુખ્યાત હતો. તેની પ્રજા શાંતિનું કેવળ નિષ્કંટક રાજ્ય ભોગવતી હતી, પરસ્પર સર્વ વાતે નિરંતર સુખી રહેતી

હતી, રાજ્યમાં કોઇ પણ જાતની અનીતિ નહોતી, ગાધિ પોતાની પ્રજાના કલ્યાણ માટે એટલો બધો શ્રમ લેતો કે સમસ્ત પ્રજા તેને પોતાના પિતા તુલ્ય ગણી માન આપતી. અને તેના સુખમાં વૃદ્ધિ થાય એવું ઇચ્છતી હતી. રાજય રાણી પણ ગાધિના જેવીજ ભલી શાણી અને ગુણવંતી હતી, સંતાનમાં માત્ર એક પુત્રીજ હતી. પુત્રીને રૂચિક નામના રૂષિ સાથે પરણાવી સાસરે વળાવી હતી ત્યારપછી રાણીને કાંઇ પણ સંતતિ થઇ નહોતી. ગાધિ પોતાની પુત્રી પર પુત્રવત પ્રેમ રાખતો હતો વારંવાર તે રૂચિક રૂષિના આશ્રમમાં તેણીને મળવા જતો હતો. રૂચિક પણ પોતાની પત્નિસહ શ્વસુર ગ્રહે દીર્ઘકાળ સુખી રહેતા હતા એટલું છતાં કોણ જાણે શાથી ગાધિનું હૃદય હમેશાં ખિન્ન રહેતું હતું. માનવ હૃદયનું એવુંજ રહસ્ય છે. સંસારમાં જેને પુત્ર નથી તેને સો પુત્રીઓ હોવા છતાં પણ પોતાનું ઘર સ્મશાન તુલ્ય જણાય છે જ્ઞાની છતાં અજ્ઞાનાંધકારમાં ગોથા ખાય છે. કારણકે પુત્રી એ તો પરાયું ધન ગણાય છે. ખરેખર! પુત્ર એજ સંસારી જનોના ઘરનો—કુળનો દીપક છે! પુત્ર એજ પ્રાણની શાંત્વના છે! નેત્રોનો મણી છે! અને પુત્ર એજ અપૂર્વ ધન ભંડાર છે! તેથીજ પુત્ર નહોય તેનો સંસાર વ્યર્થ કહેવામાં આવે છે, જેને માટે સંસાર છે! જેને માટે સંસારમાં અનેક દુખ થાય છે! જેનું મુખકમળ જોઇને સંસારી

જનોના હ્રદયમાં આનંદ થાય છે! તેજ સંસારમાં આવ્યા પછી જેને પુત્ર રત્નનો લાભ થતો નથી તેને પછી સંસારી થઇને અને આ ભવ સંસારનો સ્વાંગ લઇને અનેક પાપ કરવાનું તેમજ અનેક દુખ ભોગવવાનું કારણ શું! અનેક દ્રવ્ય ભંડાર ભરી રાખવાનું કારણ શું! તેથીજ કહેવામાં આવે છે કે સંસારીનો સ્વાંગ લેવામાં આવે ત્યારે મનુષ્યને પુત્રરત્નનો લાભ થવોજ જોઇએ.

ગાધિ આવાજ વિચારથી હમેશાં ખિન્ન રહેતો હતો તે આટલા બધા ઐશ્વર્યનો અધિપતિ હોવા છતાં તેનું મન વિષાદથી ભરેલું રહેતું અને ચિંતામાં ને ચિંતામાં હમેશાં બળ્યા કરતું હતું, જેટલા દિવસ મનનું અસ્તિત્વ તેટલા દિવસ ચિંતા ખરીજ! ચિંતા સર્પિણીના વિષમ વિષથી મહારાજાનું મન ગરલમય બની ગયું, ગાધિ પોતે જ્ઞાની હતો.તે જાણતો હતો કે સંસ્કાર વિના કાંઈ મળતું નથી. સંસ્કારનું બળ થતાંજ ઇચ્છિત વસ્તુ આવી મળે છે. એથી તે પોતાના મનની ચિંતા કોઇના આગળ કહેતો નહિ, મહાન યોગી રૂચિક પોતાના યોગ બળથી સસરાની ચિંતાનું કારણ જાણી ગયા હતા. પરંતુ સમય આવતાં પોતાના દ્વારાજ ગાધિનું શુભ થનારૂં છે એમ પોતે જાણતા હોવાથી કશું બોલતા નહિ. એક દિવસે ફરતો ફરતો ગાધિ રૂચિકના આશ્રમમાં

ગયો. આ વખતે રૂચિક સ્નાન કરવા ગયા હતા અને રાજ પુત્રી પતિ માટે પુષ્પો ચુંટવા ગઇ હતી. આશ્રમમાં માત્ર એક શિષ્ય હતો. ગાધિનું નિસ્તેજ વદન જોઇ તેના હૃદય માં ખરી લાગણી ઉત્પન્ન થઇ. ગાધિને પુત્રની ચિંતા સિવાય બીજું કશું નથી એમ જાણી લેતાં રૂચીકના ચાલાક શિષ્યને વાર લાગી નહિ. ગાધિને આસન આપતાં તે બોલ્યો; મહારાજ! આપની ચિંતાનું કારણ હું જાણી ગયો છું, જો ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરવાની આશા હોય તો આવતી કાલ થીજ શંકર પરમાત્માની ઉપાસના કરો! દરરોજ સવા લક્ષ બીલ્લીપત્ર બીજમંત્ર સાથે શિવ મસ્તકે ચડાવો! અને યથા શકિત દાન ભોજન કરાવો! પછી જુઓ કે ઇશ્વર તમારી ભકિતનો બદલો આપે છે કે નહિ! ગાધિના હૃદયમાં એ વાત ઉતરી તેણે તે પ્રમાણે કરવાનો મનમાંજ નિશ્ચય કરી લીધો રૂચીકના આવ્યા પછી તેને અને પોતાની પુત્રીને મળી તે ચાલ્યો ગયો. કામ્યકુબ્જમાં આવ્યા પછી તેણે સહુપત્નિી શિવોપાસના કરવા માંડી, નિત્ય બ્રહ્મભોજનાદિ ક્રિયા કર્મ થવા માંડયું, નિત્ય પ્રતિ દાન પૂણ્ય કરવા લાગ્યો, વાચાહિન પશુ પક્ષીઓ પણ તેનાં આશ્રિત થઇ શાંત થવા લાગ્યાં.

જગદીશ્વરની કૃપા ત્યાં આનંદનો શો પાર! તે પરમાત્માં આત્માનો આત્મા છે! તે દીનબંધુ દીન જનોનો

બંધુ છે! તે ભક્ત વત્સલ ભક્તોનું વાત્સલ્ય કરવામાં કદી ચુક્તો નથી! તે અનંત લીલામય અંત વગરની લીલા કરે છે! તે સત ચિદ આનંદ હમેશાં આનંદમાંજ લિન રહે છે! તેને દુઃખ, શોક, ભય, છેજ નહિ. પછી તેના ભક્તને શામાટે ક્લેશ રહે! ભક્તને શામાટે દુઃખી રાખે? તે જગતોત્પાદક પરમાત્મા પોતાના ભક્તની બાંહ્ય ગ્રહણ કરે છે! ડુબતાને અવશ્ય તારે છે! તે મરતાને બચાવે છે! નેત્રહિનને નેત્ર આપે છે! અને જીવનહિનને જીવન આપે છે! ગાધિ રાજાએ તેજ પરમાત્માનું ધ્યાન ધર્યું છે! તેનીજ ભક્તિ કરી છે! તેની સાથેજ તેની લગની લાગી છે! રાજ્ય ઉપાધિ તેણે સર્વ ત્યાગી છે! હવે તેને શાની ખોટ હોય! હવે તે શામાટે શોકમય રહે! હવે પ્રભુ તેને પુત્ર વિહીન કેમ રહેવા દે?

રૂચિક રૂષિએ ધ્યાનમાં આ સર્વ જોયું, ગાધિ હવે પરિપૂર્ણ સંસ્કારી થયો છે પુત્રનો અધિકારી થયો છે વળી પોતાના હાથે તેમનું શુભ થવાનો સમય પણ ભરાઇ ગયો છે એમ ધારી તેણે પોતાની પત્નિના હૃદયમાં પોતાની શક્તિના પ્રભાવે માતા પિતાને મળવાની ભાવના ઉત્પન્ન કરી. સ્રીઓના હૃદય માતાપિતાને મળવા સદા આતુર હોય છે દીર્ઘ મુદતથી માતા પિતાના દર્શન થયેલાં ન હોવાથી,

પતિની શક્તિને આધિન થયેલી રાજ પુત્રીએ તેમને મળવા જવાની ઇચ્છા બતાવી. રૂચિકે કાંઇ પણ આનાકાની શિવાય તે સ્વીકારી અને તેણીની સાથે પોતે પણ કાન્યકુબ્જ નગરમાં ગયા. માતા પિતાને પુત્ર રત્નની પ્રાપ્તિ અર્થે ભગિરથ પ્રયત્ન કરતાં જોઇ તેઓની એ ઇચ્છાને તૃપ્ત કરવાની રાજય પુત્રીએ પોતાના પતિને પ્રાર્થના કરી ભાવિને જાણી ગયેલા રૂચિક રૂષિએ પત્નિના અનુરોધથી બે પ્રકારના ચરૂ તૈયાર કર્યા જેમાંનો એક ચરૂ પોતાની પત્નિ માટે હતો એ બ્રહ્મતેજથી પૂર્ણ હતો અને પોતાની સાસુ માટેનો ચરૂ ક્ષત્રિય તેજથી પૂર્ણ હતો. રૂષિએ તે બંન્ને ચરૂ પુત્ર કામનાવાળી બંન્ને સ્ત્રીઓને પ્રથક પ્રથક કરી આપ્યા, અને તેનું ભક્ષણ કરવાની આજ્ઞા કરી. દૈવયોગે એવું બન્યું કે ગાધિ રાજાની સ્ત્રીએ પોતાની પુત્રી માટે તૈયાર કરેલા ચરૂનું, અને પુત્રીએ માતા માટે અપાએલા ચરૂનું ભક્ષણ કર્યું, જ્યારે રૂચિક રૂષિના જાણવામાં એ વાત આવી ત્યારે તેણે પોતાની પત્નિને કહ્યું કે; "તારા માટે બ્રહ્મતેજથી પૂર્ણ ચરૂ જે મેં તારી પાસે મુકયો હતો તે તેં માતૃ સ્નેહને વશ થઇને તેણીને આપી દીધો' એથી તારો ભાઇ બ્રાહ્મણ થશે અને તેં ક્ષત્રિય તેજથી પૂર્ણ ચરૂનું ભક્ષણ કર્યું માટે તારો પુત્ર ક્ષત્રિય થશે." પતિના આ વાકયો સાંભળી

રાજ પુત્રીને ઘણુંજ લાગી આવ્યું થયેલી ભુલનો હવે તેણી ને પસ્તાવો થવા લાગ્યો તે રડવા લાગી. મહાજ્ઞાની રૂચિક તેણીનું શાંન્ત્વન કરતા બોલ્યા; “ભાવિ કોઇનાથી મિથ્યા થતું નથી; દિલગીરી ન થા સ્નેહને ખાતર તેં તેમ કર્યું છે. માટે તેં ભક્ષણ કરેલા ચરૂનો પ્રભાવ તારા પુત્રમાં નહિ પણ તારા પૌત્રમાં પ્રકાશિત થશે.” પતિના આશ્વાસનથી રાજ્ય પુત્રી શાંન્ત થઇ.

ગાધિ રાજાએ એક નિષ્ટાથી કરેલી પ્રભુ ભક્તિનું ફળ આખરે મળ્યું ખરૂં. રૂચિક રૂષિના ચરૂ ભક્ષણથી રાજય રાણીને ગર્ભ રહયો યથા સમયે તેણીએ એક પુત્ર રત્નને જન્મ આપ્યો રૂચિકની આજ્ઞાથી ગાધિ રાજાએ પુત્રનું નામ વિશ્વામિત્ર રાખ્યું. પુત્ર પ્રાપ્તિથી કોને આનંદ ન થાય! રાજ્ય રાણીના આનંદની આજે સીમા નથી! આજે તેના પતિના વંશની વૃદ્ધિ થઇ છે, તેણી આજે બાળક પુત્રને હાથમાં રમાડી રહી છે, ગાધિ રાજાની ઉદાસી જતી રહી છે, આજે તે પણ હસી રહયો છે.

વિશ્વામિત્ર શુકલ પક્ષના ચંદ્રની પેઠે વધવા લાગ્યો નાનપણથીજ તે પોતાના પરાક્રમના તેજસ્વીપણાનાં તથા કુશળતાનાં ચિન્હો જણાવવા લાગ્યો. નાનાં નાનાં બાળકોને એકઠાં કરી તેમાં સરદારી લઇ કચેરી કરી ન્યાયાસન પર

બેસી ફુરિયાદિ અને તહોમતદારોનો ઇન્સાફ કરવા લાગ્યો આ ચેષ્ટાથી માતા પિતાના આનંદનું પૂછવુંજ શું ! પૂત્રની ભવિષ્યની ઉચસ્થિતિના શુભ ચિન્હો જોઇ તે બહુ પ્રસન્ન થતાં તેઓ તેના એ બાળક ખેલને ન રોકતાં ઉલટાં ઉત્તેજન આપતાં હતાં. સાત વરસની ઉમરે તેને વિદ્યાભ્યાસ કરાવવા માંડયો. વિશ્વામિત્રની સ્મરણ શક્તિ તથા બુદ્ધિ ઘણીજ તિવ્ર હોવાથી ઘણાજ ટુંક સમયમાં તે સર્વ વિદ્યામાં પ્રવિણ થયો વિશ્વામિત્રમાં માતા પિતાના સર્વ સદગુણો દાખલ થયા હતા. પરંતુ લાડકોડમાં ઉછરેલો વિશ્વામિત્ર ઘણોજ ચીડીયા સ્વભાવનો બની ગયો હતો. કોઇ તેને કાંઇ કહેતું તો તે ચિડાઇ જતો અને વખતે ક્રોધમાં કાંઇ અનિષ્ટ પણ કરતો. મહા પ્રયાસે મળેલા પુત્રના દોષ તરફ ન જોતાં ગાધિ પુત્રને કશું કહેતો નહિ. આથી સમય જતાં ક્રોધ એ વિશ્વામિત્રનો પરમ સંગી બની ગયો. યથા સમયે ઉપનયન સંસ્કાર કરી ગાધિ રાજાએ પોતાના એક મિત્ર રાજાની પુત્રી સુનેત્રા સાથે વિશ્વામિત્રનાં લગ્ન કર્યાં સુનેત્રા સાધ્વી માતાના સહવાસમાં રહેલી હોવાથી સ્ત્રીઓના સર્વ ધર્મોથી પારંગત હતી. ટુંક પરિચયમાં તેણીએ પતિના ક્રોધી સ્વભાવને જાણી લીધો પતિને શું પ્રિય છે; એ સઘળું જાણતાં સુનેત્રાને વાર લાગી નહિ. ધીતે ધીમે તેણીએ પતિના હૃદય

માં અમૃત રેડવા માંડયું સમય જતાં તેણી વિશ્વામિત્રની પ્રીતિ પાત્ર બની ગઇ તે એટલે સુધી કે વિશ્વામિત્ર તેણીના દર્શન કર્યા શિવાય પાણી પણ પીતો નહિ. બંન્ને દંપતિ એક જ થાળીમાં સાથે ભોજન લેતાં ગાધિ અને રાજ્ય રાણી પુત્ર અને પુત્રવધુને આ રીતે સ્નેહ બદ્ધ થયેલાં જોઇ અતિ પ્રસન્ન થતાં. કોઇ કોઇ વખતે વિશ્વામિત્ર પોતાના સમવયસ્ક રાજકુમારો સાથે શિકાર ખેલવા જતો હરિણ પાછળ દોડવું, સિંહ જેવા ક્રૂર પ્રાણી સાથે મલ્લ યુદ્ધ કરી તેનો પરાસ્ત કરવો, એ વિગેરે વિશ્વામિત્રને બહુજ પસંદ પડવા લાગ્યું. ધીમે ધીમે તેને શિકારનો શોખ વધવા લાગ્યો વિશ્વામિત્ર માત્ર પોતાના શોખને ખાતર નિર્દોષ પ્રાણીઓનો વિના અપરાધે નાશ કરે એ જો કે ગાધિ રાજાને પસંદ નહોતું તદપિ પુત્રની એ ઇચ્છાનાં આડે આવતાં કદાચ તેને ઓછું લાગશે એમ ધારી તે કશું બોલતા નહિ.

યોગ્ય કાળે ગાધિરાજાએ શુભ મુહુર્ત જોવડાવી વિશ્વામિત્રને રાજ્યાભિષેક કર્યો. અને પોતે પત્નિસહ વનમાં તપશ્ચર્યા કરવા ચાલ્યો ગયો. ન્યાય નિપુણતા, પ્રજાનું પાલન કરવું, પ્રજાને સુખે સુખી અને દુઃખે દુ:ખી રહેવું; એ વગેરે ગાધિરાજાના સર્વ સદ્ગુણો વિશ્વામિત્રમાં પૂર્ણપણે દાખલ થયા હતા. પરંતુ ક્રોધ અને અભિમાન આ બે દુર્ગુણો

તેના હ્રદયમાં ઘર કરી રહ્યા હતા. તે એમજ સમજતો હતો કે મારા સમાન બળવાન, મારા જેવો સમૃદ્ધિવાન, આ સૃષ્ટિમાં કોઇ નથી. ગાદીપર આવ્યા પછી ટુંક સમયમાંજ વિશ્વામિત્રે પોતાના બાહુબળથી અનેક રાજાઓને વશ કર્યા પોતાનાથી મોટા રાજાઓને પણ નમાવ્યા. અને સર્વ સો-મ્યનો ચક્રવર્તિ રાજા થયો. સર્વ દેશના રાજાઓ વિશ્વામિત્ર ને માનની દ્રષ્ટિથી જોવા લાગ્યા. કેટલાક ખંડિયા રાજાઓએ વિશ્વામિત્રની મહેરબાની મેળવવા પોતાની પુત્રીઓ તેની સાથે પરણાવી. કેટલાકોએ દ્રવ્ય અને એવાંજ બીજાં નજરાણાંની ભેટ કરી. આ રીતે કાન્યકુબ્જના ધનભંડારને પ્રતાપી વિ-શ્વામિત્રે ભરી દીધો. હવે વિશ્વામિત્ર સંતતિ અને સંપતિ બંન્નેનો ભોક્તા થયો છે. સાધવી સુનેત્રાને વિશ્વામિત્રથી ત્રણ પુત્રો થયા છે. અન્ય રાણીઓઓ પણ એક એક પુત્રને જન્મ આપ્યો છે. જ્યાં પરમાત્માની કૃપા દ્રષ્ટિ થાય ત્યાં પછી શાની ખામી હોય ! જે ગાધિ એક પુત્રની ઇચ્છામાં અતિ ચિંતાતુર રહેતો હતો એજ ગાધિના વંશમાં આજે તેના પૌત્રોને પરસ્પર આનંદમાં ખેલતાં આપણે જોઇએ છીએ.

વિશ્વામિત્ર જ્યારે શિકારે જતો ત્યારે પોતાના પુત્રોને પણ સાથે લેતો. સાધવી સુનેત્રા પણ કોઇ કોઇ વખતે તેની સાથે જતી. બીજી રાણીઓ કરતાં વિશ્વામિત્રનો સુનેત્રા

પર વધારે સ્નેહ હતો. કારણ કે તેણી સતિત્વના સર્વ ગુણોથી અલંકૃત હતી. શિકારમાં પતિ શ્રમિત થતા તો સતિ પતિનું પાદસેવન કરતી. પતિના રક્ષણ માટે તેણી પતિની છાયા રૂપે ફરતી. તેણીએ અનેકવાર સિંહ વરાહ આદિ કૃર પ્રાણીઓના પંજામાંથી પતિ અને પુત્રોના જીવનનું રક્ષણ કર્યું હતું. એ વિગેરે તેના અનેક ગુણોને આધિન થયેલો વિશ્વામિત્ર હમેશાં તેણીને પોતાની સાથેજ રાખતો હતો. સુનેત્રાનીજ ઇચ્છાથી તેણે પોતાના નગરથી દશેક માઇલ દુર એક સુંદર મહેલ બંધાવ્યો હતો. શિકારથી શ્રમિત થઇ પાછા ફરતાં સર્વ આ સુંદર મહેલમાંજ વિશ્રામ લેતાં હતાં. દાસ દાસીઓ કે એવીજ બીજી ઉપાધિ આ મેહેલમાં રાખી નહોતી કારણ કે જવલેજ તેઓ રાતવાસો તેમાં રહેતાં હતાં, વળી સુનેત્રા સેવા કરાવવા કરતાં સેવા કરવાનું વધારે પસંદ કરતી હતી. એટલે એ કારણથી પણ તે મહેલમાં દાસીઓ રાખવામાં આવી નહોતી. ફક્ત આઠ દસ સિપાઇઓ તે મહેલના રક્ષણ માટે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેઓ જ્યારે મહારાજ ત્યાં રાતવાસો રહેવાના હોય ત્યારે તેમના માટે સર્વ તૈયારીઓ અગાઉથીજ કરી રાખતા હતા. શિકારમાં સુનેત્રા પતિથી વિખુટી પડતીજ નહિ એક દિવસે કાંઇ મોટો તહેવાર હોવાથી વિશ્વામિત્ર ચુતુરંગિણી

સેના સહિત શિકારે નીકળ્યો આ દિવસે પિતા પુત્ર વચ્ચે શિકારની હરિફાઇ થનાર હોવાથી રાજ્યમંત્રી અને બીજાં પણ કેટલાંક રાજ્ય પરિવારનાં માણસો તે જોવાની ઇચ્છાથી તેની સાથે ગયાં. વિશ્વામિત્રનું અર્ધાંગ-તેની છાયા સુનેત્રા તો પતિની સાથેજ હતી.

ઘોડા દોડની શરત અને એવીજ બીજી નિર્દોષ રમત કરતાં કરતાં સર્વ વિશ્રાંતિ મહેલ પાસે આવી પહોંચ્યા. થોડો સમય આસપાસ શિકાર મેળવવાની શોધ ચાલી પરંતુ નજીકમાં કોઇ શિકાર ન જણાયાથી આગળ વધવાની જરૂર જણાઇ આજની હરિફાઈમાં સુનેત્રાને સાથે લેવી યોગ્ય ન જણાતાં તેણીને તે વિશ્રાંતિ મંડેલમાં રહેવાની વિશ્વામિત્રે આજ્ઞા કરી. સતિ સ્ત્રીથી પતિની આજ્ઞાનું ઉલંઘન કેમ થાય? પોતાની અનિચ્છા છતાં સુનેત્રા પતિ આજ્ઞાને આધિન થઇ. જેણી એક ક્ષણ પણ પતિથી વિખુટી રહી નથી ! તે કલાકોના કલાકો સુધી કેમ રહી શકશે! પતિ વિયોગ કેમ સહન કરશે. ?

સાધ્વી સુનેત્રાની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં. વિશ્વામિત્રે તે જોયાં, એક પળ તેણીને સાથે લેવાનો વિશ્વમિત્રને વિચાર આવ્યો, પરંતુ બીજીજ પળે તે બદલાઇ ગયો. કોણ જાણે શાથી તેણીને સાથે લેવાને તેનું હૃદય ના પાડતું

હતું. તે બોલ્યો, " સુનેત્રા ! આ શું ! પ્રસન્ન ચિતે મારી આજ્ઞાનું પાલન કરવું એ શું તારો ધર્મ નથી ! નિશ્વાસ મુકતા હૃદયે મને રજા આપવી એ તને વ્યાજબી લાગે છે! સુનેત્રા ચિંતા ન કર ! હું સત્વર પાછો ફરીશ, આજનું રાત્રી ભોજન તારી સાથેજ કરીશ. જા ! મહેલમાં જા !' પતિના છેલ્લા શબ્દોથી સુનેત્રાને કાંઇક ધીરજ મળી. તે સ્મિત હાસ્ય કરતી પતિના સામું આડી નજરે જોતી મહેલમાં ચાલી ગઇ, રાજ્ય મંત્રી અને રાજ્ય પરિવારનાં બીજા માણસોને તેણીના રક્ષણ માટે ત્યાં રાખી વિશ્વામિત્રે પોતાના પુત્રો અને સૈન્ય સહિત આગળ પ્રયાણ કર્યું.

પ્રિય વાચક ! આ સાધ્વી સુનેત્રાને પતિ વિરહે પિડાતી આપણે પ્રથમ પ્રકરણમાં જોઇ ગયા છીએ. હવે તેણીને મળેલા સમાચારમાં કેટલું સત્ય હતું તે જાણવા તારી દ્રષ્ટિને જરા આગળ લંબાવ.

પ્રકરણ ૩જું

બ્રહ્મતેજનો પ્રભાવ

જ્યારે સુર્યનારાયણ પૃથ્વીના મધ્ય બિંદુએ આવીને ઉભા રહ્યા અને તેના સીધાં કિરણોથી જમીન ઉષ્ણ થવા

લાગી મંદ ગતિએ ગરમ પવન છુટવા લાગ્યો. લતાઓ સહિત કોમળવૃક્ષો શિથિલ થઇ ગયાં જળાશયોના નીરમાં ઉષ્ણુતાએ આવી નિવાસ કર્યો અને યોગરદમ પશુ પ્રાણી શાન્ત જણાવા લાગ્યાં ત્યારે "શિકાર મળવાની હવે કાંઇ આશા નથી." એમ વિચાર કરી અત્યાર સુધી કરેલા પરિશ્રમથી શ્રમિત થયેલો વિશ્વામિત્ર પોતાના સૈન્ય સહિત કોઇ વિશ્રામ સ્થળની શોધ કરવા લાગ્યો પોતાના વિશ્રાંતિ મહેલથી તેઓ લગભગ પચાસ માઇલથી પણ વધારે દુર નિકળી ગયા હતા. એટલે નજીકમાંજ કોઇ શાન્ત સ્થળ શોધવા શિવાય છુંટકો નહોતો સર્વ તેવું સ્થળ શોધવાને ઉંચી ડોક કરી આસપાસ જોઇ રહયા હતા. અચાનક ગંગાના કિનારાપર થોડે દુર આવેલા એક અલૌકિક મુની આશ્રમ પર વિશ્વામિત્રની નજર પડી અને પોતાને માટે એજ યોગ્ય સ્થળ છે. એમ સમજી લશ્કર સહિત વિશ્વામિત્રે તે તરફ પ્રયાણુ કર્યું, થોડીજવારમાં તેઓ ત્યાં જઇ પહોંચ્યા. જાણે કે અગાઉથીજ એ આશ્રમના માલિકને તેના આગમનની ખબર પડી ગઇ હોયની ! તેમ કેટલાક મુની બાળકો તેનું સ્વાગત કરવાને આશ્રમના દરવાજા પાસેજ ઉભા હતા, વિશ્વામિત્રના આવી પહોંચતાંજ તે મુની બાળકોએ રાજાને આશિર્વાદ આપ્યો અને આદર સહિત અંદર પ્રવેશ કરાવ્યો.

આ આશ્રમમાં માત્ર એક પર્ણકુટી અને તેની બાજુમાં ઘાસથી બનાવેલી એક ગોશાળા શિવાય બીજું કશું નહોતું આવા સ્થળે પોતાનું અને સાથે રહેલા સૈન્યનું આતિથ્ય શી રીતે થશે તેની વિશ્વામિત્રને શંકા થવા લાગી તદપિ આદર પુર્વક થયેલા આમંત્રણનો તે અસ્ત્રીકાર કરી શકયો નહિ, તે સત્કાર અર્થે આવેલા મુની બાળકોની પાછળ પોતાના સૈન્ય સહિત ધીમે ધીમે ચાલવા લાગ્યો. કેટલેક દુર જતા પછી વિશ્વામિત્રને કાંઇ વિચાર આવતાં તે મુની બાળકો તરફ ફરીને બોલ્યો; "રૂષિ કુમારો આ આશ્રમ કોનો છે!"

"રાજન! સર્વ રૂષિઓમાં શ્રેષ્ટ બ્રહ્મર્ષિ વશિષ્ટનો આ આશ્રમ છે, અને અમો તેમના શિષ્ય છીએ, આપને શ્રમિત અવસ્થામાં ફરતા જોઇ બ્રહ્મર્ષિએ આપનું સ્વાગત કરવા અમને અહીં મોકલ્યા હતા. અમો આપના તરફજ આવતા હતા, પરંતુ એટલામાં તો આપ અહીં આવી પહોંચ્યા!' '

"વાહ! વાહ! ત્યારે તો બ્રહ્મર્ષિ વશિષ્ટના દર્શનનો લાભ અનાયાસે પ્રાપ્ત થયો? ઘણા દિવસની ઇચ્છા આજે તૃપ્ત થઇ, પરંતુ ભૂદેવ! આ અસંખ્ય સૈન્ય સહિત વશિષ્ટ મારૂં આતિથ્ય શીરીતે કરી શકશે?"

" વિશ્વામિત્ર ! એ માટે ચિંતા ન કરો. બ્રહ્મર્ષિના બ્રહ્મતેજ આગળ કોઇ પણ વસ્તુ અસાધ્ય નથી!"

વિશ્વામિત્રને માટે રૂષિ મહર્ષિઓના સહવાસમાં આવવાનો આ પહેલોજ પ્રસંગ હતો એટલે મહર્ષિઓની મહતા અને તેની અપાર સત્તાથી તે અજ્ઞાત હતો, જો કે તેનો બ્રહ્માણ તરફ પુજય ભાવ હતો. તદાપિ તેની સતા પોતાના કરતાં પ્રબળ હોવાનું તે માનતો નહતો, પોતાના બાહુ બળથી અનેક રાજાઓને વશ કરેલા હોવાથી તેનામાં ક્ષત્રિય બળનું અભિમાન હતું તે એમજ માનતો હતો કે ક્ષત્રિય બળ કરતાં અધિકબળ આ સૃષ્ટિમાં છેજ નહિ. આથી મુની બાળકના મુખમાંથી નીકળેલા "બ્રહ્મર્ષિના બ્રહ્મતેજ આગળ કોઇ પણ વસ્તુ અસાધ્ય નથી" એ શબ્દો સાંભળતાંજ વિશ્વામિત્રને હસવું આવ્યું કારણકે જેની અસંખ્ય સૈન્યનું રાજા મહારાજાઓથી અતિથ્ય થઇ શક્યું ન હોતું તેનો એક દરિદ્ર બ્રાહ્મણ સત્કાર કરશે એવું ક્ષત્રિય બળના અભિમાનમાં અંધ બનેલા વિશ્વામિત્રની કલ્પનામાં પણ કેમ આવી શકે! તે હસતાં હસતાં બોલ્યો; "એમકે! અરે! ભૂદેવ! જયાં પચાસ માણસોને બેસવા જેટલી જગ્યા જણાતી નથી! ત્યાં મારા આ અસંખ્ય સૈન્યને સ્થાન કયાંથી આપી શકશો!"

"રાજન! આપ વ્યર્થ શંકાને સ્થાન આપો છો? જુઓ: ? સામે દ્રષ્ટિ કરો? આપના ઉતારા માટે સર્વ ગોઠવણો થઇ ગઇ છે."

વિશ્વામિત્રે મુની બાળકે બતાવેલી દિશા તરફ દ્રષ્ટિ કરી તો: તે સ્થળે કાંઈ અલૌકિક રચના દ્રષ્ટિએ પડી. બરૂથી બનેલી પર્ણકુટીને સ્થળે ભવ્ય મહેલ અને તેની આસપાસ નાના પણ સુંદર મકાનો દ્રષ્ટિએ પડયાં જાત જાતનાં પક્ષિઓ, વૃક્ષો આદિથી શુશોભિત થએલું આ સ્થળ સ્વર્ગની રચનાનું ભાન કરાવતું હતું. વિશ્વામિત્ર વિસ્મિત ચકિત્ત દ્રષ્ટિએ મુની બાળક સામું જોઈ રહયો.

એટલામાં નારાયણ, નારાયણ, એવા પવિત્ર શબ્દોનો ઉચ્ચાર કરતા મહર્ષિ વશિષ્ટ ત્યાં આવી પહોંચ્યા ગુરૂને જોતાંજ સર્વે શિષ્યોનાં ચિત્ત પ્રસન્ન થયાં, સર્વેએ ગુરૂને નમન કર્યું વિશ્વામિત્રે પણ મુનીને સાષ્ટાંગ દંડવત કર્યા સર્વે સૈન્ય પણ મુનીને નમ્યું, મુનીએ સર્વને પોતાના પવિત્ર હાથો ઉંચા કરી પવિત્ર મંત્રો વડે આશિર્વાદ આપ્યો અને બોલ્યા; "રાજન! આજે આપના પધારવાથી મારો આશ્રમ પવિત્ર થયો, પધારો! આ બ્રાહ્મણના સત્કારને સ્વીકારો!"

વિશ્વામિત્રથી એક શબ્દ પણ બોલી શકાયો નહિ. તે મુનીની સાથે આગળ ચાલવા લાગ્યો. થોડીજવારમાં તેઓ નિમેલે સ્થાને આવી પહોંચ્યા. મુનીએ સર્વને અધિકાર પ્રમાણે આસન આપ્યું શ્રમિત થયેલા અતિથીઓનો સત્કાર કરવા અગાઉથીજ ત્યાં અનુચરો ઉભેલા હતા. તે સર્વને જોઇતી વસ્તુ પુરી પાડવામાં ગુંથાયા. શરૂઆતમાં વશિષ્ટે શ્રમિત થયેલા વિશ્વામિત્રને ગંગાના નિર્મળ જળનું પાન કરાવી શાંન્ત કર્યો. અને ભોજનનું આમંત્રણ કર્યું. શરૂઆતમાં ફૂળ ફુળ હવિ ઇત્યાદી આપવામાં આવ્યાં, પશ્ચાત બ્રહ્મર્ષિના બ્રહ્મતેજને આધિન થયેલી સબળા નામની કામધેનુએ ઉત્પન્ન કરેલાં ભક્ષભોજ્ય, પેય, ચોખા, આદિ ગ્રામના પદાર્થો નિવારાદિ અરણ્યના પદાર્થો, દુધ, અમૃતરસ જેવા ખટરસના પદાર્થો, અને ઉતમ રસાયનાદિ પદાર્થો પીરસાવ્યા. આ બધા પ્રિય પદાર્થોથી સંતુષ્ટ થયેલો વિશ્વામિત્ર વશિષ્ટની મનમાંજ પ્રસંસા કરવા લાગ્યો. ભોજનઆદિથી પરવાર્યા પછી શ્રમિત થયેલા અતિથીઓને શયન માટે સગવડ કરી આપવામાં આવી આટલું કર્યા પછી વશિષ્ટ પર્ણકુટીમાં ગયા અને શિષ્ય વર્ગ પોત પોતાને કામે વળગ્યા. સર્વ સૈનિકોએ શયન કર્યું પરંતુ વિશ્વામિત્રને નિંદ્રા આવી નહિ તે અનેક તર્ક વિતર્ક કરતો પોતાના બીછાનાપર બેસીરહ્યો.

આશ્ચર્ય ! જે વસ્તુઓ મારા જેવા ચક્રવર્તિ રાજા પાસે ન નીકળી શકે ! તેવી અલૌકિક વસ્તુઓ વશિષ્ટ કયાંથી મેળવી શકયો ! શું તે મારા કરતાં વધારે સમૃદ્ધિવાન છે ! છટ! વશિષ્ટ એક દરિદ્ર બ્રાહ્મણ છે! ત્યારે આ સઘળું તે લાવ્યો કયાંથી ! અવશ્ય તેની પાસે એવી કોઇ વસ્તુ છે કે જેનાવડે તે ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરી શકે છે! શું એવી અમુલ્ય વસ્તુ આવા દરિદ્ર બ્રાહ્મણ પાસે રહેવા દેવી એ ઇષ્ટ છે! નહિ! કદાપિ નહિ! કોઇપણ પ્રયત્ને તે વસ્તુ હું મારે હાથ કરીશ! જો તે પોતાની ઇચ્છાથી નહિ આપે! તો છેવટ બળાત્કારે પણ હું તેની પાસેથી ઝુંટાવી લઇશ! હા, પણ તેને મારૂં આદર સહિત આતિથ્ય કર્યું છે, છટ! તેમાં તેણે વિશેષ શું કર્યું છે! માત્ર પોતાનું કર્તવ્ય બજાવ્યું છે! વળી ક્ષત્રિયનો ધર્મ છે કે પોતાના બાહુબળ વડે ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરવી. વશિષ્ટને શાન્તિથી સમજાવીશ! પણ જો તે નહિજ સમજે, તો મારા ક્ષત્રિય બળનો પ્રભાવ બતાવીશ! અને વશિષ્ટની તે પ્રિય વસ્તુ બળાત્કારે તેના હાથમાંથી ઝુંટાવીશ ! પણ તે વસ્તુ કઇ છે તે પહેલાં જાણી લેવું જોઇએ, અને તે જાણવા માટે પ્રથમ શાન્તિથી કામ લેવું જોઇએ ફિકર નહિ! હમણાંજ વશિષ્ટ મારી પાસે આવશે. અલ્પ બુદ્ધિ બ્રાહ્મણને ભોળવવો એ કાંઇ મુશ્કેલ નથી.

આવા અનેક વિચાર તરંગોમાં અથડાતો અભિમાની વિશ્વામિત્ર આખરે પોતાનો સત્કાર કરનારનુંજ અનિષ્ટ કરવા તૈયાર થયો ! રાજ્ય મદમાં અંધ બનેલા વિશ્વામિત્રથી એટલું પણ ન સમજાયું કે જેનામાં મારા અસંખ્ય સૈન્યનું આતિથ્ય કરવાનું સામર્થ્ય છે તેનામાં તેના ક્ષત્રિય બળનું અભિમાન ઉતારવાનું પણ સામર્થ્ય હોવું જોઇએ ? પરંતુ એ ગર્વિષ્ટને એવો વિચારજ ક્યાંથી આવે ! કારણ કે તે તો બ્રાહ્મણને નિર્માલ્યજ સમજતો હતો, બ્રહ્મતેજના પ્રભાવથી તે અજ્ઞાન હતો.

કેટલીક વારે સર્વ સૈન્ય જાગ્રત થયું વશિષ્ટ પણ પોતાના નિત્ય કર્મથી પરવારી વિશ્વામિત્રની પાસે આવ્યા. વિશ્વામિત્રની વિચાર માળા તુટી તેણે પોતાના હૃદયનો ભાવ છુપાવવા ઘણો પ્રયત્ન કર્યો પરંતુ ગ્લાનિથી નિસ્તેજ થયેલા વદન પરથી તે પ્રતિત થયા વગર ન રહ્યો. તેણે મહર્ષિને પ્રણામ કર્યાં પરંતુ તેનાથી એક શબ્દ પણ બોલી શકાયો નહિ. વિશ્વામિત્રની આ સ્થિતિ જોઇ "રખે કોઇ શિષ્ય વર્ગે કોપી રાજાનું અપમાન કર્યું હોય" એવો વશિષ્ટને ભય લાગ્યો તે વિશ્વામિત્ર તરફ ફરીને બોલ્યા: "રાજન નિરાગીર કેમ જણાઓ છો ? મારા શિષ્ય વર્ગે આપનું કાંઇ અપમાન તો નથી કર્યું ના."

વશિષ્ટના આ પ્રશ્નથી વિશ્વામિત્રને પોતાની સ્થિતિનુ ભાન થયું તે પોતાના હૃદયનો ભાવ છુપાવીને બોલ્યો.

"નહિ, નહિ, મહાત્મન? હું આપે કરેલા સત્કારથી સંપૂર્ણ સંતુષ્ટ થયો છું. હું સ્વપ્ને પણ નહિ ધારતો હતો કે આ નાની સરખી પર્ણકુટીમાં મારો ચતુરંગિણી સૈન્યા સહિત આવો અપુર્વ, કલ્પનામાં પણ ન આવી શકે તેવો આતિથ્ય સત્કાર થશે. હું મારા બાહુબળ વડે અનેક રાજાઓનો સત્કાર પામ્યો છું પરંતુ તમોએ કરેલા સત્કારની તો અવધિ છે? આવાં અપુર્વ વસ્ત્રો? આવું સ્વર્ણમય સિંહાસન? શુશોભિત વસ્તુઓથી સજીત મહેલ? શ્રવણપુટને આનંદ આપનારા સ્વર્ણ પક્ષિઓનો સરોદ? નાના પ્રકારનાં સુસ્વાદ પકવાનો અને આ નેત્રોએ અત્યાર સુધી નહિ જોયેલાં તેવાં સ્વાદિષ્ટ ફળોનો અહાર? આ સર્વ વસ્તુઓ મને કોઇ નવીજ સૃષ્ટિનું ભાન કરાવે છે; મહાત્મન? વારંવાર મને આપે મારા કરેલા આતિથ્ય સત્કારનોજ વિચાર આવે છે, હું સર્વભોમ્યનો ચક્રવૃતિ રાજા છું છતાં આપનો આવો સત્કાર ન કરી શકું. મુનીશ્વર! આ સઘળું ઐશ્વર્ય આપે કયાંથી પ્રાપ્ત કર્યું." વિશ્વામિત્રે વશિષ્ટના પ્રશ્નનો પ્રત્યુતર આપતાં એક વિચિત્ર પ્રશ્ન કર્યો.

"રાજન? હું તો ક્ષુલ્લક પ્રાણી છું, તમે જુઓ છો; અને જાણવા માગો છો, એ ઐશ્વર્ય તો આનંદઘન પરમા-

ત્માનું છે. મારૂં કાંઇ નથી શાન્ત મુર્તિ વશિષ્ટે શાંન્ત મુદ્રાએ પ્રત્યુતર આપ્યો.

"નહિ; મહાત્મન? અવશ્ય કોઇ એવી વસ્તુ આપની પાસે છે કે જેના વડે આપ ઇચ્છિત વસ્તુ યથા સમયે મેળવી શકો છો?" વિશ્વામિત્રે મુળ વાત પર આવતાં કહયું.

"હાં, તમારી એ કલ્પના ખરી છે; મારી પાસે દેવેંદ્રની આપેલી શબળા નામની એક કામધેનુ છે; તે કલ્યાણીના ઐશ્વર્ય બળથી હું જે વખતે જે વસ્તુની ઇચ્છા કરૂં છું તે તત્ક્ષણે મને પ્રાપ્ત થાય છે." વશિષ્ટે ખુલાસો કર્યો.

"ત્યારે તો કૃપા કરી એ કામધેનુ મને આપો, જોઇએ તો એ શબળાને બદલે એક લક્ષ ધેનુ મારી પાસે માગો."

"રાજન! આ કેવી અયોગ્ય માગણી? શું શબળા કામધેનુ તમને આપું!" વિશ્વામિત્રની વિચિત્ર માગણીથી આશ્ચર્ય ચકિત થયેલા વશિષ્ટે કહયું.

"હા, વશિષ્ટ મારૂં માન રાખો, કૃપા કરી એ કામ ધેનુ મનેજ આપો, તેના બદલામાં તમને જોઇએ તે માગો."

"અરે! રાજન! શબળાના બદલામાં કદાચ તું તારૂં સમગ્ર રાજ્ય આપી દે! તોપણ મારાથી એ કામધેનુ તને આપી શકાય તેમ નથી. એ કામધેનુ તો અમારૂં સર્વસ્વ

છે! એના વડેજ અમો આવા અઘોર અરણ્યમાં વસીએ છીએ! એના વડેજ ચારે પુરૂષાર્થ સાધીએ છીએ? યજ્ઞ યાગ પિતૃ ક્રિયા અને આતિથ્ય સત્કાર એ સર્વ કામધેનુના પ્રભાવથીજ અમને સુલભ થઇ પડે છે, રાજન ? તું એને દ્રવ્ય સમૃદ્ધિ ઇત્યાદિ રૂપે જાણે છે. પણ તે દ્રવ્ય યા જડ સંપતિ નથી પરંતુ અમારૂં પરમ દૈવત અને પુજ્ય તત્વ છે! સમુદ્ર મથન સરખા મહાન પ્રયત્ને પ્રાપ્ત થએલું એ તત્વ તેના અધિકારી વિના મળી શકતું નથી! માટે એવી અન્યાય ભરી ઇચ્છાનો ત્યાગ કરો."

"વશિષ્ટ ? વિશેષ વિવાદ કરવામાં સાર નથી! જાણો છો ? હું તમારા જેવો સાધારણ માણસ નહિ પણ રાજા છું?" વિશ્વામિત્રે પોતાના સ્વભાવ પર જતાં સહજ ક્રોધમાં કહયું.

"રાજા તરફ મારૂં જે કર્તવ્ય હતું તે મેં બજાવ્યું છે." વશિષ્ટે શાંતિથી જવાબ આપ્યો.

"વશિષ્ટ! ભૂલો છો! રાજાની ઇચ્છાને તૃપ્ત કરવી એ તમારૂં કર્તવ્ય હજુ બાકી છે? વળી તમારે ભુલી જવું ન જોઇએ કે પૃથ્વીના સર્વ ઉતમ રત્નો પર રાજાનોજ અધિકાર છે!"

"હા, એ કદાચ ખરૂં હશે પરંતુ તપના પ્રભાવથી પ્રાપ્ત કરેલા રત્ન પર રાજાનો સહજ પણ અધિકાર નથી!"

વશિષ્ટના આ શબ્દોથી વિશ્વામિત્રને ઘણોજ ક્રોધ ચઢયો ને આવેશમાં પોતાના આસન પરથી ઉઠયો વશિષ્ટે કરેલા ઉપકારને તે ભુલી ગયો, અભિમાની રાજાએ પોતાના બળિષ્ટ બાહુ વડે વશિષ્ટને ધક્કો મારી આસન પરથી દુર ખસેડયા, અને લાલચોળ નેત્રો કરી બોલ્યો; "વશિષ્ટ તમારો એ મિથ્યાવાદ છે! શબળા પર મારો સંપૂર્ણ અધિકાર છે! તમારે તે આપવીજ પડશે ?" ક્ષત્રિયબળના અભિમાનમાં અંધ બનેલા વિશ્વામિત્રે લાલચોળ નેત્રો કરી વશિષ્ટને ઉદ્દેશીને કહ્યું.

શાંતમુર્તિ વશિષ્ટ રાજાઓના સ્વભાવને સારી રીતે જાણતા હતા એટલે વિશ્વમિત્રનું આ ગમે તેવું અન્યાયી વર્તન છતાં તેના પર તેણે સહજ પણ ક્રોધ કર્યો નહિ તે શાંત મુદ્રાએ વિશ્વામિત્ર તરફ ફરીને બોલ્યા; "રાજન! શબળા મને મારા સંતાનો કરતાં પણ વધારે પ્રિય છે."—

વશિષ્ટ કાંઇ આગળ બોલવા જતા હતા પરંતુ ક્રોધના આવેશમાં આવેલો વિશ્વામિત્ર તેને વચમાંજ અટકાવી બોલ્યો. "બસ! હવે હું તમારો એક પણ શબ્દ સાંભળવા નથી માગતો! વશિષ્ટ વિચાર કરો હું જાતે ક્ષત્રિય છું? તમે તપ અને સ્વાધ્યાયમાંજ તત્પર રહેનાર બ્રાહ્મણ છો? આત્માને વશ રાખી શકનાર અને શાંત પ્રકૃતિના

બ્રાહ્મણોમાં વિર્ય હોતુંજ નથી! માટે જો મારી ઇચ્છા મુજબ તમે કામધેનુ મને નહિ આપો! તો ક્ષત્રિય ધર્મ પ્રમાણે બળાત્કારે લઇ જાઇશ!"

આટલું છતાં વશિષ્ટે શાંન્તિનો ત્યાગ કર્યો નહિ. તે ધીમેથી વિશ્વામિત્ર તરફ ફરીને બોલ્યા, "વિશ્વામિત્ર! તું તેમ કરવાને સમર્થ છે, કારણકે તારી પાસે લશ્કર છે, તું રાજા છે, બાહુબળવાળો અને વળી જાતનો ક્ષત્રિય છે, તો પણ હું મારી ઇચ્છાથી તો શબળા તને નહિજ આપું. પરંતુ શબળા જ્યાં પોતાની ઇચ્છા થાય ત્યાં જવાને સ્વતંત્ર છે એટલે જો તે તારી સાથે આવે તો ખુશીથી લઇ જા, જો! તે ગૌશાળાની બાજુમાં દેખાતા આમ્રવૃક્ષની શીતળ છાયા નીચે આરામ લેતી બેઠી છે." આમ કહેતાં વશિષ્ટ એ સ્થળ છોડી ગયા અને શબળા જ્યાં બેઠી હતી ત્યાં ગયા. રૂષિએ પોતાના પવિત્ર હાથો કામધેનુ પર ફેરવ્યા. આહાં....હાં....આં....હાં ના મિષ્ટ સ્વરો કરતી શબળા ઉંચા કાન કરી શાન્ત મુર્તિ વશિષ્ટના સામે એકી દ્રષ્ટે જોઇ રહી. મુનીના નિસ્તેજ મુખનો નિશ્વાસદ્વારા પરિચય થતાં ભાં....ભાં....ભાં ના આશ્વાસન સુચક અવાજો કરી શબળા ઉભી થઇ, અને પોતાની અમ્રત જીવ્હા વડે મુનીના ચરણો ચાટવા લાગી, કલ્યાણી કામધેનુના આશ્વાસનથી મુનીની

આંખમાં હર્ષાશ્રુ ભરાઇ આવ્યાં શબળાએ ઉંચી ગરદન કરી તે જોયાં, મુનીએ શબળાની ગરદનને પોતાના પવિત્ર હાથે પંપાળતાં હૃદય સાથે ચાંપી. એટલામાં વિશ્વામિત્રના શસ્ત્રધારી સૈનિકો તે તરફ આવતા જણાયા અપરિચિત પગરવનો અવાજ સાંભળી શબળાએ પુંઠ ફેરવી મહર્ષિએ જેનો સત્કાર કર્યો હતો તેનાજ સૈનિકો દ્રષ્ટિએ પડયા. આ વખતે શબળાએ એવું તો ભયંકર રૂપ ધારણ કર્યું કે આવનાર સૈનિકોને તે શબળા કામધેનુ નહિ. પરંતુ પ્રબળા દાનવી દ્રષ્ટિએ પડી, આગળ વધવાની તેનામાં હિમત રહી નહિ તેઓ ત્યાંજ સ્થંભી ગયા. કેટલીક વારે શબળા શાન્ત મુર્તિ વશિષ્ટ તરફ ફરીને મનુષ્ય વાણીથી બોલી; "મુનીશ્વર! આ સઘળું શું છે! આ શસ્ત્રધારી સૈનિકો અહીં શામાટે આવ્યા છે!"

"દેવી! શું કહું! આપની કૃપાથી જેનું મેં આતિથ્ય કર્યું તે મદાંધ રાજા વિશ્વામિત્ર આપના ઐશ્વર્યથી મુગ્ધ થયો છે, અને આપને અહીંથી બળપૂર્વક લઇ જવા તત્પર થઇ રહ્યો છે. ગર્વિષ્ટને મેં બહુ સમજાવ્યો. પરંતુ અત્યંત લોભી રાજા પાસે હું ન ફાવ્યો, દગ્ધ હૃદયે એ દુષ્ટને છોડી હું તમારી પાસે આવ્યો, અને પાછળથી એ દુરાત્માએ આ રીતે જંગ જમાવ્યો. દેવી! આપ જાણો છો કે ક્ષત્રિયનું બળ વિર્ય છે. અને બ્રાહ્મણનું બળ ક્ષમા છે, એટલે હું નિરૂપાય છું."

"મહર્ષિ! આ શું બોલો છો! શું તમે મારો ત્યાગ કરવા ઇચ્છો છો!"

"નહિ. કલ્યાણી! હું તમારો ત્યાગ કરતો નથી! પરંતુ વિશ્વામિત્ર તમને અહીંથી બળાત્કારે લઈ જવા માગે છે! તમે હમેશાં મારા આશ્રમમાં રહો એમ હું ઇચ્છું છું, પરંતુ શું કરૂં! હું ક્ષમાશીલ બ્રાહ્મણ છું એટલે મારાથી તેના પર ક્રોધ કરી શકાતો નથી—ક્ષમાનો ત્યાગ થઇ શકતો નથી."

"દેવ! જો તમે મારો ત્યાગ ન કરતા હો તો મને બળાત્કારે લઇ જવાને કોઇ પણ સમર્થ નથી!"

"કલ્યાણી! તારામાં રહેવાની શકિત હોય તો રહે." એમ કહી વિશ્વામિત્રનું બીજું પણ કેટલુંક સૈન્ય નજીક આવતું જોઇ વશિષ્ટ પર્ણકુટીમાં ચાલ્યા ગયા.

"તારાથી રહેવાય તો રહે" એવાં મહર્ષિનાં વચન સાંભળી શબળા કામધેનુ માથું અને ગરદન ઊંચા કરી સામે આવતા સૈન્ય તરફ દોડી સૈન્યની નજીક થતાંજ એક ભિષણ ગર્જના કરી. બસ! એ ગર્જનાની સાથેજ અસંખ્ય શસ્ત્રધારી સૈન્ના ઉત્પન્ન થઇ, અને વિશ્વામિત્રના દળને સંહારવા લાગી, ત્રાહિ ત્રાહિના પોકારોથી ગગન મંડળ ગાજી રહ્યું, ઉત્પન્ન થએલી સૈન્યાએ વિશ્વામિત્રનાં ત્યાં આવેલાં

સૈન્યનો નાશ કર્યો, સૈન્યમાંથી નાસી છુટેલા એકાદ બે સૈનિકોએ વિશ્વામિત્રને એ અશુભ સમાચાર કહ્યા. વિશ્વામિત્ર એક તો મહાન ક્રોધી, તેમાં પોતાના સૈન્યનો નાશ થવાના સમાચાર સાંભળી અગ્નિમાં ઘી હોમાયું, તરતજ તેણે પોતાના પુત્રોના સાથું જોયું પુત્રો ઉઠ્યા અને શબળા કામધેનુ જે સ્થળે ઉભી હતી ત્યાં આવી પહોંચ્યા. પળ માત્રમાજ વિશ્વામિત્રના પુત્રો અને તેની સાથે આવેલા સૈન્યનો નાશ થયો, વિશ્વામિત્રને એ ખબર મળ્યા તે મહાન ક્રોધી રાજા બચેલી સૈન્યા સહિત વશિષ્ટનો નાશ કરવાની ઇચ્છાથી વશિષ્ટની પર્ણકુટી પાસે ગયો અને પોતાના સૈન્યથી ઘેરી લીધી શબળા પોતાનો પ્રભાવ તેના સૈન્યમાં બતાવી રહી હતી, પરંતુ વિશ્વામિત્ર ત્યાં ન જતાં વશિષ્ટ તરફ વળ્યો તેમ કરવામાં તેનો હેતુ એ હતો કે વશિષ્ટને વશ કરવાથી કામધેનુ આપો આપ વશ થઇ શકશે. આ વખતે સતી અરૂંધતિ પતિ માટે પાણી લેવા ગંગા પર ગયાં હતાં, અને શક્તિ પુષ્પ ચુંટવા ગયો હતો, પર્ણકુટીમાં વશિષ્ટ માત્ર એકલાજ હતા. બહારનો કલાહોલ સાંભળી તે બહાર આવ્યા. અન્યાયી રાજા પોતાનું અનિષ્ટ થવા છતાં હજી શાન્ત થયો નથી, એ જાણી વશિષ્ટને બહુ લાગી આવ્યું તેણે વિશ્વામિત્રને પુનઃ સમજાવવા પ્રયત્ન કરવા માંડયો તે

બોલ્યા; " રાજન ! હજુ પણ તમારૂં અભિમાન ન ગયું ! તમારા નેત્રો સમક્ષ પુત્રો સહીત સૈન્યનો નાશ થયો, છતાં બ્રહ્મ તેજનું મહાત્મ ન સમજાયું ! અફસોસ ! "

વશિષ્ટના આ બોલોની વિશ્વામિત્ર પર સહજ પણ અસર થઇ નહિ તે ક્રોધાવેશમાં બોલ્યો; " અરે! એ કપટી તપસ્વી! તારો હું હમણાંજ વિનાશ કરૂં છું! જોઉં છું કે; જગત માં કયું તેજ ક્ષત્રિય તેજને નષ્ટ કરી શકે છે! બાળક પુત્રો અને સાધારણ સૈન્યનો વિનાશ કરી તું ગર્વાંધ બની ગયો છે! પરંતુ આજે તારો એ ગર્વ હું મારી આ ગદાથી ચુર્ણ કરીશ ! "

" અફસોસ! વિશ્વામિત્ર તારૂં ભાવિજ કાંઇ અનિષ્ટ સુચવે છે! ભલે! તારી એવીજ ઇચ્છા હોય તો લે! મારો પ્રાણ લે! બ્રહ્મવિદ્ બ્રાહ્મણોને જન્મ કે મૃત્યુનો ભય હોતોજ નથી! માયા અને મોહથી લિપ્ત થએલા આ પંચ ભૌતિક દેહની રક્ષા માટે હવે હું નરહત્યા અને રાજપુત્ર હત્યા જોવા ઇચ્છતો નથી! લે સુખેથી મારો પ્રાણ લે! " એમ કહેતાં વશિષ્ટ વિશ્વામિત્રની સામે નિર્ભયપણે અચળ ઉભા રહ્યા.

" ઓહ! એમ છે! ત્યારે લે તારા રક્ષણ માટે આ અસ્ત્રનો ઉપયોગ કર! અને મારી સાથે યુદ્ધ કર! " એમ કહી વિશ્વામિત્રે વશિષ્ટના તરફ એક અસ્ત્ર ફેંક્યું.

"નહિ, રાજન ! બ્રાહ્મણની રક્ષાનો ભાર તો આનંદ ઘન પરમાત્માનો છે, સ્વયં બ્રાહ્મણને કાંઇ અધિકાર નથી." વશિષ્ટે શાન્ત મુદ્રાએ જવાબ આપ્યો અને સ્થિર ભાવે ઉભા રહ્યા.

ક્રોધાવેશમાં આવેલો અભિમાની વિશ્વામિત્ર વશિષ્ટના આ શબ્દોથી શાંન્ત થવાને બદલે વધારે આવેશમાં આવી ગયો. તેણે પોતાની ગદા ઉંચી કરી અને જેવો તે વશિષ્ટના પર પ્રહાર કરવા જાય છે તેવીજ "હુંભા હુંભા"નો ભયંકર અવાજ કરતી શબળા કામધેનું ત્યાં આવી પહોંચી. અને વિશ્વામિત્ર જે સ્થળે ઉભો હતો તે સ્થળે પોતાના પગની ખરીને જમીન પર અફાળી. તત્ક્ષણે એક ભિષણ ગર્જના થઇ અને તે સાથેજ પ્રજ્વલિત અગ્નિ પ્રદિપ્ત થયો વિશ્વા-મિત્રનું સૈન્ય બળવા લાગ્યું.

ઓહ ! બળું છું ! બળું છું ! બચાવો ! બચાવો ! ક્ષમા ! ક્ષમા ! આદિ કરૂણામય ધ્વનિ સૈન્યમાંથી સંભળાવા લાગ્યો, વિશ્વામિત્ર વિસ્મિત ચકિત દ્રષ્ટિએ આ દ્રસ્ય જોઇ રહયો, તે મનમાંજ બબડયો; "આશ્ચર્ય કામધેનું જેને આધિન છે, તે બ્રહ્મતેજનો આટલો બધો પ્રભાવ ! શું ! આ તેજથીજ મારા બાળક પુત્રો અને અસંખ્ય સૈન્યનો નાશ થયો ! અફસોસ ! આ મેં શું કર્યું ! મુનીશ્વર !

મને ક્ષમા કરો ! દેવર્ષિ ! મને આ દાવાનળથી બચાવો ! " એમ કહેતાંજ તે મુનીના ચરણમાં ઢળી પડયો. શાંન્ત મુર્તિ વશિષ્ટને વિશ્વામિત્રની સ્થીતિ જોઇ દયા આવી. તે ધેનુની પ્રાર્થના કરતાં બોલ્યા; " દેવી ! આશું ! સાધારણ અપરાધીને આવી મહાન શિક્ષા ! શાન્ત થાઓ; જુઓ ! આ પવિત્ર આશ્રમમાં અસંખ્ય નર બળી ગયા છે ! મહારાજ વિશ્વામિત્ર પણ બળી ભસ્મ થવાની તૈયારીમાં છે ! ક્ષમા કરો, અસ્ત્રહિન, સૈન્યહિન, રથહિન રાજા આપના ભયથી મુમુર્ષુ અવસ્થામાં ઉભો છે. હવે શા માટે આપ ક્રોધ કરો છો ! દેવી ! ક્ષમા કરો ! આપના પ્રભાવને સમાવો ! આ પ્રજ્વલિત અગ્નિને શાન્ત કરો ! " વશિષ્ટની આજ્ઞાથી અગ્નિ શાન્ત થયો કામધેનું વશિષ્ટની બાજુમાં ઉભી રહી સર્વ સ્થળે શાન્તિ થવા પછી પુનઃ ધેનુને ઉદ્દેશીને વશિષ્ટ બોલ્યા, " દેવી ! આપને ખાતર આ રાજાએ ઘણું પરિશ્રમ લીધો છે, પોતાના બાળક પુત્રો અને અસંખ્ય સૈન્યનો વિનાશ આપને મેળવવાના લોભ માટેજ કરાવ્યો છે ! હવે તો માત્ર તે એકલોજ રહ્યો છે ! તો કૃપા કરી હવે પ્રસન્ન મુખે એ રાજાની સાથે જાઓ "

વશિષ્ટના આ ઉદાર શબ્દોની અસર વિશ્વામિત્ર પર બરાબર થઇ તે ગળગળિત સ્વરે બોલ્યો; " નહિ, નહિ,

વશિષ્ટ ! કામધેનુનો અધિકારી હજુ હું થયો નથી, હવે મારી આંખો ખુલી છે. બ્રહ્મશક્તિ એજ ખરી શક્તિ છે! ક્ષત્રિય શકિતને હજારો ધિક્કાર છે! ફિટકાર છે! આ અપમાનનું પ્રાયશ્ચિત મૃત્યુ અથવા બ્રહ્મશકિતની પ્રાપ્તિ એજ છે! વશિષ્ટ ! હવે હું જાઉં છું, મારા અપરાધો ક્ષમા કરજો, ઈશ્વર ઇચ્છા હશે તો ફરી બ્રહ્મતેજ પ્રાપ્ત કરી આપને મળીશ, અને નહિતો આપના અપમાનનું પ્રાયશ્ચિત મારા મૃત્યુથી કરીશ, એટલું કહેતાજ વશિષ્ટના જવાબની રાહ નહિ જોતાં વિશ્વામિત્ર ત્યાંથી ચાલ્યો ગયો, અને "વિશ્વામિત્રનું એજ માર્ગમાં શ્રેય છે." એમ પોતાના યોગ બળથી જાણી ગયેલા વશિષ્ટ પણ "પ્રભુ વિશ્વામિત્રનું કલ્યાણ કરો" એમ બોલતા પોતાની પર્ણકુટીમાં ગયા શબળા ધેનુ પણ પોતાના હમેશના સ્થાનપર ચાલી ગઇ.

પ્રકરણ ૪થું

પતિ વિરહોન્માદ.

વિશ્વામિત્રના ચાલી જવા પછી કેટલીકવારે વિનાશ પામેલા સૈન્યમાંથી માત્ર ભયથી બેશુદ્ધ બની ગયેલા બે ચાર સિપાઇઓ જાગ્રત થયા, આસપાસ દ્રષ્ટિ ફેરવતાં

આખું સૈન્ય મૃત્યુવશ થયેલું જણાયું, મહારાજાની તપાસ કરી, પરંતુ તેનો પતો લાગ્યો નહિ. આથી મહારાજની પણ એજ દશા થઇ છે, એમ માની દિલગીર થતા તે અનુચરો આશ્રમ બહાર નીકળ્યા, અને મંત્રી વિગેરે જે સ્થળે હતા તે વિશ્રામ મહેલનો રસ્તો લીધો, છેક પાછલી રાત્રે તેઓ ત્યાં પહોંચ્યા, મહારાજ અને સૈન્યના સંબંધમાં બનેલી સર્વ બિનાથી મંત્રીને વાકેફ કર્યો મહારાજના અવશાનના માઠા સમાચાર સાંભળી મંત્રીથી ન રહેવાયું તે તરતજ આવેલા અનુચરો સાથે સુનેત્રાને મળવા અંદર ગયો, આ વખતે સુનેત્રા પતિની આતુરતાથી રાહ જોતી બગીચામાં ફરી રહી હતી મંત્રીની મારફત પતિના માઠા સમાચાર મળતાં તેણીની શું સ્થિતિ થઇ એ આપણે પ્રથમ પ્રકરણમાં વાંચી ગયા છીએ.

પ્રિય વાચક! ચાલો આપણે પૂનઃ એ સાધ્વી સુનેત્રાની સ્થીતિ તપાસીએ.

મહેલમાં દાસીઓ કે બીજો સ્ત્રી વર્ગ હતો નહિ કે જેની મદદ વડે મંત્રી બેશુદ્ધ બનેલી સુનેત્રાને મહેલમાં લઇ જાય. આથી આસપાસ કોઇ તાપસી અથવા અન્ય કોઈ સ્ત્રી વર્ગ મળે તો તેને લઇ આવવાની મંત્રીએ અનુચરોને સંજ્ઞા કરી મંત્રીની ઇચ્છાને પામી ગયેલા અનુચરો આસ-

પાસ ફરીને એક તાપસી વિદુષી બાઇને લઇ ત્યાં હાજર થયા તેમની મદદથી બેશુદ્ધ અવસ્થામાં પડેલી સુનેત્રાને તે વૃદ્ધ મંત્રી મહાલયમાં લઇ ગયો તેણીને એક પલંગ પર સુવાડવામાં આવી. અનુચરો હાથમાં પંખો લઇ પવન નાંખવા લાગ્યા મંદ મંદ પવને તેણીના મસ્તિક અને હૃદયને કાંઇક શાન્તિ આપી. પરંતુ પતિના વિયોગે પીડાતી સુનેત્રાને શાન્તિ કેવી ! જેનું દર્શન કરવાથીજ છાતીની અગ્નિ ઓલવાલી ત્યાં હજારો પવન ભેગા થઇને આવવાથી પણ થંડક ક્યાં! વિરહાગ્નિ ઓલવવા ગમે તેટલા બરફના પહાડો ધસી આવે, તોપણ થંડક કયાં ! એ અગ્નિ ઓલવવાને માત્ર તે પ્રેમીના દર્શન શિવાય બીજી કોઇ ઓષધિજ નથી! સુનેત્રાને હવે તે ઓષધિ મળે તેવી આશાજ નહોતી; કારણ કે મંત્રીએ જણાવ્યા મુજબ તેના પતિ આ જગતને છોડી ગયા હતા, કેટલીક વારે સુનેત્રાએ આંખો ખોલી આસપાસ જોયું જેને તે શોધતી હતી, જેનાં દર્શનને તે ઇચ્છતી હતી, તે પ્રેમી તે સ્થળમાં ન જણાયો, “હેં ! શું નથી ! મારા નાથ ખરેખર ચાલ્યા ગયા ! ઓહ! હું શું કરૂં! ક્યાં જાઉં! અરે! કોઇ મને મારા નાથની પાસે લઇ જાઓ! અરેરે અહીં તો કોઇ જણાતું નથી?” શોકના આવેગથી શોકનો બોજો વધી જવાથી ઉન્માદિનિ બની ગયેલી સુનેત્રાને સર્વ

સ્થળે અંધકાર જણાવા લાગ્યો. તે પોતાના બીછાંના પરથી આવેશમાં એકદમ ઉભી થઇ ગઇ; પરંતુ તાપસીબાઇએ તેના બંન્ને હાથ પકડી આગળ જતી અટકાવી દીધી.

"નહિ, નહિ, હું ભુલું છું. મારા નાથ આ રહ્યા, આવો! આવો! નાથ! આ અબળાને આપના હૃદય સાથે ચાંપી શાંન્ત કરો." એમ કહેતી તે પેલી તાપસીબાઇને ઘણાજ જોરથી ભેટી પડી." નાથ? શું આ અબળાને આમ એકલી છોડી ચાલ્યા જવાનું તમને યોગ્ય લાગ્યું કે? હું તો તમને એટલા માટેજ કહેતી હતી કે મને તમારી સાથે લ્યો; પરંતુ નાથ! તમે ન માન્યું, અને ચાલ્યા ગયા; હવે તમને નહિ છોડું! એકલા નહિ જવા દઉં! રાત્રિએ પાછા ફરવાનો વાયદો કરી છેક સવારના આવ્યા, એ શું ઠીક કર્યું છે કે! જુઓ? જુઓ? તમારા વિયોગે આ સુનેત્રાની શું સ્થિતિ થઇ છે! નાથ! એક વખત આપણે આજ પલંગ પર બેઠાં હતા, અહા! તે વખતે કેવો સુંદર દેખાવ હતો? હું તમારા મધુર મુખચંદ્ર સામું જોતી હતી, અને પ્રેમ ભીની આંખે તમે મારી સામું જોતા હતા. કેમ ખરું કે નહિ નાથ? બસ હવે હું તમને નહિ છોડું! મારાથી અળગા નહિ થવા દઉં! હવે તો "..............તેણીનાથી વધારે બોલી શકાયું નહિ આંખે અંધારા આવી ગયાં તેણી

તાપસી બાઇના શરીર પર ઢળી પડી તાપસીએ તેને કપાળે હાથ ફેરવી શાંન્ત કરી સુનેત્રા પુન: ઉભી થઇ અને બકવા લાગી. " નહિ, નહિ, એ મારા નાથ ન હોય ! મારા નાથ મને તરછોડે તેવા નિર્દય નથી, ત્યારે શું ? તે આ જગતમાં નથી ! ખરેખર ચાલ્યા ગયા ? નહિ, નહિ, મારા હૃદય દેવતા એવા નષ્ઠુર નથી ! તે તો દેવ પુરૂષ છે, વિશ્વાસઘાતી નથી." ફરીને તે બિછાના પર પડી, સુનેત્રાની આ સ્થિતિ જોઇ ત્યાં બેઠેલાં સર્વની આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં, તાપસી સ્ત્રીએ જોયું કે પતિ વિયોગે સુનેત્રાને ઉન્માદ વાયુ થયો છે. જો ચાંપતા ઉપાયો લેવામાં નહિ આવે તો તે ગાંડી બની જશે આથી તે મંત્રીના કાનમાં કાંઇ કહી ત્વરિત ત્યાંથી બહાર નીકળી અને થોડીજવારમાં એક યોગીરાજને સાથે લઇને ત્યાં આવી પહોંચી, યોગીરાજે સુનેત્રાની સ્થિતિ જોઇ તે કાંઇપણ ઔષધનો ઉપચાર કરે તે પહેલાં સુનેત્રાએ આંખ ખોલી, આ વખતે તેની દ્રષ્ટિ એકાએક સામે ટાંગેલી વિશ્વામિત્રની છબી પર પડી; છબીને જોતાંજ તે બિછાના પર બેઠી થઇ, તાપસીબાઇ તેને સુવાડી દેવાનો પ્રયત્ન કરવા જતી હતી પરંતુ યોગીરાજે તેને તેમ કરતી અટકાવી; કાંઇક ચિકિત્સા કરવાના હેતુથી સુનેત્રાને બેસવા દીધી, સુનેત્રા કેટલીકવાર સુધી પતિની છબી સામે એકી

ટસે જોઇ રહી અને પછી બોલી; “ આવ્યા ! મારા નાથ ! મારા હૃદયમાં બિરાજો ! હું તમારી ક્યારની રાહ જોતી હતી. ” તેણીએ આંખો બંધ કીધી અને પતિની મુર્તિનું ધ્યાન ધરવા લાગી. ધન્ય પ્રેમ ! સુનેત્રાની આ સ્થિતિ જોઇ યોગીરાજને કાંઇ વિચાર આવતાં તે પોતાના આસન પરથી ઉઠયા અને સુનેત્રાની નજીક જઇ મોટે સાદે બોલ્યા, “ દેવી! આ શું કરો છો ! કોનું ધ્યાન ધરો છો ? ” યોગીરાજનો આ પ્રશ્ન કરવામાં એ હેતુ હતો કે તેની સ્મરણ શક્તિ કેવી છે તે જાણી લેવું, પરંતુ ઉતર મળ્યો નહિ, ઉતર કોણ આપે ? ઉન્માદિનિ સુનેત્રા પતિ દેવતાના ધ્યાનમાં મગ્ન થઇ છે, હૃદય મંદિરમાં ઉપાસ્ય દેવતાનાં દર્શન કરે છે, તે ઉતર કેમ આપે! તેને બીજા જોડે શું કામ હતું ! તેની કોઇ દિશામાં દ્રષ્ટિ નથી; બહારની કોઇ વસ્તુનું ભાન નથી; જાણે ચૈતન્ય ઉડી ગયું છે, એકાએક તેણીએ એક જબરી ચીસ પાડી ઓહ ! દોડો ! દોડો ! અરે કોઇ આવો ! મારા નાથને બચાવો ! આ ધેનુએ મારા પતિના સર્વ સૈન્યનો નાશ કર્યો ! અરે ! મારા પુત્રો પણ પરલોક પહોંચી ગયા ! નિ:સહાય પતિનું રક્ષણ કરનાર કોઇ નથી ? યોદ્ધાઓ દોડો ! દોડો ! મારા પતિ મહાન ભયમાં છે, અરેરે ? અહિં તો કોઇ જણાતું નથી ! મહાત્મન ! તમે તો મારા પતિનું

રક્ષણ કરો ? આ ઘેનુ મારા પતિને હમણાંજ પકડી લેશે! ઓહ! આ શું ? મહાન પ્રજવલિત અગ્નિ? એ પવન દેવ? તમારૂં નામ સચરાચર કહેવાય છે! વળી મેઘ આપનો સંગી છે, સાતની સહાય માટે આવો! મારા પતિને આપના મિત્ર મેઘરાજા સાથે પધારી, આ પ્રજવલિત અગ્નિથી બચાવો ? ઓહ! કોઇ સાંભળતું નથી, એ ચંદ્રદેવ! તમારી શીતળ ધારા મારા પતિ પર વરસાવો કે જેથી એ પ્રચંડ અગ્નિ મારા પતિને સ્પર્શ ન કરી શકે! હાય! મહાત્મન ? તમે પણ મારા પતિની આ સ્થિતિ જોતા ઉભા છો ! અરેરે ! દયાના સાગર અને સત્યના સંગી સૂર્યદેવ ? શું ! તમે પણ મારી આ સ્તુતિ સાંભળતા નથી ? ઓહ ! કોઇ નથી ! મારા પતિ નિઃસહાય છે ? તો પછી મારૂં અહીં શું કામ છે ! નાથ ? હું જ તમારી સહાય માટે આવું છું !" સુનેત્રા તેજ ક્ષણે મુર્છિત થઇ ગઇ, તેનું ચિત ત્યાં ગયું, તેનું હૃદય ત્યાંજ ગયું; અહા! પ્રેમ ધન્ય છે ? નને! ધન્ય છે ! તારી લીલાને ! ધન્ય છે તારા અલૌકિક અદભૂત પ્રભાવને ?

પ્રિય વાંચક ? શુદ્ધાત્મા સતિનું પવિત્ર અંતઃકરણ જોયું ! પતિના ધ્યાનમાં મસ્ત બનેલી સતિની સમક્ષ થોડા સમય પૂર્વે પતિપર આવી પડેલી આપતિનું ચિત્ર ખડું

થયું પતિના બચાવ માટે સતીનું ચૈતન્ય ત્યાં ગયું. આવી શુદ્ધ ભાવનાવાળી સતિ સ્ત્રીઓ પોતાના પતિની આંતરિક ભાવનાઓ જાણી શકે તેમાં શું આશ્ચર્ય! અને એકજ ભાવનામાં ભ્રમણ કરતાં દંપતિ ઐક્યતાને પામે તેમાં શું નવાઈ?

કેટલોક સમય એજ સ્થિતિમાં વીતી ગયો યોગીરાજે મંત્રીને ઉદ્દેશીને કહ્યું; "મંત્રીવર! મહારાણીનો વ્યાધિ અસાધ્ય છે, અને તે વ્યાધિપર અન્ય ઓષધોના ઉપચાર નકામા છે, માત્ર મહારાજાનું દર્શન એજ તેના માટે ઉતમ ઔષધ છે."

"હરિ! હરિ! યોગીરાજ? ત્યારે હવે શું કરવું! મહારાજાને ક્યાંથી લાવવા?" મંત્રીએ નિશ્વાસ નાંખતાં કહ્યું.

"મહારાજ! એક વખત આપના શિષ્યને આવોજ ઉન્માદ વાયુ થયો હતો, તેને આપે જે વનસ્પતિથી આરામ કર્યો હતો તે વનસ્પતિ શું! આ સુનેત્રાને અસર નહિ કરી શકે?" તાપસીબાઈએ યોગીરાજના આશ્રમમાં થોડા સમય પુર્વે બનેલા આવાજ એક બનાવનું સ્મરણ કરાવતાં યોગીરાજને ઉદ્દેશીને કહ્યું.

યોગીરાજ થોડો સમય વિચાર કરી બોલ્યા; "બાઇ સુનેત્રા અને શિષ્યના રોગમાં જમીન આસમાનનું અંતર

છે. એટલે એ વનસ્પતિ કદાચ સુનેત્રાને અસર નહિ કરે તોપણ તેમને કાંઇ આરામ આપે એવી એક વનસ્પતિ હું તમને આપું છું. તેના રસનું સુનેત્રાના શરીર પર લેપન કરતાં તેણી નિંદ્રાનું સેવન કરતી જણાશે; આવાં દર્દીઓ માટે નિંદ્રા એ ઉતમ ઓષધ છે, એટલે કદાચ નિદ્રા આવવાથી તેણીના મગજમાં ઘુમતા વિચારોનું બળ કાંઇક ઓછું થશે–તે શુદ્ધિમાં આવશે."

"ત્યારે તો કૃપા કરી તેજ ઓષધી આપોની?" તાપસીબાઇએ કહ્યું.

"ભલે, ચાલો મારી સાથે આવો, પાસેના જંગલમાંથી તે હું તમને આપું છું." એમ કહી યોગીરાજ ત્યાંથી ઉઠ્યા તાપસીબાઇને પણ સાથે લીધી અનુચરો તેમને રસ્તો બતાવતા તેની પાછળ ચાલ્યા મંત્રી અનેક તર્ક વિતર્ક કરતો સુનેત્રાની સામે એકી દ્રષ્ટે જોતો અને સતિની સ્થિતિ જોઇ દીલગીર થતો ત્યાંજ બેસી રહ્યો.

સુનેત્રાને શુદ્ધિમાં લાવી તેણીને કામ્યકુબ્જ લઇ જવાની મંત્રીની ઈચ્છા હતી, પરંતુ ઇશ્વરની ઇચ્છા તો તેનાથી કાંઇક જુદીજ હતી, હજુ તો તાપસીબાઇ યોગીરાજ પાસેથી ઓષધી મેળવી પાછી આવે તે પહેલાં એક અનુચરે તે ઓરડામાં પ્રવેશ કર્યો અને મંત્રીને નમન કરી બોલ્યો;

મહારાજની બહુ૨ પરમાનંદ આવ્યા છે અને તે મહારાજાના ખુશી ખબર લાવ્યા છે."

"હેં! શું પરમાનંદ મહારાજાના ખુશી ખબર લાવ્યા છે? કયાં છે? એ પુરોહિતજી કયાં છે?" એમ કહેતો મંત્રી ત્યાંથી ઉઠયો, અને અનુચરની સાથે બહાર આવ્યો સુનેત્રા એકલી છે, તેનું તેને ભાન રહ્યું નહિ, મહારાજની હયાતીના ખબર સાંભળી તે એટલો આનંદમાં આવી ગયો કે, તેણે સુનેત્રા પાસે કોઇ માણસને રાખવાની પણ દરકાર કરી નહિ, ખરેખર! આનંદનો આવેશ એવોજ હોય છે.

મહાલયમાં સુનેત્રા એકલીજ હતી, ગમે તેવી ચેષ્ટાઓ કરતી હવે તેને અટકાવે તેવું ત્યાં કોઇ ન હતું, મંત્રીના જવા પછી તે બિછાના પરથી ઉઠી, તેણીએ આસપાસ દ્રષ્ટિ ફેરવી સર્વ સ્થળે શુન્યકાર જણાયું એકાએક વિશ્વામિત્રની મુર્તી તેની દ્રષ્ટિ સમીપ ખડી થઇ. આ વખતે તેના અંગ પર રાજ્ય ચિન્હ નહોતું, રાજાને શોભે તેવા વસ્ત્રાલંકારો નહોતા, માત્ર એક કૌપિન અને આખા શરીરે ભસ્મ લેપન કરેલું હતું. પતિ દેવતાની આ સ્થિતિ જોઇ, સુનેત્રાના હ્રદય પર જબરો આધાત થયો, તે કલ્પાંત કરતી બોલી, "નાથ! શું તમે સંસાર છોડી દીધો, સન્યાસ લીધો! ભલે! તમારી એવીજ ઇચ્છા હોય તો મને પણ તમારી

સાથેજ લ્યો ! હું પણ તમારી સાથે સન્યાસીની થઇશ ! શરીરે ભસ્મ ચોળીશ ! રાજ્ય મહાલયના સુખનો ત્યાગ કરીશ જંગલના વલ્કલો પહેરીશ ! ઝાડની સુકી ડાળીઓમાં કિંવા કાંકરા પથરાવાળી મટોડીની જમીનમાં શયન કરીશ ! મિષ્ટાનને બદલે કંદ મુળનો અહાર કરીશ ! પણ જ્યાં તમે જશો ત્યાં હું આવીશ ! સતિ પતિના ચરણમાંજ શોભે ! સ્ત્રીને માટે પતિ એજ જીવન ! પતિ એજ ધર્મ ! પતિ એજ ગુરૂ ! અને પતિ એજ આ લોક અને પરલોકમાં મુક્તિ આપનાર ઇશ્વર છે. નાથ ! તમે જંગલમાં ભટકો ! અને હું અહીં રાજ્ય મહેલમાં સુખ ભોગવું ! નહિ ! નહિ ! નાથ ! હું તમારો સાથ નહિ છોડું !" એમ કહેતાંજ તે ઉઠી, અને જાણે તે પોતાના પતિની પાછળજ ચાલતી હોય, તેમ ઉન્માદિ અવસ્થામાં બિછાનું છોડી ધીમે ધીમે આગળ વધી. મહાલયનું પાછળનું એક બારણું ખુલ્લું રહી ગયું હતું ત્યાં તે આવી પહોંચી અને આસ્તેથી ઉઘાડી બહાર નીકળી પડી. આ રસ્તે ચોકી ન હોવાથી, તેણીને કોઇએ અટકાવી નહિ. આ વખતે તેણીને પોતાના શરીરનું ભાન હતું નહિ. અત્યારે તે માત્ર એક વસ્ત્ર ભેર હતી, ક્ષણ માત્રમાં તે મહેલથી કેટલેક દુર આવેલી એક ઝાડીમાં અદ્રશ્ય થઇ ગઇ સદાને માટે તે મહેલ છોડી ગઇ.

પ્રકરણ ૫ મું

ઈશ્વર ઇચ્છા બલિયસિ

પરમાનંદ કોણ, અને તે એકાએક આ સ્થળે ક્યાંથી આવી ચડયો, એ વિગેરે અનેક શંકાઓ મારા સુજ્ઞ વાંચકોને થાય એ સ્વભાવિક છે, એટલા માટે એ સંબંધી ખુલાસો આપવાનું આ સ્થળે યોગ્ય ધારૂં છું.

પરમાનંદ વિશ્વામિત્રનો રાજયપૂરોહિત હતો, તે વયો વૃદ્ધ થવા પછી પોતાના પુત્રને એ કાર્યનો ભાર સોંપી હરિદ્વાર રૂષિકેશ બદ્રિનારાયણ વિગેરે પવિત્ર સ્થળોમાં ફરી પોતાનું જીવન વ્યતિત કરતો હતો જે વખતે વશિષ્ટના આશ્રમમાંથી વિશ્વામિત્ર બહાર નીકળ્યો, તે વખતે પરમાનંદ તે આશ્રમથી કેટલેક દુર આવેલા એક વૃક્ષની નીચે બેઠેલા મહાત્મા પાસે કથા શ્રવણ કરતો હતો, કેટલીક વારે વિશ્વામિત્ર પણ ત્યાં આવી પહોંચ્યો, બંનેની દ્રષ્ટિ એક થઇ. વિશ્વામિત્ર પોતાના ધ્યાનમાં જતો હોવાથી પરમાનંદને તે ઓળખી શકયો નહિ. પરંતુ પરમાનંદે પોતાના મહારાજાને બરાબર ઓળખ્યા. તે બેઠો હતો ત્યાંથી ઉઠયો અને તેની નજીક જઇ બોલ્યો, "મહારાજનો જય થાઓ! પ્રભુ! અચાનક આપ અહીં ક્યાંથી!"

પરમાનંદના આ શબ્દો શ્રવણપુટ પર અથડાતાંજ વિશ્વામિત્ર વિચાર નિદ્રામાંથી જાગ્રત થયો. તેણે પરમાનંદની સામે જોયું, પૂરોહિતને ઓળખ્યો તેના હૃદયમાં એક પ્રકારનો આનંદ થયો, પરંતુ પ્રત્યુતરમાં તે કશું બોલ્યો નહિ.

મહારાજાની આ સ્થિતિ જોઇ પરમાનંદને અનેક શંકાઓ થવા લાગી વિશ્વામિત્રની સાથે અન્ય મનુષ્યો છે કે નહિ તે જાણવાની ઇચ્છાથી તેણે આસપાસ દ્રષ્ટિ ફેરવી પરંતુ કોઈ જણાયું નહિ, વિશ્વામિત્રનું મુખચંદ્ર પણ નિસ્તેજ જણાયું, તે પૂન: વિશ્વામિત્ર તરફ ફરીને બોલ્યો; મહારાજ! આજે આપને શું થયું છે! આપનું મુખચંદ્ર નિસ્તેજ કેમ જણાય છે! સૈન્ય અથવા અંગ રક્ષકો એમાંનું કોઇ આપની સાથે કેમ જણાતું નથી!"

"પરમાનંદ! હવે મેં એ ઉપાધિ તજી દીધી છે. રાજ્ય ઐશ્વર્ય સ્ત્રી, પુત્ર, ધન, આદિને તિલાંજલી આપી સુમાર્ગની રાહ લીધી છે."

"એટલે! એમ કરવાનું કાંઇ કારણ!"

"કારણ! પરમાનંદ જો તું કારણજ જાણવા માગે છે, તો સાંભળ," એમ કહી વિશ્વામિત્રે વશિષ્ટના આશ્રમમાં બનેલી સર્વ હકીકત અથથી ઇતિ સુધી કહી સંભળાવી, તેની સાથે પોતે લીધેલી દ્રઢ પ્રતિજ્ઞા પણ જણાવી.

પરમાનંદ દિલગીર થયો તે જાણતો હતો કે વિશ્વામિત્ર પોતાનો નિશ્ચય કોઇ પણ કાળે ફેરવશે નહિ તો પણ તેણે વિશ્વામિત્રને અનેક પ્રકારે સમજાવ્યો, અત્યંત કરૂણાજનક શબ્દોમાં પ્રજા અને સાધ્વી સુનેત્રાની સ્થિતિનો ખ્યાલ કરાવ્યો, તદપિ વિશ્વામિત્ર એકનો બે થયો નહિ. આથી વિશેષ કહેવાનું માંડી વાળી પુનઃ રાજ્ય મંત્રી અને પ્રજા વર્ગને સાથે લાવી સમજાવવાનો મનમાંજ નિશ્ચય કરી તે વિશ્વામિત્રથી જુદો પડયો, વિશ્વામિત્ર પણ પોતાને પંથે પડયો.

મંત્રી, સુનેત્રા વિગેરે વિશ્રાંતિ મહેલમાં છે, એ પરમાનંદે વિશ્વામિત્રની સાથે થએલી વાતચીત પરથી જાણી લીધું હતું, એટલે તે કામ્યકુંજમાં નહિ જતાં સીધો ત્યાંજ ગયો. સુનેત્રાની સ્થિતિ પોતે જાણતો ન હોવાથી બહાર ચોકી કરતા એક અનુચર મારફત મંત્રીને પોતાની પાસે બોલાવ્યો. પરમાનંદ જાણતો હતો કે સાધ્વી સુનેત્રા પતિની સ્થિતિના અચાનક સમાચાર સાંભળશે તો બેશુદ્ધ બની જશે. એટલા માટે મંત્રીને એ હકીકત પ્રથમ જણાવી પછી કોઇ યુક્તિસર તેને જણાવવાનો તેણે નિશ્ચય કર્યો હતો, અને એટલા માટેજ પોતે અંદર નહિ જતાં મંત્રીને બહાર બોલાવ્યો હતો.

સુનેત્રાની સ્થિતિનો કાંઈ પણ ખ્યાલ નહિ કરતાં "પરમાનંદ મહારાજાના ખુશ ખબર લાવ્યા છે" એ શબ્દો સાંભળતાંજ મંત્રી બહાર આવ્યો.

પરમાનંદે મહારાજાના સંબંધમાં બનેલી સર્વ હકીકત નિવેદન કીધી, મહારાજા પાછા ફરવાના નથી એ જાણી મંત્રી દિલગીર થયો; પરંતુ તેથી વિશેષ મહારાજાની હયાતી માટે તે ખુશી થયો, તે આનંદના આવેશમાં એકદમ બોલી ઉઠયો:—

"પરમાનંદ! શું તું ખરૂંજ કહે છે! મહારાજને તેં તારી નજરે જોયા છે!"

"હા! હા! નજરે તો શું! પરંતુ તેની સાથે મારે કેટલોક વાદવિવાદ પણ થયો છે!" પરમાનંદે પ્રશ્નનો જવાબ આપતાં કહ્યું.

"પરમાનંદ! તું આવો વિચક્ષણ છતાં મહારાજાને કાંઇ સમજાવી ન શકયો!"

"મંત્રીવર! મહારાજને સમજાવવામાં મેં કાંઇપણ કચાશ રાખી નથી, બહુ બહુ દ્રષ્ટાંતો આપ્યાં, પરંતુ મહારાજ પોતાના નિશ્ચયથી જરા પણ નહિ ડગ્યા, આખરે મેં તેને બ્રહ્મહત્યા આપવાનો ભય બતાવ્યો, પરંતુ જ્ઞાનથી તરબોળ થયેલા રાજા પાસે તેમાં પણ હું ન ફાવ્યો," પરમાનંદે ખુલાસો કર્યો.

"અફસોસ! મહાત્મા રૂચિકે રાજ્ય પુત્રી પાસે ભાખેલું ભવિષ્ય આખરે ખરૂં પડ્યું," મંત્રીએ દિલગીર થતાં કહ્યું,

"રૂચિકે શું કહ્યું હતું!"

"તેણે કહ્યું હતું કે વિશ્વામિત્ર ભવિષ્યમાં બ્રાહ્મણ થશે,"

"એતો ઘણીજ આનંદની વાત છે તોપણ આપણે નિરાશ થઇ બેસી રહેવાનું નથી, પણ હજુ મહારાજાને સમજાવી પાછા લાવવાનો પ્રયત્ન કરવાની જરૂર છે, મને લાગે છે કે, દેવી સુનેત્રાને સાથે લઇ આપણ સર્વ ત્યાં જઇએ તો મહારાજનું હૃદય કદાચ પીગળે ખરૂં!"

સુનેત્રાનું નામ સાંભળતાંજ મંત્રીને સ્મરણ થયું સુનેત્રા ત્યાં એકલી છે તેનું ભાન થયું તે એકદમ ઉઠ્યો અને નિ-શ્વાસ નાંખતો બોલ્યો, "અફસોસ! સુનેત્રાને ઉન્માદ અવ-સ્થામાં ત્યાં એકલી મુકી મેં અહીં આવવામાં કેટલી મુર્ખતા કરી છે! પરમાનંદ! ઉઠો ત્વરિત ચાલો! મહારાણીની ઘણીજ ભયંકર સ્થિતિ છે!"

"હેં! શું સુનેત્રા કાંઇ બિમાર છે!"

"પરમાનંદ! શું કહું! શિકારમાં સાથે ગયેલા અનુ-ચરો મારફત મહારાજાના અવશાન થવાના ખબર આવ્યા, મેં તે મહારાણીને જણાવ્યા, હરિ! હરિ! એ ખબરો સાંભ-

ળતાંજ તે બેશુદ્ધ બની ગયાં છે! ઉન્માદ અવસ્થા ભોગવી રહ્યાં છે? તેમે શરીરનું બિલકુલ ભાન નથી! પોતે ક્યાં કેવી સ્થિતીમાં છે. તેનું પણ તેને જ્ઞાન નથી! પરમાનંદ તપાસ કર્યા શિવાય માત્ર અનુચરોના બોલોપર વિશ્વાસ રાખી, મહારાણીને માઠા ખબર આપવામાં મેં ભયંકર ભુલ કરી છે! અરે રે? પતિપરાયણ સતિ સુનેત્રાની એવી દશા મેંજ કરી છે! બોલતાં બોલતાં મંત્રીનો કંઠ રૂંધાઇ ગયો. તેનાથી વિશેષ બોલી શકાયું નહિ.

મંત્રીવર! શાન્ત થાઓ, આમાં તમારો કાંઇ અપરાધ નથી. યોગીરાજે આપેલી આ ઓષધિથી કદાચ દેવીને આરામ થઇ જશે, એમ બોલતી અને ત્વરિત દોડતી તાપસીબાઇ ત્યાં આવી પહોંચી મંત્રીએ ઉંચે જોયું, તે ગળગળિત સ્વરે બોલ્યો.

"નહિ, નહિ, હુંજ દેવીના દુઃખનું કારણ છું! મેંજ મહારાજાના માઠા સમાચાર આપી દેવીના હૃદયપર આઘાત કર્યો છે, યોગિની મૈયા! કૃપા કરી કોઇ પણ ઉપાયે દેવીને સાવધ કરો! દયા કરો! મારે તેમની પાસે થયેલા અપરાધની માફી માગવી છે!—મહારાજની હયાતીની ખુશ ખબર આપવી છે?"

"ચાલો, સર્વ સારૂં થશે. પ્રભુ કૃપાથી આ ઓષધિ સુનેત્રાને આરામજ કરશે!" એમ કહેતી તાપસીબાઇ આ

આગળ ચાલી. અને મંત્રી વિગેરે પણ તેની પાછળ ગયા. થોડીજવારમાં તેઓ ત્યાં જઇ પહોંચ્યા.

તાપસીબાઇ ઓરડામાં દાખલ થઇ પરંતુ તેણીએ ત્યાં શું જોયું ! સુનેત્રાનો પલંગ ખાલી છે. ગભરાએલી હાલતે તે પાછી ફરી અને થરથરતે અવાજે મંત્રી તરફ ફરીને બોલી:-

"મંત્રીવર? અહીંતો કોઇ નથી. સુનેત્રા ક્યાં ગયાં !"

"હેં ! શું નથી ! ત્યારે દેવી ક્યાં ગયાં ! પરમાનંદ ! ગજબ થયો ! મને લાગે છે કે સુનેત્રા મહેલ છોડી ગયાં !" બોલતાં બોલતાં મંત્રી ગળગળિત થઇ ગયો. તેની આંખમાંથી આંસુઓ સરી પડયાં.

પરમાનંદે જોયું કે મંત્રીને ધીરજ આપવામાં નહિ આવે તો તે પણ ઉન્માદ વાયુનો ભોગ થઇ પડશે. બનનાર બની ગયું, ભાવિ કોઇનાથી મિથ્યા નથી થયું. દૈવની ઇચ્છા આગળ મંત્રી બિચારો શું કરે ! એમ ધારી તે બોલ્યો.-

"મંત્રીવર ! ધીરજ ધરો. દેવી આટલામાંજ હશે. ચાલો આપણે તેની તપાસ કરીએ" એમ કહી મંત્રીને તે બહાર લઇ ગયો. અનુચરો મારફત આસપાસ તપાસ કરાવી. પરંતુ પતો લાગ્યો નહિ. ફરીને સર્વ ઓરડામાં દાખલ થયા. અચાનક મહેલના પાછલા બારણા તરફ પરમાનંદની નજર ગઈ. બારણું ખુલ્લુંજ હતું સુનેત્રા એજ બારણેથી ગયેલી

હોવી જોઇએ, એવું અનુમાન થતાંજ પરમાનંદ, મંત્રી અને બીજા માણસો સહિત તે રસ્તેથી બહાર નીકળ્યો.

ઇશ્વરની અકળ કળા છે! ઇશ્વરની કળાનો પાર કોઇ પામી શકયુંજ નથી! કયાં મહારાજાને શોધવા જવાનો વિચાર અને કયાં આ સુનેત્રાની શોધ માટે ચાલતો વ્યવહાર? ખરે ખર! મનુષ્યનું ધાર્યું કાંઇ થતું નથી. મનુષ્ય ધારેછે કાંઇ અને ઇશ્વર કરે છે કાંઇ!!!

પ્રકરણ ૬ઠું.

શાંન્ત તપોવન.

વિશ્વામિત્રે મનમાં દ્રઢ સંકલ્પ કર્યો હતો કે કોઇ પણ પ્રકારે બ્રહ્મતેજ પ્રાપ્ત કરવું, તે રૂષિકેશમાં આવેલા કેટલાક રૂષિ આશ્રમો પસાર કરતો આગળ ચાલ્યો જતો હતો. તેને દિશાનું ભાન નહોતું, પોતાની સ્થિતિનું જ્ઞાન નહોતું અત્યારે તેના શરીરના તમામ તંતુઓ બ્રહ્મતેજ પ્રાપ્ત કરવું, એજ ગાન ગાઇ રહયાં હતાં. ચાલતાં ચાલતાં તે એક એવા ઘાટા જંગલમાં આવી પહોંચ્યો; કે જ્યાં ઝાડના ઝુંડને ઝુંડ શિવાય બીજું કાંઇ જણાતું નથી; ઝાડોની ઘટામાં ઘણે વેગળે સુધી ગયા પછી એક એવું મનોહર તપોવન

જોવામાં આવ્યું કે જાણે શાન્તિ દેવી પોતાની મુર્તિ ધારણ કરીને તપોવનમાં સમસ્ત પ્રાણીઓમાં શાન્તિ વહેંચી આપતી હોયની! અહા! કેવું મનોહર સ્થાન? કેવું શાન્ત રમણિય સ્થાન? આવા તપોવનમાં પ્રવેશતાંજ પ્રાણમાં જાણે સ્વભાવિક રીતેજ ભગવાનનો અપૂર્વ મહિમા જાગ્રત થાય છે. મનમાં એવુંજ લાગે છે કે જાણે આજ સ્વર્ગ છે! મહાત્માઓએ સત્યજ કહ્યું છે કે જે સ્થળે સ્વાર્થ નથી, ભેદ અભેદ નથી, જ્યાં પાપ નથી! પ્રપંચ નથી! તેજ સ્વર્ગ! જ્યાં સિંહ અને શિયાળમાં બંધુત્વ છે! ત્યાંજ સ્વર્ગ! જ્યાં પશુ પક્ષી એક બીજાને બંધુ ભાવથી જુએ છે! ત્યાંજ સ્વર્ગ! રવડી રખડીને પણ આખરે હું યોગ્ય સ્થાને આવ્યો છું. આ સ્થળે મારી સર્વ ઇચ્છા પુર્ણ થશે." વિશ્વામિત્રના મુખમાંથી એકાએક એ ઉદગારો નીકળી ગયા.

વિશ્વામિત્ર જો કે આ શાંતિમય તપોવનમાં આવી કાંઇક શાંતિ મેળવી શકયો છે પરંતુ તેના અંતઃકરણમાંથી વશિષ્ટની સાથે થયેલો વાદ વિવાદ, અને તેને પરિણામે થયેલો સૈન્યનો વિનાશ, એ દ્રશ્ય ભૂસાયું નથી, હજુ પણ શબળા ધેનુના ત્રાસથી પોકાર કરતી સૈન્યાના હ્રદય દ્રાવક પોકાર સંભળાય છે, તેના હ્રદયમાં અનેક વિચારોની ઉથલ પાથલ થાય છે, ઘડીમાં રાજ્ય તરફ પાછા ફરવા દિલ લલ-

ચાય છે, અને થડીમાં વશિષ્ટ જેવી શકિત મેળવવામાં મન ખેંચાય છે.

અત્યંત પરિશ્રમથી શ્રમિત થયેલા વિશ્વામિત્રમાં ચાલવાની બીલકુલ શકિત રહી નહોતી તેથી તે એક મોટા વૃક્ષની શીતળ છાયા નીચે બેસી ગયો.

અહા ! જે કામ્યકુબ્જનો અધિશ્વર! જેની સેવામાં અસંખ્ય દાસ દાસીઓ હમેશાં હાજર રહેતાં, સોનાના પલંગ ઉપર દુધના ફીણ જેવી નરમ તળાઇઓ ઉપર સુવા છતાં જેને નિદ્રા આવતી નહોતી ! તેની આજે શી ગતિ થઇ છે શું ! આ સ્થિતિ નઠારી છે ? શું તે ધિક્કારવા યોગ્ય છે ! નહિ, નહિ, આ સ્થિતિ થવાથી તો ઉલટો દુર્દશાનો નાશ થાય છે ? વિધ વિધ પ્રકારનાં દુઃખ નાશ કરવાનો એજ એક સરલ ઉપાય છે !

ચિંતાગ્રસ્ત બનેલો વિશ્વામિત્ર હવે શું કરવું,, તેના વિચારમાં એટલો તો લિન થઇ ગયો હતો કે તેની આસપાસ શું થાય છે; તેનું પણ તેને બિલકુલ ભાન નહોતું, એકાએક તેને નીચેના ઉદગારો સંભળાયા:—

"જય ! સચ્ચિદાનંદ પ્રભો ! દીનબંધો ? ભકત વત્સલ અનંત કોટી બ્રહ્માંડાધિશ ! તારી અકળિત કળા જોઇ મારૂં હૃદય દ્રવે છે ? સૃષ્ટિ સૌંદર્ય તરફ નિહાળતાં મારી નજર

કહ્યું કરતી નથી ? આકાશમાં ઉગતા તારા, અને તત્સબંધી વિચારમાં મારી મંદમતિ ચાલી શકતી નથી ! દરેક ઋતુમાં બદલાતી શોભા, ગમે તેવા નાસ્તિક મગજને પણ આસ્તિક બનાવે છે, પ્રભુ ! પ્રભુ ! તારી શક્તિ આગળ માનવ બિચારૂં કોણ હિસાબમાં છે ! આધિ વ્યાધિ અને ઉપાધિથી ગ્રસ્ત મનુષ્ય તારી શક્તિના પ્રભાવને ન જાણી; સામા સિદ્ધાંતો ચલાવી ધૃષ્ટતા બતાવે છે ? કેટલું બધું અભિમાન રાખે છે ! તારી ઇચ્છા વગર એક શ્વાસ લેવાને સમર્થ નથી ! એક વિચાર બહાર પાડવાને પણ શક્તિવાન નથી ! એવું નિર્બળ મનુષ્ય તારી સત્તા સામે બાથ ભીડવાની હામ ધરાવે ? કેટલી બધી નીચતા ! ક્ષુલ્લકતા ? પ્રભો ! પ્રભો ? મને એવા દુષ્ટ સમાગમોથી દુર રાખજે ? મને તારા ચરણ કમળમાંજ રાખજે !

વિશ્વામિત્રે પાછું વાળી જોયું એક બાળયોગી પ્રાર્થનામાં લિન્ન થયેલો જણાયો,

પ્રિય વાંચક ! તે યોગીએ ઉપલા શબ્દો શું વિશ્વામિત્રને ઉદ્દેશીને કહયા હતા ! શું ! તેણે વિશ્વામિત્રને જોયો હતો ? ગમે તેમ, પણ યોગીના એ શબ્દોએ વિશ્વામિત્રને કાંઈક ઉંડી અસર કરી છે; તે ભક્તિ ભાવથી બાળયોગી તરફ એકી દ્રષ્ટિએ જોઈ રહયો છે. ! ! !

બાળયોગી ધ્યાનમાં હતો. તેના ગ્ગણુની પાસે એક બાજુ સિંહ, અને બીજી બાજુ સિંહણુ બેડાં હતાં. અને ગેલ કરતાં હતાં. તેની બાજુમાંજ હરિણુનાં નાનાં નાનાં બચ્ચાંઓ આમ તેમ ફરી રહયાં હતાં, છતાં તે વનરાજ તેના તરફ દ્રષ્ટિ પણુ કરતો નહોતો.

"અહા! આ શું આશ્ચર્ય! સિંહ અને વાઘનું હમેશનું ભક્ષણુ ગણુાતાં હરણો તેમની પાસે થઇને ચાલ્યાં જાય છે, છતાં તે વનરાજ તેમના તરફ નજર પણુ કરતો નથી! શું! સિંહે પોતાની હિંસા કરવાની ટેવ છોડી દીધી છે! કે આ બાળયોગીએ કાંઇ મોહિની કીધી છે! અથવા આ બાળયોગીમાં પણુ વશિષ્ટના જેવીજ કોઇ શક્તિ છે?" એવા અનેક વિચારો વિશ્વામિત્રના હ્રદયમાંથી પસાર થઇ ગયા, વિશ્વામિત્રના હ્રદયમાં કોઇ અપૂર્વ ભાવ ઉત્પન્ન થયો તે બેઠો હતો ત્યાંથી ઉઠયો, અને જે સ્થળે બાળયોગી ઘુંટણીએ પડી એકાગ્રતાથી પ્રાર્થનામાં લિન્ન થયો હતો; તે તરફ આસ્તે આસ્તે ચાલવા લાગ્યો. મનુષ્યનો પગરવ સાંભળતાંજ સિંહ અને સિંહણુ ઉભાં થઇ ગયાં, અને પોતાની વિકરાળ આંખો ફાડી ઘુરઘુરાટ કરતાં વિશ્વામિત્ર આવતો હતો તેની સામે જોઇ રહયાં પરંતુ તે બાળયોગીના દ્રષ્ટિપાતથી શાન્ત થઈ પુછડું હલાવતાં બેસી ગયાં, આ સઘળું વિશ્વા-

મિત્રે દુરથી જોયું, તે મનમાંજ બબડયો,; "અહા ! કેટલું આશ્ચર્ય ! સિંહ જેવાં ક્રુર પ્રાણી આ બાળયોગીના માત્ર દ્રષ્ટિપાતથીજ શાંન્ત થઇ ગયાં. શું ! એ બાળયોગીમાં મારા કરતાં કાંઇ વિશેષતા છે ? અવશ્ય ! અવશ્ય ! એ બાળયોગીમાં બ્રહ્મતેજ છે ! જે બ્રહ્મતેજના પ્રભાવથી મારૂં આખું સૈન્ય બળી ભસ્મ થયું, તે તેજના પ્રભાવથી આ બિચારૂં નિર્દોષ પ્રાણી વશ થાય તેમાં શું આશ્ચર્ય ! અહો ! શો બ્રહ્મતેજનો પ્રભાવ ? શું ! એ તેજને આધિન થયેલી વશિષ્ટની કામ-ધેનુનો ચમત્કાર ! ખરેખર ! સર્વ બળ કરતાં બ્રહ્મબળ શ્રેષ્ટ છે ! ક્ષત્રિયગૌરવ એક પવિત્ર બ્રાહ્મણના પ્રભાવ આગળ તુચ્છ છે ! અસ્રહિન બ્રાહ્મણે પોતાના તેજ પ્રભાવથી મારા પુત્ર અને ચતુરંગિણી સૈન્યનો વિનાશ કર્યો, મારી આજ્ઞાને ઠોકરે મારી, મારૂં અપમાન કર્યું, હું ચક્રવૃતિ રાજા હોવા છતાં એ અપમાનનું વેર લઇ શકયો નહિ; અરે ! ક્ષત્રિયબળને ધિક્કાર છે ? અહો ? આવા એક નાના બ્રાહ્મણ બાળકના તેજનો પણ કેટલો પ્રભાવ છે ! વિશ્વામિત્ર જ્યાં સુધી તેં બ્રહ્મતેજ પ્રાપ્ત કર્યું નથી ત્યાં સુધી તારૂં જીવન વૃથા છે, રાજ્ય વૈભવોની આશાને તજી દે ! અને તારા જીવનને બ્રહ્મની ઐકયતામાંજ જોડી દે ! અવશ્ય તારો વિજય થશે ! આ શાંન્ત મુર્તિ બાળકને શરણે જવાથી તે

કાંઈક રસ્તો બતાવશે. એવી ઇચ્છાથી તે આગળ વધ્યો પરંતુ જેમ જેમ તે આગળ વધતો ગયો, તેમ તેમ તે સર્વ મનોરંજક દેખાવ દ્રષ્ટિથી દુર થતો ગયો, જે સ્થળે પેલો બાળયોગી, તેની પાસે સિંહ અને સિંહણ જોવામાં આવ્યાં હતાં, તે સ્થળે માત્ર એક શાકુડો અને તેના આસપાસ બે નાનાં નાનાં પુષ્પ વૃક્ષો દ્રષ્ટિએ પડયાં વિશ્વામિત્રના આશ્ચર્યનો પર રહ્યો નહિ તે મનોગત બોલ્યો; " આશ્ચર્ય આ સ્થળે બેઠેલો બાળયોગી એકાએક ક્યાં અદ્રશ્ય થઈ ગયો ? શું ! મને કાંઈ ભ્રમણા થઈ ? શું પ્રકૃતિ દેવીની એ સઘળી માયા હતી ? નહિ ! નહિ ! તે બાળયોગીની એક નિષ્ઠાએ થતી પ્રભુ પ્રાર્થના મેં બરાબર સાંભળી છે ! હજુ તેના મધુર શબ્દો મારા હૃદયમાં રમણ કરી રહયા છે ! ત્યારે શું! હું અંધ છું ? શું મારી ચર્મચક્ષુનું તેજ નિસ્તેજ થયું ! નહિ, તેમ પણ નથી, આ પવિત્ર ગંગાનો કિનારો, તેની આસપાસના રૂષિ આશ્રમો, વૃક્ષો, આદિ સર્વ હું જોઇ શકું છું. ત્યારે આ સઘળું શું બન્યું ! સમજાયું ! સમજાયું ! શાંન્તમુર્તિ વશિષ્ટને સહજ વાત પરથી હરકત પહોંચાડનાર આ પાપીનું કૃત્ય. એ બાળયોગીએ પોતાની જ્ઞાન દ્રષ્ટિથી જાણ્યું હશે ? અને તેથીજ આ અધમના આગમનથી અપવિત્ર થએલો આશ્રમ તે બાળયોગીએ તજયો હશે !

વિશ્વમિત્ર ? તું ખરેખર અધમ છે! ગાધિ જેવા મહાત્મા રાજાનો પુત્ર પવિત્ર બ્રાહ્મણો પર અત્યાચાર કરવાનું સાહસ કરે ? એ અધમતા નહિ તો બીજું શું ! અફસોસ ! હું કર્તવ્યથી ભ્રષ્ટ થયો ? શાન્તમુર્તિ બ્રાહ્મણ વશિષ્ટે ક્ષમા રૂપી ખડગથી મારો પરાજય કર્યો, અને મેં મારા ક્ષત્રિય બળના અભિમાનમાં અંધ બની; બ્રાહ્મણનું રક્ષણ કરવાનો ધર્મ તજ્યો ! ધિક્કાર? ધિક્કાર ? ક્ષત્રિયબળને સતકોટી ધિક્કાર? બસ; કોઇપણ પ્રયત્ને હું બ્રહ્મબળ મેળવીશ ? ઓહ ? પણ આ ગર્વિષ્ટપણાને ધારણ કરી રહેલું ક્ષત્રિયબળ મને મારા પ્રયત્નમાં વિઘ્ન રૂપ થશે? માટે એ બળને ઉત્પન કરનાર આ ક્ષત્રિય શરીરનો ત્યાગ કરવો જોઇએ. વળી શાસ્ત્રો પણ કહે છે કે બ્રહ્મતેજ બ્રાહ્મણ શરીર વગર પ્રાપ્ત થતુંજ નથી! એટલે બ્રાહ્મણ શરીરમાં જન્મ લીધા શિવાય ઇચ્છા પુર્ણ નહિ થાય! જો એમજ છે, તો પછી વિલંબ શામાટે કરવો બસ, આ સ્થુળનો પવિત્ર ગંગાના જળમાંજ ત્યાગ કરવો !" એવો નિશ્ચય કરી તે અધમોદ્ધારિણી ગંગાના ખળભળ વહેતા પ્રવાહને ભક્તિ પુર્વક પ્રણામ કરી હાથ જોડી પ્રાર્થના કરતાં બોલ્યો," હે જગવંદનિય દેવી! મારા ગર્વિષ્ટપણાથી થએલા અપરાધની ક્ષમા કરજે. બ્રહ્મર્ષિઓમાં શ્રેષ્ટ એવા મહર્ષિ વશિષ્ટનું મેં

અપમાન કર્યું છે. બ્રાહ્મણોનું અપમાન કરનાર ક્ષત્રિયો મહાન પાતકી ગણાય છે, મા! મા! મેં કરેલા પાપો મને આત્મઘાતથી પ્રાયશ્ચિત કરવાનું સુચવે છે. હું સમજું છું કે આત્મઘાત મહા પાપ છે! તદપિ દેવી! મેં કરેલું પાપ તો અમાપ છે! તેનું પ્રાયશ્ચિતતો માત્ર આત્મઘાતજ છે! પતિતોદ્ધારક પવિત્ર દેવી? આ પાપાચરણી પતિતનો ઉદ્ધાર કરજે? અને હવે પછીનો મારો જન્મ કોઇ પવિત્ર બ્રાહ્મણને ત્યાં થાય તેવા મારા હૃદયમાં અંત સમયે પવિત્ર ભાવો ભરજે! દેવી! તેં અનેક પતિતોને તાર્યા છે? હું પણ તારે શરણે આવ્યો છું દેવી મારો ઉદ્ધાર કરજે! જય જય! દેવી! મહામાયા!"..................વિશ્વામિત્ર જેવો ગંગાના અગાધ જળમાં ભુસ્કો મારવા જાય છે તેવોજ "હાં હાં! મુર્ખ આ શું કરે છે!" આમ કહેતાંજ કોઇએ તેનો પાછળથી હાથ પકડયો. વિશ્વામિત્રે પાછું વાળી જોયું તો તેજ સૌમ્ય મુર્તિ? તેજ શાંત મુર્તિ! કે જે તેણે થોડા સમય પૂર્વે તેજ સ્થળે બેઠેલી જોઇ હતી.

વિશ્વામિત્રથી પ્રત્યુતર આપી શકાયો નહિ, તેનો કંઠ રૂંધાઇ ગયો, તે દિગમુઢ જેવો દિવ્યમુર્તિના તરફ એકી દ્રષ્ટિએ જોઇ રહ્યો. તે બાળક મુર્તિનાં દર્શનથી વિશ્વામિત્ર જાણે કોઈ અલૌકિક આનંદ અનુભવતો હોય, અને જાણે

કોઈ નવીન સૃષ્ટિમાં પ્રવેશ્યો હોય, એવો તેને ભાસ થવા લાગ્યો. તે સૌમ્ય મુર્તિની તરફ આંખની એક પણ પલક માર્યા શિવાય ઉભો હતો. કેટલીક વાર શાંતિ પ્રસરી રહી.

" ચાલ, મારી સાથે આવ, તું જ્યાં જવા ધારે છે તેનો હું માર્ગ બતાવું !" આખરે શાંતિનો ભંગ કરતાં તે સૌમ્યમુર્તિએજ બોલવાની શરૂઆત કરી.

વિશ્વામિત્ર એક ડગલું પણ ખસી શક્યો નહિ, તે તો એકાએક પ્રકટ થએલી એ બાળક મુર્તિને આશ્ચર્ય ચકિત મુદ્રાએ નિહાળતો ત્યાંજ સ્થંભી ગયો કાષ્ટના પુતળાની માફક ઉભો રહ્યો.

" કેમ ? ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરવાની ઇચ્છા નથી!" પુનઃ તે બાળયોગીએ મુનીવૃત ધારણ કરી ઉભેલા વિશ્વામિત્રને ઉદ્દેશીને કહ્યું,

" શું ! તમે મને ઇચ્છિત વસ્તુ આપી શકશો!" આખરે થથરતે અવાજે વિશ્વામિત્રે મૌન્યનો ત્યાગ કરતાં કહ્યું.

" હા, હું તને તારી ઇચ્છિત વસ્તુ કઇ દિશામાં છે, તેનો માર્ગ બતાવીશ. જો તું મારા બતાવેલા માર્ગ પર જઇશ, તો અવશ્ય તું ધારેલી વસ્તુ મેળવી શકીશ." તે બ્રહ્મબાળકે કહ્યું,

" આપ કોણ છો!" વિશ્વામિત્રે એક નવીન પ્રશ્ન કર્યો,

" હું ગમે તે હોઉં, તું મારી સાથે ચાલ, "

" તમારી સાથે આવી શું કરૂં !"

" હું બતાવું તેવો ઉત્તમ પુરૂષાર્થ !"

" શું ! પુરૂષાર્થ કરવાથી મને બ્રહ્મતેજની પ્રાપ્તિ થશે!"

" હા, અવશ્ય થશે. રાજન ! જેમ સર્વ પ્રાણીઓમાં માનવ શ્રેષ્ટ છે ! પશુઓમાં ગાય, પદાર્થોમાં દુધ, દેવોમાં ઇંદ્ર, રૂપવાળી વસ્તુઓમાં આંખની કીકી, મનુષ્યોમાં નીતિવાન, પવિત્ર જળાશયોમાં ગંગાજી, તેજસ્વી વસ્તુઓમાં સુર્ય, દાનોમાં જ્ઞાન દાન, પ્રકાશિત પથ્થરોમાં પારસમણી સંગ કરવા લાયક પુરૂષોમાં જ્ઞાની, પાંચ મહાભૂતોમાં આકાશ, ગુણોમાં સત્વગુણ, ચક્રોમાં બ્રહ્મરંધ્ર, જ્ઞાનોમાં આત્મજ્ઞાન, નાડીઓમાં સુષુમ્ણા, ધર્મના અંગોમાં દયા, સદગુણોમાં સંતોષ, શાસ્ત્રોમાં વેદાંત, મંત્રોમાં પ્રણવ, વર્ણોમાં બ્રાહ્મણ, આશ્રમોમાં સન્યાસ, કળાઓમાં યોગ, ભાષા અને લીપિઓમાં સંસ્કૃત, નિવાસ કરવાના મંદિરોમાં હૃદય કમળ રૂપી મંદિર, સર્વ પ્રકારના સુખોમાં બ્રહ્માનંદ, અવસ્થામાં તુર્યા, ચૌદલોકમાં બ્રહ્મલોક, અંતર બાહ્ય, સર્વ કરણોમાં બુદ્ધિ કરણ પ્રાણમયાદિ કોશોમાં આનંદમય, યોગોમાં રાજયોગ, અને કરૂણાદિ રસોમાં જેમ શાન્ત રસ શ્રેષ્ટ છે! તેમ ઇચ્છિત ફળ મેળવવાના સાધનોમાં પુરૂષાર્થ એ સર્વથી ઉત્કૃષ્ટ સાધન છે!"

"પણ મારામાં તેવો ઉત્તમ પુરૂષાર્થ સાધવા જેવું સામર્થ્ય નહિ હોય તો !"

"રાજન ! એવી શંકાને સ્થાન ન આપો. જીવન સર્વ કરવા સમર્થ છે. કોઇપણ રીતે અંતરમાં ભય સંકોચ કે અસંતોષ ધરવા પ્રયોજન નથી, કોઇપણ કાળે મનુષ્યે અંતરથી દબાએલા રહેવા જરૂર નથી, કોઇનો પણ ટેક જગતમાં જાય, કોઇની પણ અપકિર્તી થાય, એવું કુદરતમાં છેજ નહિ ! કુદરત જીવ માત્રની રક્ષા કરવા, સામર્થ્ય અર્પવા, સમર્થ છે ! માત્ર કુદરતની આજ્ઞાને ઓળખો ! કુદરતે તમને જે વાતાવરણમાં સ્થાપ્યા છે, તે વાતાવરણમાં રહી તમારો વેશ બરાબર ભજવો ! તમારા અંતરમાં કુદરતની સતા રહેલી છે. તે તમને જે યોગ્યત્તમ માર્ગ સ્ફુરાવે તેજ માર્ગે, પ્રવહો ! તેમાં કષ્ટ સ્ફુરે, તેને સ્વીકારો, તે કષ્ટ કષ્ટ નહિ નિવડશે ! પણ ગાળીને તમારૂં કુંદન કરનાર નિવડશે ! કુદરતમાં તમારી ઉન્નતિ માટે સાધનોનો તોટો નથી—આ વરણોની ખોટ નથી !"

"વારૂ કદાચ હું આપ જેવો બતાવશો, તેવો પુરૂષાર્થ સાધીશ. તો શું ! મને બ્રહ્મતેજની પ્રાપ્તિ થશે !"

"થશે ! અવસ્ય થશે !"

"પણ હું ક્ષત્રિય છું. બ્રાહ્મણ શરીર શિવાય બ્રહ્મતેજની પ્રાપ્તિ થતીજ નથી ! એટલે હું જ્યાં સુધી આ

મારો ક્ષત્રિય સ્થુળ છોડી બ્રાહ્મણ શરીર ધારણ ન કરૂં, ત્યાં સુધી બ્રહ્મતેજ ક્યાંથી મેળવી શકું !"

"બ્રહ્મતેજ ! અરે રાજન ! તમારામાં પણ એ તેજ છે ! માત્ર તેનો વિકાશ–તેનો વધારે પ્રકાશ પાડવાના પુરૂષાર્થ માંજ બ્રહ્મતેજની પ્રાપ્તિ છે ! જો તમારામાં તે તેજ નહોત તો તમે જીવિત પણ ક્યાંથી હોત ! સમગ્ર સૃષ્ટિ બ્રહ્મતેજને અવલંબીનેજ છે !"

"ત્યારે શું ! બ્રાહ્મણને ત્યાં જન્મ લીધા શિવાય પણ બ્રાહ્મણ થઇ શકાય ખરૂં કે !"

"રાજન ! માત્ર બ્રાહ્મણને ત્યાં જન્મ લેવાથીજ બ્રાહ્મણ થઇ શકાતું નથી ! બ્રાહ્મણ તો કર્મથીજ ઓળખાય છે. અને બ્રાહ્મણને ત્યાં જન્મ લેનારો જીવ પણ અધમ કર્મથી ચાંડાળજ ગણાય છે, આત્મ સર્વમાં એકજ છે જે તપશ્ચર્યાના પ્રભાવથી આત્મ દર્શન કરવા સમર્થ થાય છે, તેજ ખરો બ્રાહ્મણ છે ! બાકી બ્રાહ્મણને ત્યાં જન્મ લઇ જનોઇ ધારણ કરી, "હું બ્રાહ્મણ છું" એમ કહેવાથી તે બ્રાહ્મણ કહેવાઇજ ન શકે ! વિચાર કર ! આ જગતમાં બ્રાહ્મણો તો ઘણા છે, પરંતુ વશિષ્ટ એટલા બધા તેજસ્વી કેમ છે? માત્ર તેમનામાં તપનો પ્રભાવ છે ! પુરૂષાર્થ કરવાથી તું પણ તેવોજ પ્રભાવ શાળી બની શકીશ !"

"સત્ય છે. પ્રભુ? સત્ય છે. કહો! હવે મારે શું કરવું?"

"એજ કે, અંતઃકરણનું સામર્થ્ય વિશેષ વિશેષ પ્રકટે! અંતરનું ગુઢબળ બહાર આવે? એવા હેતુઓ સદા રચતા રહેવું. અંતરમાં આત્મસત્તાનું અનંત ઐશ્વર્ય છે, એ ઐશ્વર્ય તમારૂં છે! માત્ર તમારે એ ગુપ્ત સામર્થ્યને બાહિર અનુભવવા પ્રયત્ન વિસ્તારવાનો છે! તે પ્રયત્ન ઉંચ પંક્તિનો સાધતા રહો! એથીજ તમારૂં ઐશ્વર્ય ઉચ્ચતર પ્રગટતું જશે! મિથ્યા ઉપાધિને નિવૃત કરો! ચારિત્ર્યમાં નવિન નવિન દ્યુતિઓ પ્રગટાવો! નિસ્વાર્થ, ઔદાર્ય, સામર્થ્ય, સ્ફુર્તી, પ્રકાશ, તેજસ, પ્રતાપ, વગેરેને નૈસર્ગિક પ્રગટાવો!"

"પ્રભુ? મારા એવા વિકાસ માટેનો કાંઇ માર્ગ બતાવો."

"વશિષ્ટ જેવા મહાન પુરૂષના જીવનમાંથી તમારા માટે યોગ્ય વિકાસનો માર્ગ મળીજ આવશે! તે બ્રહ્મર્ષિના બ્રહ્મ તેજને આધિન થયેલી કામધેનુનો ચમત્કાર, અને તેના પ્રભાવથી તમારા સૈન્યનો થયેલો વિનાશ; એ દ્રષ્ટાંતને તમારી વૃતિમાં ઠેરવો? અને તમારી નૌકા ઉચ્ચતર વેગે અંતરાત્મ જ્યોતિના પ્રકાશે અગ્રે અગ્રે ચલાવો? તમે રાજા છો! એથી તમને કોઇ એ અવસ્થામાં ભિખારી કહે, તો ડરશો નહિ પરમાત્માની પ્રાર્થના માટે ઉજાગરા કરવા પડે તો સંકોચને

સેવશો નહિ! માઇલોના માઇલો સુધી ચાલવું પડે તો ધૈર્યને છોડશો નહિ! કઠિન સ્વભાવના તામસી ગણુઓ તો નિશ્ચિંત રહેજો! અંતરાત્માનો ઠપકો મેળવશો નહિ બહારનું કોઈ મનુષ્ય ગમે તે કહે, તોપણ અંતરાત્મા જે કહે તે પર વિશેષ લક્ષ રાખજો! વશિષ્ટ ભગવાન જેવા પ્રકાશને સર્વત્ર વિસ્તારી, અંતકરણના મળ અંધકારને દુર કરી, ખુણે ખાંચરે ભરાયલા વ્યાધિને નિવૃત કરી, સર્વાંગિ નિરામય બની, તમારૂં પોતાનું દ્રષ્ટાંત સૃષ્ટિના જીવોને અનુકરણ રૂપ થાય, તેમ કરજો, આમ કરતાં અન્નજળની વિમુખ રહેવું પડે! ઉપવાસ કરવા પડે! ફળાહાર પર ચલાવી લેવું પડે! દુધ અથવા એવાજ બીજા કંદમુળ અને વનફળોનો અહાર મળે! તો તેમ કરીને પણ ઉન્નતિને પગથીએ ઉતરોતર ચઢો. આ રીતે ધીમે, ધીમે પુરૂષાર્થને સેવતાં અવશ્ય તમો બ્રહ્મતેજને પ્રાપ્ત કરી શકશો, જોકે આ સર્વ પ્રથમ તમને ઘણુંજ કઠિન લાગશે! પરંતુ અભ્યાસ પડી જતાં તે તમને ઘણુંજ સુગમ થઇ પડશે. તપની પ્રભા જેમ જેમ પ્રત્યક્ષ થતી જશે, તેમ તેમ તમારામાં વિશેષ પુરૂષાર્થ કરવાની ઉર્મીઓ ઉભરાતી જશે. પરંતુ રાજન! આ સર્વ કાર્યમાં નિશ્ચય બળની ઘણીજ આવશ્યક્તા છે; માટે નિશ્ચયને હુમેશાં વળગીજ રહેજો."

"પ્રભુ! આજે તમે મને તાર્યો છે! આત્મઘાત કરતો અટકાવ્યો છે! હવે હું મારા નિશ્ચયમાં દ્રઢ રહીશ. આપે બતાવેલા માર્ગ પર ચાલી પ્રબળ પુરૂષાર્થ આદરીશ. અને ઉગ્ર તપશ્ચર્યા કરી કોઇપણ પ્રકારે બ્રહ્મતેજ પ્રાપ્ત કરીશ! પણ પ્રભુ! મને યોગ અને તેના આસન એ વિગેરેની માહિતી નથી, સમાધિ અને સાધનાનું જ્ઞાન નથી, કૃપા કરી એ સર્વ મને સમજાવશો!"

"સમય આવતાં એ સર્વ તને આપો આપ સમજાશે! કોઇ દૈવી શકિતજ તને તેવું જ્ઞાન આપશે." એમ કહેતાંજ તે દિવ્ય મુર્તિ વિશ્વામિત્રની દ્રષ્ટિથી દુર થઇ ~~ગઇ~~—અદ્રશ્ય થઇ ગઇ. વિશ્વામિત્ર આશ્ચર્ય ચકિત મુદ્રાએ આસપાસ જોઇ રહયો,

"આશ્ચર્ય! આશું! એકાએક બાળક અદ્રશ્ય થઇ ગયો! પરમેશ્વર! તે મારા હૃદયમાં અમૃત રેડી ગયો, શું! તે મનુષ્ય હતો! નહિ, અવશ્ય કોઇ દેવદૂત હતો! મને સુમાર્ગ બતાવવાજ અહીં આવ્યો હતો! બસ, હવે હું એ બાળકના ઉપદેશ મુજબ તપ આદરીશ! સત્ય છે! તપના પ્રભાવથી ગમે તેવી દુ:સાધ્ય વસ્તુ પણ સુસાધ્ય થઇ પડે છે! તપના પ્રભાવથીજ બ્રહ્મલાભ થાય છે! તો હું બ્રાહ્મણ કેમ નહિ થાઉં! થઇશ! અવશ્ય થઇશ! આ સ્થળે મને સદ્-

પ્રદેશ મળ્યો ! આત્મઘાતના મહાન પાપથી બચ્યો ! માટે અહીંજ ! આ નિર્જન વનમાંજ ! તપ આદરીશ, બાળયોગીના કહેવા મુજબ યોગસાધના અને તપશ્ચર્યાને લગતી બીજી બાબતો નિયમો વિગેરે સમજાવનાર મને કોઇક મળશે, મારૂં કાર્ય અહીંજ સરશે. તો પછી વિલંબ શામાટે! બસ, હવે આ વસ્ત્રાભુષણો રૂપી માયાવિ વસ્તુઓની શી જરૂર છે! એજ વસ્તુઓના મોહથી તો મદાંધ બની મહાત્મા વશિષ્ટનું અપમાન કરવાના અધમ રસ્તાપર ગયો હતો! ઓ! મોહને ઉત્પન્ન કરનારી માયાવી વસ્તુઓ! જાઓ! તમે આ શરીરથી દુર થાઓ!” એમ કહેતાંજ વિશ્વામિત્રે પોતાના સર્વ અલંકારો ગંગાના પવિત્ર જળને સ્વાધિન કરી દીધાં અને પછી ગંગાના પવિત્ર જળમાં સ્નાન કરી, પદ્માસન વાળી વિશ્વામિત્રે પ્રાણાયામ કર્યો.

પ્રકરણ ૭મું.

યોગિની.

વિશ્વામિત્રની હજુ જોઇએ તેવી ચિતશુદ્ધિ થયેલી ન હોવાથી, જે ધ્યાનમાં પરમાત્માની દિવ્ય જયોતિનાં દર્શન કરવાની તેની ઇચ્છા હતી તે ધ્યાનમાં પોતાનો રાજ્ય વૈભવ

ખમાખમા કહેનારા હજુરીઓ અને સ્નેહી વર્ગનો સમુહ દ્રષ્ટિએ પડયો તે સમુહની વચ્ચે દયાભાવથી પ્રાર્થના કરતી સાધવી સુનેત્રાની મુર્તિ પણ જણાઇ જાણે તે ઘુંટણીએ પડીને પ્રાર્થના કરતી હોય પતિને વિનવતી હોય એવો તેને ભાસ થયો, ધ્યાન છુટી ગયું તે ઉભો થઇ ગયો "આ શો ગજબ! માયા! ભગવતિ માયા! તને નમસ્કાર છે. પ્રભુ મારી બાજી તારા હાથમાં છે! कर्तुम कर्तुमन्यथा कर्तुं त्वं समर्थः હું કાંઇ પણ કરી શકું એમ નથી, તે બેઠો અને નેત્ર બંધ કરી એક નિષ્ઠાથી પરમ પુજ્ય વેદ માતા ગાયત્રી દેવીના મંત્રનો જાપ કરવા લાગ્યો. ગાયત્રી મંત્રના ઉચ્ચાર માત્રથીજ, એ માયામાં લુબ્ધ કરનારૂં દ્રશ્ય દુર થયું અહા! ગાયત્રી દેવીનો કેટલો બધો પ્રભાવ! તેણે કોઇ નવીન સૃષ્ટિમાં પ્રવેશ કર્યો.

આ સ્થળે તેને એક શ્વેત વસ્રધારિણી યોગિની ઉભેલી જણાઇ ધીમે ધીમે તે ચાલવા લાગી. તેની સાથે વિશ્વામિત્ર પોતે પણ ચાલતો હોય, એવો તેને ભાસ થયો, આ વખતે તે ધ્યાનમાં મગ્ન હતો તદપિ જાણે જાગ્રત અવસ્થામાં તે યોગિની સાથે ફરતો હોય એમ તેને લાગતું હતું, યોગિની સાથે જે રસ્તે પોતે ચાલતો હતો તે રસ્તામાં ઉપવનો આવતાં હતાં, ત્યાં મનોહર દંપતિ દેખાતાં હતાં,

જાત જાતનાં પક્ષીગણો ગાન કરતાં હતાં, કેટલેક દુર જતાં એક ચક્ર દ્રષ્ટિએ પડયું. તે ચક્ર ઉપર યોગિની ચડી ગઇ, પરંતુ વિશ્વામિત્રથી ચડાયું નહિ, યોગિનીએ હાથ પકડીને તેને ચક્રપર ચડાવ્યો. ચક્ર એટલા જોરથી ભમ્યા કરતું હતું કે તેના પર ચડતાં સાથેજ વિશ્વામિત્ર બેભાન થઇ ગયો પરંતુ મસ્તક પર હાથ મુકીને યોગિનીએ તેને જાગ્રત કર્યો. ચક્ર ફર્યાજ કરતું હતું, તેની મધ્યમાં સ્થિર એક જ્યોતિ દેખાતો હતો તેને યોગિનીએ નમસ્કાર કર્યા અને કહ્યું "વિશ્વામિત્ર ! આ તું જેના પર ઉભો છે તે સંસાર ચક્ર છે; તે સદૈવ ફરતું છે. ને તેની અંદર સ્થિર એક પરમાત્મા રૂપી જ્યોતિ છે, છતાં આકાર કલ્પ્યો છે, તારી ભાવના જેવી હશે તેવાં તને દર્શન થશે." એમ કહી પાછો યોગિનીએ તેના મસ્તક પર હાથ મુકયો તો ચક્ર ઉડી ગયું ને એક સુંદર મહેલ દેખાયો તેના પર્યંક ઉપર પોતે તથા યોગિની બેઠાં, બે તેજોમય પુરૂષો વિશ્વામિત્રને પંખો નાખવા લાગ્યા, અને બે પુરૂષો તેના પગ દાબવા લાગ્યા, કેટલીક-વાર ત્યાં શાંન્તિ પ્રસરી રહી પરંતુ આખરે શાન્તિનો ભંગ કરીને તે યોગિની બોલી, "વિશ્વામિત્ર ! આ દિવ્ય મહેલ છે. એમાં ઘણી બારી છે તેમાંની પ્રથમ આ બારી ઉઘાડ આજ્ઞા પ્રમાણે બારી ઉઘડી તેમાં વિશ્વામિત્રે અલૌકિક લીલા

હીડી એક તેજોમય પ્રદેશ દીઠો અને ઘણીજ સુક્ષ્મ દ્રષ્ટિથી જોયું તો એક તેજોમય વડનું વૃક્ષ દેખાયું તે ઘણુંજ પ્રકાશમાન જણાતું અને પાંદડે પાંદડે સુક્ષ્મ દેહ ધારણ મહાત્માઓ તપ કરતા હતા, તેના મુખમાંથી પ્રણુવનાદ નીકળતો હતો, એ વૃક્ષની મધ્યમાં સદાશિવ બિરાજતા હતા એમની કેવી કાંન્તિ હતી, કેવું રૂપ હતું, તે વિશ્વામિત્રથી સમજી ન શકાયું, તેમના ચરણ આગળ એક મનોહર કન્યા સાક્ષાત મહાદેવી પાર્વતી હાથમાં ચામર લઈ ઉભેલાં હતાં, મસ્તક ઉપર અવિચ્છિન્ન ધારાથી ગંગા અભિષેક કરી રહી હતી, હાથમાં વિણા લઇ નારાદ નૃત્ય કરી રહયા હતા. આ લીલા અલૌકિક હતી, યોગિની બોલી “ વિશ્વામિત્ર ! આ ભગવાન સદાશીવનાં દર્શન તને થયાં, હવે એ બારી બંધ કરી દે; આ બીજી ઉઘાડ બીજી બારી ઉઘાડી કે ભગવાન નારાયણ એક મોટાં પર્યંક ઉપર પોઢેલા જણાયા પગ આગળ મહાદેવી લક્ષ્મી બેઠેલાં હતાં ચોગરદમ સુગંધી પ્રસરી રહી હતી, બે ગંધર્વ કુમાર બેઠા બેઠા વાજીંત્ર વગાડતા હતા, અને બે નાની કન્યાઓ સામવેદનું ગાયન કરતી હતી, આ સ્થળે એવી પરમ શાંન્તિ હતી કે તેનું વર્ણન કરવું પણ મુશ્કેલ છે. ” વિશ્વામિત્ર ? આ ભગવાન નારાયણ જે પરમાત્માનો સત્ય અંશ જણાય છે તેનાં તને દર્શન થયાં. હવે ત્રીજી

બારી ઉઘાડ, ત્રીજી બારી ઉઘાડી તો બ્રહ્મદેવની સભાનાં દર્શન થયાં જ્યાં બ્રહ્મ બોધ થતો હતો, જેમાંનું કાંઇપણ વિશ્વામિત્ર સમજી શકયો નહિ, એમ જુદી જુદી બારી દ્વારા જુદાં જુદાં દર્શન થયાં એટલુંજ નહિ પરંતુ ધર્મ એ એક પરમાત્માની વિભુતી છે એમ એ મહેલ દ્વારા બતાવ્યું, આ રીતે તંદ્રા અવસ્થામાં અનુભવેલા આનંદથી વિશ્વામિત્રની સંસારીક વાસનાઓનો નાશ થયો કેટલીકવારે તેણે નેત્ર ખોલ્યા ગંગાના કિનારા પર એક શ્વેત વસ્ત્ર ધારિણી યોગિની ઉભેલી જણાઇ, વિશ્વામિત્ર આશ્ચર્ય ચકિત દ્રષ્ટિએ તેના સામું એકી ટસે જોઈ રહયો ધ્યાનમાં જે યોગિની સાથે તેણે ભ્રમણ કર્યું હતું તેનેજ મળતો આબેહુબ આ યોગિનીનો ચહેરો હતો. તેના હૃદયમાં કોઇ અપુર્વ ભાવનો આવિર્ભાવ થયો, તે બેઠો હતો ત્યાંથી ઉઠયો અને શ્વેત વસ્ત્ર ધારિણી યોગિનીના ચરણમાં સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા દેવીએ પોતાના પવિત્ર હાથો પસારી શરણમાં પડેલા વિશ્વામિત્રને ઉઠાડયો વિશ્વામિત્ર હાથ જોડી તે યોગિની તરફ ફરીને બોલ્યો; “ માતા તમે કોણ છો ! ”

“ બેટા તેં મને ન ઓળખી ! હું તારી માતા છું. જ્યારથી તું મારા ગર્ભમાં આવ્યો, ત્યારથી હું તારૂં મંગળ ઇચ્છતી તારી પાછળજ ફરૂં છું. ”

યોગિનીના આ શબ્દોથી ધ્યાનમાં જે યોગિનીનાં દર્શન થયાં હતા, અને જેના સાથે ફરીને અલૌકિક આનંદનો અનુભવ મેળવ્યો હતો, તેજ આ યોગિની છે, એવી કલ્પના કરવામાં ભુલ થઇ છે એમ વિશ્વામિત્રને સમજાયું. તે તેનો ગર્ભિત ભાવ સમજી શકયો નહિ. તે મનમાંજ બબડયો "જરૂર કોઇ પુત્ર વિયોગિની છે, ઉન્માદ અવસ્થામાં મનેજ પોતાનો પુત્ર માની લઇ સ્નેહ પુર્ણ શબ્દોથી મને શાન્તવન આપે છે."

"કેમ બેટા! મારા બોલવા પર તને કાંઇ પણ શંકા થાય છે.? હું તારૂં મંગળ કરવાજ અહીં આવી છું, તું એકલો છે, આવા નિબીડ અરણ્યમાં વાસ કરવાથી તને કાંઇપણ સંકોચ ન થાય ભય ન લાગે એટલા માટે હું તારી પાસે આવી છું, બેટા? હું તારી સર્વ કામના પુર્ણ કરીશ."

યોગિનીના આશ્વાસન સુચક શબ્દોથી વિશ્વામિત્રને કાંઇક વિશ્વાસ બેઠો તે બોલ્યો; "શું મારી મનોકામના પુર્ણ થશે? શું તમે મારી મહત્વાકાંક્ષા જાણો છો? દેવી હું બ્રાહ્મણ થવાની ઇચ્છા રાખું છું?"

"બેટા! તું પોતે બ્રાહ્મણજ છે, પરંતુ અજ્ઞાન અંધકારમાં હોઇ તું પોતાને ઓળખી શકતો નથી, જ્યારે

અજ્ઞાન અંધકારનો ત્યાગ કરી જ્ઞાન પ્રકાશમાં તું પ્રવેશ કરશે! ત્યારે તને જણાશે કે તું પોતે બ્રાહ્મણ છે."

"માતા તે જાણવાનો શો ઉપાય!"

"પેલા બાળયોગીએ બતાવેલી તપશ્ચર્યા એજ એનો ઉપાય છે" યોગિનીએ કહયું.

યોગિનીના છેલ્લા શબ્દોથી વિશ્વામિત્ર દિગ્મુઢ જેવો બની ગયો, બાળયોગીનો પ્રસંગ આ યોગિનીના જાણવામાં ક્યાંથી આવ્યો તેના વિચારમા તે અવાક બની ગયો. યોગિની તેનો ભાવ સમજી ગઇ તે વિશ્વામિત્ર તરફ ફરીને બોલી, બેટા! બાળયોગીના તારી સાથેના પ્રસંગને હું શી રીતે જાણી શકી, એ જાણવાની તને ઇચ્છા થાય છે; પણ તે જાણવાનો આ સમય નથી સમય આવતાં તને આપો આપ સમજાશે, અત્યારે તારે એટલુંજ જાણવું બસ છે કે એ બાળયોગીનું શરણુજ તને પાર ઉતારશે. અષ્ટાંગ યોગનો ધીમે ધીમે અભ્યાસ કરી તે દ્વારા બાળયોગીના ઉપદેશાનુસાર તપશ્ચર્યામાં નિયુકત થા તારો જય થશે-પુરૂષાર્થનું પરિણામ તને સારૂંજ મળશે."

યોગિનીએ કરેલા ખુલાસાથી વિશ્વામિત્રને જો કે શાંન્તિ વળી નહિ, તદપિ વિશેષ પુછવાની હિમત ચાલી નહિ. તે

બોલ્યો; પણ માતા ! આ ભૌતિક દેહનું આજ પર્યંત નાના પ્રકારના આનંદથી પોષણ થયું છે, તે પેલા યોગીએ બતાવેલું કઠોરવૃત કરવાને કેવી રીતે સમર્થ થઇ શકશે ? માતા આ શરીરની રક્ષા શીરીતે થઇ શકશે!"

"પુત્ર ! તું મનની પ્રકૃતિને જાણતો નથી, તેથીજ તને ભય લાગે છે ભ્રમવશ મન, પોતાને અતિ ક્ષીણ, સુખ, દુઃખ, શીત અને ભયને આધિન બોધ કરે છે; પરંતુ ઉદ્‌બોધન થવા સાથેજ મન પોતાને મહાન શક્તિવાન સમજે છે, જે શક્તિના પ્રભાવથી સર્વ અસંભવ વસ્તુઓ સંભવ થઇ જાય છે. મનના પ્રભાવથી આ દેહ શીત તાપ અથવા એવીજ કોઇ બીજી ઉપાધિથી ડરતું નથી સદાસર્વદા આત્મ જ્ઞાનમાંજ લિન રહે છે, પ્રત્યક્ષ નારાયણને પોતાના હૃદયમાં દેખે છે, માટે પુત્ર! નિર્ભયપણે કાર્યનો આરંભ કર તારો જય થશે. તારી સર્વ કામના પુર્ણ થશે. લે હવે નિત્ય કર્મનો સમય થઇ ગયો છે એટલે હું જઇશ ફરીને કોઇ પ્રસંગે જરૂર પડતાં તને મળીશ, એટલું કહેતાંજ વિશ્વામિત્ર તેને કાંઈ પણ પ્રશ્ન કરે તે પહેલાંજ તે દિવ્યમુર્તિ ત્યાંથી અદ્રશ્ય થઇ ગઇ વિશ્વામિત્ર વિસ્મિત ચકિત દ્રષ્ટિએ આસપાસ નિહાળતો ત્યાંજ ઉભો રહયો.

પ્રકરણ ૮મું

ઉપાધિ

કેટલીકવારે વિશ્વામિત્રને પોતાની સ્થિતિનું ભાન થયું તે મન સાથેજ બોલ્યો; "અહો! આ શું આશ્ચર્ય! બાળયોગી અને આ યોગિની કોણ હતાં એનો નિશ્ચય કેમ થાય! શું તે માનવી હતાં? નહિ, નહિ, તેમની ભવ્ય કાન્તિપરથી તે કોઇ દેવ હોય એમ જણાતાં હતાં. ત્યારે શું! મને ઉપદેશ આપવા માટેજ તે પૃથ્વી પર આવ્યાં હતાં! પ્રભુ! પ્રભુ! મને આનો ભેદ કાંઇ સમજાતો નથી," વિશ્વામિત્રના હૃદયમાંથી એ બંને દૈવી મનુષ્યો માટે અનેક વિચારો પસાર થઇ ગયા પરંતુ તે બન્ને કોણ હતાં, તેનો કાંઇપણ નિશ્ચય કરી શકયો નહિ, પોતાના કાર્યને પુષ્ટિ આપનારાં અને અમુલ્ય ઉપદેશ આપી ઉન્નતિનો માર્ગ બતાવનારાં આ બન્ને દેવી પ્રાણીઓ પર સંપૂર્ણ શ્રધા બેઠી તેણે તપશ્ચર્યા કરવાનો નિશ્ચય કર્યો અને પોતાના શરીરને ઉદ્દેશીને બોલ્યો, "ઓ! ભૌતિક શરિર! હવે હું તારે આધિન નથી, પરંતુ તું મારે આધિન છે? મારી આજ્ઞાનું પાલન કર! મારો પુરૂષાર્થ સિદ્ધ કર! ઇંદ્રિયોનું દમન કર! કે જેથી; મારા

તપમાં કાંઇપણ વિઘ્ન ન થાય, વાયુનો આહાર કર! કુંભકથી શ્વાસનું રૂંધન કર! બસ હુવે તો એજ નિશ્ચય! તપ! તપ! મહાતપમાં નિમગ્ન થઇશ!" હજુ તો વિશ્વામિત્ર એક પગલું આગળ ચાલે તે પહેલાં નીચેના શબ્દો તેના શ્રવણ પુટપર અથડાયા.

"મંત્રીવર! જુઓ! જુઓ! આપણા મહારાજા આ રહ્યા! દેવીનો તો પતો ન લાગ્યો પરંતુ મહારાજના મેળાપનો અનાયાસે લાભ મળી ગયો. અફસોસ! જેના શિરપર રાજ્ય મુકુટ અને વસ્ત્રાભુષણો હતાં, તેના શરીર પર અત્યારે માત્ર કૌપિન શિવાય કશું જણાતું નથી. મંત્રી—

વિશ્વામિત્રે સામે દ્રષ્ટિ કરી મંત્રી પરમાનંદ અને બીજા રાજય પરિવારનાં કેટલાંક માણસો દ્રષ્ટિએ પડયાં, આ ઉપાધિથી મુકત થવા વિશ્વામિત્ર કાંઇપણ પગલાં લે તે પહેલાં તે સર્વ ત્યાં આવી પહોંચ્યા.

સુજ્ઞ વાચકોને યાદ હશે કે પરમાનંદ, મંત્રી અને બીજા માણસો સહિત સુનેત્રાની શોધ માટે નીકળ્યો હતો. પરંતુ સુનેત્રાનો તેઓ હજુ કંઇ પતો મેળવી શકયા નહોતા પરમાનંદ ધારતો હતો કે સુનેત્રા વિશ્વામિત્રની પાસેજ જશે. કારણ કે તેણી પતિ વિયોગેજ ઉન્માદિની બની ગઇ

છે. તેની પવિત્ર ભાવના પતિનો માર્ગ બતાવતી સુનેત્રાને પતિ પાસે લઇ જાય તો તેમાં આશ્ચર્ય જેવું કાંઇ નથી. આ સઘળી બાબતોનો વિચાર કરી પરમાનંદે વિશ્વામિત્ર પોતાને જે રસ્તે મળ્યા હતા તેજ માર્ગ લીધો હતો. જોકે અદ્યાપિ વિશ્વામિત્ર એજ સ્થળે હોવાની પરમાનંદને ખાત્રી નહોતી, તદપિ તે રૂષિકેશનો જાણીતો હોવાથી કદાચ આસપાસના આશ્રમોમાંથી તેમનો પતો મેળવી શકાશે એમ ધારી તે આ તરફ આવ્યો હતો,

વિશ્વામિત્રની સ્થિતિ જોતાંજ મંત્રીને ઘણુંજ લાગી આવ્યું તે ગળગળિત સ્વરે બોલ્યો; "પ્રભુ! આ શું! આ સ્થિતિમાં રહી તમો કયો સુલાભ મેળવવાની આશા રાખો છો!"

"મંત્રીવર! જે દેવોને પણ દુર્લભ એવો અલભ્ય લાભ મેળવવા ધારૂં છું. આ શરીરેજ હું બ્રાહ્મણ થવા માગું છું." વિશ્વામિત્રે એ ઉપાધિને દુર કરવાના હેતુથી ટુંકામાંજ પતાવ્યું,

"પણ એ લાભ, સ્ત્રી, પુત્ર, કુટુંબ, કબીલો, પ્રજા, રાજ્ય ઐશ્વર્ય એ સર્વ છોડી, તેમનાં અંતઃકરણ દુભાવી, તમો કોઇપણ રીતે નહિ મેળવી શકો, પ્રભુ! તમારા માઠા સમાચારથી સાધવી સુનેત્રાની શું સ્થિતિ થઇ છે, એ તમે

જાણો છો ! અરેરે! શું કહું! તેણી ઉન્માદ અવસ્થામાં તમારી શોધ માટે મહેલ અને સર્વ ઐશ્વર્ય છોડી જંગલમાં રખડતી રહી છે. અમે સર્વ સ્થળે તેની શોધ ચલાવી, પરંતુ દેવી અમારે હાથ ન આવી. રાજન! કૃપાકરી પાછા વળો! એક સાધારણ દોષ માટે દેહપર આટલો રોષ ન કરો!" મંત્રીએ પુનઃ વિનવતાં કહ્યું:

"હા, મહારાજ! અમારે ખાતર નહિતો સાધવી સુનેત્રાને ખાતર પાછા વળો. આપના આગમનના સમાચાર દેવીને જ્યાં હશે ત્યાં મળશે, અને ખબર સાંભળતાંજ તે પાછાં ફરશે." પરમાનંદે મંત્રીના ગતને અનુમોદન આપતાં ઉમેર્યું.

"પરમાનંદ! ભાવિ કોઇનાથી મિથ્યા થતું નથી, સુનેત્રા માટે એજ રીતે બનવાનું નિમિત હશે." વિશ્વામિત્રે કહ્યું.

"ત્યારે શું! તમે પાછા નહિજ ફરો! રાજ્ય અને પ્રજાની સંભાળ નહિજ લો! શું આ વૃદ્ધ મંત્રીને નિરાશ કરશો! પ્રભુ! દયા કરો! આ સેવકની પ્રાર્થના સ્વીકારો! રાજ્ય રાણીઓ, પ્રજાજનો આપની અતિ આતુરતાથી રાહ જોઇ રહયાં છે! આપનાં દર્શન માટે તલપી રહ્યાં છે! પ્રભુ! પધારો! કાન્યકુબ્જના રાજ્યને સંભાળો!" વૃદ્ધ મંત્રીએ થથરતે અવાજે કહ્યું.

"મંત્રી! હવે હું એ ઉપાધિમાં પડવા માગતો નથી, મનુષ્ય એવી મોહજાળમાં મચ્યો રહેવાથીજ પોતાને ભુલી જાય છે, પરંતુ જ્યારે સત્ય રસ્તો સમજાય છે! ત્યારે તે પુર્ણ પસ્તાય છે, સ્ત્રી, ધન, પુત્ર, ઐશ્વર્ય એ સર્વ અહીંજ રહેવાનું છે, સાથે માત્ર કર્મજ આવવાનું છે, તો કહો એવી સ્વાર્થમય સાધના કરવા કરતાં પરમાર્થ અને પરલૌકિક આનંદને આપનારી સાધના શા માટે ન કરવી! પરમાનંદ! તું પોતે બ્રાહ્મણ હોવા છતાં-બ્રાહ્મણના મહાત્મને જાણતો છતાં મંત્રીને કાંઇ સમજાવી શક્તો નથી! મેં તને મારો નિશ્ચય જણાવ્યો છે! હું તે કોઇકાળે ફેરવીશ નહિ! સુનેત્રા પર મને પુર્ણ પ્રીતિ છે એ ખરૂં, પરંતુ અત્યારે તેણીનો મોહ પણ મને કશી અસર કરી શકશે નહિ, વળી સુનેત્રા સુમાર્ગપર વળી છે, પતિવ્રતા સ્ત્રી તરીકે પોતાની ફરજ બરાબર બજાવી છે, મારીજ ભાવનામાં ભ્રમણ કરનારી સુનેત્રા મારા ભાવને જાણી ગઇ છે; એટલે તે યોગ્ય માર્ગ પરજ છે. તેના માટે દિલગીર થવા જેવું નથી, પતિની ભાવનાને તાબે થયેલી સતિ માટે દિલગીર થવું એતો મુર્ખતાજ છે. તમે જે ઐશ્વર્ય માટે કહો છો તે ઐશ્વર્ય વશિષ્ટ જેવા બ્રહ્મર્ષિના બ્રહ્મતેજ આગળ નિર્માલ્ય છે! નિસ્તેજ છે! જાઓ, કેવળ તપ એજ મનુષ્યનું ઐશ્વર્ય છે! જાઓ! કામ્યકુબ્જમાં

જાઓ! સુનેત્રાની શોધની ખટપટ છોડી દો! તેની સ્થિતિ તેના ભાવિને આધિનજ રહેવા દો! મારા પુત્રને રાજ્યાભિષેક કરી, તેમને રાજ્યકારોબારમાં જોડી દો! અન્ય રાણીઓ અને પ્રજા જનોને મારા તરફનો મોહ ઓછો થાય, એવો ઉપદેશ કરજો. જાઓ! કૃપા કરી મારા કાર્યમાં વિઘ્ન ન નાંખો! તમારા ગમે તેવા કલ્પાંતથી–ગમે તેવા રૂદનથી મારૂં હૃદય પીગળવાનું નથી! મારૂં મન રાજ્ય તરફ વળવાનું નથી!" વિશ્વામિત્રે ખુલ્લો જવાબ આપી દીધો.

"રાજન!" મંત્રીથી આગળ બોલી શકાયું નહિ, તેનો કંઠ રૂંધાઇ ગયો. પરંતુ વિશ્વામિત્ર તેનો ભાવ સમજી ગયો તે મંત્રી તરફ ફરીને બોલ્યો;

મંત્રીવર! તમો સમજુ છો. તમારા જેવા જ્ઞાનીને વિશેષ શું કહું! કહો! તમેજ કહો! મારૂં રાજ્ય ઐશ્વર્ય! અરે જે બળ વડે મેં સમગ્ર પૃથ્વીને વશ કરી તે ક્ષત્રિય બળ! એક જંગલમાં વસ્તા અને આપણી નજરમાં જણાતા કંગાળ બ્રાહ્મણના બળ આગળ શું કરી શક્યું! કાંઇજ નહિ! જો ક્ષત્રિય બળ અથવા રાજ્ય ઐશ્વર્યમાં કાંઇજ સામર્થ્ય નથી! તો પછી એવા ઐશ્વર્યને વળગી રહેવામાં શો લાભ! વશિષ્ટના જેવું બ્રહ્મ બળ મેળવવા શા માટે પ્રયત્ન ન કરવો! મંત્રીવર! તમે તથા પરમાનંદ ગમે તે કહો પરંતુ

મારો નિશ્ચય નહિ ફરે! માટે મારા આ મહત્કાર્યને પાર પાડવા મને જવા દો."

"પ્રભુ! જો અમારી પ્રાર્થના નહિ સ્વીકારો તો અમો સર્વ તમારી દ્રષ્ટિ સમિપજ દેહ ત્યાગ કરીશું." રાજ્ય પરિવારના માણુસોએ એકી અવાજે પોકાર કર્યો.

"પરમાનંદ! આ તને વ્યાજબી લાગે છે કે! એક મનુષ્યને ઉન્નતિના માર્ગ પર જતો અટકાવવો એ તારા જેવા બ્રાહ્મણુનો ધર્મ છે કે!" પરમાનંદજ આ સઘળી ઉપાધિનું કારણુ છે. એમ જાણી વિશ્વામિત્રે પરમાનંદને ઉદ્દેશીને કહ્યું.

"ત્યારે મહારાજ! પ્રજાનું પાલન કરવાનું અને તેની દાદ સાંભળવાનું કર્તવ્ય ભુલી જઇ આમ ભિખારી વેશે, આપ્ત જનોને રડતાં મુકી ચાલ્યા જવું, એ ક્ષત્રિય ધર્મ ખરો કે!" પરમાનંદે પણુ પ્રશ્નને મળતોજ જવાબ આપ્યો.

"પરમાનંદ! હવે મને સારૂ સમજાય છે કે; આ સર્વ ઉપાધિનું મુળ કારણુ તુંજ છે! સુનેત્રાની શોધને બહાને આ લોકોને અહીં લાવનાર તુંજ છે! મારો નિશ્ચય તું જાણે છે, મેં તને એ માટે સર્વ સમજાવ્યું છે, એટલે તારો આ પ્રયત્ન પણુ મિથ્યા છે! પ્રજાનું પાલન કરનાર મારૂં એક અંગ હજુ બાકી છે, એટલે હું એ દોષથી મુક્ત છું." વિશ્વામિત્રે ખુલાસો કર્યો.

"તે તો હજુ બાળક છે. રાજ્ય કારોબાર કેમ ચલાવવો, તેનું હજુ તેને જ્ઞાન નથી. તેને સંપૂર્ણ જ્ઞાન આપ્યા પછી આપ સુખેથી કાર્ય સિદ્ધિ કરજો." પરમાનંદે એક બ્યાજબી વાંધો રજુ કર્યો.

"વારૂ, કદાચ સમજ કે મહર્ષિ વશિષ્ટના આશ્રમમાં મારૂં અવશાન થયું હોત તો!" પરમાનંદનું મુખ બંધ કરવા માટે વિશ્વામિત્રે એક વિચિત્ર પ્રશ્ન રજુ કર્યો.

પરમાનંદથી આ પ્રશ્નનો પ્રત્યુતર આપી શકાયો નહિ તે મૌન્ય રહયો. તેને અવાક ઉભેલો જોઇ વિશ્વામિત્રે પુનઃ પ્રશ્ન કર્યો;" કેમ! પૂરોહિતજી! મારા એ પ્રશ્નનો શું જવાબ છે!

"મહારાજ! શું કહું, આપના સામે બોલવાનું મારૂં શું ગજું!" પરમાનંદ નીચું જોઇ રહયો.

"ત્યારે પરમાનંદ! જો તને એટલાથીજ સમજાયું હોય! તો તું આ સર્વને સમજાવી કાન્યકુબ્જ લઇ જા, મારા કાર્યમાં વિઘ્ન ન નાખ." વિશ્વામિત્રે કહયું.

"નહિ, અમે પાછા તો નહિજ જઇએ! જો કદાચ તમો અમારી પ્રાર્થના નહિજ સ્વીકારો, તો અમે પણ તમારી સાથેજ રહીશું." મંત્રીએ વિશ્વામિત્ર તરફ ફરીને અશ્રુ વરસાવતાં કહયું.

"વારૂ, તમે મારો સાથ ક્યાં સુધી કરશો!" વિશ્વામિત્રે એક વિચિત્ર પ્રશ્ન કર્યો.

"આ જગતમાં જ્યાં સુધી અમારૂં અસ્તિત્વ છે! અમારામાં પ્રાણ છે! ત્યાં સુધી!" મંત્રીએ કહ્યું.

"પણ મારે તમારે, અને જગતના તમામ જીવોને એક વખત જે સ્થળે જવું છે, ત્યાં સુધી તો નહિ ના!" વિશ્વામિત્રે બીજો પ્રશ્ન કર્યો.

"મહારાજ! ત્યાં સુધી કોઇ સાથ રહ્યું છે? કે, અમારાથી રહી શકાય!" મંત્રીએ ગળગળિત પણ ધીમા અવાજે જવાબ આપ્યો.

"ત્યારે હવે તમેજ કહો! કે; ક્ષણભંગુર જગતના જીવો સાથેનો સંબંધ અથવા મિત્રાચારી ક્ષણભંગુર અને વિનાશી ખરી કે નહિ! મંત્રીવર! આ જગત મિથ્યા છે! અમુક અમુક વસ્તુ મારી છે, અને હું અમુક અમુક પરિચિતોનો સાહ્યક છું. એવો જે ભાવ તે કેવળ મમતા અને મિથ્યાભિમાન રૂપ ભ્રાંતિ છે! વાસ્તવમાં કોઇ કોઇનું સગું નથી, જ્યાં સુધી ખોળીયામાં પ્રાણ હશે ત્યાં સુધીજ મારૂં છે એમ કહેશે. માત, તાત, કુટુંબ, કબીલ્રા, એ સર્વ અતૃપ્તિને તાબે રહી, આપણી પાસે તૃષ્ણા રૂપી ખાડો પુરાવવા માગે છે, પણ જ્યાં સુધી આપણે "સારાં સંબંધીઓ છે"

એમ ગણીએ છીએ, ત્યાં સુધી તેઓના ભોગ થવા રૂપ જન્મ જન્માંતરના ખાડામાં પડીએ છીએ. તેવો ખાડો, ભોગ દેતાં કોઈએ પ્રથમ ભર્યો હોય, એવું ક્યાંય પણ જોવામાં આવતું નથી, તેથી તેઓને ભોગ આપવાથી તો ઉલટા આપણા ભોગજ મળી જવાના! માટે મનુષ્યે ધારવું જોઈએ કે; પક્ષિયોના મેળા—સમુદાયની પેઠે સૌ પ્રારબ્ધાનુસાર ભેળાં થાય છે. જેનું જ્યારે આયુષ્ય પૂર્ણ થશે! તે ત્યારે મૃત્યુને શરણ થશે, જેની સાથે જેવી રીતનું લેવું દેવું છે, તે તેવી રીતે લઇ દઇને રવાના થવાનું છે માટે તેમાં પ્રીતિ અને ખેદ કરવો વૃથા છે હું એકલોજ છું! જેમ આવ્યો એકલો, તેમ જઇશ પણ એકલોજ, જગત વ્યહવાર, દ્રવ્ય, સગાં, સબંધી, આદિ જે બહારનો દેખાવ છે તે બહારજ કિંવા જુદો રહેશે, મારા સ્વરૂપમાં તે નથી, ને સાથે ચાલે તેવો પણ નથી! હું અવિદ્યારૂપી અંધારામાં ત્યાં સુધી હુતો? કે જ્યાં સુધી રાજ્ય ઐશ્વર્ય, સગા, સબંધી, સ્રી, પુત્ર આદિમાં સ્નેહ હુતો? આજે તેમાંનું મારામાં કાંઇ નથી, સુનેત્રા ઉન્માદિની બની છે! અને શોધવા નીકળી છે એ વિગેરે જો તમે મને વશિષ્ઠના આશ્રમમાં જવા પુર્વે! બ્રહ્મતેજનો પ્રભાવ જોવા પહેલાં, કહ્યું હોત તો મને ઘણુંજ લાગી આવત કારણકે તે વખતે હું માયા અને મોહનો

દાસ હતો, અત્યારે મારામાં તેનું આવરણ નથી ? અને હવે પછી પણ સ્પર્શ કરી શકે તેમ નથી ! માટે એવી, મને અ-વળે રસ્તે દોરવાની તમારી ઇચ્છા તૃપ્ત થવાની નથી, સ્નેહ એ શી વસ્તુ છે. એ મારે જાણવું જોઇએ, સ્નેહમાં સુખનો ભેળ છે, તેથીજ સુખ સ્નેહને ગમે છે. જ્યારે સુખ સ્નેહને ગમે છે ? ત્યારેજ સુખને સ્નેહ વડે સર્વ શોધે છે. દુઃખની ઇચ્છા કોઇ પણ કરતું નથી, પરંતુ શાસ્ત્રો કહે છે કે—બ્હાર બ્રહ્માંડમાં સુખ શોધવા જતાં અખંડ અને અવિચળ સુખ ક્યાંય મળનાર નથી, પણ તે સુખ પિંડમાંજ શોધતાં ગુરૂ અનુગ્રહે મેળવાય છે, તે વાતો સપ્રમાણ સિદ્ધ જણાય છે. કેમકે વિષયો અનિત્ય છે. અને તે પ્રત્યક્ષ પણે નાશ થતા અનુભવાય છે ! તેથીજ તેનાથી વખતો વખત કંટાળવું પડે છે અને જ્ઞાનીઓ પણ તેને વિનાશી અને તુચ્છજ કહે છે. વિનાશી વસ્તુઓ સાથે સ્નેહ જોડવો એતો વૃથા છે એટલે તેનું સુખ પણ તેની સાથેજ નાશ પામવાનું છે. દ્વૈત સ્નેહ વિનાશી સુખ મેળવે છે, અને અદ્વૈત સ્નેહ સત્ય સુખને પમાડે છે. તેથી મારા પોતાના સુખ સ્વરૂપ વિષેજ સ્નેહ જોડવો એજ સત્ય સુખને પામવાનું પ્રધાન સાધન છે. એક બાળયોગી અને એક દિવ્યમુર્તિ દેવીના ઉપદેશથી હું જાણી શક્યો છું કે; હું પોતેજ અવિનાશી સુખ રૂપ છું, તો પછી

વિનાશી સુખની ભ્રાંતિમાં કેમ પડું ! મારે હવે પોતાના સ્વરૂપ સુખમાં સ્નેહ જોડી નિમગ્ન શા માટે ન રહેવું ? જો કે અન્ય સુખો વા માયિક સુખો, પણ મારૂં પોતાનુંજ સ્વરૂપ છે ! અર્થાત વિષય સુખોમાં મારૂંજ પ્રતિબંધ છે ? પરંતુ તે ક્ષણિક સુખ હોવાથી નિરંતરનું જે બ્રહ્માનંદ સુખ છે તેની પાસે તે સુખ મુકાબલે લાખ ટકા માંહેના એક ટકા જેટલું પણ નથી, એટલા માટે કૃપા કરી સ્વરૂપમાંજ સ્નેહ બાંધી સત્ચિત્ અને આનંદ રૂપ પરબ્રહ્મને પામવા આદરેલા મારા પ્રયત્નની આડે ન આવો ! એમ કહેતાંજ વિશ્વામિત્ર પાસેની એક ઝાડીમાં અદ્રશ્ય થઇ ગયા. મંત્રી વગેરેના પ્રત્યુતરની પણ રાહ જોઇ નહિ. કારણ કે તે ધારતા હતા કે આ ઉપાધિ એકદમ છુટે તેવી નથી. તેમની સાથે મિથ્યા વિવાદમાં વખત રોકવાથી મેળવવા ધારેલા આનંદને વધારે દુર કરવા જેવું છે. એમ ધારી તે ત્યાંથી ચાલ્યા ગયા. પરમાનંદ એ સ્થળનો સંપુર્ણ ભોમીયો હોવા છતાં તેનો પતો મેળવી શક્યો નહિ આખરે નિરાશ થયેલા સર્વ ત્યાંથી પાછા વળ્યા, સુનેત્રાનો પણ ક્યાંય પતો લાગ્યો નહિ તેથી સર્વ કાન્યકુબ્જમાં ગયા અને વિશ્વામિત્રના પુત્રને રાજ્યાભિષેક કર્યો. સમય જતાં શોક ભુસાઇ ગયો.

પ્રકરણ ૯મું

કલ્માષપાદ

મંત્રી અને બીજા માણસોથી મહામુશ્કેલીએ મુક્તિ મેળવી, વિશ્વામિત્ર રૂષિકેશના રમણિય સ્થળને નિહાળતો પોતાને માટે શાન્તિનું સ્થાન શોધતો આગળ ચાલ્યો જતો હતો, તે એક ખીણ પાસે અટક્યો, અહીં બે મનુષ્યો રસ્તો રોકીને ઉભા હતા, આ રસ્તો એટલો તો નાનો હતો કે, તેમાંથી માત્ર એકજ માણસ ચાલી શકે. સામેથી આવનાર રૂષિકુમાર હતો, અને ખીણના દ્વાર પાસે ઉભેલો ઇક્ષ્વાકુવંશ માં ઉત્પન્ન થયેલો કલ્માષપાદ નામનો રાજા હતો, વિશ્વામિત્ર તેને બરાબર ઓળખતો હતો, એટલુંજ નહિ પરંતુ તેના તામસી સ્વભાવને પણ જાણતો હતો, તે બંન્નેના નીકળવા પછીજ પોતાને રસ્તો મળે તેમ હોવાથી વિશ્વામિત્ર તે ખીણથી કેટલેક દુર એક ટેકરીની આડમાં ઉભો રહ્યો કેટ-લોક સમય એ રીતે પસાર થવા છતાં પણ જ્યારે બેઉમાંથી કોઇ ખસ્યું નહિ, ત્યારે "એ બંને અહીં શા માટે ઉભા છે." એ જાણવાની વિશ્વામિત્રને ઉત્કંઠા થઇ તે ઉભો હતો. ત્યાંથી થોડો નજીક આવ્યો પણ કલ્માષપાદ તેને ન જોઇ

શકે તેવી રીતે કેટલેક દુર ઉભો રહ્યો. અને શું વાતચીત થાય છે, તે સાંભળવા લાગ્યો,

"રાજન! નકામો વિવાદ કરી મારા અમુલ્ય સમયને ન ગુમાવો, જરા બાજુ ખસી જઇ મને જવાનો માર્ગ આપો." તે મુની બાળકે રાજાને ઉદ્દેશીને કહયું.

"અરે! ઓ મુર્ખ બ્રાહ્મણ! આ તું શું બકે છે! રાજા કલ્માષપાદને માર્ગ આપવાનું કહે છે! ચાલ, બાજુ પર ઉભો રહે!" કલ્માષપાદે પોતાના સ્વભાવ પર જતાં પ્રત્યુતર આપ્યો.

વિશ્વામિત્રે જોયું કે, આ અભિમાની રાજા બ્રાહ્મણોના બળથી અજ્ઞાત હોઇ મારી પેઠે અજ્ઞાન અંધકારમાં ગોથાં ખાતો રાજ્યમદમાં છકી ગયો છે, બ્રહ્મણોને માર્ગ આપવાનો સનાતન ધર્મ વિસરી ગયો છે, અને તેથીજ આ બ્રહ્મબાળકનો રસ્તો રોકી ઉભો રહયો છે, પરંતુ જોઉં તો ખરો કે, એ અભિમાની રાજાનું અભિમાન કયાં સુધી રહે છે! વિશ્વામિત્ર મૌનપણે દુરથી સઘળું જોવા લાગ્યો.

"રાજન! સનાતન ધર્મ જોતાં આ માર્ગ મારો છે, સર્વ ધર્મશાસ્ત્રોમાં કહેલું છે કે ક્ષત્રિયને બ્રાહ્મણ સામો મળે તો ખસી જઇને તેને માર્ગ આપવો." કેટલીકવારે પેલા રૂષિ કુમારે શાંન્ત મુદ્રાએ કલ્માષપાદને ઉદ્દેશીને કહયું.

"ચુપ કર! ક્ષત્રિય ધર્મને હું સારી રીતે જાણું છું! મને તારા ઉપદેશની કાંઇ પણ જરૂર નથી! માનભેર રસ્તો નહિ આપે તો બળાત્કારે મારે તને દુર ખસેડવો પડશે!" કલ્માષપાદે પોતાના સ્વભાવનું દિગદર્શન કરાવ્યું.

"અરે! ઓ મદાંધ? તારા શરીરમાં અત્યારે કોઇ રાક્ષસે પ્રવેશ કર્યો હોય એમ જણાય છે! હજુ તું બ્રાહ્મણના પ્રભાવને પુરેપુરો જાણી શકયો નથી. તેમાંજ આમ બોલે છે!" ૠષિકુમારે સહજ ક્રોધમાં કહ્યું.

"ઓહ! એમ છે? તને તારા બળનું અભિમાન છે! તો લે, પહેલાં ક્ષત્રિયનો પ્રભાવ કેવો છે, તેનો અનુભવ કર!" એમ કહેતાંજ તે મદાંધ રાજાએ બે ચાર ચાબુક તે ૠષિકુમારના શરીર પર લગાવી દીધા.

અત્યાર સુધી શાન્તિ ધારણ કરી રહેલા ૠષિકુમારનો પિતો રાજાના આ અનીતિ ભર્યા વર્તનથી એકદમ ઉછળી ગયો ક્રોધથી તેનાં નેત્રો લાલચોળ બની ગયાં. "અરે! ઓ અધમ! રાક્ષસની પેઠે તેં મારા જેવા તાપસની પર પ્રહાર કર્યો છે! માટે જા! હું તને શ્રાપ આપું છું કે, તું મનુષ્યનું ભક્ષણ કરનાર રાક્ષસ યોનીને પ્રાપ્ત થા! જા! ચાલ્યો જા!" એમ કહી જરા દુર ખસી જઇ તેને માર્ગ આપતા ૠષિકુમાર આગળ વધ્યા.

મુનીબાળકનો શ્રાપ સાંભળતાંજ કલ્માષપાદના નેત્ર પર આવેલી અજ્ઞાન અંધારી દુર થઇ, બ્રહ્મશાપનો સાક્ષાત્કાર થવા લાગ્યો, તેને ચક્કર આવવા લાગ્યાં, અને હમણાંજ પ્રાણ જશે, એવો ભય થયો, તેણે સાંન્તમુર્તિ વશિષ્ટના પુત્ર શક્તિને ઓળખ્યા, રૂષિકુમાર કે જેનું પોતે અપમાન કર્યું હતું તે મહાત્મા શક્તિ છે, એ જાણી કલ્માષ દિલગીર થયો. થએલી ભુલ માટે તે સંપુર્ણ પસ્તાયો, પરંતુ હવે કશો ઉપાય ન હોવાથી તે ગળગળિત સ્વરે માત્ર "ક્ષમા" એટલાજ શબ્દો બોલી, મહાત્મા શક્તિના ચરણમાં ઢળી પડયો. મહાન તપેશ્વરી શક્તિને તેનાપર દયા આવી તેણે પોતાના બંન્ને પવિત્ર હાથો વડે કલ્માષપાદને ઉઠાડયો.

"દેવ! ક્ષમા કરો! મારા શાપનો અનુગ્રહ કરો! મને રાક્ષસયોનીમાં જતો બચાવો! દયા કરો!" કલ્માષે અત્યંત કરૂણાજનક શબ્દોમાં શક્તિની પ્રાર્થના કરવા માંડી.

"રાજન! મારો શ્રાપ મિથ્યા તો નહિજ થાય? પરંતુ એ શ્રાપ તું આ જન્મમાંજ ભોગવી લે, એટલા ખાતર મારા તપના પ્રભાવે તારા શરીરમાં એક રાક્ષસને પ્રવેશ કરાવું છું, તે હમેશાં તારી બુદ્ધિ અને વૃતિઓને ચલિત કરતોજ રહેશે!" એમ કહેતાંજ મંત્ર ભણી કમુંડલમાંથી પાણી લઇ કાંઇ મંત્ર ભણી પૃથ્વી પર છાંટયું,

તરતજ એક કાળો આકાર પ્રગટ થયો, અને રાજા કલ્માષ પાદના શરીરમાં અદ્રશ્ય થઇ ગયો, આ સઘળું એક ક્ષણમાં બની ગયું વિશ્વામિત્રે તે દુરથી જોયું તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ તે મનમાંજ બબડયો, "અહા ! બ્રહ્મતેજ કેટલું બળવતર છે! સ્વર્ગ, મૃત્યુ, પાતાળ અને તેમાં વસતા દેવ કિન્નર, ગંધર્વ, રાક્ષસ આદિ સર્વ તેને આધિન છે, જ્યારે જે વસ્તુની ઇચ્છા કરે ત્યારે તે વસ્તુ તેની પાસે આવી પડે છે અહા ! બ્રહ્મબળનો કેટલો બધો પ્રભાવ! કલ્માષપાદ જેવા મહાબળિષ્ટ રાજાને પણ આ એક નિર્માલ્ય જણાતા બ્રહ્મબાળકે નમાવ્યો! અફસોસ ? ક્ષત્રિય બળને આધિન રહેલા વિશ્વામિત્ર ! તેં તારો જન્મ વ્યર્થ ગુમાવ્યો ! બસ ! કોઇ પણ પ્રકારે હવે હું બ્રાહ્મણબળ મેળવીશ ! મારા નિશ્ચયને હવે નહિ ફેરવીશ ! દેવી યોગિનીના ઉપદેશાનુસાર આ રૂષિ કેરામાંજ તપનો આરંભ કરીશ !" એમ મનમાં દ્રઢ સંકલ્પ કરી કલ્માષ અને શકિતના જવાની રાહ જોતો ત્યાં ઉભો રહ્યો, કેટલીકવારે મહાત્મા શકિત કલ્માષના તરફ તિવ્ર દ્રષ્ટિ ફેંકતા આગળ વધ્યા, અને થોડાજ સમયમાં પોતાને આશ્રમે જઇ પહોંચ્યા. કલ્માષ પણ તે રસ્તો છોડી આગળ ચાલ્યો બંન્નેના જવા પછી વિશ્વામિત્ર તે સાંકડા માર્ગમાંથી પસાર થઇ એક અતિ રમણિય અને શાંન્ત

સ્થળમાં જઇ પહોંચ્યો પોતાની તપશ્ચર્યા માટે તેણે એ સ્થાન પસંદ કીધું.

રાજા કલ્માષપાદના શરીરમાં બ્રહ્મશાપથી પ્રવેશેલા રાક્ષસે રાજાને આકુળ વ્યાકુળ બનાવી દીધો તે પોતાનો માર્ગ ભુલી ગયો ફરતો ફરતો કેટલેક દિવસે તે ઘણીજ દીન અવસ્થામાં પોતાની રાજ્યધાનીમાં પહોંચ્યો.

જે વખતે તેણે પોતાના દુર્ગમાં પ્રવેશ કર્યો. તે વખતે એક ક્ષુધાતર બ્રાહ્મણ દુર્ગના દ્વાર પાસે ઉભો હતો રાજાને આવતો જોઇ તે ક્ષુધા પીડિત બ્રાહ્મણે તેની પાસે અન્નની યાચના કરી કલ્માષ ગમે તેવો ઉદાર મનવાળો છતાં અત્યારે પરાધિન હતો તેનું મન, ચિત્ત સર્વ બ્રહ્મશાપથી તેના શરી- રમાં પ્રવેશેલા રાક્ષસના હાથમાં હતું તે બુદ્ધિહિન બની ગયો હતો, બ્રાહ્મણને માન આપવું જોઇએ એ પોતે જાણતો હોવા છતાં, અત્યારે એ સંબંધી તેને કશું ભાન રહ્યું નહિ તેણે તે ક્ષુધાતુર બ્રાહ્મણને માત્ર એટલુંજ કહ્યું કે; તું અહીંઆ એક મહુર્તભર ઉભો રહે, હું તારા માટે ભોજન લેવા જાઉં છું. એમ કહી તે આગળ ચાલતો થયો રાજાના આ વર્તનથી તે બ્રાહ્મણના આશ્ચર્યનો પાર રહ્યો નહિ, જે રાજા બ્રાહ્મણોને જોતાંજ તેના ચરણમાં પડી જતો, અને આદર સહિત પોતાની બાજુમાંજ આસન આપતો તેવા

કલ્માષપાદમાં આટલો બધો પ્રમાદ! જરૂર તેનામાં અજ્ઞાનનું આવરણ થયું છે! અવશ્ય કોઇ રાક્ષસે તેના શરીરમાં પ્રવેશ કર્યો છે! આવા અનેક વિચારો કરતો તે બ્રાહ્મણ ત્યાં ઉભો રહ્યો. પરંતુ રાજાની બુદ્ધિમાં આટલો બધો વિકાર શાથી થયો એ જાણવાની જિજ્ઞાસાને તે અટકાવી શકયો નહિ તરતજ તેણે ધ્યાનથી જોયું તો જણાયું કે તેને મહાન તપેશ્વરી શક્તિ મુનીનો શ્રાપ થયો છે, અને તેના શરીરમાં રાક્ષસે પ્રવેશ કર્યો છે, સર્વનું કલ્યાણ ઇચ્છનારા બ્રાહ્મણે રાજાનું પ્રિય કરવાનો મનમાંજ નિશ્ચય કરી લીધો, પરંતુ કલ્માષના શરીરમાં પ્રવેશેલો રાક્ષસ તેનું પ્રિય થવા દે તેમ કયાં હતું!!!

બ્રાહ્મણ પાસેથી નીકળેલો કલ્માષ પોતે આપેલું વચન ભુલી ગયો, દ્વારપાસે ક્ષુધાતુર બ્રાહ્મણ ઉભો છે, તેને અન્ન આપવાનું કહ્યું છે એ વિગેરે સર્વ વિસ્મૃત થઇ ગયું, શરીરમાં પ્રવેશેલા રાક્ષસને આધિન થએલો રાજા ફરતો ફરતો પોતાના અંતપુરમાં ગયો ત્યાં તેને માટે પંચ પકવાન તૈયાર હતાં તેના પર દ્રષ્ટિ પડતાંજ બ્રાહ્મણને આપેલું વચન યાદ આવ્યું. તરતજ તેણે એક અનુચરને બોલાવ્યો અને કહ્યું કે દુર્ગના દ્વાર પાસે એક બ્રાહ્મણ ઉભો છે તેને ભોજન આપી આવ. રાજાની આજ્ઞા મળતાંજ

અનુચર ત્યાંથી ચાલતો થયો પરંતુ દૈવયોગે બ્રાહ્મણને ઉપયોગમાં આવે તેવું ભોજન તૈયાર ન હોતુ તેથી તે રાજા પાસે આવ્યો; અને કહેવા લાગ્યો કે બ્રાહ્મણને આપવા જેવું અન્ન તૈયાર નથી અનુચરના આ શબ્દોથી કલ્માષને અત્યંત ક્રોધ ચઢયો તે લાલચોળ નેત્રો કરી અનુચર તરફ ફરીને બોલ્યો; "અરે ! ઓ મુર્ખ ? મેં કરેલી આજ્ઞાનો જલદી અમલ કર ? જો બ્રાહ્મણને યોગ્ય અનાજ ન હોય તો માંસ યુકત ભોજન તેની પાસે લઇ જા! અને જો તે પણ ન મળી શકે! તો મનુષ્ય માંસ આપીને પણ તે બ્રાહ્મણને તૃપ્ત કર જા! જલદી જા! બ્રાહ્મણ ઘણોજ ક્ષુધાતુર છે!" કલ્માષની આજ્ઞાથી અનુચર ક્ષણ ભર રાજાની સામે જોઇ રહયો તે બિચારાને થોડીજ ખબર હતી કે રાજાના શરીરમાં રાક્ષસે પ્રવેશ કર્યો છે; અને તેથીજ તે મનુષ્યમાંસ ભક્ષણ કરનારો થયો છે, તે કાંઇ બોલવા જતો હતો, પરંતુ કલ્માષે ત્વરાથી અંતઃપુર છોડી જવાની અજ્ઞા કરી, અનુચર ચાલ્યો ગયો. પહેલાં તેણે પશુમાંસની તપાસ કરવા માંડી પરંતુ કોઇ સ્થળેથી તેને તેવું માંસ મળી શકયું નહિ તેથી તે ઉદાસ થયો, અને લાચાર બનેલો અનુચર ગુન્હેગારોના વધસ્થાન તરફ ગયો. ત્યાંથી મનુષ્ય માંસ લાવી તેને બરાબર રાંધી અન્ન સાથે ભેળીને દુર્ગના-દ્વારપાસે ઉભેલા બ્રાહ્મણ પાસે લઇ ગયો બ્રાહ્મણે તે અનાજ

જોયું, તેને કંઇ શંકા થઇ, ભોજનને સ્પર્શ કરવા પહેલાં તેણે સિદ્ધ દ્રષ્ટિથી જોયું તો માલુમ પડ્યું કે ભોજન મનુષ્યમાંસથી બનેલું છે. આથી તેણે તે રસોઇયાને કહ્યું કે, "આ અન્ન બ્રાહ્મણોને ખાવા યોગ્ય નથી, છતાં તારા અધમ રાજાએ મારી પાસે મોકલ્યું છે માટે હું શ્રાપ દઉં છું કે, એ મુંઢને આવું માંસ ખાવાની ઇચ્છા થશે અને એ પાપિષ્ટને શકિત મુનીનો જે શ્રાપ થયો છે તે પ્રમાણે તે આજથી મનુષ્યમાંસમાંજ આસકત રહેશે! અને ભુત માત્રને પીડા કરતો આખી પૃથ્વીમાં ભટકશે!"

પ્રિય વાચક! જોયું! કલ્માષના કલ્યાણની વાત તો બાજુ પર રહી પરંતુ તે બ્રાહ્મણના મુખમાંથી ઉલટા શાપના શબ્દો નીકળ્યા કલ્માષનું ભાવિ તેવુંજ હતું. શકિતનો શાપ મિથ્યા થાય તેમ નહોતું, બ્રહ્મશાપ ભોગવવાનુંજ કલ્માષના ભાગ્યમાં હોવાથી તે મિથ્યા કેમ થાય!!!

આ રીતે બીજીવાર બ્રાહ્મણનો શાપ થવાથી રાજાનો પુર્વનો શ્રાપ ઘણો બળવાન થઇ પડયો અને વળગેલા રાક્ષસના પ્રભાવથી તે બુદ્ધિહીન થઇ ગયો કેટલાક સમય પછી રાક્ષસ વૃતિથી મુંઢ બનેલો કલ્માષ પોતાનું રાજ્યપાટ છોડી વનમાં જ્યાં ત્યાં ભટકવા લાગ્યો,

પ્રકરણ ૧૦મું

ઉન્માદિની સુનેત્રા

રાત્રિ બે પ્રહર બાકી છે, ચારે તરફથી ઘનઘોર ઘટા ઘેરાઇ રહી છે, અંધકાર એવો પથરાયો છે કે, પોતાના હાથપણ જણાતા નથી. શ્યામ આભ્રઘટાની બગલમાં વિદ્યુત અદ્દભુત ચમકારા મારી રહી છે. કવચિત જોરમાં ચમકે છે, પુનઃક્ષણકાળમાંજ અંધકારમાં લિન થઇ જાય છે, કવચિત ભિષણરવથી પર્વતના શૃંગોને વિચુર્ણિત કરી રસાતાળ વિંધાતી ચાલી જાય છે, પ્રબળ વાયુ વેગથી મોટાં મોટાં શાલ તમાલ વૃક્ષો તુમુલ શબ્દ કરતાં પૃથ્વી ઉપર પડી જાય છે, મુશળધાર વૃષ્ટિ થઇ રહીછે, વનમાં પશુ પક્ષીઓ નિશ્ચિંત થઇ નિંદ્રાવશ થયાં હતાં તે ગભરાતાં, અકળાતાં, હાફતાં, તરફડતાં જંગલોમાં બરાડા પાડતાં દોડી રહ્યાં છે. પ્રકૃતિ દેવીએ પૃથ્વીને રસાતાળ કરવાની ઇચ્છાથીજ જાણે આવું ભયંકર રૂપ ધારણ કર્યું હોય! એવો ભયાનક સમય થઇ રહ્યો છે. આવા ભયાનક સમયે, આવા ભયંકર અરણ્યમાં ભટકાતી ગાંડા જેવી, કદી હસતી, કદી રડતી, એક સ્ત્રી ફરી રહી છે તેને કશું ભાન નહોતું તોપણ તેની ચેષ્ટાપરથી

સ્પષ્ટ થતું હતું કે તે કોઇ વસ્તુની શોધ માટે નીકળી છે ઘડીમાં તે આકાશ તરફ, તો ઘડીમાં પૃથ્વી તરફ, અને ઘડીમાં આસપાસના વૃક્ષો અને પર્વત શૃંગોને નિહાળતી હતી. જોકે અત્યારે ધોધમાર વરસાદ પડતો હતો, વિદ્યુતના ચમકારા અને મેઘની ભયંકર ગર્જનાઓથી આખું અરણ્ય ભયાનક બની ગયું હતું, તેણીનું આખું શરીર પાણીથી ભિંજાઇ ગયું હતું, તદપિ તે સંબંધી તેણીને કશું ભાન નહોતું. વિદ્યુતના પ્રકાશે કોઇ વૃક્ષ તેની દ્રષ્ટિએ પડતું તો ત્યાં તે ઉભી રહેતી, અને તેને મનુષ્ય ધારીને કહેતી કે, "ભાઇ! શું તું મારા પ્રશ્નનો ઉતર આપી શકીશ!" થોડીવાર જવાબ મળવાની રાહ જોતી પરંતુ કાંઇ ઉતર ન મળતાં તે આગળ વધતી કોઇવાર તે આકાશ ભણી જોઇને બોલતી; "બહેન! વાદળી! આજે તું પણ મારી પેઠે વ્યાકુળ થઇ રહી છે! વિદ્યુત! તું મારૂં દુઃખ જોઇ હસી રહી છે! ભલે, હસ્યા કર. પણ સદા કોઇ હસતું, અને સદા કોઇ રડતું રહેતું નથી. તારો એ ગર્વ બહુવાર રહેશે નહિ, તારો એ આનંદ થોડા સમય માટેજ છે, જ્યાં ચંદ્ર ઉગ્યો કે, પછી તારૂં એ હસવું નાસી જશે. પછી તને વાદળમાં સંતાઇ જવુંજ પડશે! વજ્ર! શું તમે પણ મને પતિ વિરહિણી જાણી આંખો લાલચોળ કરી ધમકાવો છો! તમારાથી

હું બીહતી નથી. નહિ, નહિ, હું ભુલી. તમે તો પાપી-ઓના માથાપર પડી તેમને પાપથી છોડાવો છો. તો પ્રાણ પ્રિયુના વિરહમાં વ્યાકુળ મારા જેવી પાપિણીના માથાપર પડી, શા માટે પાયમાલ જીવનથી છોડાવતા નથી! આ રીતે તે ઉન્માદ અવસ્થામાં ફરતી એક ઝુંપડી પાસે આવી પહોંચી. આ ઝુંપડી ગંગાના કિનારા પર આવેલા એક રમણિય સ્થળની બાજુમાંજ હતી પરંતુ તે જન શુન્ય હતી તે સ્રીએ તેમાં પ્રવેશ કર્યો. આખિ રાત્રિ ફરીને તેણી થાકી ગઇ હતી તેથી તે ત્યાં બેઠી અને મનમાંજ બોલી; "અરેરે અહીં પણ નથી. હવે ક્યાં જાઉં! કયાં શોધું! દેહ! મેં આજેજ જાણ્યું કે તું જડ પિંડજ છે! સ્નેહ અને મમતાથી તું જાણે પરિચીત નથી. જો તું પ્રેમને કાંઇ જાણી શક્યો હોત! તો પ્રાણ પતિને શોધવામાં આવો શિથિલ થઇ જાત અને થોડીવાર શોધવા પછી થાકને બહાને ચુપચાપ થઇ બેસત! અરેરે! જો મેં પહેલેથીજ જાણ્યું હોત! કે નાથ મને તજીને ચાલ્યા જશે! તો હું તેમને એકલાજ કેમ જવા દેત! જડપિંડ! ઉઠ, તને આરામ આપવામાં કશો લાભ નથી! જ્યાં સુધી તું મારા પતિનું દર્શન નહિ કરાવે! મારા પતિ જ્યાં છે તે માર્ગપર નહિ ચડાવે! ત્યાં સુધી

તને આરામ નહિ મળે!" એમ કહેતાંજ તે ત્યાંથી ઉઠી અને આગળ ચાલવા લાગી.

પ્રિય વાચક ! આ સ્ત્રી બીજી કોઇ નહિ, પરંતુ આપણી પુર્વ પરિચિતા, વિશ્વામિત્રનું અર્ધાંગ, સાધવી સુનેત્રા હતી, મહેલમાંથી તે કેવી રીતે નીકળી આવી એ સમજાવવાનું હવે બાકી રહ્યું નથી કારણ કે એ પ્રસંગ આપણે આગલા પ્રકરણમાં વાંચી ગયા છીએ.

થોડીવારમાં વરસાદ બંધ પડયો, વાદળ વિખરાઇ ગયું, ભગવાન કુમુદપતિ રાત્રિ સાથે વિહાર કરી અસ્તાચળ પર ગયા, પ્રકૃતિની બંશીધ્વનિ સ્વરૂપ, કોકિલના કોમળ કંઠસ્વર સાંભળી જગત જાગી ઉઠયું. પ્રાતઃકાળના મૃદુમંદ પવને કુસુમોની સુગંધ વડે ચારે દિશાઓ સુગંધિત કરી દીધી, બાળક સુર્ય, પુર્વ દિશામાં ઉદિત થયો તેનો કોમળ રાતો સોનેરી રંગ જોતાં પ્રકૃતિનું અકૃત્રિમ સૌંદર્ય મન મુગ્ધ કરતું હતું. વેદપાઠી બ્રાહ્મણો પ્રાતઃકાળમાં વેદનું અધ્યયન કરતા, મંગળાચરણ ગાવા લાગ્યા, મુની લોકો નિંદ્રા દેવીની પ્રતિમા વિસર્જન કરી મનવાકય વડે ભગવન્નામ સ્મરણ કરતા કરતા ગંગાસ્નાન કરવા નીકળ્યા છે. સુનેત્રા પણ ફરતી ફરતી ગંગાકિનારા પર આવી પહોંચી અચાનક પવિત્ર ભાગીરથીના કિનારા પર નિત્યકર્મ નિમીતે

એકઠા થયેલા રૂષિ મુનીઓના મુખમાંથી નીકળતો પવિત્ર વેદ મંત્રોનો ધ્વનિ સુનેત્રાના શ્રવણપુટપર અથડાયો; પતિના જ ધ્યાનમાં મસ્ત બનેલી સુનેત્રાએ પોતાના નેત્રો ખોલ્યાં આસપાસ દ્રષ્ટિ ફેરવી કેટલાક મુનીઓ ધ્યાનસ્થ થયેલા જણાયા. જરૂર? જરૂર? આ રૂષિ સમુહમાં મારા પતિપણ હોવાજ જોઈએ. કારણ કે મેં આવાજ વેશે મારા પતિને જોયાછે. હમણાંજ હું તેને શોધી કાઢીશ. એકાએક તેના મુખમાંથી એ ઉદ્‌ગારો નીકળી પડયા. તે જરા આગળ વધી પરંતુ કોણ જાણે શાથી તેનો વિચાર બદલાયો અને તે પાછી વળી, થોડેદુર ઉભી રહી. સર્વ રૂષિઓની ભવ્ય મુખાકૃતિનું નિરક્ષણ કરવા લાગી. નહિ, નહિ, મારા પતિ અહીં પણ નથી જરૂર તે કોઇ ગિરિગુફામાં છુપાયા છે. નકકી નાથ મારાથી રીસાયા છે. નાથ ભલે આપ મને આપની સાથે ન રાખો પણ એક વખત આ કિંકરીને દર્શન તો આપો! હું તમારી પાછળ દિવાની બની છું! જંગલે જંગલ અને વને વન રવડી મરી છું! નાથ! દયા કરો! આવો! આ મારી સ્થિતિ નિહાળો! નાથ....ના....આ....આ....થ! રાત્રી અને દીવસના લીધેલા અતિ પરિશ્રમથી શ્રમિત થએલી સુનેત્રાની આંખે અંધારાં આવી ગયાં તે જમીન પર ઢળી પડી, બેશુદ્ધ બની ગઇ.

અહા ? વિશુદ્ધ પ્રેમની કેવી બલિહારી ! જેના હૃદયમાં પતિ તરફ પ્રેમ છે, તેને દુઃખ સુખમય જણાય છે. તે પર્વતને તૃણવત ગણી પ્રદક્ષિણા કરે છે, સમુદ્રને અંજલી-વત ગણી મથન કરે છે, આકાશને ગ્રહવત ગણી ઉલ્લંઘન કરે છે, પાતાળને ભેદી ત્યાં પ્રવેશ કરે છે, અને ઘોરવૃક્ષ લતાઓને મિત્ર ગૃહ જાણી પોતાના પ્રાણ પ્રિયતમની મનોહર મુર્તીનાં દર્શન કરવા પ્રયત્ન કરે છે, ધન્ય હો! એવા વિશુદ્ધ પ્રેમને. પ્રેમ એનેજ કહે છે. પ્રેમનું તત્વ પણ એમાંજ સમાએલું છે! એવા પ્રેમના પુજારીઓને અમે મનુષ્ય નહિ પણ દેવ કહીશું! એવા પ્રેમની સ્ત્રીઓને અમો સ્ત્રીઓ નહિ પણ મહાદેવીઓ કહીશું !

અચેતન અવસ્થામાં પડેલી શુદ્ધ ભાવનવાળી સાધ્વી સુનેત્રાને પતિનું દર્શન થયું એટલુંજ નહિ પરંતુ એક શાન્ત ધ્વનિ પણ સંભળાયો, તે ધ્વનિ આ પ્રમાણે હતો:-

"દેવી ! હું તારાથી દુર છું, તોપણ હમેશાં તારા સમાચાર સાંભળ્યા કરૂં છું, નવા પોશાકમાં ! નવીન આકારમાં ! વિચિત્ર મનની ભાવનામાં ! હમેશાં નવી રમતો રમતાં હું તને જોઈને ઘણો આનંદ માનુ છું. આ આનંદ ફકત હું તથા એક પરમાત્માજ જાણે છે, આ પ્રકારનું અવલોકન ચક્ષુદર્શન કરવાં વધારે સુંદર છે, અવલોકનમાં સ્વાર્થ નથી,

પરંતુ ચક્ષુદર્શનમાં સ્વાર્થ પરાયણતા રહેલી છે, જ્યારે પ્રેમી વસ્તુ પાસે હોય છે, ત્યારે અનુરાગી પ્રેમ કામ કહેવાય છે, પણ જ્યારે તે વસ્તુ દુર હોય છે ત્યારે કામ પ્રેમનું ખરૂં સ્વરૂપ પ્રગટાવે છે, મારી પ્રાણવલભા ? તુંજ મને કહે ? કે જો આ પ્રમાણે ન હોત તો તું કે જે મારા પ્રાણ કરતાં વહાલી છે તેથી જુદો પડવાનો સંભવ થાત ! મારા પ્રેમનો વિષય મને એટલો બધો પ્રિય છે કે ક્ષણભર પણ હું તેનો વિયોગ સહન કરી શકતો નથી ? તેને મારા હૃદયના એકાન્ત, વિશ્રામ સ્થાનમાં મુકેલો છે, ને દરેક સંભવિત આતુરતાથી હું તેનું પુજન કરૂં છું, આ આનંદની મનહર ભાવનાનો ખરેખરો આનંદ ભાસ જ્યારે પ્રેમી વસ્તુ દુર હોય છે ત્યારેજ થઇ શકે છે? જે આ ભાવના સમજી શકતા નથી તે પ્રેમ શી વસ્તુ છે? તે પણ જાણી શકતા નથી! જેને તે પ્રેમ કહે છે ! તે પ્રેમ નથી તે જાણતા નથી ! ને કદી સમજવાના પણ નથી ! જેમણે પરમાત્માની કૃપાથી આ પ્રેમનો પરિમલ લીધેલો છે ! તે ચક્ષુ પ્રેમથી કંટાળો ખાઇ દુર ખસી જાય છે! વિશુદ્ધ પ્રેમ શું છે! તે જે સમજે છે! તેજ તેનો આનંદ ભોગવે છે ! મને વિયોગ કેટલો હિતકર છે, તે હવે સમજાય છે ! આથીજ આત્મા પરમાત્માનો સાક્ષાત્કાર થયેલો જણાય છે ? કારણકે કામ પ્રેમમાં રૂપાંતર થઇ ગયેલ છે, જેમ શેરડીનો રસ કાઢી સાકર બનાવવામાં અગ્નિની

જરૂર પડે છે, તેમ કામને પ્રેમમાં રૂપાંતર કરવા સારૂ વિયોગ રૂપી બળતા અગ્નિની જરૂર છે. તે શિવાય બીજાથી રૂપાંતર થતું નથી. પ્રેમીના આ વિયોગને તન બદન દોસ્ત તરીકે ગણવા પરમાત્માની કૃપા હોય તોજ બની શકે છે! પણ હજુ મારે વધારે કહેવાનું છે, ફકત અગ્નિ એકલાથી શેરડીના રસની શુદ્ધ ચળકતી સાકર બનતી નથી, પણ પ્રથમ દુધ ને પાણીની મેળવણી રસમાંથી મેલ કાપવા કરવી પડે છે ને તે પછી રસ ઉકાળવો પડે છે કામને પ્રેમમાં રૂપાંતર કરવા સારૂ વિયોગના અગ્નિ શિવાય બીજાની જરૂર છે પણ આવીજ વસ્તુ પ્રાપ્ત કરવાને ઘણી અડચણો વેઠવી પડે છે, તે મળી શકશે કે કેમ! તેની પણ મને શંકા છે! તે વસ્તુ આ પ્રમાણે છે, દરેક જણે એક બીજાના હૃદયમાં રહેવું જોઇએ, અને બંને જણનું હૃદય સંમિલન થઇ એક રૂપતા થવી જોઇએ. પુરૂષે સ્ત્રીરૂપ, અને સ્ત્રીએ પુરૂષરૂપ, પુરૂષ, પ્રકૃતિ, માફક એક થવું જોઇએ, હવે તને કદાપિ જણાયું હશે કે દુખદાયી વિયોગ આ સ્થિતિનો અનુભવ કરાવે છે, જ્યારે પ્રેમી વસ્તુ નજીક હોય છે, ત્યારે તેનું હૃદયમાં યથાર્થ સંમેલન એટલે એક રૂપતા થઇ શકતી નથી. મહાન પુરૂષોએ પણ કહ્યું છે કે જ્યારે પ્રેમી વસ્તુ પાસે હોય છે ત્યારે પ્રેમ શિથિલ થાય છે મનથી જીવ શિવ રૂપ બને

છે, મનનરૂપ નિદિધ્યાસનથી પુરૂષ સ્ત્રી બને છે, અને સ્ત્રી પુરૂષ બને છે, એટલે પુરૂષતત્વ સ્ત્રીતત્વ થાય છે, ને સ્ત્રી તત્વ પુરૂષતત્વ થાય છે. તેજ મનનથી તું પણ એક દિવસ મારારૂપ થઇશ, ને હું તારા રૂપ થઇશ. સુનેત્રા? જો તું આ સ્થિતિને ઇચ્છતી હોય તો વિયોગ અગ્નિથી પીડા થાય છે, એવું તારા હૃદયમાં ન લાવ? સહનશીલતાથી ક્રમે ક્રમે વધીને શાન્ત માર્ગ પર વહન કરતો હું તેને તું જલદીથી આવીને મળીશ, બસ, આટલુંજ તારે માટે પુરતું છે, ”

ધ્વનિ બંધ થયો અને તેની સાથે પતિની સુક્ષ્મ મુર્તિ પણ અદ્રશ્ય થઇ ગઇ. સુનેત્રામાં ઉઠવાની બીલકુલ શક્તિ ન છતાં “નાથ! ઉભા રહો! મારૂં પણ જરા સાંભળતા જાઓ! એમ કહેતાંજ તે બેઠી થઇ સર્વ શુન્યકાર જાણ્યું, “હાય! શું ચાલ્યા ગયા! નહિ, નહિ, તે આટલામાંજ કયાંય છુપાયા છે! મારી ચેષ્ટા કરી રહ્યા છે! નાથ! હું તમને હમણાંજ શોધી કાઢીશ! હવે તો તમને મારા હૃદય મંદિરમાંજ સ્થાપીશ?” એમ કહેતાંજ તે ત્યાંથી ઉભી થઇ અને કિનારા પર આવેલા એક સુંદર ઉપવનમાં દાખલ થઇ પતિ તેમાંજ છુપાયા છે એમ સમજી તે ઉપવનમાં આમ તેમ ફરવા લાગી પતિદેવ મળશે ત્યારે તેમની

પુજા કરીશ, એવી ઇચ્છાવાળી સુનેત્રાએ તે ઉપવનમાંથકોંઇ લાંક પુષ્પો ચુંટી લીધાં પતિ દર્શનના ધ્યાનમાં, પવિત્ર અમળા પતિનુંજ સ્મરણુ કરતી, આખું ઉપવન ફરી વળી. પરતુ પ્રિય વસ્તુ નો પતો લગ્યો નહિ. તેથી તેણીએ નિશ્ચય કર્યો કે; જો આજે પતિનાં પ્રત્યક્ષ દર્શન નહિ થાય તો તેમની મુર્તિનું ધ્યાન ધરી ચુંટેલા પુષ્પો વડે તેમની પુજા કરીશ અને ત્યાર પછી પતિત પાવની ગંગાની પુજા કરી તેમાંજ પ્રાણુ વિસર્જન કરીશ પુનઃ તેણે તે ઉપવનમાં જોયું સર્વ સ્થળે શુન્યકાર જણાયું, નિરાશ થએલી સુનેત્રા ગંગના કિનારા પર આવી. ત્યાં પોતે કરેલા નિશ્ચય મુજબ એક ચિતે સ્વામી દેવતાની મુર્તિનું ધ્યાન ધરી એક પછી એક પુષ્પ ચડાવવા માંડયાં જાણે તેની નજર સામે પ્રાણેશ્વરની મુર્તિ ઉભી છે. તેને તે વિનંતી કરી રહી છે, કેટલીક વાર સુધી એ ક્રિયા કર્યા પછી તેણી ગંગાના ઘુંટણુ સુધીના જળમાં ગઇ અને બે હાથ જોડી ગંગા નદીને કહેવા લાગી મા? પર્વત નંન્દિની! સુર તરંગિણી? ભવમય નિવારિણી? તમે જગત જનને તારવા માટેજ, ગંગા, યમુના, ગોદાવરી અને સરસ્વતિ વગેરે નામ ધારણુ કરી જગત ઉપર વહન કરો છો! મા! હરિપદ વિહારિણી! જગદંબે? તમે મુક્તિ પ્રદાયનિ હોવાથીજ મહાયોગી મહેશ્વરે તમને જટામાં ધારણુ

ક્યાં છો? મા! તમારા પાદ પદ્મમાં કોટીકોટી પ્રણામ કરૂં છું! દેવી? તમે જળરૂપે વહીને સમગ્રક્ષેત્રને પવિત્ર કરી રહ્યાં છો! તમે ત્રિતાપ નાશિની છો? ત્રણ લોકના ત્રય-તાપનો નાશ કરવાને તમે ત્રણ માર્ગે વહો છો? સ્વર્ગમાં મંદાકિની? મૃત્યુ લોકમાં ગંગા અને પાતાળમાં ભોગવતીનું નામ ધારણ કરી વહો છો? મા? એક વખત આ તમારી પુત્રી તરફ દ્રષ્ટિ ફેરવો? જોજો? દેવી! મને પાપિણી કહીને તમે પણ તિરસ્કાર કરતાં નહિ? હવે તેણી જાણે પતિને ઉદ્દેશીને કહેતી હોય તેમ બોલી; આ વખતે તેણીના બંને હાથ જોડેલા હતા નેત્રમાંથી આંસુઓની ધારાઓ પડતી હતી, પતિને મળવાની આશા ભંગ થવાથી નિરાશ થઇ, આત્મઘાત કરવા તૈયાર થઇ હતી. તે બોલી; નાથ? સ્વામિન? કયાં સુધી આશા ચિંતાનો અગ્નિ હૃદયને બાળવા દઉં! એ અગ્નિના તાપથી શરીર તવાઇ ગયું! બુદ્ધિ ચાલી ગઇ? વિચારો કરવાની શક્તિ રહી નહિ? માત્ર શરીરનું ખાલી ખોખું લઇ જગતમા ફરવું, તેના કરતાં તે સ્થુળ શરીર ગંગા દેવીને અર્પણ કરી દેવું એજ યોગ્ય છે? પ્રભુ? તમને મન, પ્રાણ, આપ્યાં છે તે તમારી પાસેજ છે? પાપી સ્થુળ જ્યાં પડયું હતું ત્યાંથી ઉચકી ગંગા દેવીને અર્પણ કરૂં છું? પ્રાણેશ્વર હવે વિયોગ સહન નથી થતો, તેથીજ આપના પાદ પદ્મને

હૃદયમાં ધારણ કરી ભગીરથીના શીતળ જળમાં જીવન વિ-સર્જન કરૂં છું, સ્વામીન! પાપિણીને પવિત્ર કરનાર પતિ દેવતા? પ્રભુ? ક્ષમા કરજો? આટલું બોલી તે ગદ્દગદ કંઠે ગંગામાં પડવા આગળ ધસતી હતી તેજ સમયે પાછળથી કોઇ બોલ્યું સુનેત્રા! સાહસ ન કર? તારા આત્માની–તારા પતિની શુદ્ધિ ઇચ્છનાર સાધવી! સબુર કર! તારી દ્વૈત ભાવનાને દુર કર! અદ્વૈત ભાવના તરફ વહન કરતાં પતિનું શ્રેય કરવા આગળ પ્રયાણ કર? આત્મઘાત જેવા મહાપાપનો વિચારતજી દે!"

સુનેત્રાએ પાછું વાળી જોયું, એક શ્વેત વસ્ત્ર ધારિણી યોગિની તેની પાછળજ ઉભેલી હતી તરતજ તેણી યોગિની ના ચરણમાં ઢળી પડી, અને ગળગળીત સ્વરે બોલી.

"દેવી! કહો! કહો! ત્યારે મારા ઉદ્ધારનો માર્ગ કયો! સતીને પતિ સિવાય વધારે પ્રિય આ જગતમાં બીજું શું હોઇ શકે! પતિના વિયોગે સતીનો આત્મા ક્યાં સુધી ટકી શકે!"

"સુનેત્રા! શાન્ત થા! ચાલ મારી સાથે આવ! હું તને તારા પતિ પાસે લઇ જાઉં."

સુનેત્રાથી એક શબ્દ પણ બોલી શકાયો નહિ આગળ યોગિની અને પાછળ સુનેત્રા એમ ચાલવા માંડ્યું થોડીજ વારમાં બંન્ને ત્યાંથી અદ્રશ્ય થઇ ગયાં.

પ્રકરણ ૧૧મું

યોગિનીના આશ્રમમાં

સુનેત્રાને સાથે લઇ યોગિની એક પર્ણકુટી પાસે આવી પહોચી બંન્નેએ તેમાં પ્રવેશ કર્યો યોગિનીએ સુનેત્રાને એક દર્ભાસન પર બેસાડી અને પોતે પણ તેનીજ સામે પડેલા એક આસન પર બેઠી ઉન્માદિની સુનેત્રા તે પર્ણકુટીમાંજ પોતાના પતિ હશે એમ ધારી દીવાનાની માફક આસપાસ જોવા લાગી, પરંતુ પોતાના પતિ દેવનાં દર્શન થયાં નહિ આથી તે એકદમ બોલી ઉઠી; "દેવી! મને અહીં શા માટે લાવ્યાં! મારા પતિ ક્યાં છે! મને ત્યાંજ લઈ જાઓ!"

"સુનેત્રા! શાન્ત થા! હમણાંજ તારા પતિનાં દર્શન થશે, તું થાકેલી છે, વર્ષાદના પાણીથી ભીંજાએલી છે, પ્રથમ લે આ વલ્કલ પહેર, અને જરા આરામ કર, પછી હું તને તારા પતિ પાસે લઇ જાઉં છું." યોગિનીએ કહ્યું.

"આરામ! પતિના દર્શન સિવાય! પતિના મિલન સિવાય! આરામ! નહિ, નહિ, દેવી! મને આરામ ન જોઇએ! કૃપા કરી મારા કાર્યમાં વિઘ્ન ન નાંખો! મને જવા દો! મારા પતિને મળવા દો! તેને શોધવા દો!" એમ

કહેતાંજ સુનેત્રા આસન પરથી ઉઠી અને પર્ણકુટીથી બહાર જવા લાગી પરંતુ યોગિનીએ તે ઉન્માદિનીને તેનો હસ્ત પકડી પાછી બેસાડી દીધી.

"સુનેત્રા ! આ શું ! આવા વિકટ અરણ્યમાં તું એકલી ક્યાં જશે !"

"જ્યાં મારા પતિ હશે ત્યાં !" પુનઃ ઉભી થતાં સુનેત્રાએ કહ્યું.

યોગિનીએ જોયું કે પતિ પ્રેમમાં મસ્ત બનેલી સુનેત્રાને પતિ દર્શન સિવાય શાન્તિ થવાની નથી, તેથી તેણે સુનેત્રાનો હાથ પકડી પાછી બેસાડી દીધી અને કહ્યું; "પણ ગાંડી ! હું તને તારા પતિનાં દર્શન અહીંજ કરાવું તો !"

"એમ કરી તમે મને છેતરો છો ! મારા કાર્યમાં વિઘ્ન નાંખો છો!" ઉન્માદિની સુનેત્રાએ ઉન્માદ અવસ્થામાંજ કહ્યું.

"સુનેત્રા ! વિશ્વાસ રાખ ! તારા પતિ અહીંયાંજ છે." યોગિનીએ સુનેત્રાને શાન્તિ આપતાં કહ્યું.

"હેં ! શું ખરૂં કહો છો ! મારા પતિ અહીંયાજ છે ! કહો ! કહો ! દેવી ! તે ક્યાં છે ! શું તે મારા આવવાના સમાચાર જાણી અભિમાનવશ થઇ સંતાઇ ગયા છે ! સત્ય કહો દેવી ! તે હજુ હૈયાત તો છેના ! સુનેત્રાને કાંઇ સ્મૃતિ થતાં એ વિચિત્ર પ્રશ્ન કર્યો.

"ગાંડી! શું તને તેની હેયાતિ માટે શંકા છે!" યોગિનીએ હસતાં હસતાં કહયું.

"દેવી! હજુ હમણાંજ મંત્રી કહેતા હતાને કે; તેનું અવશાન થયું છે?" જાણે સુનેત્રા પોતે હજુ પોતાના વિશ્રાંતી મહેલમાંજ હોય અને ત્યાંજ આ યોગિની સાથે વાતચીત કરતી હોય એવા ભાવથી કહયું.

"સુનેત્રા! તું દિવાની તો નથી થઇ ના? અહીં તો મંત્રી કે બીજું કોઇ જણાતું નથી! તને એવા ખબર કોણે આપ્યા!" યોગિનીએ કાંઇક શંકાશીલ હૃદયે કહયું.

"ત્યારે મને કાંઇ ભ્રમ થયો હશે, પણ દેવી! જ્યારે મારા પતિ અહીંયાંજ છે ત્યારે મારાથી શા માટે છુપાય છે!"

"બેટા! શાંન્ત થા, તે તારાથી છુપાય તેવો નિર્દય નથી!"

"ત્યારે કયાં છે!" સુનેત્રાએ અધિરાઇથી કહયું.

"તારી સામેજ છે!" યોગિનીએ જવાબ આપ્યો.

"ત્યારે હું તેને કેમ જોઇ શકતી નથી!"

"જુએ છે પણ ઓળખતી નથી!"

"એટલે તમારૂં માર્મિક બોલવું હું સમજતી નથી." સુનેત્રાએ કાંઇક શંકાશીલ થતાં કહયું.

"સુનેત્રા! તારા પતિએ સંસાર ત્યાગ્યો છે! હવે તે ભોગી મટી યોગી થયો છે!" યોગિનીએ કાંઇક ખુલાસો કર્યો.

"દેવી હવે મને કાંઇક સમજાય છે! મારા નાથનાં મેં અનેક રૂપે સ્વપ્નમાં દર્શન કર્યાં છે. થોડા સમય પૂર્વેજ તે મને યોગી વેશે બોધ કરી ગયા છે દેવી! કહો! જલદી કહો! મારા એ યોગી પતિ કયાં છે!"

"પણ સુનેત્રા! હવે તું તારા એ યોગી પતિ પાસે થી કયા સુખની આશા રાખે છે!" યોગિનીએ સુનેત્રાના હૃદયનો ભાવ જાણવાના હેતુથી એ પ્રશ્ન કર્યો.

"દેવી! નારી જન્મનું સાર્થક પતિ સેવાગાંજ છે! મારા પતિ યોગી થયા છે, તો હું યોગિની થઇશ! તે જ્યાં રહેશે ત્યાં રહીશ! પતિ એજ સ્ત્રીઓનો સાકાર ઇશ્વર છે! સ્ત્રીઓ અલ્પજ્ઞ હોવાથી તેમને અનંત અપાર ઇશ્વરનું જ્ઞાન હોતું નથી, તેથી પતિ એજ તેમને મન સર્વસ્વ છે! પતિ એજ ઇશ્વર છે! પતિની સેવા કરવાથી, અને પતિની આજ્ઞાનું પાલન કરવાથી, રમણી નિષ્કામ કર્મ, નિષ્કામ ધર્મ શિક્ષા કરે છે! ક્ષુદ્ર બુદ્ધિની રમણી અનંત ઇશ્વરને શોધી શક્તિ નથી તેથીજ તે પતિ સેવાદ્વારા પાર્થિવ ઇશ્વરને શોધી લે છે! તેમાં પુર્ણપણે આત્મ સમર્પણ કરે છે! સ્ત્રીઓ પોતાના સુખ સ્વાર્થ માટે કશું કરતી નથી. તે જગતમાં જે કાંઇ સેવા કરે છે! તે બધી પતિનીજ છે! પતિનું સુખ તેજ સ્ત્રીનું સુખ છે! પતિને માટે સ્ત્રીઓનું

અસ્તિત્વ છે! પતિનો આનંદ તેજ સ્ત્રીઓનો આનંદ! પતિની શાન્તિ! તેજ સ્ત્રીની શાન્તિ! પતિને સુખ આપવું એજ પત્નિનો ધર્મ! મારા પતિને જે માર્ગમાં આનંદ છે તે માર્ગમાં હું પણ આનંદ માનીશ! પતિ યોગી તો હું યોગિની બનીશ!" સુનેત્રાએ નિખાલસ હૃદયે પોતાનો મનોભાવ પ્રગટ કર્યો.

"શું! તું તારા યોગી પતિની સાથે યોગિની થશે! તારા કોમળ શરીરે ભસ્મલેપન કરશે! તારા સુંવાળા બાલને જટાજુટ બનાવશે! અરે! હીરા માણેકના અલંકારોને બદલે જંગલનાં ઝાડ પાંદડાં પહેરશે! કોમળ સુંવાળી પથારીને બદલે ઝાડનાં ઝાંખરાંઓમાં નિંદ્રા લેશે! સુનેત્રા! મને તો લાગે છે કે; તારાથી જંગલના એ બધાં દુઃખ સહન નહિ થશે! સારાં, સારાં મિષ્ટાનો મુકી, જંગલના વનફળો તમે કેમ ભાવશે! વળી તું જ્યાં સુર્યનો તાપ પડતો નહોતો તેવી મધુર થંડકમાં નિવાસ કરતી હતી! તેને બદલે સુર્યનાં પ્રચંડ કિરણોનો તાપ તારે સહન કરવો પડશે! માટેજ કહું છું કે; તારી મિથ્યા હઠને તજીદે! તારાથી તેમાંનું કાંઇ બનવાનું નથી! યોગિનીએ સુનેત્રાની કસોટી કરવા માંડી.

"દેવી! મને નાહક ન સતાવો! મારા બળતા હૃદયમાં ઘીની આહુતિ ન આપો! મેં મારૂં યૌવન, જીવન,

મન, પ્રાણુ સર્વ વિશ્વામિત્રને અર્પણુ કર્યું છે! વિના મુલ્યે તેમને વેચ્યું છે! પુર્વાવસ્થામાં તે રાજા હતા! હું તેની રાણી હતી! હવે તે યોગી છે, હું પણુ યોગિની થઇશ! કૃપા કરી મને તેનું પવિત્ર સ્થળ બતાવો!" સુનેત્રા પોતાના નિશ્ચયને વળગી રહી.

"સુનેત્રા મને ભય લાગે છે કે વખતે તું તારા યોગી પતિને ઉપાધિરૂપ થઇશ, માટે મારૂં કહેવું માનીજા! અને પાછી કામ્યકુબ્જ ચાલીજા!" યોગિનીએ વાતનું સ્વરૂપ બદલ્યું.

"નહિ, નહિ, દેવી! મને નિરાશ ન કરો! મને મારા પતિ પાસે લઇ જાઓ! હું તેમને સંપુર્ણ સહાયતા કરીશ! તેમની સેવા કરીશ!" સુનેત્રાએ કરગરતાં કહયું,

"ગાંડી! તું શું સેવા કરીશ!" યોગિનીએ સુનેત્રાનો આંતરિક ભાવ જાણુવાના હેતુથી એ પ્રશ્ન કર્યો.

"માતા! હું તેમના દરેક કાર્યમાં મદદ કરીશ. કૃપા કરી મને વિશેષ ન તરસાવો! હું તમારે પગે પડું છું! મને એકવાર મારા પતિનાં દર્શન કરાવો! અથવા મને અહીંથી જવાનો માર્ગ આપો!" આખરે સુનેત્રાએ કંટાળી જઇ કહયું.

"વારૂ ચાલ, મારી સાથે આવ, હું તને તારા પતિના દર્શન કરાવું છું! પણ પહેલાં મને કહે તો ખરી! કે; તું તારા એ પતિની સાથે રહી શું કરશે!" સુનેત્રા પર માયાવી પ્રેમની અસર કેવી છે એ જાણવાના હેતુથી પુનઃ એજ પ્રશ્ન કર્યો.

"દેવી મારા નાથ પ્રભુનું ભજન કરશે, તો હું મંજીરા વગાડીશ. મારા પતિ મૃગછાલા પહેરશે! તો હું વલ્કલ પહેરીશ! પ્રાણેશ્વર ફળ ભક્ષણ કરશે! તો હું કંદ મુળ ભક્ષણ કરીશ. પતિ વિભુતિ ચોળશે તો હું પણ વિભુતી ચોળીશ. મારા નાથ સમાધિ ચડાવશે! તો હું તેમની સામે જોઇ રહીશ. મારા પ્રભુ જટાનો ભારો બાંધશે! તો હું તેમાંથી કચરો વીણી કાઢીશ. શયન કરવાની ઇચ્છા થશે તો કોમળ પાંદડાંની શય્યા કરી આપીશ. પતિ કદાચ કામદેવના પાસમાં સપડાશે! તો શાસ્ત્રોનાં સિદ્ધાંતોથી—દ્રષ્ટાંતોથી તેની એ વિકારી વૃતિને શાન્ત કરીશ; દરેક રીતે તેના અનંત માર્ગને નિષ્કંટક કરવાનો પ્રયત્ન કરીશ—દેવી! કહો! આથી વિશેષ કરવાનું કાંઇ રહી જાય છે!" સુનેત્રાએ પોતાનો પવિત્ર ભાવ પ્રદર્શિત કર્યો.

સુનેત્રાની શુદ્ધ વૃતિથી પ્રસન્ન થયેલી યોગિની મન માંજ બબડી; "પ્રભુ! આખરે તારી કૃપા દ્રષ્ટિ વિશ્વામિત્ર

પર થઈ ખરી! વિશ્વામિત્રનું સર્વાંગ સુધરી ગયું, હવે તે અવશ્ય બ્રહ્મત્વ પ્રાપ્ત કરી શકશે. પ્રભુ! તારી અપાર લીલાનો કોણ પાર પામી શકે છે! અનંતકોટી બ્રહ્માંડાધિશ! હવે આ બંન્ને દંપતિને આવી પવિત્ર ભાવનામાંજ રાખજે!” પછી તે સુનેત્રા તરફ ફરીને બોલી.

“ધન્ય! ધન્ય! સુનેત્રા! તારા આ શબ્દોજ સાંભળવાની મને ઇચ્છા હતી! હું ધારતી હતી કે તારી વૃતિ ઓ હજુ કામથી ભરેલી છે! પણ હવે મને ખાત્રી થઇ કે; તું સુમાર્ગ પર ચડેલી છે! સુનેત્રા! સ્રી એ પુરૂષનું અર્ધાંગ ગણાય છે! બંન્ને મળીને આખું શરીર થાય છે! પરંતુ સ્રી અને પુરૂષ એકજ ભાવનામાં ભ્રમણ કરતાં ન હોવાથી એક રૂપ ન થતાં દરેક વ્યકિત જુદી જુદી રહે છે! સ્થુળ શરીર જે જુદાં દેખાય છે, તે શુક્ષ્મ શરીરનું એક રૂપ થવાથી સ્થુળ દેખાતાં બંન્ને શરીર એકજ બને, તેમ જણાવાની ભાવના થયા કરે છે, પણ શરીરને અનેક પ્રકારની તપશ્ચર્યા કરાવી વિવિધ બાહ્ય વિષયોમાંથી મન—દ્રષ્ટિ ખેંચી લઇ, આંતરમાં વાળવામાં આવે, ત્યારેજ દિવ્ય દ્રષ્ટિ પ્રાપ્ત થાય છે. તારી ચિત વૃતિમાં કેટલેક અંશે તેવો ફેરફાર થયો છે! પતિની ભાવના તું જાણી ગઇ છે. તેજ ભાવનામાં તારી ચિત વૃતિ રમી રહી છે! એટલે હવે તું વિશ્વામિત્રને ઉપાધિ

રૂપ નહિ પણ તેની માર્ગદર્શક બને તેમાં કાંઇ પણ આશ્ચર્ય નથી! બેટા! જો સામે દ્રષ્ટિ કર! તારા પતિ દેવના અહીં થીજ દર્શન કર! યોગિનીએ સુંદર વૃક્ષોની ઘટામાં સમાધિસ્થ થયેલા એક યોગી તરફ આંગળી બતાવતાં કહ્યું.

સુનેત્રાએ તે તરફ જોયું યોગીએ માત્ર એક કૌપિન પહેરેલું હતું, બાજુમાં એક કમંડળુ પડેલું હતું; તે સમાધિસ્થ હતા. યોગની પરાકાષ્ટાએ પહોંચેલા યોગીનું શરીર જર્જરિત બની ગયું હતું, છતાં તેના ગૌર ભાલપ્રદેશ પર ઉજવળ જ્યોતિ રમતી હતી સુનેત્રા સ્થિર ભાવે કેટલીક વાર તે યોગી સામે જોઇ રહી. થોડા સમય પુર્વે જે યોગીએ તેણીને ઉપદેશ આપ્યો હતો, તેજ એ યોગી હતો. તે એકદમ બોલી ઉઠી; "એજ! એજ! મારા પ્રાણેશ્વર! એજ મારા હૃદયેશ્વર! દેવી! મને જવા દો! મારા નાથને મળવા દો!" એમ બોલતાંજ તે પર્ણકુટીથી બહાર નીકળી, પરંતુ યોગિનીએ તરતજ તેણીને પકડી લીધી. અને બોલી "સબુર! સુનેત્રા આ શું કરે છે!"

"દેવી! મને ન અટકાવો! જવા દો! મારા પતિને મળવા દો!"

"શાંન્ત! સુનેત્રા! ઉતાવળ ન કર. ધીરજ ધર."

"દેવી! હવે મારી ધીરજ રહેતી નથી, મને તેમની પાસે લઇ જાઓ! મારા વગર તે દુઃખી થતા હશે! સર્વ કાર્ય પોતાને હાથેજ કરતા હશે! જુઓ, જુઓ, તેમની જટામાં કેટલો કચરો ભરાયો છે! અરેરે! દેવી! જુઓ તેની આસપાસ મૃતિકાનો રાફડો બંધાયો છે! મને જવા દો! તે મૃતિકાને સાફ કરવા દો! મારા પતિને એ કષ્ટમાંથી મુક્ત કરવા દો!"

"ખરેખર તું દિવાની છે!"

"હા, હું દિવાની છું! પતિ પ્રેમમાં ગાંડી બની છું! મને ત્યાં લઇ જાઓ!" સુનેત્રાએ કહ્યું.

"અફસોસ! સુનેત્રા! હું ધારતી હતી તેમ તું હજુ માયાવી પ્રેમમાંથી મુક્ત થઇ નથી! પ્રેમના ઉજવળ પ્રકાશ વડે તારૂં હૃદય પ્રકાશિત થયું નથી! તું પતિની સાથે એક રૂપ થવાની ઇચ્છા રાખે છે! પણ તારા પતિને કયો માર્ગ પસંદ છે, તેમના શા વિચાર છે, તેમને અનુકુળ થઇ, નવીન જીવન આનંદમાં ગાળવા, શું ઉપાયની જરૂર છે! તેવી ભાવનાના વિચાર—તેવું મનન કરવા, અભ્યાસ પાડ વાની કેટલી જરૂર છે! એ તું જાણતી નથી. સુનેત્રા! જ્યાં સુધી સ્ત્રી પુરૂષના વિચાર અનુકુળ થઇ, એક ભાવથી ઉત્સાહ ના આનંદમાં રમણ કરતા નથી! ત્યાં સુધી બંન્ને એક ભાવનાવાળાં ન થતાં ભેદ બુદ્ધિવાળાંજ રહે છે, સ્ત્રી પુરૂષ

એક બીજાને મળવા તથા સહવાસમાં આવવા એવાં ઉત્સાહિ વાળાં, તથા પ્રેમાળ હોવાં જોઇએ કે તેમના શરીરના દરેક અણું અણુંમાં સ્વર્ગિય પ્રેમ શકિત ઉભરાઇ જઇ, એવાં આકર્ષક સ્વભાવવાળાં થવાં જોઇએ કે દર પળે નવું જીવન તત્વ શરીરમાં એકલું નહિ! પણ દરેક નસો તથા લોહીમાં ઉત્સાહના આવીર્ભાવથી ગતિમાન થઇ, હૃદય—મગજના પરમાણુંઓ પણ સતેજ થઈ, દરેક પળે આનંદમાં ઉભરાઇ જઇ, નવિન બળ, સ્થુળ, સુક્ષ્મ આદિ શરીરમાં ઉભરાઇ, સુખના આનંદનો ભાવ થઇ, દરેક પળે નવા ભાવથી જાણે નવિન જીવન થાય છે, તેવું પ્રફુલ મન રહ્યા કરે છે! શરીરમાં વહેતા લોહીનો પ્રવાહ જ્યાં સુધી શુદ્ધ વિશુદ્ધ પ્રેમના વેગથી ગતિમાન રહે છે ત્યાં સુધી દૈવી મદદ મળ્યા કરે છે કારણ કે લોહીના દરેક પરમાણુંઓ વચ્ચે ખાલી જગ્યા રહેલી છે, ને તે ખાલી જગ્યામાં પ્રાણવાયુ વિદ્યુત વેગે દરેક પરમાણુંને સંબંધ કરાવીને તેમાંથી નવિન પરમાણુંઓ ઉત્પન્ન કરી, શરીર તથા મનમાં જોમ લાવી, તેજસ્વીપણે પ્રકાશી બહારના સ્થુળ વાતાવરણમાં જે પાંચ મુળ તત્વો વ્યાપી રહેલાં છે; તેમાંથી પોતાને અનુકુળ પડતાં રજકણોનું આકર્ષણ કરી પોષણ કરવાથી જે ફાયદો થાય છે, તે અકથ્ય છે! આજ પ્રમાણે સ્રીના વિશુદ્ધ પ્રેમમાં

એવી નવિનતા તથા જોમ રહેલાં છે. કે તેના સરલ ભાવથી ઘાતકી હૃદય પણ કોમળ થઇ જવાના હજારો દાખલા છે! પતિને અનુકુળ થવા માટે તેમના મિલન પહેલાં તારે તેવી ભાવનામાં ભ્રમણ કરવાની જરૂર છે, પતિ યોગી છે! તું યોગિની થવા ચાહે છે! તો પ્રથમ યોગીના માર્ગને જાણવાનો અભ્યાસ કર! આવી અર્ધદગ્ધ સ્થિતિમાં મળવાથી તો ઉલટો તું તારા પતિનો માર્ગ બંધ કરીશ. તેને દિવ્ય માર્ગ પર જતો અટકાવીશ! સુનેત્રા! જો તું પતિનું કલ્યાણ કરવા ઇચ્છતી હોય, પતિદ્વારા તારી આત્મોન્નતિ કરવા માગતી હોય તો અપ્રસિદ્ધપણે, માત્ર તેના દર્શનથી જ સંતોષ માની, પતિની માર્ગદર્શક થવાનો પ્રયત્ન કર!"

યોગિનીના આ ઉપદેશની સુનેત્રા પર આબાદ અસર થઇ તેનું ઉન્માદિપણું દુર થયું, જાણે તે કોઇ નવિન પ્રકાશમાં આવી હોય, એવો તેણીને ભાસ થયો કેટલીકવાર તે યોગિનીની ભવ્ય તેજોમય મુખમુદ્રા સામું એકી ટસે જોઇ રહી.

"કેમ, સુનેત્રા કાંઇ સમજાયું!"

"હા, દેવી! આપના ઉપદેશથી મારૂં અજ્ઞાન દુર થયું કહો! કહો! માતા હવે મારે શું કરવું!"

"તારા પતિ સમાધિમાંથી મુકત થાય, ત્યાં સુધી તારે મારી પાસેજ રહેવું."

"માતા તે ક્યારે સમાધિમુક્ત થશે!"

"તે માટે ચોકસ કહી શકાય નહિ, વખતે એક અને તેથી વધારે વર્ષો પણ નીકળી જાય!"

"હું! એક વર્ષ!" સુનેત્રાએ આશ્ચર્ય ચકિત મુદ્રાએ કહ્યું.

"હા, સુનેત્રા કેટલાક યોગીઓ તો સેંકડો અને હજારો વર્ષ પર્યંત સમાધિસ્થ રહી શકે છે."

"દેવી! મનુષ્યના આયુષ્યની ગણના તો માત્ર એક સો વરસનીજ કહેવામાં આવે છે, અને તમે તો કહો છો કે મુનીઓ સહસ્ત્ર વર્ષ પર્યંત પણ સમાધિ લઇ શકે છે. મને તો એમાં આશ્ચર્ય લાગે છે!" સુનેત્રાએ શંકાયુક્ત પ્રશ્ન કર્યો.

સુનેત્રા મનુષ્ય પોતાના નબળા વિચારોથીજ પોતાનું આયુષ્ય ટુંકું કરી નાખે છે. પણ જો મનુષ્ય ધારે તો વર્ષોના વર્ષો સુધી પ્રાણ ટકાવી શકે છે!"

"તે કેવી રીતે દેવી!"

"પ્રાણાયમ એજ આયુષ્યને વધારવાનું મોટામાં મોટું સાધન છે, મનુષ્ય પોતાના પ્રાણને રોકી શકવાના અભ્યાસમાં જેટલો આગળ વધે છે તેટલુંજ તેનું આયુષ્ય પણ વધેછે."

" ત્યારે તો દેવી ! એ પ્રાણાયામનો વીધિ મને પણ શીખવોની!—એ વિષય કૃપા કરી સમજાવોની!"

"સુનેત્રા ! એ વિષય બહુ ગહન છે સમય આવતાં હું તે તને સમજાવીશ જો કે અધિકારી સિવાય એ પ્રાણાયમનું રહસ્ય સમજી શકાય તેમ નથી તો પણ તારામાં તે જાતના સંસ્કારો હોવાથી એ હું તને ધીમે ધીમે અભ્યાસથી શીખાવીશ. પ્રથમ તું વરસાદમાં ભીજાએલી છે, વિકટ રસ્તાઓમાં ફરવાથી થાકેલી છે માટે થોડો સમય આરામ કર, લે આ વલ્કલો પરિધાન કર, અને તેં પહેરેલાં માયાવી વસ્ત્રોને દુર કર." એમ કહેતાંજ યોગિનીએ પર્ણકુટીમાંથી વલ્કલો લાવી સુનેત્રાને આપ્યાં સુનેત્રાથી ના કહેવાઇ નહિ. તરતજ તેણીએ તે પરિધાન કર્યાં, અને પોતાનાં વસ્ત્રો ગંગાને સ્વાધિન કરી દીધાં, પુનઃ યોગિની સાથે પર્ણકુટીમાં આવી; અને યોગિનીની આજ્ઞાથી પર્ણકુટીમાં બીછાવેલા એક દર્ભાસન પર શયન કર્યું, યોગિની પણ તેની બાજુનાજ એક આસન પર બેઠી, આખો દીવસ અને રાત્રીના પરિશ્રમથી શ્રમિત થયેલી સુનેત્રા થોડીજ વારમાં નિદ્રા દેવીને આધિન થઇ ગઇ.

પ્રકરણ ૧૨ મું

રાજર્ષિત્વ લાભ

ખીણુનો રસ્તો પસાર કર્યા પછી પોતાની તપશ્ચર્યા માટે જે રમણિય સ્થાન વિશ્વામિત્રે પસંદ કર્યું હતું ત્યાં અત્યારે આપણે તેને ઉભેલો જોઇએ છીએ. તેની ચેષ્ટા પરથી તે ગંગા સ્નાન કરી નિત્ય કર્મમાં નિયુક્ત થવાની તૈયારી કરતો હોય, એમ જણાય છે. અત્યારે તે માત્ર એક કૌપિનભર છે, તે પોતાના શરીરને નિહાળી રહ્યો છે. વસ્ત્રા ભુષણ રહિત હિમથી દગ્ધ થએલ વૃક્ષના સરખું અશોભનિક શરીર જોતો તે મનમાંજ બબડયો, “ હરિ, હરિ, મેં ફોકટ આ દેહનો અને રૂપનો મોહ કર્યો હવેજ મને સમજાયું કે; શરીરને વસ્ત્રા ભુષણથી શોભાવવું, એતો પત્થર અને માટી આ રેતીથી બનાવેલા ઘરને સારૂં દેખાડવા ઉપરથી ચુનો લગાડવા જેવું છે, ચુનાની દિવાલો સારી લાગે છે પણ અંદર શું છે ? તે વિચારતાં તો પત્થરા કાંકરા માટી અને રેતી વગેરેજ જણાય છે. તેમ શરીર પણ સુંદર ત્વચાએ મઢેલ હોવાથીજ રમણિય લાગે છે પણ અંદરથી તો તે લોહી, માંસ, હાડ, વિષ્ટા, મુત્ર, પિત, કફ અને મજ્જાદિથી ભરપુર છે, કસ્તુરી, કપુર, ચંદન આદિ ઉતમ સુગંધી દ્રવ્યો પણ

આ શરીરના સંયોગથી દુષિત યા દુર્ગંધિત થાય છે, આ શરીરાદિના મોહથી અરહટ્ટ ઘટિકાઓ માફક આ જીવ સંસારમાં પરિભ્રમણ કર્યાજ કરે છે. આ શરીરની વૃદ્ધિ હાની પણ થાય છે, વૃદ્ધિ હાની પામતું શરીર તે હું નજ હોઇ શકે! આ દુનિયાના માયિક વિષયોથી વિરક્ત થઇ મોક્ષ ફળ આપનાર તપશ્ચર્યાદિ જેણે અંગિકાર કરી છે, તેણેજ આવા ક્ષણભંગુર શરીરનું પણ સાર્થક કર્યું છે, સંસારરૂપ દુર્ગંધવાળી એક ખાડ છે કે જે શૃંગાર રસ રૂપી કીચડથી ભરપુર છે તેની અંદર હું જાણવા છતાં અત્યાર સુધી સુખ માની રહયો હતો, હરિ, હરિ, શાંન્તમુર્તિ વશિષ્ટનું મેં જાણી જોઇને અપમાન કર્યું, ઓહ! મને ધિક્કાર છે! ફિટકાર છે? જેને હું મારાં કહી બોલાવતો હતો તે ખરેખર મારાં નથી. કારણકે સંસાર રૂપ કુવામાં પડતાં પ્રાણીઓનો બચાવ માતા, બેન, ભાઇ, સ્ત્રી આદિ કોઇ પણ કરી શકતું નથી. મહાન સ્વતંત્ર રાજ્ય તે પણ ચળાચળ છે, યૌવન પણ પતિત થવાનું છે. લક્ષ્મી પણ ચંચળ! અહો! ત્યાં સુખ તો ક્યાંથીજ હોય! સુખની આશા કયાંથી રાખી શકાય? હું અત્યાર સુધી એમ માનતો હતો કે સમગ્ર પૃથ્વીનાં રાજ્યો મારા રક્ષણમાં છે; પણ હવે મને સમજાય છે કે હું કોઇનું રક્ષણ કરી શકું તેમ નથીજ, કારણ હું કર્મોથી

બંધાએલ અને સંસારથી ઘેરાએલ છું. બસ, હવે હું માયા મમત્વ સર્વનો ત્યાગ કરી યોગદ્વારા અનંત સુખને આપનાર બ્રહ્મત્વની પુરૂષાર્થ વડે પ્રાપ્ત કરીશ." તે પોતાના આસન પર બેઠો અત્યાર સુધી તેણે યોગના કેટલાંક અંગો સિદ્ધ કરતાં કરતાં પ્રાણાયમનો અભ્યાસ શરૂ કરેલો હતો તે કલાકોના કલાકો સુધી પોતાના શ્વાસને બ્રહ્મરંધ્રમાં રોકી શકતો હતો. આગલા પ્રકરણમાં વાંચી ગયા તે મુજબ યોગિનીએ સુનેત્રાને જ્યારે પતિ દર્શન કરાવ્યાં તે વખતે વિશ્વામિત્ર ધ્યાનમાંજ હતો.

અભ્યાસ શું નથી કરતો ? ક્રમે ક્રમે આગળ વધીને વિશ્વામિત્ર દેહગેહાદિ સંયોગિક બાહ્ય વસ્તુઓને આત્મભાવથી જુદી સમજવા લાગ્યો એટલુંજ નહિ પરંતુ તાદૃશ સ્પર્શ જ્ઞાનથી જેવું સમજ્યો, તેવોજ અનુભવ કરવા લાગ્યો, આ ઠેકાણે વિશ્વામિત્ર શરીર સ્થિતિનું ભાન ભુલી ગયો મનની એકાગ્રતા તો થઇ હતી તેમાં વધારો થતો ચાલ્યો આજુબાજુ થતા શબ્દો સંભળાવા ન લાગ્યા ઇંદ્રિય અને તેના વિષયોથી મન જુદું પડયું, સ્વતંત્ર વિચારોથી પણ મન જુદું પડયું, અને અંતે તે મન આત્મભાવમાં લિન થઇ ગયું મનના વ્યાપારો બંધ પડયા, આત્મભાવની તિવૃતા તથા ઐકયતા એકજ પ્રવર્તવા લાગી, એ ઐકયતામાં કર્મનો ક્ષય કરનારી પરિણામની બિશુદ્ધતા વૃદ્ધિંગત થઇ

જ્ઞાનના આવરણો તિવ્રતાપના જોરથી વાદળની માફક પિગ-
ળ્યાં, મોહભાવ દેહ ઉપરથી અને શુભા શુભ કર્મો ઉપરથી
પણ ગયો, અહા? શું યોગનો મહિમા ? શું યોગનું પરાક્રમ
પરિપુર્ણ જ્ઞાનોત્પતિ કર્મક્ષયથી થાય છે, અને તે કર્મક્ષય
ધ્યાન સાધ્ય છે. એ યોગિની દેવીનો મુખ્ય ઉપદેશ હતો,
એટલે વિશ્વામિત્ર ધ્યાનાવસ્થામાંજ રહેતો હતો. આ સ્થિતિ
માં કેટલોક કાળ વ્યતિત થઇ ગયો.

એક દિવસે મહાત્મા વશિષ્ટે ધ્યાનમાં વિશ્વામિત્રની
આ સ્થિતિ જોઇ તે મનમાં બહુજ પસન્ન થયા તેણે ત્યાંજ
રહી આ પુરૂષાર્થમાં પ્રવર્ત થયેલા યોગીને પ્રણામ કર્યા,
એક વખત તેમના આશ્રમે જઇ પ્રતક્ષ્ય દર્શન કરવાની વ-
શિષ્ટને ઇચ્છા થઇ, પરંતુ તેણે તેમ કર્યું નહિ, કારણ કે
વિવેકી જીવો સામાન્ય રીતે સમજી શકે છે કે; આવી ધ્યાના
વસ્થામાં તેમની પાસે જતાં રખેને તેમને તેવી દશામાં
વિઘ્નરૂપ થાઉં! તથાપિ મહાત્મા વશિષ્ટનો એ ગુણાનું
રાગ છુપો ન રહયો ગમે તેવી નિકટ કે દુર અવસ્થામાં
પણ મહાપુરૂષોના ગુણોનું સ્મરણ તો કરવુંજ, અને સામર્થ્ય
હોય તો બીજાઓને પણ ગુણાનુરાગી કરવા, આવા ઇરા-
દાથી શાંન્તમુર્તિ વશિષ્ટ ઇંદ્ર લોકમાં ગયા અને પ્રસંગોપાત
વિશ્વામિત્રની વાત નીકળતાંજ તેનાથી બોલ્યા શિવાય ન

રહેવાયું તે બોલ્યા; “ ઇંદ્ર ! વિશ્વામિત્રની ધ્યાનમાં એટલી બધી દ્રઢતા છે કે તેને ચળાયમાન કરવાને દેવો કે દાનવો, યક્ષ કે રાક્ષસો, ભુવનપતિઓ કે મનુષ્યો, કોઇ પણ સમર્થ નથી. ”

વશિષ્ટનાં આ વચનો સાંભળી ઇંદ્રથી ન રહેવાયું તે બોલ્યો; “ મહાત્મન ? આપ આ શું બોલો છો? મેરૂ જેવા મહાન પર્વતોને એક સામાન્ય પથ્થરની માફક ફેંકી દેવાનું સામર્થ્ય ધરાવનાર દેવો પણ એક સામાન્ય મનુષ્યને ન ચળાવી શકે ? ”

“ નહિજ, ઇંદ્ર ! વિશ્વામિત્રની અત્યારે તેવીજ સ્થિતિ છે, કદાચ મેરૂ ચળી શકે, પરંતુ હું ખાત્રીથી કહું છું કે તારા ગમે તેવા પ્રયત્નો છતાં તે ચળાયમાન નહિજ થાય!” વશિષ્ટે દ્રઢતા પુર્વક કહયું.

“ મહાત્મન ! જો આપનો એવોજ નિશ્ચય હોય, તો હું જાતેજ ત્યાં જાઉં છું, અને એ વિશ્વામિત્રને ચલિત સ્થિતિમાન કરૂં છું.” ઇં અભિમાનપણામાં પ્રત્યુતર આપ્યો.

વશિષ્ટે જોયું કે ઇંદ્રને ગર્વ થયો છે યોગી મહાત્મા ના યોગનું સામર્થ્ય કેટલું હોય છે, તે આ મિથ્યાભિમાની જાણુતો નથી આ યોગીશ્વર કે જે અત્યારે યોગની પરા-કાષ્ટાએ પહોંચવાની તૈયારીમાં છે, જેને અનેક લબ્ધિઓ

પ્રગટ થઈ છે, ધ્યાન અને સમાધિ દ્વારાથી અત્યારે જેને મહાન આત્મિક બળ પ્રગટ થયું છે, તેની આ ગર્વધરને ક્યાંથી ખબર પડે ? પણ જો હું તેને પરિક્ષા કરવાની ના કહીશ તો મારૂં વચન ખોટું છે, તેમજ આ મહાપુરૂષમાં કાંઈપણ યોગિક યા આત્મિક બળ નથી, એમ તે જાણશે. અને સર્વ દેવોને પણ તેવોજ નિશ્ચય થશે. વળી આ નિમીત્ત કદાચ વિશ્વામિત્રને રાજર્ષિત્વનો લાભ પણ અપાવે રાજર્ષિત્વ પ્રાપ્ત થયા પછી એ પુરૂષાર્થી પુરૂષ પ્રયત્ન વડે મહર્ષિ અને છેલ્લે બ્રહ્મર્ષિપણાને પામવાનો વિશેષ પુરૂષાર્થ કરે ! તો એ પણ તે યોગની પરાકાષ્ટાએ પહોંચેલા વિશ્વામિત્રના લાભનીજ વાત છે. એમ વિચારી તેણે ઇંદ્રને માત્ર એટલુંજ કહ્યું કે; “ ભલે, તારી જો એવીજ ઇચ્છા હોય તો તેમ કર. ”

ઇંદ્ર તત્ક્ષણે મૃત્યુ લોકમાં આવ્યો અને જે સ્થળે વિશ્વામિત્ર ધ્યાનસ્થ હતો ત્યાં ગયો, ઇંદ્રે પ્રથમ વાયુદેવનું આવાહન કરી વિશ્વામિત્રને ચલિત કરવાની આજ્ઞા કરી. ઇંદ્રને આધિન રહેલા વાયુદેવે મહાન વેગથી પોતાનો પ્રભાવ પ્રસાર્યો, ધુળની વૃષ્ટિ થવા લાગી. તે એટલે સુધી કે ધુળથી વિશ્વામિત્રના કાન અને નાકના વિવરો પુરાઇ ગયાં, શ્વાસોશ્વાસ ચાલવો બંધ પડી ગયો, તોપણ યોગિક શક્તિવાળા

વિશ્વામિત્રને તેથી કાંઇપણ દુઃખ ન થયું. ત્યારે ઇંદ્રે પોતાની શક્તિથી વજના સરખા તિક્ષણ મુખવાળી કીડીઓ ઉત્પન્ન કરી, વિશ્વામિત્રના શરીર પર મુકી. કીડીઓ એટલા જોરથી ડંખ મારવા લાગી કે થોડા વખતમાં તેનું જર્જરિત શરીર ચાલણીના જેવું છિદ્રમય થઇ ગયું; છતાં તે મહાત્માનું મન બિલકુલ કલુષિત ન થયું. આ વખતે પણ ઇંદ્ર નિ-ર્ભાગ્ય મનુષ્યના મનોરથોની માફક નિશ્ફળ નિવડયો, એટલે મોટા મોટા ડાંસ બનાવી તેમના ઉપર મુકયા. ડાંસ એટલા જોરથી ચટકા મારવા લાગ્યા કે જેમ પર્વતમાંથી અનેક ઝરણાઓ ચાલે છે તેમ મહાત્માના શરીર રૂપ પર્વતમાંથી રૂધિરરૂપ ઝરણાઓ ચાલવા લાગ્યાં. તથાપિ તે મહાશયનું મન ચલિત ન થયું, પણ ઉલટું અધિક સત્વથી ઉત્તેજીત થવા લાગ્યું. આવી રીતે સિંહ, સર્પ, હાથી વગેરે અનેક રૂપો ધરી ધ્યાનસ્થ દશાથી ચલિત કરવા તેણે પ્રયત્ન કર્યો પણ તે નિરૂપયોગી થતું જોઇ ઇંદ્ર વિચાર કરવા લાગ્યો કે, આ પ્રતિકુળ ઉપસર્ગોથી કદિ ચલાયમાન થવાનો નથી પણ જો આને અનુકુળ સુખ બતાવું તો નકકી ચલિત થશે. આ ઇરાદાથી એક વિમાન તૈયાર કરી દેવ દેવીઓ બનાવી વિમાનમાં બેસી વિશ્વામિત્ર પાસે આવી તેને કહેવા લાગ્યો મહાત્મન ! આ તમારી ધૈર્યતા અને તપશ્ચર્યા જોઇ હું

પ્રસન્ન થયો છું. ચાલો, આ વિમાનમાં બેસો તમને તમારા ઇચ્છીત પ્રમાણે દેવલોકમાં લઇ જાઉં, તપશ્ચર્યા કરીને જે સાધવા માંગો છો તે હું તમને આપું છું"

ખરેખર! મોહનિદ્રાથી નિંદ્રિત થયેલા ક્ષણિક તથા માયિક સુખમાં સુખ માનનારા જીવોને આ પુદ્‌ગલિક સુખો સુખરૂપ ભાસે છે, પણ તત્વ જાણનારા જ્ઞાનીઓ આવા સુખને સુખ રૂપ માનતા નથી. એટલુંજ નહિ પણ આગામી કાળે દુઃખ આપનાર હોવાથી તેને વર્તમાનમાં પણ દુઃખ રૂપ ભાસે છે. વિશ્વામિત્ર જેને માટે તપશ્ચર્યા કરે છે? જેને માટે સંસાર ત્યાગ કરી આત્મ રમણ કરે છે? જંગલમાં નાના પ્રકારનાં કષ્ટ સહન કરે છે! તે આ દુનિયાના સુખ માટે નહિ? ઈંદ્રના સુખ માટે નહિ? પરંતુ કર્મના અભાવથી ઉત્પન્ન થતા આત્મિક સુખ માટેજ છે? તેની આ ઐહિક સુખની લાલસાવાળી ઈંદ્રને ખબર ન પડી. અને તેથીજ આવા સંયોગિક વિયોગિક સુખની પ્રેરણા કરે છે. ઇંદ્રની આ પ્રાર્થના પણ નિષ્ફળ ગઇ. વિશ્વામિત્રે તે અંગિકાર તો ન કર્યું! પણ તેની સામુએ ન જોયું! ઇંદ્ર નિરાશ થયો. હવે કયો માર્ગ લેવો કે ધ્યાનાવસ્થા મુકી દઇ આ યોગી મારા કહ્યા મુજબ ચાલે. વિચાર કરતાં ઇંદ્રને જણાઈ આવ્યું કે દુનિયામાં સ્ત્રી શિવાય બીજું કોઇ શસ્ત્ર શિર

પુરૂષનો પરાભવ કરનાર નથી. આ ઇરાદાથી તેણે કેટલીક દિવ્યસ્વરૂપા નવયૌવના મોહક સુંદરીઓ-અપ્સરાઓ બનાવી તેની સાથે કામને ઉતેજીત કરનારી ષડ્ ૠતુઓ એકી સાથે વિકુર્વી કદંબાદિ પુષ્પોનો પરાગ ચારે દિશાઓમાંથી છુટવા લાગ્યો. મંદમંદ વાયુ ફરકવા લાગ્યો. કોકિલના શબ્દોથી ૠષિકેશની આસપાસનો વન પ્રદેશ શબ્દિત થયો. બીજી બાજુ દેવાંગનાઓએ મધુર સંગિત શરૂ કર્યું. આંધાર, મલ્લાર, અને માલકોષાદિ અનેક મધુર અને મોહક સ્વરો વિસ્તારવા લાગ્યા. વિણાઓના ઝીણા પણ હૃદય ભેદક શબ્દોથી વનના પશુઓ પણ સ્થંભી જવા લાગ્યાં, મેઘની ગર્જના સરખા મૃદંગોના શબ્દો અથડાવા લાગ્યાં, આટલેજ તે ઇંદ્રની બનાવેલી દેવાંગનાઓ શાંન્ત ન રહી, તેઓ આગળ વધી, સ્ત્રી જનોને સુલભ પોતાનો વિકાર પ્રગટ કરવા લાગી, હાવભાવ કરવા શરૂ કર્યા, નિર્લજ પણે નિતંબ અને સ્તનાદિકના ભાગો ખુલા કરવા લાગી, ટુંકામાં તેઓમાં જેટલું સામર્થ્ય હતું તે સર્વ વિશ્વામિત્રને ચલાયમાન કરવાને વાપરી ચુકી; પણ પાણી ઉપર થતા પ્રહારની માફક તે સર્વ નિષ્ફળ ગયું. ઇંદ્રને ખબર નહોતી કે; યોગિની દેવીની કૃપાથી વિશ્વામિત્રની જ્ઞાન દશા જાગ્રત થઇ છે. વશિષ્ટ સાથેના સમાગમ પછી અને યોગિની તરફથી મળેલ ઉપદેશ

ગળી વિશ્વામિત્રનો માયાવી વસ્તુઓ પરથી મોહ ઉતરી ગયો છે. આજ સુધીનાં ભોગવેલાં સંસારિક સુખોનું પરિણામ દુઃખજ આવ્યું છે. અને ખરૂં સુખતો જુદુંજ છે, એવું જેના રોમેરોમમાં પરિણમી રહયું છે, અને આત્માનંદના સુખનો અનુભવ કરી શકયો છે, તેના સુખ આગળ આ સુખો બિંદુ તુલ્ય પણ નથી, અંતરિક્ષમાં રહેલો ઇંદ્ર આ છેલ્લી યુકિતમાં પણ નિષ્ફળ ગયો, કાંઇ નવિન યુકિત શોધવાના વિચારમાં લિન્ન થયો, એટલામાં "ધન્ય! ધન્ય! વિશ્વામિત્ર? તારી દ્રઢતાને ધન્ય છે! તપના પ્રભાવે તારો ક્ષત્રિય ગર્વ ગળી ગયો છે? હવે તું રાજા મટી રાજર્ષિ થયો છે?" એવો ગંભીર ધ્વનિ સંભળાયો. ઇદ્રે ઉંચે જોયું બ્રહ્મા અને અન્ય દેવો આકાશ માર્ગે વિમાનમાં આવતા જણાયા, ઇંદ્ર શરમાઇ ગયો. પોતે કરેલા કાર્ય માટે પસ્તાયો, તેણે નીચું જોયું.

"ઇંદ્ર? ગભરા નહિ, આમાં તારો દોષ નથી. જે કાંઈ થયું છે, તે પરમાત્માની ઇચ્છાથીજ થયું છે, જો તેં વિશ્વામિત્રની આ રીતે કસોટી કરી ન હોત? તો આ મહાત્માની દ્રઢતાનો અનુભવ સૃષ્ટિના જીવો અને ખાસ કરીને આ દેવ મંડળને થયો ન હોત!" એમ કહી તે વિશ્વામિત્ર તરફ ફરીને બોલ્યા. પુત્ર જાગ્રત થા તારા તપો બળથી હું બહુજ પ્રસન્ન થયો છું.

અંતરિક્ષથી આવેલા એ અવાજની વિશ્વામિત્રને કાંઇ અસર થઈ નહિ. તેની સમાધિ છુટી નહિ, એકાએક એક યોગિની ત્યાં દોડતી આવી અને વિશ્વામિત્રની સન્મુખ ઉભી રહી. દેવમંડળે અંતરિક્ષમાં રહી તે યોગિની દેવીને પ્રણામ કર્યા. દેવીએ પોતાના પવિત્ર હાથો લંબાવી આશિર્વાદ આપ્યો. પછી તેણી વિશ્વામિત્રની નજીક ગઇ, અને તેના મસ્તકપર હાથ ધરી તેના શ્રવણ પુટપર પોતાનું મુખ કરી મૃદુસ્વરે માત્ર એકલુંજ બોલી, "પુત્ર ? રાજર્ષિત્વ લાભ મેળવવા જાગ્રત થા ? જો ? સાક્ષાત બ્રહ્મા તારા તપો બળથી પ્રસન્ન થઇ તને વરદાન આપવા દેવ મંડળ સહિત અંતરિક્ષમાં ઉભા છે."

પૂર્વપરિચિત શબ્દનો ધ્વનિ કર્ણ પુટપર અથડાતાંજ વિશ્વામિત્રનાં નેત્ર ખુલી ગયાં; તે સાથેજ, "રાજર્ષિ વિશ્વામિત્રનો જય !" એવો ગગન ભેદી ગંભિર નાદ સંભળાયો અને તેની સાથે આખું ઉપવન પ્રકાશમાન થઇ ગયું. વિશ્વામિત્રે ઉંચે જોયું, સાક્ષાત બ્રહ્મા, તેત્રીસ કરોડ દેવો સહિત વિમાનમાં બેઠેલા જણાયા. વિશ્વામિત્રે આસનપરથી ઉઠી સર્વને પ્રણામ કર્યા. બ્રહ્માએ વિશ્વામિત્રને આશિર્વાદ આપતાં કહ્યું, "બેટા ! તારા તપોબળથી હું બહુજ પ્રસન્ન થયોછું આજે હું તને રાજર્ષિપદનો અધિકારી કરૂં છું."

"રાજર્ષિપદનો અધિકારી ઠરૂં છું" એ શબ્દો સાંભળતાંજ વિશ્વામિત્રનો ચહેરો નિસ્તેજ બની ગયો, તે મનમાંજ બબડયો; "અફસોસ મેં સહસ્ત્ર વર્ષ ચારે તરફ અગ્નિ પ્રજ્વલિત કરી ઘોર તપ કર્યું, તેનું આજ ફળ? અરે? વશિષ્ટ બ્રહ્મર્ષિ? અને હું કેવળ રાજર્ષિ? ઓહ? ધિક્કાર! ધિક્કાર? ક્ષત્રિય જન્મપર હજારો ફિટકાર?" આવા અનેક વિચારોમાં તલિન્ન થયેલા વિશ્વામિત્રે ઉંચે જોયું. બ્રહ્મા, દેવ અથવા વિમાનો એમાનું કાંઇ જણાયું નહિ, તેણે એક દિર્ઘ વિશ્વાસ નાંખ્યો, સામેજ યોગિની ઉભી હતી, તે વિશ્વામિત્રના મનનો ભાવ જાણી ગઇ તે વિશ્વામિત્રને ઉદ્દેશીને બોલી "વિશ્વામિત્ર? આવા આનંદ પ્રસંગમાં તારૂં મુખ ચંદ્ર નિસ્તેજ કેમ જણાય છે!"

"દેવી! શું કહું, મારા મનનો ભાવ તમારાથી ક્યાં અજાણ્યો છે," વિશ્વામિત્રે નિશ્વાસ નાંખતા કહ્યું.

"સમજી? વિશ્વામિત્ર તારા મનનો ભાવ સમજી! તને બ્રહ્મર્ષિપદ મેળવવાની ઇચ્છા છે! પરંતુ હજુ તું એ પદને લાયક થયો નથી! ધીરજ ધર, તારી સર્વ ઇચ્છા પુર્ણ થશે?"

"દેવી! જ્યાં સુધી વશિષ્ટના સમાન ન થાઉં, ત્યાં સુધી મારા હૃદયને શાન્તિ નહિજ થશે." વિશ્વામિત્રે નિશ્વાસ નાંખતાં કહ્યું.

"શાન્ત ! પુત્ર ઉતાવળો ન થા ! રાજર્ષિપદ મેળવી તેં એક મહાન શક્તિ પ્રાપ્ત કરી છે. ભાગ્યવાનનેજ એ પદવી પ્રાપ્ત થઈ શકે છે, તું મહાન ભાગ્યશાળી છે. રાજર્ષિ એટલે શું ? અને તેનો પ્રભાવ કેટલો છે ? એ તું નથી જાણતો, એટલે તેમાં તને કાંઇ ન્યુનતા જણાય છે ? પરંતુ ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરવા માટે સોપાનારોહણ આવશ્યક છે ? અને ક્ષત્રિય તાપસ રાજર્ષિરૂપ સોપાનપર ચઢ્યા પછીજ બ્રહ્મર્ષિત્વ પ્રાપ્ત કરે છે ? એ સોપાનપર તું ચઢ્યો છે. ! પ્રથમ તારી શક્તિનો પ્રભાવ ત્રિભોવનમાં પ્રચલિત કર ? જે મહાશક્તિના બળથી સાક્ષાત બ્રહ્મા સૃષ્ટિકર્તા છે, તેજ રજોગુણી મહાશક્તિ તેં પ્રાપ્ત કરી છે, બેટા ? રાજર્ષિત્વને સામાન્ય ન સમજ." યોગિનીએ વિશ્વામિત્રને આશ્વાસન આપતાં કહ્યું.

"અહા ! માતા ! આજે તમે મારા હૃદયમાં અમૃત રેડ્યું છે ? માતા ? મારા તરફ આટલો બધો સ્નેહ ભાવ રાખનારી પવિત્ર માતા ? કહો, તમે કોણ છો ! વારંવાર મને નીચે ગબડતો બચાવનાર પવિત્ર જનની ! મને આપનું ઓળખાણ આપી કૃતાર્થ કરો !" એમ કહેતાંજ વિશ્વામિત્ર તે યોગિનીના ચરણમાં ઢળી પડ્યો, યોગિનીએ તેના બંને હાથ પકડી ઉઠાડ્યો, અને કહ્યું.

"પુત્ર ? જે દિવસે તું બ્રહ્મર્ષિ પદ મેળવીશ, તે દિવસે હું તને મારો પરિચય કરાવીશ, મારી ઓળખાણ તને પોતાની મેળે ન થાય ! ત્યાં સુધી તને રાજર્ષિ અને બ્રહ્મર્ષિના લાભાલાભ નહિ સમજાય ! તોપણ એટલું તું તારા હૃદયમાં કોતરી રાખ ? કે હું તારી માતા છું ! તું મારો સંતાન છે ? તારી ઉન્નતિથીજ મારી ઉન્નતિ છે ! જે દિવસે તું પૂર્ણ ઉન્નતિને પ્રાપ્ત થઈશ, તે દિવસે તું મને આવો પ્રશ્ન નહિ કરીશ ! પરંતુ અનુભવદ્વારા તને મારી ઓળખ થશે કે હું કોણ છું ?"—

"મા! મા! કલ્યાણી ? કેહો ત્યારે હવે મારે શું કરવું?"

"બેટા ! શોચ નકર. શાન્ત થા ? સાવધ થા! તારા કાર્યમાં તત્પર થા ! પ્રભુતારી સર્વ ઇચ્છા પુર્ણ કરશે. તારા પુરૂષાર્થનું પરિણામ તને સંપુર્ણ અને સારૂંજ મળશે." એટલું કહેતાંજ યોગિની વિશ્વામિત્રની દ્રષ્ટિથી દુર થઇ ગઇ, અને પાસેની ઝાડીમાંજ અદ્રશ્ય થઇ ગઇ, વિશ્વામિત્ર દિગમુંઢ જેવો આસપાસ દ્રષ્ટિ ફેરવતો ત્યાંજ સ્થિર થઇ ગયો, કેટલીકવારે તેને પોતાની સ્થિતિનું ભાન થયું તે મનમાંજ બબડયો; "બસ હવે તો એજ નિશ્ચય ?" કાર્ય સાધ્યામી યાતો દેહ પાત્યામી," વિશ્વામિત્ર પુનઃ પોતાના આસન પર ગયો અને ૐમ્ પ્રણવના મોટા ઉચ્ચાર સાથે પ્રાણ વાયુને બ્રહ્મરંધ્રમાં સ્થાન આપ્યું, તે સમાધિસ્થ થયો.

પ્રિય વાંચક ? સુનેત્રા યોગિનીના આશ્રમમાં છે વિશ્વામિત્ર સમાવિસ્થ થયો છે. ચાલો તેમની સમાધિ છુટતાં સુધી તે બંને દંપતિને એવી પવિત્ર ભાવનામાંજ રહેવા દઇ આપણે અયોધ્યાપુરીમાં પ્રવેશ કરીએ અને ત્યાંનો આપણી આ કથા સાથે સંબંધ ધરાવનારો કેટલોક ઇતિહાસ જાણી લઇએ ! ! ! !

પ્રકરણ ૧૩મું.

ત્રિશંકુ.

પૂર્વે અયોધ્યાપુરીમાં ત્રયારૂણિ નામે રાજા રાજ્ય કરતો હતો, તેને સત્યવૃત નામનો એક પૂત્ર હતો તે બાલ્યાવસ્થાથી લાડમાં ઉછરેલો હોવાથી ઘણો ઉદ્ધત અને અવિચારી બની ગયો હતો. તે પિતાની ઇચ્છા વિરૂદ્ધ બળાત્કારે બીજાએ પરણેલી સ્ત્રીઓનું હરણ કરતો, સિદ્ધ મહાત્માઓના મંત્રમાં વિઘ્ન નાખતો, એ વગેરે તેનાં અધર્માચરણો સુધારવા ત્રયારૂણિએ ઘણું કર્યું, તે ઉદ્ધત છોકરાને બહુ સમજાવ્યો, પરંતુ તે સમજ્યો નહિ, આખરે તે અધર્મી પુત્રને રાજાએ પોતાના દેશમાંથી કાઢી મુકયો, પિતાથી તજાએલો સત્યવૃત જંગલ અને અરણ્યમાં ભટકતો આખરે શુદ્ધિમાં આવ્યો

પોતે કરેલા કાર્યો માટે પસ્તાવા લાગ્યો, પરંતુ હવે તે નકામું હતું. રાજ્ય મળવાની તેને આશા ન હોતી. તેણે પોતાનું જીવન હવે પરોપકારમાંજ વિતાડવાનો નિશ્ચય કર્યો તે રૂષિ મહાત્માઓના આશ્રમોમાં જતો તેમની સેવા કરતો કોઇ અનાથ મળતું તો તેને ભોજન વગેરે આપી સંતોષતો. આ અરસામાં લાગલાગી બાર વર્ષ સુધી અનાવૃષ્ટિ થઇ, ભયંકર દુષ્કાળથી પિડાતાં લોકો અન્ન અન્ન કરી રખડવા લાગ્યાં સત્યવૃતે તેવાં દુષ્કાળ પિડીત જનોને પોતાના સંચય દ્રવ્યમાંથી પોષણ આપવા માંડયું અન્નનો આશ્રય મળવાથી અનેક ક્ષુધાપિડીત કંગાળો સત્યવૃતને શરણે આવવા લાગ્યાં જ્યાં સુધી પોતાની પાસે દ્રવ્ય હતું ત્યાં સુધી તો સત્યવૃતે પોતાનો નિયમ ચાલુ રાખ્યો, પરંતુ ધન ભંડાર ક્યાં સુધી ચાલી શકે? જયારે દ્રવ્ય ખુટ્યું ત્યારે આસપાસથી શિકાર મેળવી લાવી તે વડે ભિક્ષુકોને સંતોષવા લાગ્યો, એક દિવસ તેની પાસે ક્ષુધાતુર બ્રાહ્મણો આવી ચડયા આ વખતે સત્યવૃત પાસે અન્ન હતું નહિ પરંતુ આવેલા અતિથીને નિરાશ નજ કરવો, એવો સત્યવૃતનો નિશ્ચય હોવાથી તેણે તે અતિથીને થોડા સમય બેસવાનું કહી, પોતે આયુધો સાથે બહાર નીકળ્યો, શિકાર માટે તે બહુ રખડયો પરંતુ કોઇ શિકાર હાથ આવ્યો નહિ. આથી તે નિરાશ થઇ

પોતાના આશ્રમ ભણી પાછો ફર્યો પરંતુ એટલામાં વશિ-ષ્ટની કામધેનુ પર તેની દ્રષ્ટિ પડી. "અતિથી વેર ભુખ્યો બેઠો છે તેને સંતોષવો જોઇએ" એવા વિચારમાં લિન્ન થએલા સત્યવૃતને ગોવધથી મહાન પાપ લાગશે તેનું જ્ઞાન રહ્યું નહિ, તેણે તરતજ પોતાના શસ્ત્ર વડે વશિષ્ટની કામધેનુનો વધ કર્યો અને તેનું માંસ લાવી તેને રંધાવી પોતાના આશ્રમે બેઠેલા ક્ષુધાતુર અતિથીને સંતોષ્યા. સત્યવૃતના દુષ્ટ કૃત્યની વશિષ્ટને ખબર પડતાં તે તેના આશ્રમે ગયા અને ક્રોધ કરી બોલ્યા.

"દુષ્ટ? તેં ઉંચ્ચ પદની આશાએ અતિથીનો સત્કાર કરવામાં અતિ અધમ કૃત્ય કર્યું છે? માટે હું તને ઉંચ્ચ પદના અધિકારથી ભ્રષ્ટ કરૂં છું! પિતાની અવજ્ઞા, ગુરૂની ગાયનો વધ, અને ગોમાંસનું વગર પ્રોક્ષણે કરેલું ભક્ષણ આ ઉપરા ઉપરી તેં ત્રણ દોષો કરેલા હોવાથી, આજથી તું પૃથ્વીમાં ત્રિશંકુ એ નામથી ઓળખાઈશ.

વશિષ્ટના શ્રાપથી થરથર કાંપતો સત્યવૃત શ્રાપના અનુગ્રહ માટે વશિષ્ટને અનેક પ્રકારે વિનવવા લાગ્યો. ક્રોધ શાંતિ થતાંજ વશિષ્ટને પોતાની સ્થિતિનું ભાન થયું, ક્રોધાવેશમાં અપાએલા શ્રાપ માટે તેને ઘણું લાગી આવ્યું. સત્યવૃત પર તેને દયા આવી તે બોલ્યા "ત્રિશંકુ!"—

પ્રિયવાંચક ! હવે આ સત્યવૃતને આપણે પણ ત્રિશંકુના નામથીજ સંબોધીશું.

"ત્રિશંકુ! તારા અપરાધો મહાન છે તોપણ મને તારી સ્થિતિ પર દયા આવે છે, જો તું કરેલા પાપમાંથી મેં આપેલા શ્રાપમાંથી મુકત થવા માગતો હોય, તો સ્વાર્થ ત્યાગી થા, જગતના કલ્યાણ માટે યજ્ઞ યજ્ઞાદિ કાર્યોમાં પ્રવર્ત થા, જા! તારૂં કલ્યાણ થશે? પરંતુ યાદ રાખજે! સ્વાર્થવૃતિથી હમેશાં દુર ભાગજે! નહિ તો તારા માટે સ્વર્ગ મૃત્યુ પાતાલ એમાંના કોઈ સ્થળે સ્થાન નહિ રહેશે! જે કાંઇ કરે, તેમાં જગતના જીવોના કલ્યાણનો હેતુજ સ્થાપજે! એમ કહેતાંજ વશિષ્ટ પોતાના આશ્રમમાં ચાલ્યા ગયા.

કેટલાંક વર્ષો પછી ત્રયારૂણિ રાજા દેવલોક પામ્યો વશિષ્ટ તેમના પુરોહિત હતા, સત્યવૃત સુમાર્ગ પર આવેલો છે એ તે જાણતા હતા, એટલે પ્રજાવર્ગ અને બીજા રાજ્ય પરિવારમાં સત્યવૃતને માટે સારી છાપ પાડી તેનેજ રાજ્યાભિષેક કરાવ્યો, ત્રિશંકુ ત્યારથી વશિષ્ટના રૂણમાં દબાયો.

ગાદી પર આવ્યા પછી ત્રિશંકુએ વશિષ્ટની આજ્ઞાનુંસાર પ્રથમ ઇંદ્રયાગ કર્યો, જેના પ્રભાવે અનાવૃષ્ટિ થતી અટકી વૃષ્ટિ થવાથી પ્રજા અને જગતના પ્રાણી માત્રમાં

શાંતિ પ્રસરી રહી આ પછી પણ વશિષ્ટને પુરોહિત બનાવી ત્રીશંકુએ એકંદર નવાણું યજ્ઞ કર્યા. જગતના તમામ જીવો ત્રિશંકુના આ પુણ્ય કર્મથી શાંતિનું સામ્રાજ્ય ભોગવવા લાગ્યા પરંતુ જન્મથીજ ઉન્મત સ્વભાવના ત્રિશંકુથી આ તાપ સહન થઇ શક્યો નહિ, તેની પરોપકારવૃત્તિ સ્વાર્થના રૂપમાં બદલી ગઇ. તેને વારંવાર એવાજ વિચારો આવવા લાગ્યા કે; "મેં મારા માટે શું કર્યું ? જગતના જીવોનું કલ્યાણ થાય તેમાં મારૂં શું વળ્યું? નવાણું યજ્ઞ કરવાનું ફળ મને શું મળ્યું !" તેના આ મલિન વિચારો તેની સાધવી સ્ત્રી બદરીના જાણવામાં આવતાં તેણી ઘણીજ ખિન્ન થઇ, તે સાધવી પોતાના પતિના વિચારો સુધારવા હમેશાં પોતાનાથી બનતું કરતી પરંતુ ત્રિશંકુની વૃતિ હમેશાં એજ વિચારોમાં રમણ કરતી હતી કે "મેં મારા માટે શું કર્યું ! એક દિવસે તેણે વશિષ્ટને એક એવો યજ્ઞ કરાવવાની પ્રાર્થના કરી કે જે સાંભળી સ્વાર્થ બુદ્ધિ ત્રિશંકુના આત્મ માટે વશિષ્ટને ચિંતા થવા લાગી તેણે ત્રિશંકુના તેવો યજ્ઞ નહિ કરવા માટે બહુ બહુ પ્રકારે સમજાવ્યો, પરંતુ ભાવિને વશ થએલો ત્રિશંકુ ઠેકાણે નં આવ્યો, આથી વશિષ્ટ તેનું નગર છોડી ગયા. તદપિ ત્રિશંકુના વિચાર તો તેના તેજ રહ્યા. જો કે વશિષ્ટ પર તેને ઘણો ક્રોધ ચઢયો પરંતુ પ્રભાવશાળી મુની

પાસે તે કશું બોલી શકયો નહિ વિચારમાંને વિચારમાં કેટલાક દિવસો ચાલ્યા ગયા. પરંતુ ત્રિશંકુ ધારતો હતો તેવો યજ્ઞ કરાવનાર કોઇ પુરોહિત ન મળ્યા. અચાનક એક દિવસે તેને એક મુનીનું સ્મરણ થઇ આવ્યું તરતજ તેણે એક અનુચરને બોલાવી તે મુનીના આશ્રમમાં મોકલ્યો, અને પોતે મુનીના આગમનની રાહ જોતો અંતઃપુરમાં બેઠો, બહરીને એ વાતની ખબર પડતાં તે પણ તેની પાસે આવી અને પતિ કાંઇ સમજે તો હજુ પણ સમજાવવાનો તેણીએ મનમાં નિશ્ચય કર્યો.

પ્રિય વાંચક! આવો આપણે પણ ત્રિશંકુના અંતઃપુરમાં પ્રવેશ કરીએ, અને તે પતિ પત્ની વચ્ચે થતી વાતચીત સાંભળીએ, અંતઃપુરમાં પ્રવેશ કરતાં આપણને કોઇ જોઇ શકવાના નથી, ચાલો, મારી સાથે આવો, જુઓ! આ સામે દેખાય છે તેજ મહારાજા ત્રિશંકુનું અંતઃપુર છે! પલંગ પર બેઠેલા ત્રિશંકુ પોતે છે! અને તેની સામેના આસન પર બેઠેલી તેજ તેની રાણી બહરી છે! તેઓ વચ્ચે કાંઇ વાતચીત ચાલી રહી છે, આવો આપણે તેની નજીક ઉભા રહી જરા સાંભળીએ.

"નાથ! આજે આપ ઉદાસ કેમ જણાઓ છો! શું હજુ તમારા મનનું સમાધાન નથી થયું!" બહરીએ વાતની શરૂઆત કરતાં કહ્યું.

"નહિ, દેવી! હજુ મારા વિચારોનો અંત નથી આવ્યો!" ત્રિશંકુએ જવાબ આપ્યો.

"નાથ! તમારા એ વિચારનો અંત ક્યારે આવશે?" બદરીએ કાંઈક દિલગીર થતાં પ્રાર્થનાના રૂપમાં કહ્યું.

"દેવી! જ્યારે મારી કામના પુર્ણ થશે!–મેં તમોને આગળ કહ્યો હતો તેવો યજ્ઞ કરી ઇચ્છિત ફળની પ્રાપ્તિ કરીશ ત્યારેજ મારા એ વિચારોનો અંત આવશે!" ત્રિશંકુએ ખુલાસો કર્યો.

"નાથ! આપના પવિત્ર હૃદયમાં આ કેવા મલિન વિચાર! આપને એવી કઇ વસ્તુની ખામી છે! કે જે હજુ મેળવવાની ઇચ્છા રાખો છો! ગુરૂ કૃપાથી રાજ્ય, ધન, સંપતિ એ સર્વ તો મળ્યું છે!"

"દેવી! નવાણું યજ્ઞ કરવાથી સર્વ પ્રજામાં, અરે! સમગ્ર સૃષ્ટિમાં, સર્વ સ્થળે શાંન્તિનું સામ્રાજ્ય ફેલાયું! અનાવૃષ્ટિની આપદાથી છુટેલા સૃષ્ટિના જીવોને સુખ થયું! એથી તું એમ સમજે છે કે, ત્રિશંકુને સર્વ મળી ગયું! મુર્ખી! અન્યને સુખ મળે તેથી આપણે શો લાભ!"

પતિના આ મુર્ખતા ભરેલા શબ્દો સાંભળી બદરી ઘણીજ ખિન્ન થઇ ગઇ તે બોલી; "નાથ! નાથ! આ શું આજે આપના આ કેવા વિચાર! સમગ્ર સૃષ્ટિના જીવોને

સુખ શાન્તિના સામ્રાજ્યમાં બિરાજતાં જોવાં એ મનુષ્ય માત્ર નો ધર્મ છે!"

"અને પોતાનુ કલ્યાણ કરવું એ શું મનુષ્યનો ધર્મ નથી કે!"

"અવશ્ય, પણ નાથ! બીજાનું કલ્યાણ ઇચ્છનાર મનુષ્યનું સર્વદા કલ્યાણજ થાય છે. પ્રજાનું રક્ષણ કરનારોજ રાજા ગણાય છે! પ્રજામાંથી ઉત્પન્ન કરેલા દ્રવ્યનો પ્રજાના કલ્યાણ અર્થે વ્યય કરનારોજ પ્રજામાં માનને પાત્ર થાય છે! તમે લીધેલા માનવ દેહનું, અને તેમાં પણ ખાસ કરીને ઇશ્વરી અંશ ગણાતા રાજા દેહનું, સાર્થક કર્યું છે! નાથ! આપને રાજ્ય ઐશ્વર્ય મળ્યું એ કાંઇ થોડું સુખ માનો છો!"

"છટ! છટ! એવા નાશવંત સુખને ઇચ્છનારો આ ત્રિશંકુ નથી! હું અક્ષય સુખની પ્રાપ્તિ કરવાની ઇચ્છા રાખું છુ!"

"પ્રભુ! આપની એ ઇચ્છા પણ ફળીભુત થશે, આપના સત્કર્મનો બદલો અક્ષય સુખથીજ મળશે."

"છટ એ કેમ માની શકાય! મળશે એમ શા પરથી સમજાય!"

સમજવાના આધકારી થાઓ ત્યારે એ સમજાય! નાથ! વિચાર કરો! આપના પુર્વના સત્કર્મોના સંસ્કારો તમને એક રાજ્ય પદવી પર લાવ્યા! તેજ સંસ્કારોને તમે વધારે

युक्त बनाव्या! अने हजु पण तमारूं सात्विक विचारोमांज स्मरण छे! तो एज सत्कर्मो तमने हवे पछीना जन्ममां आथी पण वधारे सुखना अनुभवमां मुके तेमां नवाइ शुं!"

"हां, राणी! हवे हुं तमारो भाव समज्यो, परंतु मारो हेतु कांइ जुदोज छे, मारी इच्छा आ स्थुळ सहित स्वर्ग प्राप्त करवानी छे. समज्यां!"

"समजी, पण नाथ! तमारा ए अनिष्ट विचारो कांइ अनिष्ट सुचवनारा छे! कृपा करी एवा नबळा विचारोने आपना पवित्र हृदयमां स्थान न आपो! स्वर्गने अक्षय सुख मानवामां तमारी भुल थाय छे जे स्वर्गनी तमे इच्छा करो छो, ते स्वर्गमां वसता देवो पण मनुष्य जन्म लेवानी इच्छा करे छे! कारण के मनुष्य देह महा प्रयत्ने मळे छे! ते मळेला जन्मने निरर्थक न गुमावो! जो धारो तो तमे पोते देव थइ शको छो! देवना देव इंद्रने पण दबावी शको छो! अरे! ब्रह्मा, विष्णु, महेश आदिना जेवी महान शकित पण प्राप्त करी शको छो! बाह! जे सामर्थ्य देवोमां नथी! ते मनुष्यमां छे! मनुष्य देहधारी महर्षि दधिचीनुं द्रष्टांत मानव जन्म माटे केटलुं अनुकरणिय छे! तमे जे स्वर्गमां जवानी इच्छा राखो छो, अने जेने तमे अक्षय सुख मानो छो! ते अक्षय सुखमां

રહેનારા દેવોને જ્યારે દાનવોએ દબાવ્યા, અને સ્વર્ગ ભુમી માંથી નસાડયા!" ત્યારે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ઈંદ્ર, વરૂણ, સુર્ય, ચંદ્ર, આદિ દેવોની શકિત જે કાર્ય બજાવી ન શકી! તે કાર્ય એક મનુષ્ય દેહ ધારી દધિચીના અસ્તીઓએ બજાવ્યું હતું! દેવતાઓથી જે કાર્ય ન થયું! તે કાર્ય એક મનુષ્યે કર્યું હતું! કહો! કહો! મનુષ્ય દેહ કેટલો બધો શ્રેષ્ટ છે!"

"રાણી! એટલું છતાં આપણે મનુષ્યોજ માનવ તનને કનિષ્ટ કેમ સમજીએ છીએ!"

"માનવ ધર્મ નહિ સમજનારા નબળા મનુષ્યો ભલે એમ માને! પરંતુ એ ધર્મને જેઓ સમજે છે, તેઓ તો પોતાના જીવનને નિરંતર ઉચ્ચ સ્થાન પર લઇ જવાનોજ પ્રયત્ન કરે છે! અને પરિણામે મનુષ્યના શ્રેષ્ટત્વનો અનુભવ કરાવે છે! જુઓની! ગાધિરાજપુત્ર વિશ્વામિત્રનોજ દાખલો! એ અભિમાની રાજા આટલું બધું ઐશ્વર્ય પ્રાપ્ત કરશે એમ કોણે કલ્પ્યું હતું!"

"રાણી! તમારૂં કહેવું કેટલેક અંશે સત્ય છે, મનુષ્ય દેહ શ્રેષ્ટ છે, એ હું કબુલ કરૂં છું, પરંતુ હું વિશ્વામિત્રની માફક જગતને બતાવવા માગું છું કે; ઇક્ષ્વાકુ વંશનો મનુષ્ય દેહ ધારી રાજા ત્રિશંકુ પોતાના સત્કર્મોના

પ્રભાવે પોતાની ધર્મપત્નિ સહ સદેહે સ્વર્ગમાં ગયો! આમ કરી મારો હેતુ મનુષ્યોને સત્કર્મો તરફ દોરવાનોજ છે. એટલે કે લોકોમાં એમ પ્રતિત થાય કે; ત્રિશંકુ જેવો દેહ ધારી રાજા જ્યારે સત્કર્મના પ્રભાવે સદેહે સ્વર્ગમાં ગયો, ત્યારે તેના જેવાં સત્કર્મ કરી આપણે પણ તે લાભ કાં ન મેળવવો! આવા વિચારો સર્વ મનુષ્યોમાં ફેલાતાં સત્કર્મની પણ વૃદ્ધિ થશે. એટલા માટે મેં તેવોજ એક મહાયજ્ઞ કરવા મહર્ષિ વશિષ્ટને કહ્યું, પરંતુ કોણ જાણે શા કારણથી તે સણે ચોખી ના પાડી, અને ગુસ્સે થઇ નગર છોડી ચાલ્યા ગયા. ”

“ મહર્ષિએ ના કહી એ કાંઇ હેતુસરજ હોવી જોઇએ એવી કલ્પના આપને કેમ ના થઇ નાથ ? ”

“ ગાંડી! એમનું શરીર હવે વૃદ્ધ થયું છે. એટલે એવા મહાયજ્ઞમાં લાંબો સમય ન બેસી શકે એ સિવાય બી જો હેતુ વળી શું હોય! ”

“ નહિ, નાથ! જરૂર એમાં કાંઈ ગર્ભિત હેતુ છે? મહર્ષિએ પોતાના વર્તનદ્વારા જરૂર આપને કાંઇ ઉપદેશ કર્યો છે! પરંતુ તે આપના હૃદયમાં ઉતર્યોજ નથી નાથ! હું પ્રાર્થના કરી કહું છું કે; મહર્ષિની આજ્ઞાનું ઉલંઘન કરવાનું સાહસ ન કરશો! ”

"તેમની આજ્ઞાનું ઉલંઘન કરવાનો મારો સહજ પણ વિચાર નથી. અને એ વયોવૃદ્ધ મહાત્માને એ તસ્દીમાં નાખું એ પણ મારો અધિકાર નથી. એટલા માટે મેં તેમના પુત્ર શક્તિને બોલાવવા અનુચરને મોકલ્યો છે; આ મહાયજ્ઞનું આચાર્યપદ તેનેજ આપવાનો વિચાર કરી રાખ્યો છે. અનુચર હમણાંજ આવશે શક્તિની સમંતિ મળશે તોજ આ કાર્યનો આરંભ કરીશ અન્યથા નહિ!"

બદરીએ જોયું કે ત્રિશંકુના હૃદયમાં રાજ્યમદ ભરાયો છે તે મદને સંહારવાનું કાર્ય મારૂં નથી. પરંતુ કોઈ મહાન શક્તિનું છે અને તે મહાન શક્તિ મહર્ષિ પુત્ર શક્તિમાં છે. એટલે તેનો સ્વલ્પ સમાગમ પણ પતિના મલિન વિચારોના સામર્થ્યનું અવશ્ય ખંડન કરશે, જ્યારે જ્યારે ત્રિશંકુના હૃદયમાં આવા નબળા વિચારોનું સામ્રાજ્ય ફેલાતું ત્યારે ત્યારે વશિષ્ટ અથવા શક્તિદ્વારા તે વિનિષ્ટ થતું એ બદરીએ ઘણીવાર અનુભવ્યું હતું એટલે શક્તિ અહીં આવવાના છે એવું પતિમુખે સાંભળી બદરી ખુશી થઇ પરંતુ તે બિચારીને કયાં ખબર હતી? કે ભાવિને વશ થએલા ત્રિશંકુની બુદ્ધિ ફરી ગઇ છે? જેણે વશિષ્ટનું અપમાન કર્યું? તે શક્તિનો ઉપદેશ સાંભળશે એ ત્રિશંકુના સંબંધમાં બનવા જોગજ નહોતું!

કેટલીકવારે બહારથી અનુચરે આવી મહર્ષિ પુત્ર આવવાની ખબર આપી આથી બહરી અંદરના ખંડમાં ચાલી ગઇ અને રાજ્ય આજ્ઞા મળતાંજ અનુચર સહિત શકિતએ રાજય મહાલયમાં પ્રવેશ કર્યો ત્રિશંકુએ આસન પરથી ઉઠી શકિતના પવિત્ર ચરણોને સ્પર્શ કરી, સાષ્ટાંગ પ્રણામ કર્યા અને પોતાના આસન પર બેસાડી પોતે હાથ જોડી તેની સામે ઉભો રહ્યો. આ વખતે તેના હૃદયમાં ભરાએલો રાજ્યમદ કોણ જાણે કયાંએ નાશી ગયો. વાંચક! બ્રહ્મતેજનો પ્રભાવ એટલો બળવતર છે કે; ગમે તેવા મહાન યોદ્ધાઓ મહાન દેવો, અને દૈત્યો પણ તેની આગળ પોતે ગમે તેવા બળવાન છતાં નિર્બળ બની જાય છે એ આપણે મહર્ષિ વશિષ્ટ અને વિશ્વામિત્રના પ્રથમ સમાગમમાં જોઇ ગયા છીએ. પ્રત્યક્ષ અનુભાવી ગયા છીએ. એટલે એ સંબંધમાં કાંઇપણ વિશેષ લખવું એ પિષ્ટપેષણ કરવા જેવુંજ છે. આ સ્થળે માત્ર એટલુંજ કહેવું બસ થશે કે સર્વ બળમાં અને સર્વ તેજમાં, સર્વોપરી સતા ભોગવનારૂં બ્રહ્મબળ અથવા બ્રહ્મતેજ છે!

"કલ્યાણ! રાજન ? કહો મને શામાટે બોલાવ્યો છે?" ત્રિશંકુએ આપેલા આસન પર બેઠા પછી અને ત્રિશંકુને બાજુના આસન પર બેસવાનું કહી મહર્ષિપુત્ર શકિતએ પ્રશ્ન કર્યો.

ઘડીભરતો શું જવાબ આપવો તેના વિચારમાં ત્રિશંકુ મૌન્ય ધારણ કરી રહ્યો, પરંતુ પછી હિંમત એકઠી કરીને બોલ્યો; "પ્રભુ! મારે એક મહાયજ્ઞ કરવો છે અને તેમાં આચાર્ય તરીકે તમને સ્થાપવા મારો વિચાર છે."

"રાજન! તમે જાણો છો કે પિતાની સાથે રહી કાર્ય કરવું એજ મારો અધિકાર છે!"

"હા, પણ વશિષ્ટને આ મહા યજ્ઞમાં આચાર્ય પદ પર આવવા તરફ તિરસ્કાર છે!"

"કદાચ તેઓ કોઇ દેવ કાર્યમાં નિયુક્ત હશે."

"નહિ, નહિ, મને તો લાગે છે કે તેઓ વૃદ્ધ થયા છે એટલે કદાચ આ મહા યજ્ઞમાં બોલવાના પવિત્ર મંત્રો ભુલી ગયા હશે!"

"રાજન! આ તું શું બોલે છે તારા આ શબ્દો તારૂં અકલ્યાણ કરશે!"

"મહાત્મન સત્ય કહેવામાં શું દોષ છે? છતાં મારૂં બોલવું દોષ રૂપ જણાતું હોય તો મને ક્ષમા કરો, પિતા વૃદ્ધ છે એટલે તેનું સ્થાન સંભાળવામાં કાંઇ દોષ નથી. તમે પણ વિદ્વાન છો, એટલે આપજ આચાર્ય પદ લઇ પિતાની પદવીને દીપાવો તો એમાં કાંઇ ખોટું હોય એમ મને તો નથી લાગતુ!"

"ત્રિશંકુ! જે કાર્ય કરવાનો પિતાએ અસ્વીકાર કર્યો છે! તે કાર્ય હું કદી પણ નહિ કરાવી શકું! કારણ કે હું પિતાને આધિન છું!"

મદાંધ ત્રિશંકુ શકિતના આ શબ્દોથી વધારે ઉશ્કેરાયો. વિનાશકાળે વિપરીત બુદ્ધિનો સાક્ષાત્કાર થયો. તે લાલ નેત્રો કરી શકિત તરફ ફરીને બોલ્યો; "શકિત! પિતાના ગર્વને છોડી દો! વશિષ્ટ મદ્યપાન કરનારા મનુષ્યોને યજ્ઞાદિ કર્મો કરાવી પોતે પણ મદ્યપાની બની ગયા છે! તેઓને મદ્યપાન કરતાં મેં નજરે જોયા છે! અરે! અભક્ષાભક્ષ પણ કર્યું છે! હવે તેનામાં બ્રાહ્મણત્વ કયાં રહ્યું છે કે તે યજ્ઞ કરાવે!"

ત્રિશંકુના આ શબ્દોથી શકિતને પોતાના શરીર પર વિદ્યુત તુટી પડી હોય તેવો આઘાત થયો, તે એકદમ પોતાના આસન પરથી નીચે ઉતર્યા અને ભિષણ રૂપ ધારણ કરી ભયંકર ગર્જના સહીત ત્રિશંકુની સામે જોયું, બ્રહ્મતેજથી તેજોમય બનેલા નેત્રોનો પ્રકાશ ત્રિશંકુના નેત્રો પર પડતાંજ તે નિસ્તેજ બની ગયાં—નીચે નમી ગયાં, શકિતનું ભિષણ રૂપ અને ભયંકર નેત્રો જોઇ ત્રિશંકુ થરથર કંપવા લાગ્યો, તેના હાથ અને પગો અરે! સર્વાંગો એવાં તો જકડાઇ ગયાં, કે તે ક્ષમા માગવાને પોતાના હાથોને પણ ઊંચા કરી શકયો નહિ, તે એવાં તો વજનદાર અને શરીર સાથે એવાં તો

ચોંટી ગયાં હતાં, કે જાણે હવે પછી તે છુટાં પડશે કે નહિ તેની પણ તેને શંકા થતી હતી! શરીરની કંપારી, તેના મુખમાંથી શબ્દ સરખો પણ નીકળવા દેતી નહોતી! તે સ્થિર ભાવે ત્યાંજ સ્થંભી ગયો. મહર્ષિ પુત્ર ભિષણ ગર્જના કરી માત્ર એટલુંજ બોલ્યા કે; "અરે! ઓ નરાધમ! જેમ જેમ હું તારા વાક્ય પ્રહારને સહન કરતો જાઉં છું! તેમ તેમ તું મહર્ષિની વિશેષ ને વિશેષ નિંદા કરતો જાય છે! દુષ્ટ! પાપી! જા! તું ચાંડાળપણાને પ્રાપ્ત થા!" બસ! શકિતના માત્ર એટલા શબ્દોના ઉચ્ચાર સાથેજ ત્રિશંકુની કાન્તિ બદલાઇ ગઇ, તે શ્યામ વર્ણ બની ગયો, થોડા સમય પહેલાં સત્કર્મના પ્રભાવે તેજોમય દેખાતું ભવ્ય કપાળ, પરવાળા જેવા ઓષ્ટ, અને સર્વાંગનો શ્વેત રંગ, એ સર્વ શ્યામ વર્ણ બની ગયું, તેની બુદ્ધિમાં પણ તેટલોજ ફેરફાર થઇ ગયો, શકિતના શ્રાપિત શબ્દો સાંભળતાંજ બદરી એક દમ બહાર આવી, પરંતુ શકિત તો ત્યાંથી કયારના પસાર થઇ ગયા હતા, તે પતિનું આશ્વાસન કરવા લાગી પરંતુ બુદ્ધિભ્રષ્ટ થયેલા, અને મુનિ શ્રાપથી ચાંડાલવત્ બનેલા ત્રિશંકુને તેથી સહજ પણ શાંન્તિ મળી નહિ તેનો તો માત્ર એજ ઉચ્ચાર હતો કે "હું સદેહે સ્વર્ગમાં જઇશ."

પ્રકરણ ૧૪મું

વિશ્વામિત્રને શરણે

શક્તિ મુનીથી શ્રાપિત થએલો ત્રિશંકુ ઋષિ મુનીઓના સર્વ આશ્રમો ફરી વળ્યો પરંતુ વશિષ્ટથી તજાયલા અને શક્તિના શ્રાપથી ચાંડાલવત્ બનેલા ત્રિશંકુનો પુરોહિત થવાનું કોઈ મુનીએ સ્વીકાર્યું નહિ આથી નિરાશ થએલો રાજા પોતાના નગર ભણી પાછો વળ્યો એટલામાં તેને એક રમણિય આશ્રમ દ્રષ્ટિએ પડયો આ આશ્રમ મહાત્મા વિશ્વામિત્રનો હતો. ત્રિશંકુએ તેનું શરણ લેવાનો નિશ્ચય કરી તે આશ્રમમાં પ્રવેશ કર્યો આ વખતે વિશ્વામિત્ર યોગિની દેવીએ આપેલા ઉપદેશનોજ વિચાર કરતો હતો તેનો એજ નિશ્ચય હતો કે "કાર્ય સાધ્યામી યા દેહપાત્યામી" જો શાસ્ત્ર સત્ય છે તો મારી કામના અવશ્ય પૂર્ણ થશે, યોગિની દેવીના તમામ વાકયોમાં પણ એજ જણાતું હતું કે, તપના પ્રભાવથીજ બ્રાહ્મણ થવાય છે! તો હવે એવી ઉગ્ર તપશ્ચર્યા આદરૂં! કે દશે દીગપાલો ડોલાવું! આવા અનેક વિચારોમાં વિશ્વામિત્ર લિન્ન થએલો હતો એટલામાં તેને નીચેના શબ્દો કાને પડયા.

"મહાત્મન મારૂં રક્ષણ કરો હું તમારે શરણે છું !"

વિશ્વામિત્રે ઉંચે જોયું એક રાજા તેની સન્મુખ હાથ જોડી ઉભેલો જણાયો. આશ્ચર્ય ચકિત મુદ્રાએ તે રાજા તરફ ફરીને તેણે પ્રશ્ન કર્યો; "તું કોણ છે !"

"હું અયોધ્યાપુરીનો રાજા ત્રિશંકુ છું !" ત્રિશંકુએ જવાબ આપ્યો.

"પણ તારી સર્વ ચેષ્ટા ચાંડાલપણાનું સુચન કરાવનારી કેમ જણાય છે !"

"મહારાજ ! વશિષ્ટના પુત્ર શકિતનું સત્યાનાશ જાય, તે પાપીએ મને શ્રાપ આપી આ દશાએ પહોંચાડયો છે." ત્રિશંકુએ ખુલાસો કર્યો.

"શકિત મુનીએ તને શા માટે શ્રાપ આપ્યો !"

"મેં તેને કહ્યું કે; એક એવો યજ્ઞ કરાવો કે જેથી હું આ શરીરેજ સ્વર્ગમાં જાઉં, પરંતુ એ પાપીએ મારી એ ઇચ્છા પુર્ણ કરવાને બદલે શ્રાપ આપ્યો. પ્રભુ ! ત્યાર પછી મેં અન્ય રૂષિઓ પાસે શરણ માગ્યું, પરંતુ વશિષ્ટ જ્યાં ન હોય ત્યાં આવવાનું કોઇ રૂષિઓએ ન સ્વીકાર્યું આખરે હું નિરાશ થઇ તમારે શરણે આવ્યો છું કૃપા કરી મને બચાવો ! અને મારા યજ્ઞનું આચાર્ય પદ આપજ સ્વીકારો."

વિશ્વામિત્રે વિચાર્યું કે; વશિષ્ટને હલકો પાડવાનો આ ઠીક પ્રસંગ છે! કરેલા અપમાનનું વેર લેવાનો આ જોઇએ તેવોજ રંગ છે! વળી તેમ કરવાથી એક કાંકરે બે પક્ષીનો શિકાર કરવા જેવું થશે. હું યજ્ઞનો આચાર્ય થઇશ એથી વશિષ્ટને નીચું જોવું પડશે, કારણ કે તે ત્રિશંકુનો પુરોહિત છે, અને બીજું મેં કરેલા તપનો પ્રભાવ સમગ્ર વિશ્વમાં જાહેર થશે. " સંસાર ત્યાગી થયા પછી વશિષ્ટના વેરનો યત્કિંચિત પણ વિચાર જેના હૃદયમાં પ્રવેશ્યો નહોતો, મોટાઇ અથવા માન મેળવવાની જેણે કલ્પના સરખી પણ કરી નહોતી, તેજ વિશ્વામિત્રના આવા અભિમાન યુક્ત વિચારો થવામાં પરમાત્માનો કંઇક ગુપ્ત સંકેત હોવો જો-ઇએ! ગમે તેમ પણ વિશ્વામિત્રે ત્રિશંકુનું શુભ કરવાનો મનમાંજ નિશ્ચય કરી લીધો. પરંતુ તરતજ તેને કાંઇ યાદ આવતાં તે મનમાંજ બબડયો; " અફસોસ? ત્રિશંકુ કહે છે તેવો યજ્ઞ કરાવવો એ મારા જેવા ત્યાગીનું કાર્ય ન હોવાથી લાચાર છું?" તે ત્રિશંકુ તરફ ફરીને બોલ્યો; "રાજન! તારી ઇચ્છા હું પુર્ણ કરી શકું તેમ નથી, કારણકે તું સંસારી અને હું સંસાર ત્યાગી છું! એટલે તારો પુરોહિત થવાને યોગ્ય નથી!"

" નહિ, વિશ્વામિત્ર? તું સંસાર ત્યાગી નથી? તારૂં અર્ધાંગ તારી સાથેજ છે! જો તે આ રહ્યું!" અચાનક

કોઇ દિવ્યનાદ સંભળાયો. વિશ્વામિત્રે પાછળ દ્રષ્ટિ કરી તો યોગિની અને તેની ધર્મપત્નિ સુનેત્રા તેની પાછળજ ઉભેલાં હતાં.

"કોણ! દેવી! અહા! દરેક પ્રસંગે મારા કાર્યમાં સહાય કરવા સ્વયંભુની માફક ન સમજી શકાય તેવી રીતે જ્યાં ત્યાં પ્રગટ થાઓ છો! દેવી! આપના એ ઉપકારનો બદલો હું કયારે વાળીશ?"

"પુત્ર! ઉપકારની આશાથી કોઇપણ માતા પોતાના પુત્રનું કાર્ય કરતીજ નથી? માત્ર પુત્રની ઉન્નતિ ઇચ્છતી માતા સદા પુત્રની પાસેની પાસેજ રહે છે? તેણી કાંઇ પણ ફળની આશા રાખતીજ નથી." એમ કહી તે સુનેત્રા તરફ ફરીને બોલી; "બેટા? સુનેત્રા આમ આવ! વિશ્વામિત્ર! જો આ તારી સ્ત્રી તારા વિયોગે જંગલે જંગલ રખડતી તારો આશ્રમ શોધતી ઉન્માદ અવસ્થામાં મને પ્રાપ્ત થઇ હતી. તેને તારા સત્કર્મના શુભ સમાચાર આપી શાંન્ત કર્યા પછી મારા આશ્રમમાં રાખી હતી. તારા કાર્યમાં વિઘ્ન રૂપ ન થાય એવા હેતુથી મે તેણીને પ્રાણાયામ; યોગ આદિ સર્વનો સંપુર્ણ અભ્યાસ કરાવ્યો છે. માટે હવે મારી આજ્ઞાથી તેણીને તું તારી સાથેજ રાખ."

"માતા! તમારી આજ્ઞાનું પાલન કરવું એ મારૂં કર્તવ્ય છે. પરંતુ મારા કાર્યમાં સુનેત્રા વિઘ્નરૂપ તો નહિ થાય!"

"નહિ, બેટા! સાધ્વી સુનેત્રા માટે એવી શંકાનું હવે સ્થાન રહ્યુંજ નથી! માયાવી પ્રેમને તેણીએ તિલાંજલી આપી છે! યોગીની પરાકાષ્ટાએ પહોંચલી સુનેત્રા તારી માર્ગદર્શકજ બનવા આવી છે એમ સમજ!" યોગિનીએ વિશ્વામિત્રની શંકાનું ટુંકા શબ્દોમાંજ સમાધાન કરી દીધું.

"નાથ! શંકા ન કરો! યોગિની દેવીની કૃપાથી હું મારૂં કર્તવ્ય બરાબર સમજી શકી છું! હું આપની સહધર્માણી, તપસ્વીની તરીકે આપની સાથે રહીશ." સુનેત્રાએ હસ્ત જોડી પ્રાર્થના કરતાં કહ્યું.

"હા, પુત્ર! સુનેત્રા ખરૂંજ કહે છે! તેણી તારા હરેક કાર્યમાં સંપુર્ણ સહાયતા આપશે, માટે તેનો સ્વીકાર કર." યોગિનીએ કહ્યું.

"અસ્તુ. મારી ઉપદેશક માતાની આજ્ઞા મારે શિર સાવંધ છે પણ દેવી! આ એક મહાન સંકટનું નિવારણ શી રીતે થાય? રાજા ત્રિશંકુ શરણાંગત છે, મારામાં તેનું રક્ષણ કરવાનું સામર્થ્ય નથી!"

"પુત્ર! શાપગ્રસ્ત રાજાને આશ્રય આપવાનું સામર્થ્ય તારામાં છે. તેં પ્રાપ્ત કરેલા પ્રભાવનો પ્રકાશ કરવાનો આ

ઠીક પ્રસંગ છે. માટે ત્રિશંકુની કામના પુર્ણ કર. અને સહુ પતિન આચાર્યપદનો સ્વીકાર કર, વળી શરણાંગતને આશ્રય આપવો એ પણ એક તપશ્ચર્યાજ છે. ” યોગિનીએ ખુલાસો કર્યો.

“ જેવી મહાદેવીની આજ્ઞા.” વિશ્વામિત્રે મસ્તક નમાવતાં કહ્યું.

ત્રિશંકુને આ શબ્દો સાંભળતાં જે આનંદ થયો તેનું વર્ણન થઇ શકે તેમ નથી. તે યોગિની દેવીને અનેક આશીર્વાદ આપતો સ્થિરભાવે તે દિવ્ય મુર્તી સામે એકી ટસે જોઇ રહયો.

“ વારૂ, હવે હું પ્રસ્થાન કરૂં છું, તારૂં કલ્યાણ થાઓ એટલું કહેતાંજ એક દિવ્ય જયોતી પ્રગટ થઇ અને તેના તેજમાં સર્વ નિસ્તેજ બની ગયાં. યોગિની અદ્રશ્ય થઇ ગઇ, વિશ્વામિત્ર અને સુનેત્રા યોગિનીનો ચમત્કાર બરાબર જાણતો હતાં, એટલે તેને વિશેષ કાંઇ આશ્ચર્ય લાગ્યું નહિ, પરંતુ ત્રિશંકુ તો એ ચમત્કારથી દિગમુંઢ જેવો બની ગયો, અને વિશ્વામિત્રની સામે એકી દ્રષ્ટિએ જોઇ રહયો. પરંતુ તેને પુછવાની તેની હિંમત ચાલી નહિ. કેટલીકવારે વિશ્વામિત્ર ત્રિશંકુ તરફ ફરીને બોલ્યો; “ રાજન! જાઓ સ્વસ્થાને પધારો! યજ્ઞનો આરંભ કરો! હું તમારી સર્વ કામના પુર્ણ કરીશ! ”

"ઉપકાર, પ્રભુ! હું હમણાંજ જઇ યજ્ઞ માટેની સર્વ તૈયારી કરૂં છું. પરંતુ પ્રભુ! કૃપા કરી મારામાં રહેલું ચાંડાલપણું દુર કરો!" ત્રિશંકુએ વિશ્વામિત્રને પ્રાર્થના કરતાં કહ્યું.

"રાજન! ચિંતા ન કરો હું તમને એવીજ સ્થિતિમાં સ્વર્ગે મોકલી, દેવશરીર પ્રાપ્ત કરાવીશ. જાઓ! યજ્ઞની તૈયારી કરો? હાં, પણ સગુર! પહેલાં એક કાર્ય કરો! સર્વ રૂષિ મંડળને યજ્ઞમાં આવવાનું આમંત્રણ કરો! એટલામાં હું મારા નિત્ય કર્મથી પરવારી હમણાંજ અહીં આવું છું, તમે પણ આમંત્રણ કરી અહીંજ આવો. દેવી! તમે પર્ણ કુટીમાં જઇ પુજાનાં સાહિત્યો તૈયાર કરો!" એમ કહેતાંજ વિશ્વામિત્ર ત્યાંથી ચાલ્યા ગયા, પતિ આજ્ઞાથી સુનેત્રા પર્ણકુટીમાં ગઇ, અને ત્રિશંકુ રૂષિમંડળને યજ્ઞમાં આવવાનું આમંત્રણ કરવા ગયો.

કેટલીકવારે સર્વ કાર્યની સમાપ્તિ થઇ રાજર્ષિ નિત્ય કર્મથી પરવાર્યા અને ત્રિશંકુ પણ આમંત્રણ કરી ત્યાં આવ્યા.

"કેમ, રાજન! શું કરી આવ્યા! રૂષિમંડળે તમારૂં આમંત્રણ તો સ્વીકાર્યું ના!" ત્રિશંકુના આવી જવા પછી વિશ્વામિત્રે પ્રશ્ન કર્યો.

"હા મહારાજ ! કેવળ વશિષ્ટ અને તેના સો પુત્રો શિવાય સર્વ રૂષિઓએ આમંત્રણ સ્વીકાર્યું છે!" ત્રિશંકુએ જવાબ આપ્યો.

"વશિષ્ટ અને તેના સો પુત્રો શામાટે નહિ આવે!" વિશ્વામિત્રે એક ગંભીર પ્રશ્ન કર્યો.

"એ લોકોએ ઉલટું મારૂં હાસ્ય કરવા માંડર્યું, અને કહેવા લાગ્યા કે; આતે કોઇ યજ્ઞ છે! યજમાન ચાંડાલ! અને યાજક ક્ષત્રિય! દેવર્ષિગણ આ યજ્ઞમાં કોઇ કાળે હવિ લેવા નહિ આવે ? અમે બ્રાહ્મણ છીએ, ચાંડાલના ભોજનનો સ્વીકાર અમે કદી નહિ કરીએ ! વશિષ્ટ મહર્ષિ હોવા છતાં પણ જે કાર્ય ન કરાવી શકયા ! તે કાર્ય એક રાજર્ષિ કરાવશે! રાજન ! આ તો કેવળ તારી મુર્ખતા છે ! " એમ કહી સર્વેએ હાસ્ય કર્યું.

ત્રિશંકુના અંતિમ શબ્દોથી વિશ્વામિત્રને અત્યંત ક્રોધ ચડયો, હવે તે વશિષ્ટનો પરમ દૂષી બન્યો. તે બોલ્યો:- "ફિકર નહિ, હું એ વશિષ્ટ અને તેના સો પુત્રોને જોઇ લઇશ ! રાજન ! જે તારા યજ્ઞમાં નહિ આવે ? તે અવશ્ય અશુચિ રાક્ષસના મુખથી મૃત્યુને વશ થશે ? પ્રથમ તારા યજ્ઞને પુર્ણ કરૂં, પછી સંસારમાં એવું આદર્શ સ્થાપન કરૂં કે; જે વડે ઉચ્ચ ચિત્ત વાળા ઉતેજીત થઇ, પ્રશસ્ત લાભ

કરવાની ઇચ્છા કરે ? ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર અથવા ચાંડાલ તપના પ્રભાવે બ્રહ્મત્વનો લાભ કરે ? સ્વયં નારાયણ મનુષ્ય રૂપે એજ વર્ણોમાં જન્મ ગ્રહણ કરશે ? આથી સંસારને ઉપદેશ થશે કે આચાર એજ જાતિનું મુળ છે ? આચાર ભ્રષ્ટ બ્રાહ્મણ ચાંડાળ ગણાય છે ? અને સદાચારી શુદ્ર બ્રાહ્મણ કહેવાય છે ! બસ ! હવે તમે નિશ્ચિંતપણે યજ્ઞની તૈયારી કરો ? એટલા સમયમાં હું આવી પહોંચું છું !”

વિશ્વામિત્રની આજ્ઞા મળતાંજ ત્રિશંકુ ત્યાંથી વિદાય થયો, અને રાજર્ષિ પોતાના કાર્યમાં પ્રવર્ત થયા.

પ્રકરણ ૧૫મું.

તપનો પ્રભાવ.

વિશ્વામિત્રની આજ્ઞાથી ત્રિશંકુએ યજ્ઞની તૈયારી કરવા માંડી, ટુંક સમયમાંજ તેણે એક યજ્ઞ મંડપ તૈયાર કરાવ્યો યજ્ઞ મંડપને પુષ્પોના ગુચ્છાથી બનાવેલાં તોરણો વડે શણગાર્યો. યજ્ઞની પ્રત્યેક ક્રિયાને માટે જુદી જુદી શાળાઓ નીમી, શકિતથી શ્રાપિત થયેલા ત્રિશંકુના આ યજ્ઞમાં વશિષ્ટ આદિ આવનાર ન હોવાથી તે યજ્ઞમાં અનેક વિઘ્નો અને ચમત્કારો થવાનો સંભવ છે ! એમ જાણી તે જોવા, જાણ-

વાની ઇચ્છાથી કેટલાક રૂષિઓ કે જેઓએ ત્રિશંકુનું આમંત્રણ સ્વીકાર્યું હતું તે આવવા લાગ્યા. ત્રિશંકુ તેમનું યોગ્ય સન્માન કરી, યોગ્ય આસનપર બેસાડી, તેમનું પુજન કરવા લાગ્યો. જોત જોતામાં યજ્ઞ મંડપ રૂષિમંડળથી ભરાઇ ગયો. યથા સમયે વિશ્વામિત્રે પણ યજ્ઞ કાર્યના સભાસદ તરીકે નીમેલા કેટલાક રૂષિઓ સાથે તે યજ્ઞ મંડપમાં પ્રવેશ કર્યો. સર્વ રૂષિઓ અને ત્યાં બેઠેલા અન્ય મનુષ્યોએ રાજર્ષિને ઉભા થઇ આવકાર આપ્યો. વિશ્વામિત્ર પોતાના આસનપર બિરાજ્યા, અને ત્રિશંકુ પોતાની પત્ની સહ વિશ્વામિત્રે બતાવેલા આસનપર બેઠો. યજ્ઞનો આરંભ થયો. હોતા મંત્ર ભણવા લાગ્યા, અને તે પ્રમાણે આચાર્ય પદે બિરાજેલા વિશ્વામિત્ર પ્રત્યેક ક્રિયા સાવધાનપણે આચરવા લાગ્યા, ઋત્વિજો હુત દ્રવ્ય હોમવા લાગ્યા, દેવતાનાં સુક્ત ભણવાનો પ્રસંગ આવતો ત્યારે ચારે વેદના ઋત્વિજો પોત પોતાના વેદની તથા શાખાની પરિપાઠી પ્રમાણે અનુક્રમે તે સુક્તો યથાવિધિ ભણતા હતા, તે જોઇ સમગ્ર સભા અદભુત ઇશ્વરી ભાવમાં તલિન્ન થઇ જતી હતી. વળી પ્રત્યેક ઇષ્ટિના આરંભમાં સામવેદી ઋત્વિજો સામદેવ્ય નામનું સામ ગાન કરતા, તે વેળા તો આખી યજ્ઞશાળા જાણે એક રસ રૂપ બની આનંદમાં ડોલવા લાગતી હતી. વિશાળ યજ્ઞ

કુંડમાંથી ધમધમાટ પ્રજ્વલિત અગ્નિની જ્વાળાઓ નીકળી રહી હતી. ઉપરથી મોટા એક નાળાની પેઠે ધડધડાટ કરતી અખુટ ધારા વડે યજ્ઞ કુંડમાં પુષ્કળ ઘૃત હોમાયાજ કરતું હતું. ખેર, ખાખરો, પીપળો, ખીજડો, ચંદન ઇત્યાદિ સમિધ કાષ્ટો વડે પ્રદિપ્ત થતા તે અગ્નિમાં અપાર જવ, તિલ, સર્કરા, દ્રાક્ષાદિક મેવા, પંચામૃતો, અનેક સુગંધી પદાર્થો, અને શાસ્ત્રમાં કહેલાં સર્વ હુત દ્રવ્યો, ઋત્વિજો હોમતા હતા. અને તે સમયે સ્વાહા! સ્વાહા! એવા શબ્દોની મોટી ગર્જના થઇ રહેતી હતી. અનેક પ્રકારના પુજાના ઉપહારો સહિત દર્શનાર્થે આવતાં પ્રજાજનોનાં ટોળે ટોળાંથી યજ્ઞવાટમાં બહુ ભીડ મચી રહી હતી. યજ્ઞ પુર્ણાહુતિનો સમય નજીક આવેલો જાણી વિશ્વામિત્ર ત્રિશંકુને ઉદ્દેશીને બોલ્યા; “ રાજન ? સ્વસ્થ થાઓ ! સહપત્નિ સ્વર્ગમાં પ્રયાણ કરવાનો સમય નજીક આવ્યો છે ? આ એકજ આહુતિથી હું તમો બંન્ને દંપતિને સ્વર્ગમાં મોકલાવું છું ? ”

વિશ્વામિત્રના આ શબ્દોથી ત્યાં બેઠેલું રૂષિગણ આશ્ચર્ય પામ્યું. વિશ્વામિત્ર પોતાનાં વચનને કેવી રીતે સિદ્ધ કરેછે તે જાણુવાની ઇચ્છાથી સર્વ રૂષિઓ અને નગ્રજનો આસપાસ ઉંચે નીચે સર્વ સ્થળે દ્રષ્ટિ ફેરવવા લાગ્યા. જોત જોતામાં

આહુતિ અપાઇ અને તે સાથેજ ત્રિશંકુ સહુપત્ની આકાશ માર્ગે ગમન કરતો જણાયો. “ ધન્ય ધન્ય રાજર્ષિ તમારા તપોબળને ધન્ય છે. ” એવા પોકારોથી યજ્ઞ મંડપ ગાજી ઉઠયો સર્વ રૂષિઓ વિસ્મિત ચકિત દ્રષ્ટિએ વિશ્વામિત્રના સામું જોઇ રહયા. એટલામાં રાજર્ષિ રક્ષા કરો રક્ષા કરો અંતરિક્ષમાં રહેલો ઇંદ્ર મને સ્વર્ગમાં જતો અટકાવે છે અને પાછો પૃથ્વી પર પાડે છે ” એવો ધ્વનિ સંભળાયો સર્વેએ ઉંચે જોયું. ખરેખર ત્રિશંકુ નીચે ઉતરતો જણાયો વિશ્વામિત્રના વિકાળ નેત્રોએ પણ તે જોયું. તેનું શરીર ક્રોધાગ્નિથી ધ્રુજવા લાગ્યું. યજ્ઞમાં આહુતિ આપવા માટે ઉપાડેલો સરવો હાથમાંથી પડી ગયો. તે આસનપરથી ઉભા થઇ ગયા. એટલામાં પુનઃ એજ અવાજ આવ્યો. ક્રોધાવિષ્ટ વિશ્વામિત્રે લાલચોળ નેત્રો કરી ગંભિર ગર્જના કરતાં જમણો હાથ ઉંચો કરી માત્ર તિષ્ટ એટલાજ શબ્દોનો ઉચ્ચાર કર્યો. બસ એટલા ઉચ્ચાર સાથેજ ત્રિશંકુ ત્યાંજ અટકી ગયો પરંતુ જે સ્થળે ત્રિશંકુ અટકયો, તે સ્થળે અત્યંત અંધકાર હતો. આથી નગ્રજનોને ઘણુંજ લાગી આવ્યું. ત્રિશંકુ જેવા ધર્માત્માનું આવા પવિત્ર કાર્યને અંતે અંધકારમાં અવસ્થાન થાય, એ તેઓથી ન જોઇ શકાયું. તે રાજર્ષિ તરફ હાથ જોડીને કહેવા લાગ્યા; “પ્રભો ! બચાવો ! અમારા ધર્મિષ્ટ રાજાને અંધકારમાંથી નીચે લાવો ! ”

પ્રજાજનોની પ્રાર્થનાથી અવતીર્ણ હો. એટલોજ માત્ર વિશ્વામિત્રે ઉચ્ચાર કર્યો તત્ક્ષણે ત્રિશંકુ આસ્તે આસ્તે ઉતરવા લાગ્યો. છેક નજીક આવી જવા પછી વિશ્વામિત્રે પ્રશ્ન કર્યો; "કોણે તને સ્વર્ગમાં જતો અટકાવ્યો!"

"દેવરાજ ઇંદ્રે!" ત્રિશંકુએ જવાબ આપ્યો.

"ચિંતા નહિ, હવે હું બીજી આહુતિ આપું છું અને જે ઇંદ્રે તને અટકાવ્યો તેનાજ સ્થાન પર તને મારા તપના પ્રભાવે સ્થાપું છું" વિશ્વામિત્રે પુર્ણ આવેશમાં કહયું.

"મહારાજ! મહારાજ! ક્ષમાકરો! અમારે સદેહે સ્વર્ગમાં નથી જવું! હું તો મારા પતિને પ્રથમથીજ કહેતી હતી કે એવી અસિમ આશાનો ત્યાગ કરો; પરંતુ તેમણે માન્યું નહિ." રાણીએ વિશ્વામિત્રને પ્રાર્થના કરતાં કહયું.

"નહિ મહારાજ મને સ્વર્ગમાંજ મોકલો, અને તે ઇંદ્રના પદનો અધિકારી કરો." ત્રિશંકુએ બદરીને બોલતી અટકાવી વચ્ચેજ કહયું.

"અરે નાથ! શામાટે હાથે કરીને ઉપાધિ વહોરી લો છો? સદેહે સ્વર્ગમાં જવાની ઇચ્છા કરી તો આ મહાન સંકટ વેઠવું પડયું! વળી ઇંદ્રની પદવી મેળવવાની ઇચ્છા કરશો તો કોણ જાણે કેવું અસહય દુઃખ સહન કરવું પડશે!

નાથ! અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ થવા જેવું ન કરો! કૃપા કરી તમારાં એ મલિન વિચારોને પરહરો!" બહદરીએ પતિને વિનંતી કરવા માંડી.

"રાણી, શાંત થાઓ તમારો પતિ મારા તપના પ્રભાવે અવશ્ય ઇંદ્ર થશે! અને તમે તેના ઇંદ્રાણી થશો." વિશ્વામિત્રે બહદરીનું શાન્ત્વન કરતાં કહ્યું અને પછી ત્રિશંકુને ઉદ્દેશીને બોલ્યા; "રાજન! સ્થિર હો? એમ કહી યજ્ઞદેવને આહુતિ આપતાં બોલ્યા; હે સર્વભુક, મારી આહુતિ ગ્રહણ કરો?" આમ કહી જેવા આહુતિ આપવા જાય છે તેવોજ એક ઋષિએ તેનો હાથ પકડયો. રાજર્ષિ? સગુર બ્રહ્માની સૃષ્ટિમાં ઇંદ્ર પરિવર્તન કરવાની કોઇની પણ શક્તિ નથી?"

"મહારાજ તમારૂં કહેવું સત્ય છે. પરંતુ મારૂં વચન મિથ્યા નહિ થાય હું બ્રહ્માની સષ્ટિથી શ્રેષ્ટ સષ્ટિ ઉત્પન્ન કરીશ પરંતુ ત્રિશંકુને આજે ઇંદ્ર પદ તો જરૂર આપીશ!" એમ કહી હાથમાં લીધેલી આહુતિ યજ્ઞકુંડ પર ધરતાં બોલ્યા; હે વસુંધરે? મારી આહુતિ ગ્રહણ કરો અને બ્રહ્મા સૃજિત તરૂ, લતા, ફળ, પુષ્પ આદિથી શોભિત વૃક્ષલતાદિ ધારણ કરો! સ્વાહા—

આહુતિ મળતાંજ વિશ્વામિત્રની ઇચ્છા મુજબ સર્વ ત્યાં ઉત્પન્ન થયું. પરંતુ ત્યાં બેઠેલા ઋષિઓનું તેથી કાંઇ

સમાધાન ન થયું તે પુનઃ વિશ્વામિત્રને કહેવા લાગ્યા; "રાજર્ષિ ! આતો વૃક્ષલતાદિ ઉત્પન્ન થયું. પરંતુ માનવ માનવી વગરનું સ્થળ ગમે તેવું સુશોભિત છતાં ત્રિશંકુને તે નિબિડ અરણ્ય જેવું લાગશે."

"તે પણ મારા તપના પ્રભાવે હું હમણાંજ ઉત્પન્ન કરૂં છું ?" વિશ્વામિત્રે કહ્યું.

"રાજર્ષિ ! પૃથ્વીનાં અધિશ્વર માનવ તો કેવળ પ્રજાજ ઉત્પન્ન કરી શકે છે?" એક રૂષિએ કહ્યું.

"નહિ ! પૃથ્વી મારાં સૃજિત મનુષ્યોને આધિન થશે! હું વૃક્ષથી માનવ સૃષ્ટિ ઉત્પન્ન કરીશ!" એમ કહી એક બીજી આહુતિ હાથમાં લીધી અને બોલ્યા; "હે વસુંધરે ! તમારા વૃક્ષના ફળોમાંથી માનવ માનવી ઉત્પન્ન થાઓ!" તત્કાળ તેમ થયું, અંતરિક્ષમાં એક નવુંજ સ્વર્ગ ખડું થયું. "કેમ, મહારાજા ? હવે તો ત્રિશંકુને હું ઇંદ્ર બનાવી શકીશના!" વિશ્વામિત્રે રૂષિને ઉદ્દેશીને કહ્યું.

"હા રાજર્ષિ! આપનાથી કોઇ કાર્ય અસાધ્ય નથી! આપનું તપોબળ મહાન છે!" રૂષિએ જવાબ આપ્યો.

"હવે મારા વચનને મિથ્યા કરનાર મદાંધ ઇંદ્રને તેની પદવી પરથી ભ્રષ્ટ કરી, ત્રિશંકુને તે સ્થાન પર સ્થાપું છું." એમ કહી ત્રીજી આહુતિ હાથમાં લીધી અને જેવી તે

આપવા જાય છે તેવાજ સાક્ષાત બ્રહ્મા ત્યાં ઉપસ્થિત થયા અને વિશ્વામિત્રનો હાથ પકડી બોલ્યા—

"સબુર, સબુર, વિશ્વામિત્ર! સાહસ ન કર. હું લોક પિતામહ બ્રહ્મા છું. તેના તરફ દ્રષ્ટિ કર, તારા તપોબળ આગળ કાંઇ અસાધ્ય નથી, તારી ઇચ્છા હશે તો ત્રિશંકુ સ્વર્ગમાં વાસ કરશે."

"નહિ, પ્રભુ! મારી ઇચ્છા ત્રિશંકુને ઇંદ્ર બનાવવાની છે! મદાંધ ઇંદ્રે મારૂં મહાન અપમાન કર્યું છે!" વિશ્વામિત્રે કહ્યું.

"પુત્ર? તારા તપના પ્રભાવે કદાચ તેમ થઇ શકશે! પરંતુ જેને મેં ચોકસ કલ્પપર્યંત ઇંદ્રની પદવી આપી છે, તેને કલ્પાંતર સુધી તે સ્થાન પર રહેવા દે અને તારી આહુતિ પાછી વાળી લે! જો ત્રિશંકુને ઇંદ્ર બનાવવાનીજ તારી ઇચ્છા હોય તો તેને માટે તું નુતન સ્વર્ગ બનાવ! જેમ નવિન સૃષ્ટિ ઉત્પન કરી તેમ તારા તપના પ્રભાવે નુતન સ્વર્ગ પણ થશે! અને ત્રિશંકુ તે સ્વર્ગનો ઇંદ્ર બનશે!"

"પ્રભુ! તમારી આજ્ઞાનું ઉલંઘન મારાથી શીરીતે થાય? અસ્તુ તેમ થાઓ. ત્રિશંકુને માટે ઇંદ્રના વૈભવને લગતું નવું સ્વર્ગ ઉત્પન્ન થાઓ સ્વાહા!" એમ કહેતાંજ હાથમાં લીધેલી આહુતિ યજ્ઞ દેવને અર્પણ કરી. અને તે

સાથેજ સ્વર્ગ ભુમીને પણ લજાવે, તેવું અંતરિક્ષમાં એક સ્થળ ઉત્પન્ન થયું. તેત્રીશ કરોડ દેવ સહિત ઇંદ્ર ત્યાં આવ્યો બ્રહ્માએ પોતાના હાથે ત્રિશંકુને તે સ્વર્ગનો ઇંદ્ર બનાવ્યો. રૂષિગણો અને અન્ય મનુષ્યો વિશ્વામિત્રના તપો બળનાં વખાણ કરવા લાગ્યાં. વશિષ્ટ સુધી પણ એ વાત પહોંચી પરતું શાંન્ત મુર્તિ વશિષ્ટમાં એથી કશો ફેરફાર થયો નહિ ઉલટા તે ખુશી થયા માત્ર વિશ્વમિત્ર પોતાના તપનો અવળે માર્ગે વ્યય કરે છે એ જાણી દિલગીર થયા.

ઇંદ્રને વિશ્વામિત્રના આ વર્તનથી અત્યંત ભય લાગ્યો દેવલોકમાં જવા પછી બ્રહ્માને તે કહેવા લાગ્યો; " વિધાતા! હું નથી સમજી શકતો કે ઇંદ્રત્વનું મહાત્મ શું છે! જે બ્રહ્મશાપથી ચાંડાળપણાને પામ્યો હતો, તેના માટે નુતન સૃષ્ટિ અને નુતન સ્વર્ગ ઉત્પન્ન થયું! ત્યાંનો તે ઇંદ્ર થયો! વિશ્વામિત્ર પોતે રાજર્ષિ હોવા છતાં નુતન સ્વર્ગ નિર્માણ કર્યું! વૃક્ષના ફળોમાંથી માનવ સૃષ્ટિ ઉત્પન્ન કરી! એ શું આશ્ચર્ય! વિધાતા! જેના પર તમે પ્રસન્ન થાઓ છો, તેની તમે સર્વ ઇચ્છા પુર્ણ કરો છો. જો આ રીતે નવીન સૃષ્ટિ અને નુતન સ્વર્ગ આવા રાજર્ષિઓ ઉત્પન્ન કરતાજ રહે, તો પછી હું ઇંદ્ર શા કામનો! આ તો વિશ્વામિત્રે મારૂં હડહડતું અપમાન કર્યું કહેવાય!"

" દેવેંદ્ર! દિલગીર ન થાઓ તપનો પ્રભાવ એવોજ છે. તપનો પ્રભાવ જો નહોત તો આ ત્રણ લોક, સ્વર્ગ, એ સર્વ ઉત્પન થયુંજ નહોત. દેવેંદ્ર! મહાશકિતના પ્રભાવથી સર્વ કામના પુર્ણ થાય છે. એજ મહાશકિતના પુજનનું નામ તપ છે. જેના પ્રભાવથી હું સૃષ્ટિ કર્તા છું, તું દેવમંડળનો રાજા છે, મનુષ્ય પ્રાણીની ઉતમતાથી તું અજાણ નથી. સ્વર્ગમાં આવેલો પુણ્યવાન મનુષ્ય પોતાના પુણ્યનું ફળ ભોગવાઇ રહ્યું એટલે સ્વર્ગમાંથી પાછો મૃત્યુ લોકમાં પડે છે. એટલા માટે સ્વર્ગમાં વસનાર દેવો મનુષ્ય પ્રાણીને વારંવાર વખાણે છે, અને એમજ કહે છે કે હે મનુષ્ય તું મહાભાગ્યવાન છે કે જેથી તારો એ પવિત્ર કર્મભુમીમાં જન્મ થયો છે. ત્યાં રહીને તું અનેક પુણ્ય કર્મો કરીને આ અમારા સ્વર્ગ ભુવનને પણ મેળવી શકીશ. અથવા વધારે પુણ્યબળ મેળવીને અમારા કરતાં પણ અધિક સુખવાળા ઉર્ધ્વલોકને પણ મેળવી શકીશ. અને કદાચ ભગવત્કૃપાથી કોઈ સદગુરૂ મહાત્માનો સમાગમ મળશે. ને તેમના દ્વારા ભગવદભક્તિ રૂપ તત્વજ્ઞાન પ્રાપ્ત કરીશ, તો આ અમારા તથા બીજા સઘળા નાશવંત સ્વર્ગો કરતાં શ્રેષ્ટ અને જેનો કદિ પણ નાશ થતો નથી એવા ભગવત્પદ રૂપ પરમધામને પણ તું મેળવી શકીશ. દેવેંદ્ર! આ પ્રમાણે

સ્વર્ગમાં વસતા દેવો પણ મનુષ્ય જન્મને વખાણે છે, અને એ તું પણ જાણે છે, વિશ્વામિત્ર મહાન તપેશ્વરી છે. તેના તપનો પ્રભાવ અબાધ છે જ્યારે એક સાધારણ મનુષ્ય અ-સંખ્ય ઉતમોતમ સાધનો અને વિદ્યાઓ દ્વારા પોતાના અંતઃકરણને અપ્રતિમ બળ અને અદભુત શકિતવાળું કરી પોતે સકળ સૃષ્ટિમાં પ્રપુર્ણ મનાય છે! સર્વનો આશ્રયદાતા થાય છે! સર્વથી શ્રેષ્ટ થાય છે! તો પછી વિશ્વામિત્ર જેવા મહાત્માના સામર્થ્યનું તો પુછવુંજ શું! તેનો પુરૂષાર્થ અપાર છે! દેવેંદ્ર! તેણે ત્રિશંકુને માટે નુતન સ્વર્ગ બનાવી જગતને બતાવી આપ્યું છે કે, મનુષ્ય પ્રાણી સમાન જગતમાં બીજું કોઇજ પ્રાણી નથી! મનુષ્ય પ્રાણી માત્રમાં શ્રેષ્ટ છે! જો તે ધારે તો પુરૂષાર્થ કરીને પોતે એક કાળે કોઇનો સરજેલો છે, તે બીજાનો બીજે કાળે સૃષ્ટા થઇ શકે છે? અરે! સર્વેશ્વરની સૃષ્ટિના સર્વ સામાન્ય નિયમોને પણ કદાચિત ઉલ્લંઘીને પેલીમેર જવા જેટલો શકિતવાન થાય છે! દેવેંદ્ર! શું વિશ્વામિત્રનું આ દ્રષ્ટાંત જગતને અનુકરણિય નથી! શું જગતને આથી કશો લાભ નથી!"

પ્રભુ! જગતને એથી ઘણો લાભ છે. પરંતુ ત્રિશંકુ—

"શાંન્ત, એ પણ તને સમજાવું છું. ત્રિશંકુની પુર્વાવસ્થા ગમે તેવી હોવા છતા તે વશિષ્ટના ઉપદેશથી મહાન

ધર્માત્મા બન્યો હતો, તેને અત્યાર સુધી સઘળા મળીને એકસો યજ્ઞ કર્યા છે. સદા ધર્મમાંજ તેનું ચિત હતું, કદિ પરિહાસમાં પણ તે મિથ્યા વચન બોલ્યો નહોતો, એ કારણથી એ સદેહે સ્વર્ગમાં વાસ કરવાનો અધિકારી હતો. પરંતુ અંહકારના આવીર્ભાવથી વશિષ્ટ પુત્ર શકિતનું તેણે અપમાન કર્યું, અને તેના શ્રાપથી તે ચાંડાળ પણાને પામ્યો, બ્રહ્મશાપ પામેલો મનુષ્ય સદેહે સ્વર્ગમાં સ્થાન મેળવી શકતો નથી, તેથી તેં તેને પાછો પાડયો, એમ કરવામાં તું વ્યાજબી હતો. પરંતુ તપના પ્રભાવે વિશ્વામિત્રે તેના માટે નુતન સ્વર્ગ બનાવી તે સ્વર્ગનો ઇંદ્ર બનાવ્યો અને તે માટે તને દ્વેષ થયો, એ તારા જેવા માટે હિણપત લગાડનારૂં છે, વળી ત્રિશંકુને મહાન પદપર આવેલો માનવામાં તારી ભુલ થાય છે. ખરી રીતે એ રાજા અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ થયો છે. વશિષ્ટની આજ્ઞા મુજબ જો તેણે આવો યજ્ઞ કરાવવાની ઉતાવળ કરી ન હોત, તો તે પોતાના પુણ્ય કર્મના પ્રભાવે ત્રિલોકમાં ઇચ્છાનુસાર ભ્રમણ કરવાનો અધિકારી થયો હોત. પરંતુ તે મુર્ખ રાજાએ ઉતાવળ કરી, અને આખરે તે આ સ્થિતિને પામ્યો, ઇંદ્ર? એતો નિર્વિવાદ છે કે પ્રાપ્ત સુખોમાં આનંદ નહિ માનનારા, અને અધિકારી નહિ છતાં અક્ષય સુખ મેળવવાના મિથ્યા મોહમાં પડનારા

મનુષ્યો આખરે આ લોક અને પરલોક બંન્નેથી ભ્રષ્ટ થાયછે. પરિણામે ત્રિશંકુની દશાનેજ પ્રાપ્ત થાય છે. દેવેંદ્ર આ દ્રષ્ટાંત પણ જગતને અતિ અનુકરણિય છે. બ્રહ્માએ ઇંદ્રની શંકાનું સમાધાન કરતાં કહ્યું.

"પ્રભુ ? તે કેવી રીતે !" ઇંદ્રે પ્રશ્ન કર્યો.

"સાંભળ ! ત્રિશંકુના દ્રષ્ટાંત પરથી જગતના મનુષ્યોને જ્ઞાન થશે કે જ્યાં સુધી જીવની આત્મા પરમાત્મામાં સંપુર્ણ એક વૃતિ થઇ નથી, ત્યાં સુધી જીવને કર્મ ચોટેલાં રહે છે. કર્મ અને ઉપાસના કરતાં કરતાં જ્યાં સુધી જીવની વાસના સત્‌ચિત્‌ આનંદઘનમય થાય નહિ, ત્યાં સુધી જીવે કર્મ કરવાનાં છે. અને તે કર્મના ભોગ પણ ભોગવવાના છે, કર્મ અને ઉપાસનાથીજ જીવને અધિકાર પદ પ્રાપ્ત થાય છે. અધિકારપદ પ્રાપ્ત થયા વિના જ્ઞાન માર્ગ તરફ દોડી ગયેલા જીવો ત્રિશંકુની માફક અતોભ્રષ્ટ તતોભષ્ટ થઇ નીચે પડે છે." બ્રહ્માએ ખુલાસો કર્યો.

"સમજ્યો ? પ્રભુ ! હવે હું બરાબર સમજ્યો ? બંન્ને દ્રષ્ટાંત જગતને અનુકરણિય છે. જે કાંઇ થયું છે, તે યથાર્થજ થયું છે !" બ્રહ્માએ કરેલા સમાધાનથી ઇંદ્રનો ત્રિશંકુપરથી રોષ ઉતરી ગયો. પરંતુ વિશ્વામિત્રના તપમાં વિક્ષેપ કરવાનો તેણે નિશ્ચય કર્યો. તે મહાત્માના તપનો

ભંગ કરવા માટે શા ઇલાજો લેવા તે સંબંધી ગોઠવણ પણ તેણે કરી લીધી તે ખુશી થતો પોતાના સ્થાનમાં ગયો.

પ્રિય વાંચક! આ ત્રિશંકુને અદ્યાપિ આપણે દક્ષિણ ભણીના આકાશમાં નક્ષત્રગણ સાથે બિરાજતો જોઇએ છીએ. જ્યારે આપણે તેનું અવલોકન કરીએછી એ ત્યારે આપણી કથાના નાયક પરમ પુરૂષાર્થી પુરૂષનું નામ સ્મરણ થઇ આવે છે. અહા પુરૂષાર્થ મનુષ્યનો કેટલો બધો પ્રભાવ છે.

પ્રકરણ ૧૬ મું.

મેનકાના મોહપાશમાં.

અમરાપુરીના એક ઉદ્યાનમાં મેનકા અને ઉર્વશીને પોતાની સખીઓ સાથે વિહાર કરતી નીચે પ્રમાણે વાતો કરતી આપણે સાંભળીએ છીએ.

"સખી, રંભા! નુતન સ્વર્ગસદન બનાવ્યું. તે મનુષ્ય કોણ છે!" મેનકાએ રંભાને ઉદ્દેશીને પ્રશ્ન કર્યો.

"પુર્વાવસ્થામાં કાન્યકુબ્જ નગરનો રાજા વિશ્વામિત્ર. સખી તે વિશ્વામિત્રને વશિષ્ટ સાથે કાંઇ કારણસર તકરાર થવાથી, વશિષ્ટના બ્રહ્મતેજને આધિન રહેલી કામધેનુના પ્રભાવે તેના પુત્રો અને સઘળું સૈન્ય નાશ પામ્યું, બ્રહ્મતેજનો

એટલો બધો પ્રભાવ જોઇ વિશ્વામિત્રે દ્રઢ સંકલ્પ કર્યો કે કોઇ પણ પ્રકારે બ્રહ્મતેજ પ્રાપ્ત કરવું. આવો નિશ્ચય કરી તે તપ કરવા લાગ્યા. તેના તપનો ભંગ કરવા દેવેંદ્રે એક વખત કોશીષ કરી હતી પરંતુ તેમાં તે નિષ્ફળ થયા હતા. તો પણ દેવેંદ્રનું માનવું છે કે, વિશ્વામિત્ર બ્રહ્મર્ષિત્વ લાભ નહિ મેળવી શકે " રંભાએ ખુલાસો કર્યો.

"એટલે ? રંભા ! શું દેવેંદ્રને હજુ પણ એજ અભિમાન છે કે, વિશ્વામિત્ર બ્રહ્મર્ષિત્વ પ્રાપ્ત નહિજ કરી શકે? મેનકાએ પુછ્યું.

"હવે તો ઉલટો તેને ભય લાગ્યો છે ? " રંભાએ જવાબ આપ્યો.

"ખરેખર, રંભા! જેને પોતાના તપના પ્રભાવથી નુતન સ્વર્ગ અને સૃષ્ટી ઉત્પન્ન કર્યાં તે કોઈ સાધારણ મનુષ્ય નથી, પરંતુ તે મનુષ્યોમાં શ્રેષ્ટ વિર્યવાન અને દ્રઢ સંકલ્પવાળા છે. બ્હેન ! તેનું સ્થળ તું મને બતાવી શકશે? તે કયા તપોવનમાં રહે છે. ? " મેનકાએ વિશ્વામિત્રની પ્રસંશા કરતાં કહ્યું.

"મેનકા ! મને લાગે છે કે તને વિશ્વામિત્રપર મોહ થયો છે. શું તું અમરાપુરીનો આનંદ મુકી મનુષ્યપર મોહ

કરવો એ તને વ્યાજબી લાગે છે?" ઉર્વશીએ સ્મિત હાસ્ય કરતાં કહ્યું.

"સખી, જ્યારે જ્યારે હું પૃથ્વીપર જાઉંછું, અને આવા પ્રભાવશાળી પુરૂષોનાં ગુણગાન સાંભળું છું, ત્યારે ત્યારે હું તેવા પુરૂષોપર મુગ્ધ બની જાઉંછું. પૃથ્વીનાં નરનારીઓ સદા પ્રેમના બંધનમાં રહે છે, તેમનાં સ્નેહાળ હૃદય સ્નેહથી ઉભરાઇ જતાં જોવામાં આવે છે, ત્યાં દેહનું દાન આપવા સાથે હૃદયનું દાન પણ અપાય છે, કેવળ કામ ક્રિયાના હેતુથીજ નહિ? પરંતુ શુદ્ધ પ્રેમના સ્વરૂપો સમજીનેજ તે પ્રમાણે વર્તન કરવામાં આવે છે. ઉર્વશી? આપણે સ્વર્ગની અપ્સરાઓ તો દેવ માત્રની દાસીઓ છીએ, ભાગ્યવતી તો ભુમંડળની ભામાઓજ છે.!" મેનકાએ કહ્યું.

"મેનકા! આ તું શું બોલે છે! મૃત્યુલોક તો રોગ અને શોકનો આગાર છે! ત્યાંની સુંદરતા ક્ષણભંગુર છે, અને સ્વર્ગની સુંદરતા તો ચિરસ્થાયી છે એવી ક્ષણભંગુર સુંદરતા પર તને આટલો બધો મોહ થએલો જોઇ મને આશ્ચર્ય લાગે છે!" રંભાએ કાંઇક આશ્ચર્ય પામતાં કહ્યું.

"રંભા! સતકલ્પ પર્યંત સ્વર્ગવાસ અપેક્ષા, સ્વાધીન જીવન અતિ શ્રેષ્ટ છે અને પૃથ્વી મૃત્યુ તથા શોકનો આગાર છે એ ખરૂં, પરંતુ ત્યાં કોઇ પરાધીન નથી. મનુષ્યના

જીવન પંચમહાભુતથી બનેલાં છે, તદપિ એ શરીરમાં આત્માનો વિકાસ છે; અને એ વિકાસ પામેલા આત્મ બળથી દ્રઢ સંકલ્પ મનુષ્ય ઇંદ્રત્વ અથવા બ્રહ્મત્વને પણ તુચ્છ સમજી પરબ્રહ્મમાં લિન્ન થાય છે પૃથ્વીજ એવું સ્થાન છે, કે જ્યાં બ્રહ્મ જ્ઞાનનો લાભ થાય છે! એટલા માટેજ મૃત્યુ લોક સ્વર્ગથી સર્વ પ્રકારે શ્રેષ્ટ છે!" મેનકાએ રંભાના પ્રશ્નનો ખુલાસો કરતાં કહ્યું.

"ત્યારે સર્વ કોઇ સંસારને દુઃખમય કેમ માને છે? સંસારમાં સુખ નથી એમ સમજી સ્વર્ગની અપેક્ષા કેમ કરે છે?" ઉર્વશીએ એક ગંભીર પ્રશ્ન રજુ કર્યો.

"એ માત્ર મનુષ્યની નિર્બળતા છે. અત્યાર સુધી દેવેંદ્રની ઇચ્છાથી જે જે તાપસોના તપો ભંગ કરવાનો મને પ્રસંગ પ્રાપ્ત થયો છે, તે પરથી મને સંપૂર્ણ અનુભવ થયો છે કે, મનુષ્ય પોતાના મનોબળ પર કાબુ રાખી શકે તો ઇંદ્ર તો શું? પરંતુ તેત્રીસ કરોડ દેવતાઓ પણ એકત્ર થઇને તે મનુષ્યને કશું કરી શકતા નથી! ઉલટા તેનાથી થર થર કાંપે છે! અરે લાચાર બનેલા દેવો તેવા મનુષ્યની જ ક્ષમા માગે છે!" મેનકાએ પોતાના અનુભવનું દિગ-દર્શન કરાવતાં ઉર્વશીને કહયું.

"મેનકા! તારી સાથે વિવાદમાં તો પહોંચવાની અમા

રામાં શક્તિ નથી. ચાલો હવે બહુ સમય થયો છે, દેવેંદ્ર આ પણી રાહ જોતા હશે." આખરે કંટાળી જઇ રંભાએ કહ્યું.

"નહિ, સખી! મારી ઇચ્છા તો એ તપસ્વીના દર્શન કરવાની છે મેં દેવેંદ્ર પાસેથી માનસરોવર પર વિહાર કરવા જવાની રજા મેળવી છે એટલે દેવેંદ્ર મારી ગેરહાજરીથી ગુસ્સે થાય તેમ નથી, તમારે જવું હોય તો સુખેથી જાઓ." મેનકાએ કહ્યું.

"તને રજા આપવામાં દેવેંદ્રનો કાંઇક ઉદ્દેશ હોવો જોઇએ, કારણ કે જે સ્થળે તું જવા માગે છે તેજ સ્થળે વિશ્વામિત્રનો આશ્રમ છે." રંભાએ કહ્યું.

"એમકે! રંભા કહેતો ખરી એ મહાનુભાવના આશ્રમની શોભા કેવી છે!" મેનકાએ હર્ષના આવેશમાંજ એ પ્રશ્ન કર્યો.

"વાહ, વાહ, હજુ તો વિશ્વામિત્રના દર્શન સરખાં પણ થયાં નથી, એટલામાં તો મહાનુભાવના ઉપનામથી સંબોધવાનું પણ શરૂ થઇ ચુક્યું કે!" ઉર્વશીએ સ્મિત હાસ્ય કરતાં કહ્યું.

"સખી! મને શા માટે શરમાવે છે! કહેને! તે મહાનુભાવ ક્યા તપોવનમાં રહે છે!" મેનકાએ તેવાજ ભાવથી પ્રશ્ન કર્યો.

"તને હમણાંજ કહયું ત્યાં! હેમાદ્રિના સ્વર્ગમય શોભા આપતા શિખર પર! તારા મન ચોર મહાનુભાવ ત્યાંજ રહે છે! સમજી મારી પ્રેમાળ સખી!" ઉર્વશીએ મેનકાના ગુલાબી ગાલ પર પોતાની બે આંગળીઓ અફાળતાં જવાબ આપ્યો.

"ઉર્વશી! તું મારા પર ખોટો દોષરોપણ કરે છે." મેનકાએ કહ્યું.

"મેનકા? તું ગમે તે કહે, પણ તારો ભાવ ક્યાં છુપો રહે છે!" ઉર્વશીને બદલે રંભાએજ મેનકાના પ્રશ્નનો જવાબ આપ્યો.

"તું તો દરેકને હમેશાં એમજ કહે છે!" મેનકાએ રંભાને ઉદ્દેશીને કહયું.

"ઠીક છે, અત્યારે તો એ માટે વિવાદ કરવાનો વખત નથી પરંતુ તું જ્યારે ત્યાંથી પાછી ફરશે ત્યારે જોઇ લઇશું!" રંભાએ હસ્તાં હસ્તાં કહયું.

"ભલે, ત્યારે હવે આપણે કોઇ અન્ય પ્રસંગે મળીશું." મેનકાએ પણ તેવાજ ભાવથી જવાબ આપ્યો.

"વારૂ, પણ સખી તારા એ મહાનુભાવને અમારા પણ પ્રણામ કહેજે હો!" એમ કહેતી, સ્મિત હાસ્ય કરતી, અને મેનકા તરફ આડી નજરે જોતી, ઉર્વશી, રંભા અને

અન્ય અપ્સરાગણુ સાથે ત્યાંથી ચાલી ગઇ. મેનકાએ પણ હેમાદ્રિ તરફ પ્રયાણ કર્યું.

પ્રિય વાંચક! ઉર્વશીએ ખરૂંજ કહ્યું હતું, વિશ્વામિત્ર હેમાદ્રિના શિખર પર માનસરોવરની નજીકજ આશ્રમ બાંધી પોતાની સ્ત્રીસહ રહેતો હતો ત્રિશંકુના પ્રસંગ પછી તેણે આજ સ્થળ પસંદ કર્યું હતું. ત્યાંનો શીત પવન, અને તપોવનનાં કષ્ટ સહન કરતી સાધ્વી સુનેત્રા પતિની સેવામાં નિમગ્ન રહેતી હતી, પતિ જ્યારે સમાધિમાં હોય, ત્યારે પોતે એક પગે પતિની સન્મુખ ઉભી રહી, પતિની મુર્તિને હૃદયમાં સ્થાન આપી, 'ઓંકાર' પ્રણવના ઉચ્ચાર સાથે પ્રાણવાયુને બ્રહ્મરંધ્રમાં રોકતી. યોગિની દેવીએ પોતાના આશ્રમમાં સુનેત્રાને એ અભ્યાસ કરાવેલો હોવાથી, તેમાં તેણીને મુશ્કેલી પડતી નહિ, પરંતુ ઉલટો આનંદ થતો. ક્રમે ક્રમે તેણી એ અભ્યાસમાં ઘણીજ આગળ વધેલી હતી. સ્ત્રીનું કર્તવ્ય પતિ સેવાજ છે. એવી ભાવનાવાળી સુનેત્રા પતિ સમાગમમાં રહી આનંદમાં દિવસો વિતાડતી હતી. પરંતુ એક દિવસે વિશ્વામિત્ર જ્યારે સમાધિમાંથી જાગ્રત થયો, અને સુનેત્રાની સ્થિતિ જોઇ, ત્યારે તેને ઘણુંજ લાગી આવ્યું. પોતાનેજ ખાતર કષ્ટ સહન કરતી સુનેત્રા પર તેને દયા આવી. તેણે સુનેત્રાને ઉદ્દેશીને કહ્યું; "દેવી! તેં મારે

ખાતર ઘણું કષ્ટ વેઠયું છે, હવે તું રાજયધાનીમાં જા. હું બ્રહ્મર્ષિત્વ લાભ મેળવી તને ત્વરિત મળીશ."

પતિનાં એ વાકયોથી સુનેત્રા પર જાણે વિદ્યુત તુટી પડી હોય, તેવો આઘાત થયો. તે ગળગળિત સ્વરે બોલી, "નાથ! આમાં આપને કષ્ટ જેવું શું જણાય છે ? આ કિંકરીને તો આપના સમાગમથી ઉલટો આનંદ થાય છે?"

"સુનેત્રા ? તારૂં હૃદય હું જાણું છું. પરંતુ દેવી ? તારૂં કષ્ટ મારાથી નથી જોઇ શકાતું ? ધ્યાનમાં કે સમાધિમાં મને તારાજ વિચારો થાય છે ! આથી મને લાગે છે કે, જો તું મારી સાથે રહીશ તો તારી ચિંતામાં લાખો વર્ષ પણ હું બ્રહ્મર્ષિત્વ લાભ નહિ મેળવી શકીશ ! માટે જો તું મારૂં શુભ ચાહતી હોય ! તારા પતિને બ્રહ્મત્વ પ્રાપ્ત થાય એમ તું ઇચ્છતી હોય ? તો મારી આજ્ઞાથી કામ્યકુબ્જ માં જા" વિશ્વામિત્રે સુનેત્રા પાસે પોતાનું નિખાલસ હૃદય ખોલીને કહ્યું.

"નાથ ! જો હું આપના કાર્યમાં વિઘ્નરૂપ જણાતી હોઉં તો ભલે હું આપની આજ્ઞાને આધિન છું ! પણ"—

"દેવી ! હું તમારો હેતુ સમજી ગયો. તમે કામ્ય-કુબ્જમાં જવા નથી ઇચ્છતાં એજ કે બીજું કાંઇ ?" વિ-શ્વામિત્રે સુનેત્રાને બોલતી અટકાવી વચ્ચેજ કહ્યું.

"હા, નાથ ! તમે મારા નિયમને જાણો છો, એટલે એ સંબંધમાં હું કાંઇ પણ વિશેષ કહેવા માગતી નથી. આપની આજ્ઞા હોય તો હું કોઇ નજીકના આશ્રમમાં રહુ" સુનેત્રાએ ખુલાશો કર્યો.

"દેવી ! એ પણ મારી સાથેજ રહેવા જેવું છે, જ્યાં સુધી તમે કાન્યકુબ્જમાં નિશ્ચિંત પણે રહો નહિ ત્યાં સુધી મારા હૃદયને શાન્તિ મળે નહિ, અને શાન્તિ સિવાય કાર્યની સફળતા થાય નહિ," વિશ્વામિત્રે વ્યાજબી વાંધો રજુ કર્યો.

"વારૂ, નાથ ! જ્યારે આપની એવીજ ઇચ્છા છે તો હું કાન્યકુબ્જમાં જઇશ," સુનેત્રાએ ગળગળિત સ્વરે કહ્યું.

વિશ્વામિત્રે જોયું કે સુનેત્રાની આંખમાં અશ્રુ છે તેથી તેણીને વિશેષ કાંઇ પણ નહિ કહેતાં માન સરોવરમાં સ્નાન કરવા ચાલ્યો ગયો, સુનેત્રા અનેક તર્ક વિતર્ક કરતી ત્યાંજ બેસી રહી.

પ્રિય વાંચક ! વિશ્વામિત્ર જે વખતે પોતાના આશ્રમમાંથી માન સરોવર પર જવા નીકળ્યો, તે વખતે મેનકા તેના આશ્રમની નજીકમાંજ આવેલા એક નાના પણ સુંદર જળાશયમાં સ્નાન કરતી હતી, આ વખતે તેણીએ એક સફેદ ઝીણું વસ્ત્ર પહેર્યું હતું પાણીમાં ભીંજા

એવું વસ્ત્ર તેના શરીર સાથે એવું તો ચોટી ગયું હતું કે, તેમાંથી તેણીનાં સર્વાંગ સ્પષ્ટ દેખાતાં હતાં. અને જાણે તેણી નગ્નજ પાણીમાં ઉભેલી હોય એમ જણાતું હતું. આ સમયનો લાભ લઇ ઇંદ્રે પોતાના મિત્ર કામદેવને ત્યાં જવાની આજ્ઞા કરી મિત્રનું પ્રિય ઇચ્છનારો કામદેવ વિશ્વામિત્રને કોઇપણ પ્રકારે મેનકામાં લુબ્ધ કરવાનું વચન આપી, પોતાની સ્ત્રી રતી તથા વસંત સહિત જ્યાં મેનકા સ્નાન કરતી હતી ત્યાં આવી પહોંચ્યો વિશ્વામિત્ર માનસરોવરમાંથી સ્નાન કરી પાછા ફરે તે પહેલાં કામદેવની આજ્ઞાથી વસંતે પુષ્પ લતાદિક સ્વક્રિય ધર્મનો વિસ્તાર કર્યો, વસંતના જે ધર્મ છે તે સર્વ તે સ્થળે પ્રાપ્ત થયા. પલાશનાં વન પ્રફુલિત થયાં, કોકિલના મનોહર શબ્દ અને ભ્રમરનો ગુંજારવ સંભળાવા લાગ્યો, સુગંધિ યુકત શીતળવાયુ વાવા લાગ્યો, આ સ્થાને અચેતનોને પણ કામાશકિત થાય તેવું હતું તો સચેતનને થાય તેમાં શું આશ્ચર્ય ? એ રીતે વસંતરૂતુનો અત્યંત ફેલાવો જોઇ રતિ સંયુકત કામદેવ આમ્રવૃક્ષ રૂપી બાણને સન્નિધ કરી, દુરથી આવતા વિશ્વામિત્રની સમીપ અદ્રશ્ય પણે ઉભો રહયો, એ રીતે રતિ સહિત કામને ઉભેલો જોઇ કોને મોહ ન થાય ! વિશ્વામિત્ર નજીક થતાંજ કામદેવે પોતાના બાણનો તેના પર પ્રહાર કર્યો. તેજ ક્ષણે

વિશ્વામિત્રની દ્રષ્ટિ જળાશયમાં સ્નાન કરતી મેનકા પર પડી, તેણીને જોતાંજ તેનામાં ન સમજી શકાય તેવો ફેરફાર થઇ ગયો. મેનકાની દ્રષ્ટિ વિશ્વામિત્રની દ્રષ્ટિ સાથે મળતાંજ બંનેના હૃદયમાં કુદરતી પ્રેમનો સંચાર થયો.

વિશ્વામિત્ર મન સાથે વિચારવા લાગ્યો કે, " અહો ! આ પરમ સુંદરી કોણ છે ? આવી સુંદરતા તો મેં કોઇ દિવસ જોઇ નથી ! અહા ? શું તેણીનું સુંદર સ્વરૂપ ! તેનુ મુખ જાણે ચંદ્ર ! નેત્ર જાણે કમળ ? ભ્રકુટી જાણે કામદેવનું ધનુષ્ય ! અધર જાણે બિંબ ! નાસિકા જાણે પોપટની ચાંચ ! સ્વર જાણે કોકિલાનો આલાપ ! ખરેખર સૃષ્ટિમાં જેટલું સૌંદર્ય છે તે સઘળું સૃષ્ટિકર્તાએ આ સુંદરીમાંજ નિર્માણ કર્યું છે ! ઓહ ! તેણીને જોઇ મારા હૃદયમાં પ્રેમનો સંચાર કેમ થાય છે! તેણીને આલિગન કરવા મન કેમ લલચાય છે ! " આવા અનેક વિચારો કરતો અને મેનકા તરફ દ્રષ્ટિ ફેંકતો વિશ્વામિત્ર મેનકાને કાંઈ પુછવાનું કરતો હતો એટલામાંજ મેનકા તે જળાશયમાંથી બહાર આવી અને વિશ્વામિત્રની સન્મુખ ઉભી રહી, કેટલીકવાર તેણી વિશ્વામિત્રના મુખચંદ્ર સામુ એકી ટસે જોઇ રહી અને પછી બોલી, તેજપુંજ તાપસ ! હું આપને પ્રણામ કરૂં છું." મેનકાથી વિશેષ બોલી શકાયું નહિ શરમના દબાણથી

તેણીનો કંઠ રૂંધાઇ ગયો તે નીચી દ્રષ્ટિ કરી સ્થિર ભાવે ત્યાં ઉભી રહી કામદેવ પોતાને વિજય મળેલો જાણી મનમાંજ પ્રસન્ન થવા લાગ્યો. ઇંદ્રે પણ અંતરિક્ષમાં રહી પોતાના મિત્ર કામદેવને આશિર્વાદ આપ્યો.

કેટલીકવાર સુધી તો મેનકા કે વિશ્વામિત્ર બેમાંથી કોઇ કાંઇ બોલ્યું નહિ પણ આખરે વિશ્વામિત્રે બોલવાની શરૂઆત કરી.

" જળવિહારીણી નલિની નયન સુંદરી તું કોણ છે! અને અહીં શી ઇચ્છાથી આવી છે? કહે! કહે! હું તારૂં શુભ કરીશ! હું રાજર્ષિ વિશ્વામિત્ર છું?"

" વિશ્વામિત્ર! અહા જેનું હું ચિંતવન કરતી હતી તેજ આ વિશ્વામિત્ર!" મેનકા અતિ પ્રસન્ન થતી મનમાંજ બબડી, અને પછી વિશ્વામિત્ર તરફ ફરીને બોલી; 'પ્રભુ! આપને મારા પ્રણામ હો! હું અપ્સરા જાતિમાં ઉત્પન્ન થએલી મેનકા છું, દેવેંદ્રની આજ્ઞા લઇ આ જળાશયમાં સ્નાન કરવા આવી છું. પ્રભુ? મને આશિર્વાદ આપો, મારી કામના પુર્ણ કરો!"

" કૃશોદરી? તારી વિમલ સુંદરતા જોઇ મારા હૃદયમાં અકસ્માત પ્રેમનો સંચાર થયો છે! સુંદરી? મારી અભિલાષા તુંજ પુર્ણ કર!" કામને વશ થએલા વિશ્વામિત્રે શરમનો ત્યાગ કરી કહ્યું.

પોતે જે ઇચ્છાથી અહીં આવી હતી તે ઇચ્છા અનાયાસે ફળીભુત થએલી જોઇ મેનકા મનમાં અતિ પ્રસન્ન થઇ વિશ્વામિત્ર પાસે પોતે જે વર માગવા ચાહતી હતી, તેજ વર વિશ્વામિત્રે મેનકા પાસે માગ્યો પછી તેના આનંદનું પુછવુંજ શું! ને વિશ્વામિત્ર તરફ ફરીને બોલી, "પ્રભુ! હું તો આપની દાસી છું તમારી આજ્ઞાનું ઉલંઘન હું કેમ કરૂં! હું પણ તમારા જેવીજ દશા ભોગવું છું?"

"તો ચાલ, મારી સાથે આવ. નજીકમાંજ મારો આશ્રમ છે." એમ કહેતાંજ વિશ્વામિત્ર મેનકાના સિંજાએલા વસ્ત્રના છેડા પર હાથ નાંખવા ગયો. પરંતુ સ્ત્રી સ્વભાવથી લજ્જાયુકત થએલી પોતાનાં અંગ દેખાડતી, અને વિશ્વામિત્ર તરફ આડી નજરે જોતી, મેનકા દુર ખસી ગઇ તેણીની એ ચેષ્ટા જોઇ મોહને પ્રાપ્ત થએલા વિશ્વામિત્રે બળાત્કારે તેણીના વસ્ત્રનો છેડો પકડી લીધો.

"સુંદરી! હવે શરમ શામાટે કરો છો! આવો! મારી સાથે આવો!" એમ કહેતાંજ તેણીના વસ્ત્રનો છેડો ખેંચવા લાગ્યો. વિશ્વામિત્રની આ ચેષ્ટાએ મેનકાની શરમ છોડાવી દીધી. તે પણ કેટલીક નિર્લજ ચેષ્ટાઓ કરવા લાગી માયાવશ વિશ્વામિત્ર આ વખતે પોતાની સ્થિતિનું ભાન ભુલી ગયા.

અહા ? એક સમય ઇંદ્રની આવીજ કસોટીમાંથી પસાર થએલા વિશ્વામિત્રની આ કેવી દશા ! માયા ! માયા! તારા મોહપાશથી કોણ બચ્યું છે ? શંકર પરમાત્મા જેવા પણ એક વખત તારીજ મોહજાળમાં ફસ્યા હતા ! તો આ બિચારા વિશ્વામિત્રનું શું ગજું ?

કેટલીકવારે વિશ્વામિત્ર મેનકાને સાથે લઇ પોતાના આશ્રમ તરફ ચાલ્યા. હજુ તો તે બહુ દુર ગયા નહિ એટલામાં સુનેત્રા તેને સામે મળી પતિની સાથે અપરિચિત સ્ત્રીને જોઇ તે વિસ્મય પામી પરંતુ તે વખતે તેણી કશું બોલી શકી નહિ તદપિ તેના મુખ પર પ્રદર્શિત થયેલા ભાવને વિશ્વામિત્ર જાણી ગયો તે સુનેત્રા તરફ ફરીને બોલ્યો દેવી ! શું તમે હજુ નથી ગયાં ! ”

પતિના શબ્દોથી સુનેત્રાને ઘણુંજ લાગી આવ્યું, તે સાથે અપરિચિત સ્રીને પતિની સાથે જોઇ પતિના વૃતમાં ભંગ થવાનો પણ તે સાધવીને ભય લાગ્યો, પરંતુ તે વખતે તેણી કશું બોલી શકી નહિ પતિ આજ્ઞાને માન આપી તરત તો તેણી ત્યાંથી ચાલી ગઇ આશ્રમ છોડી ગઇ પરંતુ રસ્તામાં તેને અનેક વિચારો થવા લાગ્યા, દેવી યોગિની તેને યાદ આવ્યાં જાણે કે દેવી યોગિનીજ તેની સામે ઉભાં હોય, અને તેને પોતાના હૃદયના ભાવો જણા

વતી હોય તેમ તે બોલવા લાગી, " માતા ! જુઓ ! આજે મારા પતિ ઘોર માયામાં મોહિત થયા છે ! શું અત્યાર સુધી કરેલા જપ તપનું આજ ફળ છે કે ! હાય ! હવે પતિને માયાના પાશમાંથી છોડાવવા કયો પ્રયત્ન કરૂં ? હું તેની સહધર્મીણી છું ? પતિ માયાના આવરણમાંથી મુક્ત થાય એવો ઉપાય કરવો એ મારો ધર્મ છે? પરંતુ હું શું કરૂં ! અબળા છું ! માતા ! યોગિની ? યોગસિદ્ધિ પ્રદાયનિ આ અબળાને કાંઇ રસ્તો બનાવ્યા ! કયા ઉપાયથી મારા પતિનો આ કામકળાથી ઉદ્ધાર કરૂં ! આ દેવ પ્રેરિતા મોહિની મુગ્ધકારિણીએ મારા પતિને મુગ્ધ બનાવ્યા છે ! માતા મને અત્યારે તમારાજ શરણુની જરૂર છે !" સુનેત્રાની પ્રાર્થના દેવી યોગિની સુધી પહોંચી એકાએક સામેથી દિવ્ય મુર્તિ આવતી જણાઇ સુનેત્રા દોડતી જઇ તેના ચરણમાં પડી. " માતા ? શું મારી પ્રાર્થના તમે સાંભળી ! માતા ! માતા ! હું આપને શું કહું ! દરેક પળે અમારા પર ઉપકાર કરનારી કલ્યાણી માતા ! આપ કોણ છો અને કયાં રહો છો!"

"બેટા ! તું મને નહિ ઓળખે ! મારે ચાર પુત્રો છે, હું હમેશાં તેની પાસેજ રહું છું. સંસારના લોકો મારા પુત્રને પકડી લઇ જાય છે ! તેને કુવાકય કહે છે ! પરંતુ શું કહું ! મારા એ સરલ હૃદયી પુત્રો સદા સર્વદા સંસારનું કલ્યાણજ કરે છે ! સર્વને ક્ષમાજ આપે છે !" યોગિનીએ કહ્યું.

"માતા! તમારા એ ચારે પુત્રો શું કરે છે!"

"મારા પુત્રો સંસારને ઉપદેશ કરે છે! પરંતુ બેટા! તેઓનું આજ કાલ કોણ સાંભળે છે! સર્વ સ્થળે સર્વ જીવો સુખ ભોગનીજ કામના કરે છે!"

"માતા! મને તમારા એ પુત્રોનું સ્થળ બતાવો, હું તેમની પાસે જવા ઇચ્છું છું!"

"ત્યાં જઇ તું શું કરશે!"

"મારા પતિનું ચિત મલિન થયું છે! મહાંધકારમાં તે ભુલા પડયા છે! મોહવશ થયા છે! તેનું પ્રાયશ્ચિત શું છે, તે મારે તેમની પાસેથી શીખવું છે! હું તેની પત્નિ છું, તેમના કર્મોમાં મારો હિસ્સો છે. એટલે કયું પ્રાયશ્ચિત કરવાથી મારા પતિ મોહથી મુક્ત થાય એ પુછવું છે!"

"એટલા માટે તેમની પાસે જવાની કાંઇ જરૂર નથી. એ તો હુંજ તને શીખવું છું, જો સાંભળ, પાપનાં અનેક સાહયક છે, તેમાં ઐશ્વર્ય-વિશેષ કરીને યોગ ઐશ્વર્ય એ પ્રાધાન્ય છે, તારા પતિએ યોગઐશ્વર્ય પ્રાપ્ત કર્યું છે, તેને એવો ગર્વ થયો કે પત્નિ સાથે રહેવા છતાં પણ હું કામજયિ—અર્થાત કામને મેં જીત્યો છે. એથી તેના એ ગર્વનું ખંડન કરવા પરમાત્માએજ આ પ્રસંગ તેની સમક્ષ

લાવી મુકયો છે તો પણ ચિંતા કરવા જેવું નથી કારણકે તારા પતિએ આશ્રિતાની રક્ષા કરી છે, એટલે યોગ સિદ્ધિ થશે તું તેનું અર્ધાંગ છે. તારા પતિવૃત પ્રભાવથી તે પવિત્ર થઈ જશે. તું મહાશકિતનું ધ્યાન કર, તેની કૃપાથી તારા પતિનું શ્રેય થશે." યોગિનીએ ઉપદેશ આપતાં કહ્યું.

"માતા ! મારા પતિ જેનામાં આશકત થયા છે, તે સ્ત્રી કોણ છે!" સુનેત્રાએ એક નવીન પ્રશ્ન કર્યો.

"મેનકા નામની ઇંદ્રની અપ્સરા છે. ઇંદ્રની ઇચ્છાથી કામદેવે તેણીને તારા પતિની અનુરાગિણી બનાવી છે." યોગિનીએ કહ્યું.

"માતા! શું મહાન તપસ્વીઓ પણ એ કામદેવના બાણથી વિંધાય ખરા કે!"

"અવશ્ય, મહાન યોગીશ્વર મહેશ્વર પણ એક સમય કામદેવના સપાટામાં સપડાયા હતા, તો બિચારા વિશ્વામિત્રનું શું ગજું! બેટા! અત્યારે સંસારરૂપી કર્મ ક્ષેત્રમાં એક મહા ધાર્મિક રાજાની આવશ્યકતા છે, તારા પતિદ્વારા મેનકાના ગર્ભથી એક કન્યા ઉત્પન્ન થશે, તે કન્યાને એક ભરત નામને પુત્ર થશે જેના પુણ્ય પ્રભાવથી આ ધર્મક્ષેત્ર ભારત વર્ષ એ નામથી જગતમાં વિખ્યાત થશે. સુનેત્રા!

પતિ આજ્ઞાનું પાલન કર! તારૂં શુભ થશે! તારા પતિ વ્રતના પ્રભાવે તારો પતિ પવિત્ર થશે! અને બ્રહ્મત્વ લાભ ની પ્રાપ્તિ કરશે. એટલું કહેતાંજ તે દિવ્ય મુર્તિ ત્યાંથી અદ્રશ્ય થઇ ગઈ અને અનેક વિચાર તરંગોમાં ગોથાં ખાતી સુનેત્રા પણ પતિના શ્રેય અર્થે યોગિનીના ઉપદેશ મુજબ મહાશકિતની ઉપાસના કરવા કોઇ એકાંત સ્થળમાં ચાલી ગઇ–વિશ્વામિત્ર મેનકા સાથે તે આશ્રમમાંજ રહેવા લાગ્યો.

પ્રકરણ ૧૭મું.

અપકારનો બદલો ઉપકાર

પ્રિય વાચક! શકિત મુનીના શ્રાપથી રાક્ષસ બનેલા કલ્માષને આપણે જંગલે જંગલ અને વને વન રખડતો આગલા પ્રકરણમાં જણાવી ગયા છીએ તે વનમાં પશુઓનું અને નિર્દોષ પ્રાણીઓનું ભક્ષણ કરવા ઉપરાંત મનુષ્ય માંસ ભક્ષણની નિરંતર અપેક્ષા કરતો હતો. બિચારાં રાંક મનુ-ષ્યોને તે દુર્બુદ્ધિ રાક્ષસનો ભેટો થતો તો તરતજ તે પાપીષ્ટ તેનો ભક્ષ કરી જતો આથી તે જે સ્થળમાં રહેતો હતો તે સ્થળમાંથી કોઇ મનુષ્ય પસાર થતું નહિ પરંતુ મનુષ્ય

માંસનીજ ઇચ્છા કરનારો કલ્માષ દર વખતે મનુષ્યનીજ શોધ માં રહેતો. ફરતો ફરતો તે એક દિવસે વિશ્વામિત્રના આશ્રમ પાસે આવી પહોંચ્યો. વિશ્વામિત્રે ત્રિશંકુને સદેહે સ્વર્ગમાં મોકલ્યો એ તેના જાણવામાં આવ્યું હતું આથી તેને વિચાર થયો કે કદાચ તેને શરણે જવાથી મારો પણ ઉદ્ધાર થઇ જશે, એમ ધારી તે વિશ્વામિત્રનો આશ્રમ શોધતો શોધતો ત્યાં આવી પહોંચ્યો. ત્રિશંકુના યજ્ઞમાં પોતે આચાર્ય હોવા થી વશિષ્ટ અને તેના સો પુત્રો ન આવ્યા એથી વશિ-ષ્ટ મારા ઐશ્વર્યની ઈર્ષા કરે છે એમ વિશ્વામિત્રે માની લીધું હતું. અને ત્યારથી તે અપમાનનું વૈર લેવા તેણે નિશ્ચય કર્યો હતો આ વખતે વિશ્વામિત્ર વશિષ્ટના સંબંધમાંજ વિચાર કરતા હતા. પૂર્વે બનેલો બનાવ તેની દ્રષ્ટિ સમિપ ખડો થયો, પોતાના સો પુત્રો અને અસંખ્ય સૈન્યનો વશિષ્ટે વિનાશ કર્યો, આ સર્વ એક પછી એક એમ સ્મરણમાં આવતું ગયું, પોતાના પુત્રો જાણે તેની દ્રષ્ટિ સમિપ ઉભા રહી કહેતા હોય કે, “પિતા! પ્રતિ હિંસા! પ્રતિહિંસા! અમારી તૃષ્ણા ત્યારે નિવારણ થશે! જ્યારે વશિષ્ટના સો પુત્રોનું રૂધિર પાન કોઇ બ્રહ્મ રાક્ષસ કરશે!” વિશ્વામિત્ર એજ યંત્રણામાં હતો એટલામાં કલ્માષ ત્યાં આવી પહોંચ્યો અને મુનીને નમસ્કાર કરી પોતાના

ઉદ્ધાર માટે પ્રાર્થના કરવા લાગ્યો, "મહાત્મન! હું શકિતના શ્રાપથી બ્રહ્મ રાક્ષસ થયો છું. તેમાંથી મારો અનુગ્રહ કરો મને બચાવો!"

વિશ્વામિત્રે ઉંચે જોયું શકિતથી શ્રાપિત થયેલો પુર્વ પરિચિત કલ્માષપાદ દ્રષ્ટિએ પડયો શકિતનો તે વખતનો પ્રભાવ, અને કલ્માષની દ્રયાર્દસ્થીતિનું ચિત્ર વિશ્વામિત્રની દ્રષ્ટિ સમિપ ખડું થયું, વિશ્વામિત્ર ભયભિત થયો, થોડા સમય પુર્વે વશિષ્ટનું વૈર લેવા માટેનો કરેલો વિચાર. તેનું હ્રદય સ્થાન છોડી ગયો. તે કલ્માષ તરફ ફરીને બોલ્યો.–

"કલ્માષ ? કેવળ બ્રાહ્મણુજ તમને શ્રાપથી મુકત કરશે. મેં અધાપિ બ્રહ્મર્ષિત્ત્વ પ્રાપ્ત કર્યું નથી. એટલે લાચાર છું. તમારી બીજી કાંઇ ઇચ્છા હોય તો કહો."

"ત્યારે પ્રભુ કૃપા કરી એટલું કરો કે હું જેમ બ્રહ્મ રાક્ષસ થઇ સૃષ્ટિમાં ભ્રમણુ કરૂં છું. તેમ મારામાં રાક્ષસી બળપણુ આવે કે જે બળ વડે હું વશિષ્ટ પાસેથી મારા વૈરની વસુલાત કરૂં ? તેના સો પુત્રોનો નાશ કરૂં" કલ્માષે કહ્યું.

"એવમસ્તુ ! તારી ઇચ્છા સફળ થાઓ ?" વશિષ્ટ સાથેના વૈરનું સ્મરણુ થતાંજ વિશ્વામિત્રે ઉતાવળે એ વર આપી દીધો.

એકાએક કલ્માષમાં ન સહન થાય તેવું બળ ઉત્પન્ન થયું તે સિંહ ગર્જના કરતો "બસ? બસ? હવે એ પાપિષ્ટ વશિષ્ટના સો પુત્રોને પકડી તેનું રકતપાન કરીશ!" એવા ભિષણ ઉચ્ચારો કરતો ત્યાંથી અદ્રશ્ય થઇ ગયો.

કલ્માષના જવા પછી "પિતા! પિતા! અમારી પ્રતિ-હિંસા તૃષ્ણા પુર્ણ થઇ!" એવો ગંભિર નાદ સંભળાયો. પોતાના પુત્રોના બદલામાં વશિષ્ટના સો પુત્રોનું બલિદાન રાક્ષસોને અપાશે એ જાણી વિશ્વામિત્રને પરમ સંતોષ થયો પરંતુ કલ્માષને બળ આપ્યા પછી તેનું હૃદય ડંખતું હતું શામાટે એ તે પોતે પણ સમજી શકયો નહિ.

વિશ્વામિત્રના વરથી બળિષ્ટ બનેલો કલ્માષ વશિષ્ટના આશ્રમ પાસે ગયો અને ત્યાં કેટલોક કાળ પર્યંત રહીને એક એક કરી વશિષ્ટના સો પુત્રોનો તેણે ભક્ષ કર્યો, આટલાથી પણ તેને સંતોષ થયો નહિ. વશિષ્ટના શિષ્યવર્ગ સુદ્ધાંને પણ તે રંજાડવા લાગ્યો. એક સમયે તે વશિષ્ટની પર્ણકુટી સુધી તે શાંન્ત મુર્તિનોજ ભક્ષ કરવા દોડી આવ્યો આ વખતે વશિષ્ટ અરૂંધતિને કલ્માષપાદે કરેલા અત્યાચારના અશુભ સમાચાર આપતા હતા.

'સાધ્વી! એક કઠોર યંત્રણા સહન કરવાને તૈયાર થા!'

" પ્રભુ ! એવા તે શા ખબર છે ? શું વિશ્વામિત્ર બ્રહ્મત્વ પ્રાપ્ત કરી તેનું પુર્વનું વૈર લેવા આવ્યા !" અરૂંધતિએ ગભરાયેલી હાલતે પુછ્યું.

" નહિ, દેવી ! એતો આનંદ પ્રસંગ ગણાય ? પરંતુ આતો દુઃખદ સમાચાર છે ?

" નાથ ! કહો ! જલદી કહો ! મારો પુત્ર શકિત તો કુશળ છે ના ? "

" અફ્સોસ ! સતિ ? શકિત આ સંસારમાં નથી ! "

" નાથ ! નાથ ! શું સત્ય કહો છો ? પુત્ર શકિતનો સ્વર્ગવાસ થયો ! હરિ હરિ હવે શું થશે ! "

" સાધવી ! શાંન્ત થા, તારા હૃદયને વજ્ર સરખું બનાવ ! હજુ તેનાથી પણ વિશેષ વિપદના સમાચાર છે ?"

" હાય ! આ અભાગિનીએ આજે કોનું મુખ જોયું હશે ! કે સર્વ વિપદનાજ સમાચાર સાંભળવાનો પ્રસંગ આવે છે ! કહો ! નાથ ! જે થયું હોય તે સર્વ કહો ! "

" સાંભળ, તારા સો પુત્રોને રાક્ષસ બનેલા કલ્માષપાદે ભક્ષણ કર્યા ! "

" નાથ ? ગજબ થયો ? મારા નેત્રોનું તેજ ઉડી ગયું ? મારી સર્વ શકિત હરાઇ ગઈ ! ઓ પૃથ્વીમાતા ! હવે મને પણ તારા ગર્ભમાં લઇ લે ! મારાથી આ દુઃખ યંત્રણા સહન

નહિ થાય ? પ્રભુ આપની યોગશકિતના પ્રભાવથી મારા સો પુત્રોને બચાવો ? યાતો મને મારા પુત્રોની પાસે મોકલાવો ? ”

“ પ્રિયે ? આશું ! તું કોને માટે કલ્પાંત કરેછે? પુત્ર? કોના પૂત્ર ? તારો અને તેનો સંબંધ માત્ર આટલા સમય માટેજ હતો ! તે પુરો થતાં સર્વ ચાલ્યા ગયા ! વિધિનું નિર્માણ એવુંજ હતું ? શાન્ત થા ” વશિષ્ટે અરૂંધતિને આશ્વાસન આપતાં કહ્યું.

“ નાથ ? એવી કઇ નિર્દય માતા હશે ? કે જે પોતાના પુત્રોના મૃત્યુ માટે દિલગીર નહિ થાય ? પ્રભુ ? દયા કરો ? અને મારા પુત્રોને આપની યોગ શકિતના પ્રભાવથી પાછા લાવો ?”

“દેવી ? મને મોહમાં ન નાંખો ? ”

નાથ ? ગમે તેમ કરો ! પણ મારા પુત્રોને પાછા લાવો ! અરૂંધતિએ કલ્પાંત કરતાં કહ્યું.

“ પાછા લાવો ? અરે ? પાછા લાવનાર વશિષ્ટનો પણ હું હમણાંજ ભક્ષ કરૂંછું ?” એમ બોલતો કલ્માષપાદ પર્ણકુટીની અંદર ધસી આવ્યો. અરૂંધતિ અતિ આક્રંદ કરતી પતિને પોતાની પાછળ છુપાવી, પોતે આગળ ઉભી રહી.

એને બોલી " પાપિષ્ટ? આવ ! આવ! મારો ભક્ષ કર! મારા સો પુત્રોથી તારા આત્માને તૃપ્તિ ન થઇ હોય, તો આવ મારો ભક્ષ કર ? "

મહાત્મા વશિષ્ટ શાંન્ત ચિતે સઘળું સાંભળ્યા કરતા હતા. કલ્માષપાદના આવા અનીતિમય આચરણ સામે તેને સહજ પણ તિરસ્કાર કે ક્રોધ આવ્યો નહિ. કારણ કે તે જાણતા હતા કે, રાક્ષસ બુદ્ધિ એવીજ હોય છે. તેને કલ્માષપાદની આ સ્થિતિપર ઉલટી દયા આવી. તેને પોતાનું કમંડલું હાથમાં લીધું અને તેમાંથી જળ લઇ મંત્ર ભણી કલ્માષપાદપર છાંટતાં તે બોલ્યા " કલ્માષપાદ ! મારી આ અંજલિના સ્પર્શથી શ્રાપ મુકત થા ? " તત્ક્ષણેજ કલ્માષપાદમાં કાંઇ અવનવો ફેરફાર થઇ ગયો. તે બે પગલાં પાછળ હઠયો અપકારનો બદલો ઉપકારમાં મળેલો જોઇ તે ઘણોજ પસ્તાયો, તે નીચી મુંડીએ ત્યાંથી પાછો ફર્યો. તેનાથી એક શબ્દ પણ બોલી શકયો નહિ, પર્ણકુટીની બહાર તે ઉભો રહયો. અને દુરથીજ બે હાથ જોડી મુનીને મુંગે મોઢે પ્રણામ કર્યા. મુનીએ બહાર આવી પોતાના પવિત્ર હાથો તેના મસ્તકપર ધર્યા. અને આશિર્વાદ આપતાં બોલ્યા " રાજન! હવે રાજ્ય તરફ પધારો, અને પ્રજાનું રક્ષણ કરો. "

પ્રિય વાચક ? જોયું મુનીશ્રેષ્ટ વશિષ્ટનું પવિત્ર હૃદય! પોતાના સો સો પુત્રોનો નાશ કરનાર દુશ્મનપર પણ તેને સહજ ક્રોધ ન કરતાં ઉલટો તેને શ્રાપથી મુકત કર્યો. અહો? ધન્ય છે. ? એ મહાપુરૂષની પરોપકાર વૃતિને ???

કલ્માષપાદ આશિર્વાદ મેળવી બહાર નીકળ્યો વશિષ્ટે કેટલાંક શાસ્ત્રોનાં દ્રષ્ટાંતો આપી અરૂંધતિને શાંન્ત કરી, અને પોતે કાર્યમાં પ્રવર્ત થયા.

પ્રકરણ ૧૮મું.

પશ્ચાતાપ

મેનકા વિશ્વામિત્રના સહવાસમાં દશ વર્ષ રહી એટલા સમયમાં તેણીને વિશ્વામિત્રથી ગર્ભ રહ્યો અને એક પુત્રી રત્નને જન્મ આપ્યો. સુનેત્રા તો પતિ આજ્ઞાથી તે આશ્રમ છોડી ગઇ હતી એટલે આશ્રમમા માત્ર મેનકા અને વિશ્વામિત્રજ હતાં. એક દિવસે વિશ્વામિત્ર સ્નાન કરીને આશ્રમ ભણી આવતા હતા એટલામાં પુર્વ પરિચીતા યોગિની દેવી તેને સામે મળ્યાં વિશ્વામિત્રે તે યોગિનીને પ્રણામ કર્યા અને બોલ્યે; "દેવી! હમણાં આપ આ સેવકનાં આશ્રમ ભણી કેમ આવતાં નથી?"

"વિશ્વામિત્ર! તારા આશ્રમમાં આવી શું કરૂં! તારા શરીરમાંથી નીકળતી દુર્ગંધીએ આખા આશ્રમને દુર્ગંધમય બનાવી દીધો છે!" યોગિનીએ જવાબ આપ્યો.

"દેવી! આ શું બોલો છો? હું તો હમેશાં મારા શરીર પર ચંદન લેપન કરૂં છું, અને તમે કહો છો કે દુર્ગંધ આપે છે?" વિશ્વામિત્રે આશ્ચર્ય પામતાં કહ્યું.

"ઉપરથી ચંદન લેપન, પરંતુ અંતર મળ મુત્ર અને રૂધિરથી ભર્યું છે! વિશ્વામિત્ર! તારાથી તપશ્ચર્યા નહિ થાય! માટે જા! તારા રાજ્યમાં ચાલ્યો જા! તારા જેવા કપટી તાપસથી આ આશ્રમ અને તપોવન અપવિત્ર થાય છે!" યોગિનીએ સહજ ક્રોધમાં કહ્યું.

"હૈં! શું હું કપટી! દેવી! આપે મારામાં એવું તે શું દુષણ જોયું કે આપ આજે આમ બોલો છો!"

"દુષણ! અરે કામાંધ! સ્વપત્નિને વિદાય કરી પર સ્ત્રી ગમન કરવા છતાં દુષણનું પુછે છે! રાજ્યમાં રહી સહજ પતિત ભોગવે તેમાં તને કોઇ કપટી ન કહે પરંતુ તપોવનમાં! તાપસ વનનો રાજર્ષિ થઇ આવું [illegible] કર્મ કરે! અને પોતાને પવિત્ર હોવાનું કહે! છી! છી!"

"દેવી! દેવી! આજે આપે મારો મોહરૂપી અંધકાર માંથી ઉદ્ધાર કર્યો છે! મને ક્ષમા કરો! હું ખરેખર કપટી

છું !" વિશ્વામિત્રે યોગિનીને આગળ બોલતાં અટકાવીને પુછ્યુંજ કહ્યું.

"વિશ્વામિત્ર! વિચલિત થવાથી કશું વળશે નહિ! હજુ પણ સમજ !" યોગિનીએ વિશ્વામિત્રને ઉદ્દેશીને કહ્યું.

"દેવી! મને ક્ષમા કરો મે આવા મોહપાશમાં સપડાઇ હું મારૂં કર્તવ્ય ચુકયો છું!—માર્ગ ભુલ્યો છું! સ્ત્રી રૂપિણી માયામાં ફસાયો છું!" વિશ્વામિત્રે ગળગળિત સ્વરે કહ્યું.

"વિશ્વામિત્ર તું જાણે છે? એજ માયાની જાળમાં સપડાઈ, મનુષ્ય આ કર્મ ભૂમીમાં આવજા કરે છે. અહંકાર થી કુલી જઇ જગતમાં વિચરે છે. પરંતુ આ કર્મ ભૂમીમાં મૃત્યુ એજ છેવટનું પરિણામ હોવાથી એક લોકથી અન્ય લોકમાં વાસનાથી પ્રેરાએલો લોભી ક્ષોભી આત્મા અવિશ્રાંત પણે દોડાદોડી—આવાગમન કરી રહ્યો છે, તેને ભોગવવાની આશા એજ મરણનું મોહકબંધન છે. જગતના સર્વ રૂપોમાં તેનુંજ રૂપ વ્યાપી રહ્યું છે! તેનોજ પ્રેમરસ વ્યાપી રહ્યો છે! મનુષ્ય પ્રેમરસને સમજી શકતા નથી, માત્ર રૂપમાં મદ મસ્ત થાય છે. માતાને કામિની રૂપે પ્રાપ્ત કરવાની કામના કરે છે, તેથીજ મરે છે! તેથીજ મદ મસ્ત થાય છે તેથીજ જન્મોજન્મ ફેરા ખાય છે! મનુષ્ય કામ વાસનાના બંધ કાપી

ભોગાશક્તિનો પરિત્યાગ કરી એમ સમજે કે આ દ્રશ્ય માન જગત છે તે ભગવાનનું રૂપ છે, તું, હું, આ અને તે, ફળ, ફુલ, સરોવર, નદી, પશુ, પક્ષી, આદિ સર્વ ભગ વાનનુંજ રૂપ છે. અને તેથીજ વિકાશાવસ્થામાં છે. કારણ કે સર્વ એમાંથી ઉત્પન્ન થાય છે અને તેના આંતરમાંજ આનંદ રસ રહ્યો છે. રસ એ પિતૃ શક્તિ અને રૂપ એ માતૃ શક્તિ છે. રૂપને જ્યારે મનુષ્ય ભાગ્ય રૂપે જુએ છે, ત્યારે તે કામિની—પત્નિ રૂપે થઇ મનુષ્યને મોહ માયામાં બાંધી રાખે છે. અને આત્મ વિસ્મૃત જીવને જેટલા પ્રકાર ના ભોગ છે, તેટલા સર્વ ભોગ ધીમે ધીમે ભોગવાવે છે, જેટલા પ્રકારના વિષય વિકાર છે, તે સર્વ બતાવે છે. જન નિને રમણી-પત્નિ ધારીને મનુષ્ય તેને ભોગવવાની આશા થી જન્મોજન્મ જન્મ મરણ પામે છે! મૃત્યુ લોકમાં વારં વાર ભટકી મરે છે! પરંતુ તેમાં રસનો ઉપભોગ કરવા છતાં રસ ક્યાં છે! તે જાણી શકતા નથી. જ્યારે ભોગની ઇચ્છા વિસર્જન કરે—જ્યારે સમજી શકે કે રૂપમયી મહા માયા એમ સહેજે પ્રાપ્ત થઇ શકે તેમ નથી! તે તો વસં તની ચાંદની જેવી અતિ સુક્ષ્મ છે! અતિ સબળ છે? કેટલાં એ જન્મ પર્યંત તેની પાછળ પાછળ ફરવા છતાં, તેને પ્રાપ્ત કરવાની મારામાં શક્તિ નથી! માત્ર મદમસ્ત થઇ

કામ વાસનાના ઉંડા કુવામાં પડું છું! એવો હૃદયના અંધ કારમાં જ્ઞાનનો પ્રકાશ થાય ત્યારેજ રમણીને જનનિ જેવી દેવી જેવી જાણી શકાય. ત્યારેજ રૂપનો લય થઈ રસ થાય ત્યારેજ તેને સમસ્ત પદાર્થો વિદ્યુતની પેઠે પ્રકાશમાન જણાય! ત્યારેજ સર્વ પદાર્થો તે જ્યોતિમાં જ્યોતિ રૂપ જણાય! હું ધારતી હતી કે સાધ્વી સુનેત્રાના સહવાસથી તારામાં તેવો ભાવ ઉત્પન્ન થયો હશે! પરંતુ ક્યાંથી થાય! તે સતી સાધ્વીના ઉપદેશને નહિ ગણકારતાં, તેના પવિત્ર દર્શન તરફ નહિ નિહાળતાં, એક સ્વર્ગની વેશ્યામાં લુબ્ધ થયો! કંચન તજી રુધિરમાં લોભાયો! કામજીત બની કામના પાશમાં સપડાયો! સાધ્વી સુનેત્રાએ બતાવેલા સુમાર્ગને ત્યાગી કુમાર્ગમાં દોરાયો! સાધ્વીને આશ્રમ ત્યાગ કરી જવાની આજ્ઞા કરવામાંજ પ્રેરાયો! અફસોસ! વિશ્વામિત્ર તને શું કહું!"

"દેવી! મારા અભિમાનનું મને યોગ્ય ફળ મળ્યું છે ક્ષમા કરો! આપે કહયા તેવા દૈવિ વિચારો શી રીતે ગ્રહણ કરી શકાય, તેજ મને કહો!" વિશ્વામિત્રે પ્રાર્થના કરતાં કહ્યું.

"સખત તાપ પડે છે ત્યારે પવનનું સેવન કરવાની ઇચ્છા થતાં, કોઇ સ્થળેથી પવન લાવી શકાતો નથી માત્ર

વાયુની રોકાએલી ગતિને ચલિત કરી આપવી પડે છે ઘર
નાં બારી બારણાં બંધ હોય, તો જે બારણામાંથી પવન
આવી શકે તેમ હોય તે બારીનું બારણું ઉઘાડી નાખવું
જોઇએ. એજ પ્રમાણે સર્વ મનુષ્યોમાં ઉન્નતિ અને અવનતિ
પ્રાપ્ત કરવાની શાકત હોય છે, પૂર્ણ વિકાસ પામવો એજ
પ્રત્યેક મનુષ્યને માટે નિર્માણ થયેલું છે અને પ્રત્યેક મનુ-
ષ્યનો એજ ધર્મ છે. માત્ર તે શકિત રોકાઇ રહેલી હોય છે,
તેને જ્ઞાનદ્વારા ચલિત કરવાથી એને માર્ગ આપી શકાય છે
એ પ્રમાણે કરવાથી જીવાત્માની સ્વભાવિક પુર્ણતા પોતાના
મહિમા વડે પ્રકાશિત થતી જાય છે, ત્યારેજ મનુષ્ય પોતાના
આત્મામાં પુર્વથીજ રહેલી શક્તિને પ્રાપ્ત કરી શકે છે. એ
પ્રતિબંધને દૂર કરવાથી, અને જે રૂપમયી મકુલીન મનુષ્ય
ભોગવવા લાયક જાણીને વિપરીત ગતિમાં લાવવાને યત્ન
કરે છે તે સ્ત્રી રૂપિણી મહા માયાને જનનિ સ્વરૂપ
જાણી, તેની અપાર અલૌકિક સ્વભાવિક ગતિની દિશા ફેર
વવાથી જે મનુષ્ય મહા પાપી હશે! તે પણ મહાન સાધુ
સ્વરૂપે બદલાઇ જશે. હલકાં કામ કરનારા ઘણાં મનુષ્યો
એ પ્રમાણે વર્તવાથીજ મોટા મોટા તપસ્વી મહાત્માઓ
થઇ ગયા છે સુનેત્રા વારી ઉતમ માર્ગદર્શક હતી! મેં તેણી
ને સંપૂર્ણ પરિક્ષા કર્યા પછીજ તારી પાસે આણી હતી.

પોતાનું કર્તવ્ય ભૂલી ગયેલી અતિ તારા કલ્યાણનું જ નિરંતર ચિંતવન કરતી હતી! પરંતુ તેનો ત્યાગ કરી બહારથી દેખાતા સુંદર રૂપ પર મોહ પામેલા મોહાંધ! તેં તારા તપનો અમુક અંશ ગુમાવ્યો છે! અને હજુ પણ નહિ સમજે! નહિ ચેતે તો સર્વ ગુમાવશે!" યોગિનીએ સહજ ક્રોધમાં કહ્યું.

"દેવી! ક્ષમા કરો! હવે મારાં જ્ઞાન ચક્ષુ ખુલી ગયાં છે! સુનેત્રાને સંકટ સહન કરતી જોઇ, મેં તેઓને કામ્ય કુંજમાં જવા આજ્ઞા કરી છે!" વિશ્વામિત્રે થરથરતે અવાજે કહ્યું.

"મુર્ખ! સાધવી સ્ત્રી પોતાના ... અર્થે મહા શક્તિની ઉપાસનામાં નિમગ્ન ... છે! ... આપ ભામિની તને પવિત્ર કરવામાં નિમગ્ન થઇ છે!" યોગિનીએ કહ્યું.

"ઓહ! બહુજ ખોટું થયું સુનેત્રાને રજા આપવામાં મેં અન્યાય કર્યો? દેવી હવે શું કરું? કૃપા કરી મને તે સાધવીનો આશ્રમ બતાવો! હું તેને પાછી બોલાવી લાવું!" વિશ્વામિત્રે પશ્ચાતાપ કરતાં કહ્યું.

"નહિ, હવે તેમ કરવાની કાંઇ જરૂર નથી, સુનેત્રા તારૂં અર્ધાંગ છે એટલે તે તને આ રીતની સહાયતા કરે

તેમાં કાંઇ ખોટું નથી હવે તેના કાર્યમાં વિઘ્ન નાખવાની કશી જરૂર નથી. કાર્ય સિદ્ધ કરી ને સાધવી જાતેજ તને મળશે તું માયના આવરણને દુર કરી તારા કાર્યમાં પ્રવર્ત થા! લીધેલી પ્રતિજ્ઞાને સિદ્ધ કરી બતાવ. જો! સામેથી એજ [illegible] સહિત આ તરફ આવતી જણાય છે. હવે હું [illegible]શ. જોજ! તે સ્ત્રીને શ્રાપ ન આપતો તે નિર્દોષ છે, યુક્તિ પ્રયુક્તિથી સમજાવી તેણીને અહીંથી વિદાય કરજે." એમ કહેતાંજ વિશ્વામિત્રને ખરા માર્ગ પર દોરી યોગિની ત્યાંથી અદ્રશ્ય થઇ ગઇ.

થોડીજ વારમાં મેનકા તરતની જન્મેલી બાળક પુત્રી સાથે વિશ્વામિત્ર [illegible] સ્થળે ઉભો હતો ત્યાં આવી પહોંચી, અને હસતાં હસતાં તે કન્યાને વિશ્વામિત્રની છેક નજીક લઇ જઇ બોલી, પ્રભુ! જુઓ આ તમારી કન્યા કેવી સુંદર છે! ચંદ્ર જેવું તેજસ્વી મુખ તમારા તરફ કેવું જોઇ રહ્યું છે! એકવાર તેને આપની ગોદમાં લઇ હૃદયને શાન્ત કરો!" મેનકાએ વિશ્વામિત્રને કહ્યું. વિશ્વામિત્ર શરમાઇ ગયો તેણે પોતાનો જમણો હાથ બંન્ને આંખો આડે ધર્યો અને ડાબે હાથે તે પુત્રીને છુપાવતો બોલ્યો.

"નહિ, સુંદરી! મને ન શરમાવો! હવે તમે સ્વ-સ્થાને પધારો ઇંદ્રની કામના પુર્ણ થઇ છે! મેનકા? ઇંદ્રે મારૂં તપ ભંગ કરવાના હેતુથી કામદેવને તારા શરીરમાં પ્રવેશ કરાવી મારી પાસે મોકલાવી હતી સર્વ કાર્ય ઇંદ્રની ઇચ્છા મુજબ થયું છે. માટે હવે તું ઇંદ્રલોકમાં જા!"

"પ્રભુ! હું નિર્દોષ છું આમાં મારો કાંઇ અપરાધ નથી, હું તમોને છળવા અહીં આવી નહોતી, તેમજ દેવેંદ્રે પણ મને મોકલી નહોતી. પરંતુ જયારથી તમોએ ત્રિશંકુ માટે નુતન સૃષ્ટિ અને સ્વર્ગ બનાવ્યાં ત્યારથી તમારી અનુરાગિણી બની હતી તમારા ચરણની સેવા કરવાના હેતુથી દેવેંદ્રની રજા લઇ હું અહીં આવી હતી." મેનકાએ જે સત્ય હતું તે કહ્યું.

"મેનકા! તેં કહયું તે કદાચ સત્ય હશે? પરંતુ દેવેંદ્ર નિર્દોષ છે, એમ તો હું નહિજ માની શકું વિશ્વામિત્રે કહયું."

"પ્રભુ? તે ભલે તેમ હોય, પરંતુ આમાં મારો કાંઇ અપરાધ નથી!"

"મેનકા! એ હું માનું છું અને એથી તો તને અહીંથી સલામત જવા આપું છું! નહિ તો કયારની તું

મારા શ્રાપને વશ થઇ હોત ! જા, સુખી થા ! કન્યાને પણ તારી સાથે લેતી જા !"

"પ્રભુ ! પુત્રીને સાથે લઇ જવાથી દેવેંદ્ર મારા પર ગુસ્સે થશે ! મારા માટે સ્વર્ગમાં સ્થાન નહિ રહેશે ! માટે જો આપ મારો ત્યાગ કરવાજ માગતા હો તો કૃપા કરી આ પુત્રીને તમારી પાસેજ રહેવા દો !"

"મેનકા ! મને એ ઉપાધિમાં નાંખી મારી તપશ્ચર્યા ની આડે આવવામા તને કાંઇ લાભ જણાતો હોય તો ભલે તેમ કર. તારા પર મારો સ્નેહ છે એટલે વિશેષ શું કહું ?"

"નહિ, નહિ, હું આપના કાર્યમાં વિઘ્ન નાંખવા નથી માગતી ! તમને ઉપાધિ રૂપ થતી એ બાળકીને મારી સાથેજ લઇ જાઉં છું." એમ કહેતાંજ તેણી વિશ્વામિત્રને છેવટના પ્રણામ કરી બહાર નીકળી વિશ્વામિત્ર કેટલીક પળ સુધી તે તરફ જોઇ રહ્યો અને પછી પોતાના કાર્યમાં પ્રવર્ત થયો.

વિશ્વામિત્રના આશ્રમથી કેટલેક દુર જવા પછી નીચેના શબ્દો મેનકાના શ્રવણ પુટ પર અથડાયા.

"કેમ ! મેનકા મહાનુભાવને મળી આવી !"

મેનકાએ ઉંચે જોયું તો દીવ્ય અપ્સરા જાણે અંતરિક્ષમાં ઉભેલી જણાઈ મેનકાએ નીચું જોયું.

" સખી ! હવે શા માટે શરમાય છે ! મેં તો તને પહેલાંજ કહ્યું હતું કે તું જલદી પાછી નહિ ફરે !" પુનઃ અંતરિક્ષમાંથી ધ્વનિ સંભળાયો.

મેનકા નીચી દ્રષ્ટિ કરી નિરૂતર રહી.

" મેનકા હવે આમ ક્યાં સુધી ઉભી રહેશે ! ચાલ ઉતાવળ કર ! દેવેંદ્ર તારી રાહ જોઇ રહ્યા છે !"

મેનકા બાળક પુત્રીને ગોદમાં રાખી આગળ ચાલી પરંતુ તરતજ ધ્વનિ થયો.

" મેનકા ! માનવવિર્યથી ઉત્પન્ન થયેલી બાળકીને સ્વર્ગમાં સ્થાન નહિ મળે. માટે તેણીને ત્યાંજ મુકી દે !"

" ઉર્વશી ! તેનું રક્ષણ કોણ કરશે !" મેનકાએ ઉંચે જોઇ દયાર્દ્રભાવે ઉર્વશીને ઉદ્દેશીને કહ્યું.

" પ્રભુજ તેનું રક્ષણ કરશે." ઉર્વશીએ ત્યાંથીજ જવાબ આપ્યો.

" ઉર્વશી ! શું ખરેખર એમજ કરવું પડશે !" મેનકાએ નિશ્વાસ નાંખતાં કહ્યું.

" હા, એમ કર્યા શિવાય છુટકોજ નથી." ઉર્વશીએ જવાબ આપ્યો આથી મેનકા કલ્પાંત કરતી મનોગત બોલી

"હરિ! હરિ! શું કરૂં! આ નિર્દોષ બાળકીને આવા અઘોર અરણ્યમાં એકલી કેમ મુકું! પ્રભુ! તમારા રચેલા વિશ્વમાં પ્રાણી માત્રનું રક્ષણ કરવાની ફિકર તમને છે, મનુષ્યની ઇચ્છાઓ ક્યારે પાર પડી છે! પ્રભુ! તમે દયાના સાગર છો, તમારા દયાના સાગરમાંથી દયાનું એક બિંદુ આ મારી પુત્રી પર વર્ષાવજો, પિતા! તમને જગતપિતા કહેવામાં આવે છે! પ્રાણી માત્ર તમારા સંતાન છે! સર્વની તમેંજ સંભાળ લ્યો છો? પિતા! આ તમારી બાળક પુત્રીની પણ તમેંજ સંભાળ લેજો! પ્રભુ! તમને અનાથના નાથ કહેવામાં આવે છે, મારી અનાથ પુત્રીનું હવે તમેંજ લાલન પાલન કરજો? પ્રભુ! નિરાશ્રયનો તું આશ્રય છે! નિરાધારનો તું આધાર છે! તારી જેવી ઇચ્છા હોય તેમ કર! દયામય પ્રભુ! મારે હવે કાંઇ ઉપાય નથી." મેનકાના નેત્રમાંથી ચોધાર આંસુઓ પડવા લગ્યાં તે ઉભી થઇ વારંવાર પાછું ફરીને પોતાની પુત્રીના સામું જોતી આગળ ચાલવા લાગી પણ જીવ શું તેને આગળ જવા દે! માતૃસ્નેહ તે નિર્દોષ બાળકીને એકલી રહેવા દે? તે તરતજ પાછી વળી, ફરી કઠણ છાતી રાખી ચાલી ગઇ, વળી વેગળે ગએલી પાછી આવી, પુત્રીના મનોહર મુખ સામુ જોવા લાગી, એકાએક "મેનકા! ઉતાવળ કર! પુત્રીનો મોહ તજી દે! દેવેંદ્ર

ગુસ્સે થશે ! ” એવા શબ્દો સંભળાયા, લાચાર બનેલી મેનકા હવે વધારે વખત ત્યાં થોભી શકી નહિ તેણુ એક વખત ફરીને પોતાની પુત્રીને ગોદમાં લીધી અને અશ્રુપુર્ણ નેત્રોએ ઘડીભર તેના સામુ જોઇ રહી તે મનમાં [illegible]ડી; પુત્રી! આ તારી નિર્દય માતા તને અઘોર અરણ્યમાં એકલી મુકી ચાલી જાય છે. તેથી તું ગુસ્સે ના થતી ! હું પરાધિન છું? લાચાર અવસ્થામાં છું એથીજ આમ કરૂં છું ? પ્રભુ તારૂં રક્ષણ કરશે ! બહેન ! એક વખત એજ દીનબંધુ આપણ બંનેને મેળવશે ! ” એમ કહેતાંજ તેણીએ તે બાળક પુત્રીને પૃથ્વી પર સુવાડી અને આસપાસથી થોડું ઘાસ અને કોમળ ઝાડનાં પાંદડાઓ એકઠાં કર્યાં, તેની એક શીતળ છાયા આપતા વૃક્ષની નીચે તે બાળક પુત્રી માટે શય્યા બનાવી અને આસ્તે રહી તે બાળકીને ઉપાડી તેમાંજ સુવાડી અને પછી આકાશ તરફ ઉંચા હાથ કરી અશ્રુ વરસાવતી તે બોલી ભગવન ? અનાથના બંધુ ! તમે સર્વ સ્થળે છો. મારી પ્રાણુથી વહાલી પુત્રીનું રક્ષણ કરજો !” તેણીનાથી વિશેષ બોલી શકાયું નહિ, પુત્રી પર છેલ્લી દ્રષ્ટિ ફેંકી તે આગળ ચાલી કેટલેક દુર ઉર્વશી, રંભા વગેરે સખીઓ તેના માટે વિમાન લઇને તેયાર થઇ ઉભેલીજ હતી, પોતાની પુત્રી પર છેલી દ્રષ્ટિ કરી તે દુઃખ

હૃદયે વિમાનારૂઢ થઇ અને પોતાની સખીઓ સાથે થોડીજ વારમાં ત્યાંથી અદ્રશ્ય થઇ ગઇ, બિચારી માતા વિહિન અપેલી બાળક પુત્રી નિરાધાર અવસ્થામાં ત્યાંજ પડી રહી.

પ્રકરણ ૧૯મું.

અનાથ બાળકી

મેનકાના જવા પછી કેટલીકવાર તો તે બાળક પુત્રી આકાશ તરફ એકી નજરે જોઇ રહી, મૃદુ મૃદુ હાસ્ય કરવા લાગી. પરંતુ જ્યારે તેણી ક્ષુધાથી પિડાવા લાગી ત્યારે રડવા લાગી, આવા નિર્જન વનમાં તેનો રડવાનો અવાજ કોણ સાંભળે! રડી રડીને તેણીનું ગળું બેસી ગયું તેનો કોમળ અવાજ ખોંખરો થઇ ગયો, તેનું સ્વર્ણમય શરીર ઝાંખુ પડી ગયું, તેનો ચંદ્ર જેવો સ્નિગ્ધ ચહેરો કર્કશ થઇ ગયો, તેના ગળાની નસો સુઝી ગઇ, તેનામાં રડવાની શક્તિ પણ ન રહી, એટલું છતાં તે નિર્દોષ બાળકીની મદદે કોઇ આવ્યું નહિ. પરંતુ પ્રિય વાંચક! નિરાશ્રય મનુષ્ય જ્યારે ભગવાનનો આશ્રય માગે છે, ત્યારે મહાદયાળુ પ્રભુ પોતેજ આશ્રય આપે છે, આ જગતમાં ભગવાન જેનું રક્ષણ કરે છે, તેને કોણ મારી શકે છે?

અભિમાની મનુષ્યો ગમે તેટલાં ઉંચાં નીચાં થાય, છતાં ભગવાનના નિષ્પક્ષપાતિ નિર્ભય રાજ્યમાં અહંકાર અભિમાન પ્રવેશ કરી શકતો નથી. આ નિરાધાર બાળક પુત્રીનો અવાજ જંગલના હિંસક પશુઓને કાને પહોંચ્યો. એક પછી એક ત્યાં આવવા લાગ્યાં. જોત જોતમાં પશુઓનું એક જબરૂં ટોળું તે બાળકને ઘેરીને ઉભું રહ્યું. કોઇ સિંહ બાળકીનો રૂદન ધ્વનિ સાભળી જાણે આંખમાંથી આંસુ કહાડતો હોય તેમ બાળકીના સામુ જોતો ઉભો. એક વાઘ લાંબી પુછડી ઉંચી કરી જાણે તે બાળકીને દુ:ખી કરનાર નિર્દય માતા પર ગુસ્સે થયો હોય તેમ રાતી આંખો કરતો ઉભો છે. એક હરિણ જાણે તે બાળકીની નિર્દય માતાની શોધ કરવા જવાની તૈયારીમાં હોય તેમ ફાટી આંખે આમ તેમ જોઇ રહ્યું છે. કેટલાંક હરિણનાં બાળકો રડતી બાળકીના દુ:ખમાં સહાનુભુતિ દર્શાવતાં હોય તેમ તેની આસપાસ વિંટળાઇને ઉભાં છે. બીજા કેટલાક સિંહ, કેટલાક વાઘ, અને કેટલાંક અન્ય પશુઓ, બાળક પુત્રીની આસપાસ વિંટળાઇ તેના દુખનું કારણ શું હશે તેની મીંમાસા કરતાં બેઠાં છે. અને જાણે ઉંડા વિચારમાં પડી ગયાં હોય તેમ સ્થિર નેત્રે એક બીજાના સામું જોયા કરે છે. વન દેવીને પણ જાણે દયા આવી હોય તેમ ઝંડા

પવનને સાથે લઇ બાળકીના માથા ઉપરનુ મોટું ઝાડ ઝુલાવી તેને પવન નાખવા લાગ્યાં, સુગંધિત પુષ્પોથી લચી પડેલાં ઝાડો પણ બાળકીના દુઃખે દુઃખી થઈ ભવિષ્યમાં કોઇ વિપદ ન આવી પડે તેની શકામાંજ પોતનાં વિધ વિધ પ્રકારનાં લીલાં પાંદડાં છત્ર રૂપે તે બાળકીના માથા પર ધરી રહયાં છે. ફળવાળાં તમામ વૃક્ષો જાણે બાળકીનો ક્લેશ સહન ન કરી શકતાં હોય, અને પવનના સપાટાથી વખતે એકાદ ફળ બાળકીને વાગતાં તેને દુખ થાય તેની આ શંકાથી સ્થિર મડદાં જેવાંજ ઉભાં રહયાં છે. તરૂશાખા પર બેઠેલાં પક્ષીઓ પોતાના મીઠા ગળામાંથી પંચમસ્વરે એવોજ શોક ધ્વનિ કરી પ્રાણી માત્રને શોક સમાચાર આ પવાની કોશીષ કરતાં હોય તેમ કિલકિલાટ કરી રહયાં છે. આનંદઘન પરમાત્મા પણ કેવો દયાળુ છે? બાળકીને જે વૃક્ષ તળે સુવાડવામાં આવી હતી તે વૃક્ષ પર એક મધપુડો લટકતો હતો મધમાખીઓને આ નિરાધાર બાળકી પર દયા આવી તેણે દયા કરી તે બાળકીના મોઢામાં એક ટીપું કરી મધ રેડવા માંડયું તેનું જીવન રક્ષણ કરવા માંડયુ, જો કોઇ ટીપું તેના મુખમાં ન પડતાં કોઇ અન્ય સ્થળે પડતું તો તે વૃક્ષ લતા પર બેઠેલાં પક્ષિઓ ઝડી ઉડીને પોતાની ચંચુ વડે તે બહાર સરી પડતા મધબિંદુને બાળકીના મુખમાં

આપતાં. આ રીતે તે નિરાધાર બાળકીનું રક્ષણ તે વનચર પશુ પક્ષિઓથી થવા લાગ્યું મધના ભક્ષણથી બાળકીને કાંઇક શાન્તિ વળી તે રડતી બંધ થઇ ગાઢ નિંદ્રામાં પડી અત્યારે તે નિદ્રા દેવીના ખોળામાં વિશ્રાંતિ લે છે. હિંસક પશુઓ તેનું રક્ષણ કરતાં ત્યાં બેઠાં છે. મધ્ય રાત્રિએ પુનઃ તે રડવા લાગી તેને તૃષા લાગેલી હોવાથી તે પોતાના કોમળ હાથો લાંબા કરી ચંદ્ર લેવા ચાહે છે ચંદ્રમાં અમૃત છે અમૃત પાનથી તૃષા મટે છે, એ જ્ઞાન બાળકને કોણે આપ્યું હશે? તે વાત તો ભગવાન જાણે! અમે તો એટલુંજ જાણીએ કે ચંદ્રને જોઈ બાળક લાંબો હાથ કરે છે, ગમે તેમ હોય પણ નિંદ્રામાંથી જાગ્રત થએલી બાળકી રડતી રડતી ચંદ્ર તરફ હાથ લંબાવતી જાણે કાંઇ અરજ કરતી હોય તેવું ભાન કરાવે છે. પરંતુ બિચારાં અબોલ અને અજ્ઞાન પ્રાણીઓ એ બાળકીનું રડવાનું કારણ કયાંથી જાણી શકે? તે બાળકી શા માટે રડે છે? શું માગે છે? એ તો માત્ર મનુષ્યજ જાણી શકે! હરિ! હરિ! આવા અઘોર અરણ્યમાં–અને આવા હિંસક પ્રાણીઓના સમુહમાં મનુષ્ય કયાંથી આવી શકે? નહિ પ્રિય વાંચક! પરમાત્મા પરમ દયાળુ છે જે વખતે જે પ્રાણીને જે વસ્તુની જરૂર પડે તે વસ્તુ તે દયાઘન પરમાત્મા ત્યાં હાજર કરે છે અત્યારે તેમજ

થયું. એક મનુષ્યને તે બાળકીના રક્ષણાર્થે પરમાત્માએ ત્યાં મુકયો છે જુઓ! એક જટા જુટ ધારી, લાંબી દાઢીવાળો, શાંત પ્રકૃતિ એક તપસ્વી પુરૂષ બંન્ને હાથનુ સંપુટ વાળી સામે દેખાતા પાણીના ઝરણા પાસે બેઠો છે એ કોણ? તે કયારનો બેઠો છે! શું તે સંસાર સુખને જલાંજલિ આપી પરમ પિતાના પવિત્ર ચરણનો આશ્રય લેવા માટે યોગાસને બેઠો છે? અહો! તે કેવો શાંત પ્રકૃતિનો જણાય છે! બાહ્ય દ્રષ્ટિ નથી! બાહ્ય જ્ઞાન નથી! બાહ્ય શ્રવણ શકિત નથી! હાય! જો તેને સાંભળવાની શકિત હોત તો આ નાની બાળકીનો રડવાનો અવાજ તે યોગીનો યોગ ભંગ કરી શકત. યોગીનો મન ભ્રમર આ વખતે બ્રહ્મ પદ કમળ માંથી મધુપાન કરે છે. તેનું મન પ્રાણ બ્રહ્મ તલિન્ન થયું છે. શું તેથીજ બાળકીનું રડવું સાંભળતા નથી? બાળક અને બ્રહ્મ એ બંન્ને તો એકજ છે? એક બ્રહ્મનાં અનેક રૂપ છે એ સર્વનો એકાકાર થઇ એક અદ્વિતિય બ્રહ્મ થયો છે. અનેક નાની દોરડીઓનું એક મોટું દોરડું વણાયું છે, અને એક મોટા દોરડાનો વિસ્તાર થતાં અનેક નાની દોરડીઓ થઇ છે, શુદ્ધ સ્વચ્છ દોરડીઓનું એક મોટું શુદ્ધ સ્વચ્છ દોરડું થાય છે, મેલી ગંદી દોરડીઓ તે શુદ્ધ સ્વચ્છ દોરડા માં હોવા છતાં જુદી પડી જણાઇ આવે છે. શુદ્ધ સ્વચ્છ

દોરડીઓ તે એક દોરડામાં એકાકાર થઇ જાય છે. જન્મથીજ પ્રાપ નહિ કરનાર જીવ બ્રહ્મ તે એક સચ્ચિદાનંદ બ્રહ્મમાં તદાકાર થઇ જાય છે—એકાકાર થઇ જાય છે, તેને પુનઃ જીવન મરણ નથી. જેઓ કાયિક, વાચિક કે માનસિક પાપા ચરણ કરે છે, તે મેલી ગંદી દોરડીની પેઠે એક બ્રહ્મથી વિખુટા પડી જાય છે ભવ જંગલના અંધારા માર્ગમાં અથ ડાય છે! પણ આ બાળકી! તે તો શુદ્ધ સ્વચ્છ પવિત્ર છે! બ્રહ્મ રૂપ છે! એ બ્રહ્મનો રડવાનો અવાજ યોગીના હૃદય કમળમાં અથડાયો છે! ધીમે ધીમે તેમની સમાધિ છુટી, તેમણે ચંચળ નેત્રે ચારે દિશા તરફ નજર ફેરવી, હિંસક પ્રાણીઓને જોયાં, એકાએક તે બાળકીને પણ જોઇ, તેના માથા પર લટકતી ડાળ ઉપર એક મધપૂડો જોયો, પવન વડે તેને હાલતી જોઇ, બાળકીના મુખમાં મધ આવે છે, અને તે મધ જો બહાર પડે છે તો પક્ષીઓ પોતાની ચંચુઓ વડે તે બાળકીના મુખમાં આપે છે એ પણ જોયું. યોગી નું શરીર કંપાયમાન થયું સ્થિર નેત્રે તેના સામું જોઇ મનમાં ને મનમાં તે વિચારવા લાગ્યા, " અહો આ બાળકીનું મુખકમળ જોવાથી અમે તેવા સંતાપિત મનુષ્યનું હૃદય શાંત થાય! જગતમાં એવું કોણ નષ્ઠુર મનુષ્ય છે કે આવી કોમળ બાળકીને આ જંગલમાં મુકી ગયું છે! કોણ

પિશાચિણી માતા પોતાની આવી કોમળ બાળકીને જંગલમાં નાખી ગઇ છે! અહા! મનુષ્ય નિર્દય-નિષ્ઠુર થાય છે પણ હિંસક પશુઓ કેવાં દયાળુ છે! તેણે આ નિરાધાર બાળકીની આસપાસ કેવી ચોકી કરી રાખી છે! મનુષ્યને જોતાંજ તેને ફાડી ખાય તેવા વાઘ અને સિંહના હૃદયમાં કેટલી બધી દયા ઉત્પન્ન થઇ છે! જરૂર આમ થવામાં—આ નિરાધાર બાળકીને આવા અઘોર અરણ્યમાં મુકી જવામાં તેની માતાનો કંઇક હેતુ છે, અથવા પરમાત્માનો તેમાં કાંઇ ગુપ્ત સંકેત છે. લાવ, હું જ્ઞાન ચક્ષુથી જોઉં કે આ બાળકી કોણ છે? અને તેને અહીં કોણ મુકી ગયું છે." એટલું કહી યોગીએ ધ્યાન ધર્યું-સર્વ હકીકત જાણી લીધી. મહાન તપસ્વી વિશ્વામિત્રથી મેનકામાં ઉત્પન્ન થયેલી આ બાળકીનું સર્વ વૃતાંત તે યોગીએ જાણી લીધું, તે મનમાં અતિશય પ્રસન્ન થઇ બોલ્યા, વિશ્વામિત્રની કન્યાથી ઉત્પન્ન થએલો પુત્ર આ ધર્મક્ષેત્રનું રક્ષણ કરશે અને ભવિષ્યમાં તેના સત્કર્મો વડે આ ધર્મક્ષેત્રનું નામ તેના નામથીજ પ્રસિદ્ધ થશે એવું યોગિની દેવીએ ભાખેલું ભવિષ્ય ખરૂં પડયું, હવે આ નિરાધાર બાળકીનું હુંજ લાલન પાલન કરીશ. " એમ કહેતાંજ તે તપસ્વી પેલી બાળકી પાસે ગયો. હિંસક પ્રાણીઓ એક પછી એક તે મુનીને મસ્તક નમાવતાં ત્યાંથી ધીમે ધીમે

વિદાય થઇ ગયાં. યોગીએ તે બાળકી પાસે જઇ કહ્યું. બેટા! રડ નહિ કાંઇ બીક નથી— કાંઇ ભય નથી! અહીં કોઇ તારૂં નામ લે તેમ નથી! અહીં શાક્ષાત કાળ આવે તો પણ તને સ્પર્શ કરી શકશે નહિ! આવ, બેટા! મારા ખોળામાં આવ, જો કે આ મારૂં નિવાસ સ્થાન નથી, હું જાત્રા નિમિતે નીકળેલો પરમાત્માની ઇચ્છાથીજ અચાનક આવી ચડયો છુ, તો પણ તારા હિતને ખાતર આ વનનાં પશુ પક્ષીઓ તારી સાથે મળી ગયેલાં હોવાથી હું આ સ્થળેજ મારો આશ્રમ બનાવીશ. તને મારી પુત્રી સમ પાળીશ." એમ કહેતાંજ તે બાળક પુત્રીને રૂષિરાજે પોતાના ખોળામાં સુવાડી. બાળકીએ નેત્ર ઉઘાડયાં રૂષિજીની દાઢી ખેંચવા લાગી ભુખ લાગેલી હોવાથી અને આખી રાત્રિની તૃષિત હોવાથી હાથ પગ અફાળવા માંડી બાળકીની આ સ્થિતિ જોઇ રૂષિએ એક ઝાડની છાલ ઉખેડી તેમાંથી દુધનાં ઝરણાં નીકળવા લાગ્યાં. આ દુધ અત્યંત સ્વાદિષ્ટ અને બળવર્ધક હતું મુનીએ પોતાની આંગળી વડે તે દુધ બાળકીને ચટાડવા માંડયું, બાળકીએ હસતાં હસતાં ચાટવા માંડયું, તેની ક્ષુધા અને તૃષા બંન્ને શાંત થઇ અને થોડીજ વારમાં તે સુઇ ગઇ. નિબીડ અરણ્યમાં માત્ર પશુ પક્ષીઓના રક્ષણ તળે રહેલી આ બાળકીનું નામ તે યોગી મહાત્માએ શકુંતલા પાડયું.

દિન પ્રતિદીન તે ચંદ્રની કળાની માફક વધવા લાગી જ્યારે તેણી યોગ્ય ઉમરે પહોંચી ત્યારે તેણીને માટે યોગ્ય વર શોધવાની ચિંતા મુનીને થવા લાગી એજ અરસામાં દુશ્યંત નામનો એક રાજા શિકારથી શ્રમિત થયેલો તે આશ્રમમાં આવી પહોંચ્યો, મુનીની ગેરહાજરીમાં શકુંતલાએ દુશ્યંતનો ઘણોજ સારો સત્કાર કર્યો એટલુંજ નહિ પરંતુ તે રાજાના પ્રેમમાં પડી દુશ્યંતની પણુ એજ દશા થઈ.

પ્રિયવાંચક ? શકુંતલા અને દુશ્યંતના પ્રેમ દર્શનનું ખરૂં ચિત્ર તમારે જોવું હોય, તો શકુંતલા એ નામનું પુસ્તક અથવા નાટક વાંચવાથી તમે જોઇ શકશો આ સ્થળે એ પ્રસંગ અસ્થાને હોવાથી તમને નિરાશ કરવા માટે ક્ષમા યાચું છું.

શકુંતલાનું રક્ષણ કરનાર મુનીનું નામ કણ્વ હતું જ્યારે મહાત્મા કણ્વના જાણવામાં એ વાત આવી, ત્યારે ભાવિને જાણી ગયેલા તે મુનીએ શકુંતલાનું દુશ્યંત સાથે પાણીગ્રહણ કરાવ્યું, કેટલોક ઉપદેશ આપી તેણીને સાસરે વાળાવી. અને પોતે પરબ્રહ્મમાં લિન્ન થયા.

શકુંતલાને દુશ્યંતથી ભરત નામનો પુત્ર થયો અને તેજ ધર્માત્મા ભરતના પૂણ્ય પ્રભાવથી આ ધર્મક્ષેત્રનું નામ "ભારતવર્ષ" એવું પ્રખ્યાત થયું.

પ્રકરણ ૨૦મું.

રંભાને શ્રાપ

મેનકાના જવા પછી વિશ્વામિત્રે એ આશ્રમ છોડી દીધો અને સુમેરૂના શિખરપર ઉગ્ર તપશ્ચર્યા કરવા લાગ્યો. કેટલાંક વર્ષો તેણે જળમાં ઉભા રહીને તપશ્ચર્યા કરી, કેટલાંક વર્ષો આસપાસ અગ્નિ સળગાવી તેનો તાપ સહન કરીને, અને કેટલાંક વર્ષો સુર્યના સામે ઉભા રહીને, તેણે ઉગ્ર તપશ્ચર્યા કરવા માંડી તેની આ ઉગ્ર તપશ્ચર્યાથી દશે દિગપાળો ડોલવા લાગ્યા ઇંદ્રને પણ પોતાનું ઇંદ્રાસન જવાનો ભય થયો કારણ કે મેનકાને પરોક્ષ રીતે પોતે તેના તપનો ભંગ કરવા મોકલવાની વાત વિશ્વામિત્ર જાણી ગયા હતા એટલે આ તપને અંતે તે જરૂર ઇંદ્રાસનની માગણી કરશે એવો તેને ભય હતો. આથી કોઇપણ યુક્તિએ તેના એ તપનો ભંગ કરવાનો ઇંદ્રે પ્રયત્ન કરવા માંડયો પરંતુ તેમાં તે ન ફાવ્યો. વિશ્વામિત્ર ચલિત થયાજ નહિ. હવે ઇંદ્ર મુંઝાયો મેનકાને મોકલવાનું અથવા તેણીને ત્યાં જવા કહેવાનું તે સાહસ કરી શકયો નહિ. ઉર્વશીથી વિશ્વામિત્ર જેવા મહાન તપસ્વીને છળવાનું કાર્ય થઇ શકે તેમ નહોતું

આથી દેવેંદ્ર રંભા નામની અપ્સરા પાસે ગયો. અને તેને કહેવા લાગ્યો—

"રંભા! અપ્સરા ગણોમાં તું અને મેનકા બેજ મને સંકટમાં સહાય કરી શકો તેવી શકિત ધરાવનારી છો. મેનકા હવે વિશ્વામિત્રને છળવાનું કાર્ય કરી શકે તેમ નથી એટલે તુંજ ત્યાં જઇ સુમેરૂના શિખરપર ઘોર તપશ્ચર્યા કરતા વિશ્વામિત્રને ચલિત કર."

"પ્રભુ! વિશ્વામિત્રની સમીપ જવામાં મને ઘણોજ ભય લાગે છે, તેનો સ્વભાવ અતિ ઉગ્ર છે તે ઉગ્ર તપસ્વી મને ઓળખી જશે તો શ્રાપ આપી ભસ્મ કરશે. માટે કૃપા કરી મારા કરતાં કોઇ બીજીને ત્યાં મોકલો તો વધારે સારૂં." રંભાએ જવાબ આપ્યો.

"રંભા! તું પુરૂષ હૃદયને જાણે છે, તું વિમોહિત છે, તારા હૃદયને પ્રેમસ્પર્શ કરી શકતો નથી; એટલે મને ખાત્રી છે કે તું સહજમાં વિશ્વામિત્રને મોહ ઉપજાવી શકીશ. હું પોતે પણ તારી સાથે રૂતુરાજ વસંત સહિત ત્યાં આવીશ અને અદ્રશ્ય રહી તારા કાર્યમાં સહાયતા આપીશ." ઇંદ્રે કહ્યું.

"દેવેંદ્રની આજ્ઞાનો અનાદાર કરવાનું સામર્થ્ય મારામાં નથી; એટલે નિરૂપાયે જાઉં છું. પરંતુ, મને ખાત્રી

છે કે વિશ્વામિત્રના તપનો ભંગ કરવો એ આકાશ પાતાળ એક કરવા બરાબર છે. મને તો અત્યારથીજ મારૂં અશુભ થવાનું સુચન થાય છે.” રંભાએ પોતાને જે યોગ્ય લાગ્યું તે સ્પષ્ટ કહી દીધું.

“રંભા! ચિંતા ન કર, હું તારી સાથેજ છું તને વિશ્વામિત્ર કાંઇ કરી શકવાના નથી. જા! મારી આજ્ઞાનું પાલન કર, હું પણ ત્યાં હમણાંજ આવું છું.”

રંભાથી ના કહેવાઇ નહિ પોતાની અનેચ્છા છતાં દેવેંદ્રની આજ્ઞાને માન આપવું પડયું તે વિશ્વામિત્રના આશ્રમમાં આવી પહોંચી. દેવેંદ્રે રૂતુરાજ વસંતને આજ્ઞા કરેલી હોવાથી તેને અગાઉથી સર્વ તૈયારી કરી રાખી હતી.

વિશ્વામિત્ર સમાધિસ્થ હતા. રંભા તેની સમીપ કેટલોક સમય ઉભી રહી, ઉગ્ર તપસ્વીની તેજોમય મુર્તિ સામે એકી નજરે જોઇ રહી, પરંતુ તપસ્વી જાગ્રત થયા નહિ. રૂતુરાજ વસંતે ઉત્પન્ન કરેલા કમળની સુગંધ, ભ્રમરનો ગુંજારવ, મલયપવન, નાના પ્રકારના કુસુમોનો વિકાશ, આ સર્વ વસ્તુઓ તપસ્વીને કાંઇપણ અસર કરી શકી નહિ. આથી રંભા કાંપતી કાંપતી છેક નજીક ગઇ અને થથરતા અવાજે બોલી; હે સર્વ ગુણ સંપન્ન તપસ્વી! નેત્ર ખોલો, જુઓ! હું પણ એક તપસ્વિની છું, તમારા માટે મેં આ

કઠોર પર્વત પર સુંદર સાધનો ઉત્પન્ન કર્યાં છે. રંભાનો વિણા સ્વર રાજર્ષિના કર્ણપુટમાં અથડાયો, મધુર નાદે મુનીના નેત્રો ખોલાવ્યાં, પોતાની શાંતિનો ભંગ કરનાર એક સ્ત્રી છે એ વિશ્વામિત્રે જ્યારે જોયું ત્યારે તે અત્યંત ગુસ્સામાં આવી ગયા, તેણે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું ને ભિષણ અવાજે રંભા તરફ ફરીને બોલ્યા, “દુષ્ટ! પાપિણી! તેં મારા તપમાં ભંગ કર્યો છે અને દેવેંદ્રની ઇચ્છાથી નષ્ઠુર હૃદયની રંભા તેં મારા નિયમને તોડયો છે! પાપિણી! તારા પિશાચી વર્તનથી અનેક તાપસો ભુલાવામાં પડી પોતાના ધર્મ કર્મથી ભ્રષ્ટ થયા છે, અને તારા પંજામાં સપડાએલા અનેક ભલા મનુષ્યો અદ્યાપિ ભવાટવીમાં ભ્રમણ કરતા રહયા છે! તેના હાલ તેં જોયા છે, છતાં તારૂં પથ્થર હૃદય પિગળ્યું નથી એથી તું અપ્સરા ગણમાં રહેવા લાયકજ નથી. જેવું તારૂં હૃદય છે તેવીજ તું બની જા. અર્થાત તું પથ્થરપણાને પ્રાપ્ત થા.—”

“પ્રભુ! ક્ષમા કરો! હું નિર્દોષ છું. દેવરાજ ઇંદ્રની આજ્ઞાથી હું અહીં આવી છું. મારો અપરાધ ક્ષમા કરો! હું અબળા છું!” રંભાએ ગદગદિત સ્વરે કાંપતાં કાંપતાં કહ્યું.

“નહિ મારૂં વચન મિથ્યા નહિ થાય! તોપણ જ્યારે તું તારી નિર્દોષતા જાહેર કરે છે, ત્યારે શ્રાપનો

અનુગ્રહ કરૂં છું કે જ્યાં સુધી કોઇ પતિવૃતા તને સ્પર્શ શુદ્ધિ કરે ત્યાં સુધી મારા શ્રાપમાંથી તારી મુક્તિ નહિ થાય !”

રંભા પોતાના કાર્યનો પસ્તાવો કરતાં અને નિશ્વાસ નાંખતાં મનોગત બોલી; “અફ્સોસ ! સ્વર્ગસુખને ધિકાર છે ! અપ્સરા જીવનને ધિકાર છે ? મહાપરાધિન જીવન ! વિશ્વામિત્ર ! તમે મને વિના અપરાધે શ્રાપ આપી અન્યાય કરો છો ? હું મારી સ્વેચ્છાથી નહિ પરંતુ દેવેંદ્રની આજ્ઞાથીજ આવી છું એટલે હું નિર્દોષ છું મારા પર દયા કરો !”

“તું મહાન દોષિત છે? મારા શ્રાપને તારે ભોગવવોજ પડશે !” વિશ્વામિત્રે ક્રોધમાંજ કહ્યું.

“મુની ? દયા કરો ! ધર્મને વિચારો !” રંભાએ પ્રાર્થના કરતાં કહ્યું,

“દુષ્ટા ધર્મની આજ્ઞાથીજ મેં તને શ્રાપ આપ્યો છે!” વિશ્વામિત્રે કહ્યું.

“શું તમને એક નિર્દોષ અબળા પર જરાપણ દયા નથી આવતી ? મુનીશ્વર ! બચાવો ? ઉગારો ? શ્રાપથી તારો ! હું તમારે શરણે છું.” રંભાએ કાલાવાલા કરવા માંડયા.

"નહિ ! કદાપિ નહિ ! પાપીણી ! જ્યાં સુધી ત્હારી સ્વર્ગમાં હસ્તી હશે ત્યાં સુધી કોઇ પણ તાપસ નિશ્ચિંત પણે તપશ્ચર્યા નહિ કરી શકે ! તું કઠોર હૃદયની છે, પ્રેમ શું છે એ તું જાણતી નથી, તેમજ વારંવાર દેવેંદ્રની આજ્ઞાને વશ થઇ મહાન તાપસોના તપોભંગ કરવામાં પ્રવર્ત થાય છે ! તારા જવાથી ઇંદ્રની કેટલીક આશાનો ભંગ થશે, અને ત્યારેજ તે અમારા જેવા તાપસોને સંતાપતો અટકશે !" વિશ્વામિત્રે રંભાના કાલાવાલા તરફ કશું પણ ધ્યાન નહિ આપતાં પોતાના નિશ્ચયને વળગી રહી કહ્યું.

"પ્રભુ ? હું પ્રતિજ્ઞા કરૂં છું કે હવે પછી કોઇ પણ તાપસને છળવાનો ધંધો નહિ કરીશ ! કૃપા કરી મારો આમાંથી ઉદ્ધાર કરો ?" રંભાએ પોતાનો નિશ્ચય જણાવ્યો.

"નહિ, તું વિશ્વાસને પાત્રજ નથી ! અનેકવાર તેં એવી પ્રતિજ્ઞાઓ કરી છે !—

"અહો ! મુની ! મારી આટલી આટલી પ્રાર્થના પર પણ તમને દયા નથી આવતી તો હું પણ તમને શ્રાપ આપું છું કે જ્યાં સુધી હું તમારા શ્રાપમાંથી મુકત ન થાઉં, ત્યાં સુધી તમારી અપકીર્તિ પૃથ્વી પર ઘોષિત રહેજો ! વળી જ્યાં સુધી તમે ક્ષમાનો ગુણ નહિ શીખો ત્યાં સુધી તમારી બ્રહ્મત્વ પ્રાપ્ત કરવાની ઇચ્છા કદાપિ

ફુગીભુત નહિ થાય!" રંભાએ વિશ્વામિત્રને બોલતા અટકાવી વચ્ચેજ કહ્યું.

"ફિકર નહિ ... એ શ્રાપનો મને લેશ પણ ભય નથી! હું મારા તપોબળથી અવશ્ય બ્રહ્મત્વ મેળવીશ!" એમ કહેતાંજ એક દિવ્ય દ્રષ્ટિ વિશ્વામિત્રે રંભા પર ફેંકી તત્કાળ તે પત્થરની મુર્તિ બની ગઇ.

એટલામાં એક બીજો બનાવ બન્યો વશિષ્ટથી શ્રાપ મુકત થયેલો કલ્માષપાદ યાત્રામાં ફરતો ફરતો તે આશ્રમમાં આવી પહોંચ્યો કલ્માષપાદમાં ન ધારેલો ફેરફાર જોઇ વિશ્વામિત્રે તેને પુછયું; "રાજન! તમારી વૃતિમાં આટલો બધો ફેરફાર કયા તપના પ્રભાવથી થયો?"

"મહર્ષિ વશિષ્ટની કૃપાથી તેમના આશિર્વાદથી મારી રાક્ષસવૃતિ દુર થઇ!"

"હેં શું કહો છો? એ કેવી રીતે તમે તો તેને પોતાનો હરિફ જણાવતા હતાને?" વિશ્વામિત્રે આશ્ચર્ય ચકિત મુદ્રાએ પ્રશ્ન કર્યો.

"હા, એ ખરૂં છે. આપની કૃપાથી મારામાં જે બળ પ્રાપ્ત થયું તેના પ્રભાવે મેં વશિષ્ટના પુત્રોનું ભક્ષણ કરવા માંડયું જયારે હું શક્તિનું ભક્ષણ કરી તેની ગર્ભવતી સ્ત્રીને પણ પકડવા દોડયો ત્યારે વશિષ્ટે મારા પર દયા

કરી મને શ્રાપથી મુક્ત કર્યો. ત્યાંથી કરેલા પાપનું પ્રાય-શ્ચિત કરવા તિર્થ સ્થાનમાં ગયો. અને યાત્રા પુરી થતાં આપના દર્શન કરવાની ઇચ્છાથી અહીં આવ્યો.” કલ્માષે સર્વ ટુંકામાં સમજાવી દીધું.

“અહા! આશ્ચર્ય! વશિષ્ટ! ખરેખર તમોને ધન્ય છે! વિશ્વામિત્ર મનમાંજ બબડયો અને પછી કલ્માષ તરફ ફરીને બોલ્યો, રાજન! સુખી રહો! જાઓ સ્વસ્થાન ગમન કરો! પ્રજાનું પાલન કરી તમારૂં કર્તવ્ય બજાવો અને આટલાથી જો તમને સમજાયું હોય તો હમેશાં બ્રાહ્મણો તરફ સદભાવ રાખજો!” વિશ્વામિત્રે કલ્માષને આશિર્વાદ આપતાં કહયું.

કલ્માષપાદ મુનીના ચરણોને સ્પર્શ કરી ત્યાંથી ચાલ્યો ગયો. વિશ્વામિત્ર વશિષ્ટની મનમાંજ પ્રશંસા કરવા લાગ્યો. “અહા! શી વશિષ્ટની ઉદારતા! કેવી કર્મ પરાયણતા! ખરેખર વશિષ્ટ આગળ હું તુચ્છ છું! અતિહિન છું! ધિકકાર છે મારી તપસ્યાને! ધિકકાર છે મારા યોગ ઐશ્વર્યને! મારી સ્વર્ગ સૃષ્ટિ, ગ્રહ, નક્ષત્ર, વૃક્ષ, ફળ, પુષ્પ સર્વને ધિક્કાર છે! હું નરાધમ રિપુનોદાસ છું! મેં દશ વર્ષ સુધી કામરૂપી શત્રુનું દાસત્વ કર્યું છે! કામદમન ની ઈચ્છાથી તપશ્ચર્યા કરી કામનેજ વશ થયો! અબળા રંભાને શ્રાપ આપ્યો! હુંજ વશિષ્ટના પુત્રોના નાશનું

કારણ છું ! કામ ક્રિયાથી મારાં અસ્તી, અને ક્રોધથી મન અશુદ્ધ થયું છે. એટલે અપવિત્ર દેહ અને અશુદ્ધ મન દ્વારા શીરીતે તપના ફળનો લાભ મેળવી શકીશ ! બસ હવે આ તપશ્ચર્યાને ત્યાગું અને તીર્થાટન કરી તેમના મહાત્મ દ્વારા આ દેહ અને મનને પવિત્ર કરૂં ! પછી તપનો પુનઃ આરંભ કરી બ્રહ્મત્વલાભની પ્રાપ્તિ કરૂં !"

વિશ્વામિત્ર જે નિશ્ચય પર આવતો તેનો અંત લેવાનો તેને અભ્યાસ પડી ગયેલો હોવાથી તે તરતજ ત્યાંથી બહાર નીકળ્યો અને તિર્થાટન કરવા નીકળી પડ્યો.

પ્રકરણ ૨૧મું.

વરપ્રાપ્તિ.

સુનેત્રા વિશ્વામિત્રની આજ્ઞાથી આશ્રમ છોડી ગઇ પરંતુ તેણી કાન્યકુબ્જ નહિ જતાં પતિના શ્રેય અર્થે યોગિની દેવીએ બતાવેલી મહાશક્તિની ઉપાસના કરવામાં પ્રવર્ત થઇ, એક રમણિય આશ્રમમાં તેણીએ ઉગ્ર તપશ્ચર્યા કરવા માંડી. પહેલા વરસનો સમય દર ત્રીજે દિવસે બોર અને કોઠનો આહાર કરીને કાઢયો, બીજા વરસ જેટલો વખત છઠે છઠે દિવસે પોતાની મેળે ખરી પડેલાં ફુલ અને પાદડાંનો આ-

હાર કરીને કાઢયો, ત્રીજે વરસે નવમે દિવસે માત્ર પાણીનો આહાર કરીને, ચોથે વરસે નિરાહાર, અને પાંચમે વરસે શ્વાસને બંધ કરી લાકડાના ઠુંઠાની માફક અચળ ઉભી રહી તપ કરવા લાગી. આ રીતે ઉગ્ર તપશ્ચર્યા કરતાં તેણીને દશ વર્ષ વીતી ગયાં તદપિ મહાશકિતના દર્શન થયાં નહિ એટલું છતાં દ્રઢ નિશ્ચયવાળી સુનેત્રાએ પોતાની તપશ્ચર્યા છોડી નહિ આથી મહાશકિત તેના પર પ્રસન્ન થયાં અને તેની સમીપ ઉપસ્થિત થઇ તેણીને જાગ્રત કરતાં બોલ્યાં સુનેત્રા! જાગ્રત થા. તારા તપથી હું અત્યંત પ્રસન્ન થઇ છું તારે જોઇએ તે વર મારી પાસે માગી લે."

ઉપલા ગંભિર ધ્વનિથી સુનેત્રાનાં નેત્ર ખુલી ગયાં તે ણીએ ઉંચી દ્રષ્ટિ કરી એક દિવ્ય જ્યોતિર્મયિ મુર્તિ તેની સમીપ ઉભેલી જણાઇ તે એકદમ આસન પરથી ઉઠી, માતા! માતા! શું તમે મને પ્રસન્ન થયાં! મારી અબળાની અરજ આખરે સાંભળી ખરી! ગદગદિત કંઠે માત્ર એટલુંજ બોલી સુનેત્રા એકદમ તે જયોતિર્મયિ મુર્તિના ચરણમાં ઢળી પડી.

"ઉઠ પતિવૃતાઓમાં શ્રેષ્ટ દેવી ઉઠ! તારી ભાવના હું જાણું છું! બેટા! તારા પતિનું શુભ થશે! તારા તપના

પ્રભાવથી તે માયામાંથી મુક્ત થયો છે, હવે ટુંક સમયમાંજ તે બ્રહ્મત્વની પ્રાપ્તિ કરશે."

"હેં! શું મારા પતિને બ્રહ્મત્વ લાભ થશે!" સુનેત્રાએ આનંદાશ્ચર્ય ભાવે વચ્ચેજ પ્રશ્ન કર્યો.

"થશે! તારા પતિનું રક્ષણ કરતી અને તેનું કલ્યાણ ઇચ્છતી હમેશાં હું તેની પાછળજ ફરૂં છું! ઉઠ, દેવી! મારી પાસે કાંઇ બીજો વર માગી લે!" એમ કહી તે દેવીએ પોતાના બંન્ને હસ્ત વડે સુનેત્રાને ઉઠાડી અને પોતાના હૃદય સાથે ચાંપી. દેવીના અંગ સ્પર્શથી સુનેત્રાના હૃદયમાં કોઇ અલૌકીક ભાવનો આવીર્ભાવ થયો તે દિવ્ય મુર્તિ સામે એકી ટસે જોઇ રહી.

"બેટા! કહે તારી બીજી શી ઇચ્છા છે!" દિવ્ય મુર્તિએ કેટલીકવારે પુનઃ પ્રશ્ન કર્યો.

"દેવી! બીની પતિના કલ્યાણ શિવાય બીજી શી ઇચ્છા હોય! જો તમે મને પ્રસન્ન થયાં હો તો મારા પતિનું કલ્યાણ થાય, તેને બ્રહ્મત્વ લાભ મળે, એવુંજ મને વરદાન આપો!" સુનેત્રાએ કહ્યું.

"ધન્ય! ધન્ય! સુનેત્રા! તારા અદ્દભુત પ્રેમ અને દ્રઢ પતિવૃતને ધન્ય છે! તું અબળાજાતિ છતાં તારા સ્વામીને અર્થે તેં અપાર કષ્ટ સહન કર્યું છે. તારી શુદ્ધ

પવિત્ર નિષ્ટાથી હું અતિ પ્રસન્ન છું. સુનેત્રા! તારી ઇચ્છા સફળ થાઓ! તારા પતિનું કલ્યાણ થાઓ? તેને બ્રહ્મત્વ લાભની પ્રાપ્તિ થાઓ?" એમ કહી દેવીએ પોતાના પવિત્ર હાથો સુનેત્રા પર ધર્યા.

કેટલીકવારે પુનઃ તે સુનેત્રાને ફરીથીને બોલ્યા, "પુત્રી! તારા સરખી પતિવૃતાઓનાં જગતમાં દર્શન પણ દુર્લભ છે! પતિવૃતનું બળ સર્વ કરતાં શ્રેષ્ટ છે! પતિવૃત એજ સ્રીઓનું મોક્ષ સાધન છે! પોતે તો શું પણ પોતાના સ્વામી સુદ્ધાંને પતિવૃતાઓ પોતાના પતિવૃતના પ્રભાવથી ઉતમ ગતિએ લઇ જાય છે, એ તેં [illegible] વર્તનથી જગતને બતાવી આપ્યું છે. [illegible] જનોને જેવી ભગવદ ભક્તિ છે, તેવી [illegible]વૃતાઓને પતિભક્તિ છે! તેં જે કાંઇ કર્યું છે તે સર્વ લોકમાં અનુકર[illegible] પતિની પૂર્ણ [illegible] સુનેત્રા! [illegible] પર [illegible] થઇ છું, તને તારા પતિ [illegible]થી સદાને [illegible] મુક્ત કરું છું! [illegible] જા તારા પતિને આશ્રમે જા! પતિની સાથે રહી તારી [illegible] સાર્થક કર? જગતના કલ્યાણ માટે યત્ન કર!"

"દેવી! મારા જેવી એક અજ્ઞાન [illegible] કલ્યાણ માટે શું કરી શકે!"

" સુનેત્રા ! તારા જેવી ઉચ્ચ સ્થિતિને પ્રાપ્ત થએલી સ્રીના આ ઉદ્દગારો ખરેખર મારા હૃદયને ખિન્ન કરે છે. પણ તેમાં તારો દોષ નથી તારામાં માયાવી પ્રેમનો હજુ સહજ અંશ હોવાથી તું નારીના કેટલાક ધર્મોથી અજ્ઞાત છે.

" ત્યારે દેવી ? જેમ આપે મારા પર આટલી કૃપા કરી તેમ મારામાં રહેલા માયાવી પ્રેમને પણ દુર કરો ! મને નારી ધર્મ સમજાવો !

" અસ્તુ, તારા શ્રેય અર્થે તે પણ તને કહું છું સાંભળ. સુનેત્રા ! નારી એ મારૂં સ્વરૂપ હોવાથી જગતની માતા છે, અને જગતનાં પ્રાણી માત્ર નારીનાં સંતાન છે ! પ્રાણી માત્રની સર્વ પ્રકારની વેદના નિવારણ કરવામાં હૃદય પુર્વક યત્ન કરવો એજ નારી ધર્મ છે ? તારા જેવી સ્થિતિએ પહોંચેલી સ્રીઓના હૃદયમાં તો એવોજ ભાવ ઉત્પન્ન થવો જોઇએ કે અમે જગમાતાની જાતિ છીએ ? માતાનું કાર્ય કરીશું ! જગતના જીવાત્માઓ એ અમારાં સંતાન છે, એ સંતાનોને અમારા હૃદય સાથે વળગાડી તેમને સુખ મળે તે દિશામાં લઇ જઇશું ! તેમને અનીતિ અધર્મને માર્ગે ચડતાં દેખી નેત્ર રાતાં કરી તેમના પુર્વજોનું સ્મરણ કરાવીશું અને નીતિ ધર્મને માર્ગે ચઢાવવાનો યત્ન કરીશું ! સમજી ?

“હા સમજી પણ દેવી? શાસ્ત્રો તો સ્ત્રી અને પુરૂષ બંનેએ સાથે મળીને કાર્ય કરવાનું સુચવે છે!”

હા, એ ખરૂં છે. કારણ કે સ્ત્રી એ પુરૂષનું અર્ધાંગ ગણાય છે! પુરૂષથીજ સ્ત્રીની ઉન્નતિ થાય છે!”

“પણ તમારા કથનમાં તો સ્ત્રીનું મહત્વ જણાય છે! જો પુરૂષથી સ્ત્રીની ઉન્નતિ હોય તો સ્ત્રી કરતાં પુરૂષનું મહત્વ વધારે છે એવો અર્થ થાય છે!”

“સુનેત્રા! એ પણ સત્ય છે કારણ કે પુરૂષ એટલે પરમાત્મા જે પ્રાણી માત્રમાં આત્મા રૂપે નિવાસ કરી રહ્યો છે તેમની કૃપા વગર તેના વિકાસ વગર, કોઇ પણ પ્રાણીની ઉન્નતિજ નથી!”

“દેવી? જો આત્માના વિકાસથીજ પ્રાણીની ઉન્નતિ હોય તો ભેદભાવ જેવું કાંઇ રહેતુંજ નથી!”

“એમજ છે?”

“તો સ્ત્રી પુરૂષના ભેદવાળું જગત કેમ દેખાય છે!”

“અજ્ઞાનીઓની દ્રષ્ટિમાંજ માત્ર એમ જણાય છે! પરંતુ દિવ્યચક્ષુ આત્માઓતો પ્રાણી માત્રને અભિન્નભાવથીજ જુએ છે! સુનેત્રા! આધારભેદે—પ્રયોજન ભેદે સ્ત્રી અને પુરૂષ ભલે ભિન્ન જણાય છે. પરંતુ તે બંન્નેમાં એકજ પુરૂષનો નિવાસ છે! મનુષ્ય અનેક જણાય છે પણ તેમાં

નિવાસ કરી રહેલો આત્મા તો એકજ છે! જળાશય અનેક છે પણ તેમાંનું જળ તો એકજ છે! તેનામાં એકત્ર થયા વગર, સાગર થવાતું નથી! મળવાની—એકત્ર થવાની આશા બધામાં બળવાન હોય છે, તેથીજ પુરૂષજીવ સ્ત્રી જીવ પ્રત્યે આકર્ષાય છે, અને સ્ત્રીજીવ પુરૂષ જીવ પ્રત્યે આકર્ષાય છે! પુરૂષ પર પુરૂષ અને સ્ત્રી પર સ્ત્રી આકર્ષાતિ નથી તેનું કારણ શું! બંન્નેની એક શક્તિ છે. માટેજ! મળવા—એકત્ર થવાનું પ્રયોજન નહિ હોવાથીજ!—પરંતુ કામના મિલનથી એ ઉદ્દેશ સફળ થતો નથી. જે સ્થળે કામ સંબંધ નથી તે સ્થળેજ મિલનની પૂર્ણતા સાધી શકાય છે! મનુસહિંતામાં જગત ઉત્પતિ અધ્યાયમાં મનુએ કહ્યું છે કે સર્વ શક્તિમાન ઇશ્વરે જવલન્ત શોભાયમાન મુર્તિના બે વિભાગ કરી દીધા તેનો એક ભાગ સ્ત્રી (તત્વ) કહેવાયો, ત્યાર પછી એ મહાસત્યને વિશેષ સ્પષ્ટ કરવા તેની અર્ધનારીશ્વર મૂર્તિ બનાવી. અર્ધનારીશ્વર મુર્તિનો અર્થ એ છે કે ઉત્પતિ સમયે જીવ—જગત સ્ત્રી પુરૂષના ભેદવાળું જુદું નહોતું; અર્થાત વર્તમાન જગતમાં જે સ્ત્રી જીવો અને પુરૂષ જીવો જોવામાં આવે છે તેમનું આદિકારણ અથવા તેમ આદિ પૂરૂષમાં લિંગભેદ નહોતો. તે આદિ પુરૂષ સ્ત્રી પણ હતો પુરૂષ પણ હતો, અથવા સ્ત્રી કિંવા

પુરૂષ કાંઇ નહોતો, તેનામાં બંન્ને શકિતનો માત્ર વિકાસજ હતો. મુલ—શકિત અથવા પરમાત્માના જે બે વિભિન્ન—શકિતકેંદ્ર છે. જેને માતૃશકિત અને પિતૃશકિત કહે છે, કેટલેક સ્થળે તેના નામ પુરૂષ અને પ્રકૃતિ પણ છે તે બે માંથી એકનું પ્રાધાન્યપણું થતાં સ્ત્રી વા પુરૂષ ઉત્પન્ન થાય છે, સ્ત્રીત્વ અથવા પુરૂષત્વ પ્રથમ સુક્ષ્મ શકિત રૂપે થયા પછી સ્થુલ ઇંદ્રિય—યંત્રમાં તેની ખાસ રચના થાય છે, પિતૃઅંશ ઉદાસીન, જીવોનો પ્રકાશક, અને શિથિલ છે, માતૃઅંશ રચનાકારક, ઝંઝાયક અને સ્થિતિકારક છે. તેથી જે અંશ જેટલો [illegible] હોય છે તે અંશ ગર્ભાધાન સમયે તેટલોજ સ્ખલિત થઈને [illegible] લિંગત્વ બાંધે છે. ઋષિઓ કહે છે કે મુલશકિતના કેંદ્ર ભિન્નતાના એવા બે વિભાગ હોવાં છતાં પુરૂષ અથવા દેહ મંદિરમાં રહેલું ચૈતન્ય એજ માત્ર તેનો આધાર છે, એ ઉભયશકિતની સમતા, મળતાપણું અને સંપુર્ણતા સાધ્ય કરવી; એજ મનુષ્યનો ધર્મ છે. પશુને [illegible] નથી [illegible] તેઓ નિરર્થક એ બે શકિતનો વિનાશ કરી નાંખે છે; જે ધર્મને જાણે છે તેજ મનુષ્ય કહેવાય છે. ધર્મભેદને લીધેજ પશુત્વમાં અને નરત્વ—મનુષ્યત્વમાં ભેદ છે, જેનાવડે અભ્યુદય અને વિશેષ કલ્યાણ સાધી શકાય એનું નામ ધર્મ. આ-

ધ્યાત્મિક, આધિદૈવિક, આધિભૌતિક, અથવા માનસિક પ્રાકૃતિક, અને શારિરીક ભેદને લીધે ત્રણ પ્રકારના દુઃખની અત્યંત નિવૃતિ કરવા માટેજ મનુષ્યનો જન્મ છે. તેથીજ મનુષ્યના શારિરીક, માનસિક, અને પ્રાકૃતિક ભેદમાં ત્રણ પ્રકારના ધર્મો રહેલા છે. અથવા મુલાશકિતની એકત્ર કરવાની કે ભિન્ન કરવાની શકિતના ભેદને લીધે જે બે ભિન્ન કેંદ્ર છે, તે એ ત્રણે વિષયનું કાર્ય કરે છે. મુલાશકિત અદ્વોપ કરનાર, માતૃકા કેંદ્રના અદભુત રહસ્યમાંજ તાંત્રિકો ડુબી ગયા હતા, પ્રાકૃતિક, માનસિક, અને આધ્યાત્મિક વિષયમાં તેઓ માતાનું દેવી મહાત્મ જાણુતા હતા, તેથીજ એ માતૃ કેંદ્રનો જીવન પ્રવાહ હૃદયમાં પ્રવેશ કરાવી શકયા હતા! તેથીજ તેઓ નારીની જગદ્ધાત્રી રૂપે પુજા અર્ચના કરતા હતા! જયારે તેઓ રમણીના પાદ પદ્મ કામ—ગંન્ધ શુંન્ય પ્રાપ્ત કરી શકયા ત્યારેજ તેઓ સમસ્ત જીવનની કામના, વાસના, વિસર્જન કરવા શકિતવાન થયા હતા! સુનેત્રા! તું જાણુતી હશે કે ચુમ્બકના પ્રત્યેક પરમાણુંના આંતરમાં બે વિપરિત કેંદ્રની ચુમ્બક શકિત એકત્ર થઇ નિંદ્રિત થઇ રહી છે, એ મિલન ભાંગીને તેને પ્રથક કરવાથી તે નિષ્ક્રીય હતી, તેને બદલે ક્રિયાશીલ થાય છે, પિતૃ માતૃઅંશમાં જે બે વિપરીત કેંન્દ્રની શકિત એકત્ર મળી નિંદ્રીત થઇ હતી,

તે બંન્નેને પ્રજાપતિએ પ્રથક કરી જીવન—શક્તિ પ્રગટ કરી છે; અને કામના દ્રઢ બંધનમાં તેને બાંધી રાખી છે, તેથીજ કર્મ એ જીવન ! કર્મ એજ અદ્રષ્ટ ! કર્મ એજ જીવન મૃત્યુનો સહચર મિત્ર ! તેથીજ શક્તિનું પરસ્પર મિલન નિષ્કામ, અદ્રષ્ટ રહિત અને જન્મ મરણ નિવારક છે ! તેથીજ રૂષિઓ કહે છે કે પ્રાણ અપાન વાયુના મિલનનું નામ શારીરિક મૃત્યુ છે. અને એ બંન્ને વાયુના પ્રથઃકરણનું અન્ય નામ અહંકાર છે ! અહંકારમાંથીજ જન્મ જરા અને પ્રલય થાય છે ? સુનેત્રા ! તારૂં હ્રદય નિષ્ક્રિય થઇ ગયું છે. તેમ છતાં હજુ પણ થોડો વિલંબ છે જયારે તું તારા પતિના આત્મા સાથે એકતા મેળવીશ, ત્યારેજ તું આ સર્વ રહસ્યને સંપુર્ણ સમજી શકીશ ! જા, તારે માટે એવો સમય સત્વર આવશે, એવો મારો આશિર્વાદ છે ! ” એમ કહી દેવીએ પુનઃ પોતાના પવિત્ર હાથો સુનેત્રાના મસ્તક પર ધર્યા સુનેત્રા હાથ જોડી નીચું જોતી ઉભી રહી,

કેટલીકવારે સુનેત્રાએ ઉંચે જોયું જયોતિર્મયિ મુર્તિ અલોપ થએલી જણાઇ. ઉપદેશ અને વર પ્રાપ્તિથી આનંદિત થએલી સુનેત્રા દેવીનું ધ્યાન ધરતી એકવાર ફરીને પતિના દર્શન કરવાની ઇચ્છાથી તે પતિના આશ્રમ ભણી વળી, કેટલીકવારે તે ત્યાં જઇ પહોંચી પરંતુ આશ્રમ જન શુન્ય

જણાતાં તે ગભરાઈ એકાએક તેની દ્રષ્ટિ પથ્થરવત બનેલી રંભાની પ્રતિમા પર પડી તેને પુછવાથી પતિના કાંઈ ખબર મળશે એવી આશાથી તેણી તે મુર્તિ તરફ જવા લાગી હજુ તે બહુ દુર ગઈ નહિ એટલામાં પાછળથી તેણીને કોઈએ બુમ પાડી સુનેત્રાએ પાછું વાળી જોયું એક દિવ્ય પુરૂષ તેણીને તે તરફ જતી ઈશારાથી અટકાવી રહ્યો હતો, સુનેત્રા ઉભી રહી થોડીજવારમાં તે દિવ્ય પુરૂષ તેની નજીક આવ્યો અને બોલ્યો, "પુત્રી ક્યાં જાય છે?"

મારા પતિને શોધવા! તેમનાં દર્શન કરવા! સુનેત્રાએ જવાબ આપ્યો.

"તમારા પતિનું નામ શું?" તે પુરૂષે પ્રશ્ન કર્યો.

"વિશ્વામિત્ર!" સુનેત્રાએ જવાબ આપ્યો.

"બેટા! તે તો આ આશ્રમ છોડીને એક વર્ષ પહેલાં અહીંથી ચાલ્યા ગયા છે!"

"ક્યાં ગયા છે, એ તમે જાણો છો? કૃપા કરી મને તેનો આશ્રમ બતાવશો? હું તમારો ઉપકાર નહિ ભુલું."

"એ હું જાણતો નથી!"

"વારૂ ત્યારે એ કહી શકશો કે તેઓ ક્યારે પાછા ફરશે?"

"નહિ, એ પણ હું જાણતો નથી!"

"જેર ત્યારે હું પેલી બાઈને પુછીશ, કદાચ તેણી મારા પતિના સંબંધમાં કાંઇ જાણતી હશે."

"નહિ બેટા! ત્યાં ના જશો, એ સ્રી નહિ પણ પથ્થરની મુર્તિ છે! તેનો જે સ્પર્શ કરે છે તે પથ્થર બની જાય છે, માટે તું પાછી વળ! એ સામે દેખાતી પથ્થરની મુર્તિ પૂર્વે સ્રી હતી!"

"હેં! શું એ મુર્તિ પૂર્વે સ્રી હતી?"

"હા, આ સ્થળે આવતાંજ તે પથ્થર બની ગઇ છે!"

"એટલે શું તેને સ્પર્શ કરનારી બધી સ્રીઓ પથ્થર બની જાય છે? દેવ! જો એમજ હોય તો આ આશ્રમમાં મારા જેવીજ એક બીજી સ્રી હતી તે પથ્થર કેમ બની નહિ?"

"પુત્રી! એ સ્રીના ચાલી જવા પછી આ સ્રી આવી સ્થિતિને પ્રાપ્ત થઇ છે, અને ત્યાર પછી કોઇ સ્રી આ સ્થળે આવીજ નથી."

"નહિ એ હું ન માનું, એવું ખોટું સમજાવી તમે મને મારા પતિને મળવા જતી અટકાવો છો? દુર થાઓ મને તે તરફ જવા દો?"

"નહિ હું ત્યાં નહિ જવા દઉં!"

"શું મારા પતિએ તેમ કરવા સુચન કર્યું છે? શું મારા પતિએજ મને આ આશ્રમમાં આવતી અટકાવવા કહ્યું

છે? જો એમજ હોય તો મને જલદી કહો હું આ ક્ષણેજ આશ્રમ છોડી જઇશ." બોલતાં બોલતાં સુનેત્રાની આંખમાં આંસુ આવી ગયાં.

"નાંહ તમારા પતિ એવા નિષ્ઠુર નથી, માત્ર એ મુર્તિને સ્પર્શ કરતાં તમે પણ પથ્થર બની જશો, એવા ભયથી હું તમને ત્યાં જતાં અટકાવું છું!" તે અપરિચિત પુરૂષે જવાબ આપ્યો

"ત્યારે તો હું તેને અવશ્ય સ્પર્શ કરીશ."

"અરે! આ તું શું કહે છે! પથ્થર બનેલી સ્ત્રી તો મહા પાપિણી કુલટા છે! પોતાના પાપના પરિણામે તો તે પથ્થર મુર્તિને પ્રાપ્ત થઇ છે! તું પતિવૃતા છે! પવિત્ર છે! તેને સ્પર્શ કરવાથી તું તારી પવિત્ર દેહને અપવિત્ર કરશે!"

"દેવ! કુલટા સ્ત્રી નિશ્ચય ધિક્કારને પાત્ર છે. તદપિ જે દુઃખી છે! તાપસીના શ્રાપે તપેલી છે! તેના તાપનું વિમોચન કરવું એ દરેક સ્ત્રી જાતિનું કર્તવ્ય છે!"

"અરે શા માટે હાથે કરીને ઉપાધિ વહોરી લે છે? જા! બહેન જા! તે કુલટાને તેની કરણીનું ફળ ભોગવવા દે!"

"નહિ તેને મળ્યા સિવાય-તેનું દુઃખ જાણ્યા સિવાય હું પાછી નહિ ફરૂં!"

"વારૂ તેને મળીને તું શું કરશે?"

"તેની મુક્તિ માટેનો ઉપાય!"

"પણ તે ઉપાય તને કોણ બતાવશે!"

"તેની મુક્તિનો માર્ગ હું તે મુર્તિનેજ પુછીશ, તે કહેશે તેવો પ્રયત્ન કરીને હું તેણીને તેમાંથી મુક્ત કરીશ!"

"શું પથ્થરની મુર્તિ તને જવાબ આપશે?"

"નહિ આપશે તો હું કોઇ અન્ય ઉપાય કરીશ, કૃપા કરી મને જવા દો?" એમ કહેતી સુનેત્રા તે મુર્તિ પાસે ગઇ અને મુર્તિને ઉદ્દેશીને કહેવા લાગી, "પથ્થર મુર્તિ! તું ગમે તે હો! ગમે તેવા મહા પાપથી તું આ દશાને પ્રાપ્ત થઇ હો! તો પણ હું તને તેમાંથી મુક્ત કરીશ! કહે! બ્હેન કહે! તારી મુક્તિનો માર્ગ જલદી કહે!" સુનેત્રા જવાબ મળવાની આશાથી ક્ષણભર તે મુર્તિના મુખ સામું જોઇ રહી પરંતુ પ્રત્યુતર ન મળવાથી તે મનોગત બોલી "કાંઈ જવાબ નથી મળતો! બિચારી ક્યાંથી જવાબ આપી શકે!" પછી તે મુર્તિ તરફ ફરીને બોલી, ફીકર નહિ બ્હેન! હું તારા ઉદ્ધાર માટે હમણાંજ યત્ન કરૂં છું નિશ્ચિંત રહે એમ કહી પૃથ્વી માતાને ઘુંટણીએ પડી પ્રાર્થના કરતી તે બોલી હે વસુંધરે! પવિત્ર દેવી! જો હું મન વચન અને કર્મે કરી પતિ સેવામાં નિમગ્ન હોઉં,-પતિનેજ પરમાત્મા ભાવે ભજતી હોઉં, અને પતિસેવા કરવાનું જો કાંઇ પણ

કુળ હોય, તો મારા સ્પર્શથી આ પથ્થરની મુર્તિ મુળ સ્વરૂપને પ્રાપ્ત થાઓ!" એમ કહેતાંજ તેણીએ પથ્થરની મુર્તિને સ્પર્શ કર્યો તત્ક્ષણે તે પથ્થર મુર્તિ રંભાના મુળ સ્વરૂપમાં બદલાઇ ગઇ. અહા! પતિવૃતાનો કેટલો બધો પ્રભાવ!!!

મુળ સ્વરૂપને પ્રાપ્ત થએલી રંભા સુનેત્રાના ચરણોમાં પડી અને બોલી "મા! પતિવૃતે? આજે તેં મારો ઉદ્ધાર કર્યો છે. માતા મને આશિર્વાદ આપો કે તમારા પવિત્ર સ્પર્શના પ્રભાવથી પૃથ્વી પર પતિવૃતાના ઉદરમાં મારો જન્મ થાય.

"તારી એ ઇચ્છા પરમાત્મા પુર્ણ કરશે!" એમ કહી સુનેત્રાએ પોતાના પવિત્ર હાથો રંભા પર ધર્યા.

"દેવી! હું ધર્મરાજા છું. તારી પરિક્ષા કરવા છદ્મવેશ ધારી હું અહીં આવ્યો હતો, તું સર્વ સતીઓમાં શ્રેષ્ટ શિરોમણી છે બેટા! તારી સર્વ ઇચ્છા પુર્ણ થાઓ! બ્રાહ્મણ વેશમાં સુનેત્રાને અટકાવવાનો પ્રયત્ન કરનાર પુરૂષ કે જે સાક્ષાત ધર્મરાજ હતા તેને મુળ સ્વરૂપે સુનેત્રાને દર્શન આપતાં કહ્યું.

એટલામાં દેવરાજ ઈંદ્ર પણ ત્યાં આવી પહોંચ્યો અને સુનેત્રાના ચરણમાં મસ્તક નમાવી બોલ્યો, માતા! તમે આજે રંભાના ઉદ્ધાર સાથે મારો પણ ઉદ્ધાર કીધો છે! મારી

ઇચ્છાથીજ રંભા તમારા પતિનું તપ ભંગ કરવા આવી હતી, પરંતુ ઉગ્ર તપસ્વી વિશ્વામિત્રે શ્રાપથી રંભાને પથ્થર બનાવી હતી. હું અને અપ્સરા ગણ તેની ગેરહાજરીથી દુઃખી થતાં હતાં એ દુઃખમાંથી આજે આપે અમોને મુક્ત કર્યા છે. દેવી! મારી પાસે કાંઇ વરદાન માગો!"

ઇંદ્રને મુખે પતિની પ્રશંસા સાંભળી તેમજ તેમની ઉગ્ર તપશ્ચર્યાનો પ્રભાવ જાણી, સાધ્વી સુનેત્રા મનમાં અતિ પ્રસન્ન થઇ, હવે પછી ઇંદ્ર પોતાના પતિના તપની આડે ન આવે એવો વર માગવાનો યોગ્ય પ્રસંગ ધારી તે ઇંદ્ર તરફ ફરીને બોલી—

"દેવેંદ્ર! જો તમે પ્રસન્ન થયા હો તો હવે પછી મારા પતિની તપશ્ચર્યાનો ભંગ નહિ કરવાની પ્રતિજ્ઞા કરો, અને મારા પતિનું અભિષ્ટ થાય એવું મને વરદાન આપો!"

"અસ્તુ. હું એ માટે પ્રતિજ્ઞા કરું છું અને તારા પતિની સર્વ ઇચ્છા પૂર્ણ થશો એવું વરદાન આપું છું! તારા જેવી જેને સહધર્મિણી છે! ધર્મરાજ જેના જેના સહાયક છે! બ્રાહ્મણદેવ જેનું રક્ષણ કરે છે! જેગમયા મહાશક્તિએ જેને શરણ આપ્યું છે! એવા તારા પતિનું સત્વર અભિષ્ટ થશે! ચાલ, મારી સાથે આવ. હું તને જે દ્રવ્ય આપું છું તે લઇને રાજા અંબરીષના દરબાર-

માં જા. ત્યાં તને તારા પતિનો મેળાપ થશે, હું જે વસ્તુ આપું છું તે લઈ જવાથી તારા પતિનું શ્રેય થશે, " એમ કરી સુનેત્રાને સાથે લઇ રંભા અને ધર્મરાજ સહિત ઈંદ્ર અમરાપુરીમાં ગયો. અને ત્યાંથી એક વસ્તુ સુનેત્રાને કાંઈ સમજાવીને આપી જે લઈ ખુશી થતી સુનેત્રા પતિને મળવાની આશાથી અંબરીષની રાજ્યધાની તરફ ચાલી ગઇ.

પ્રકરણ ૨૨મું.

અંબરીષના યજ્ઞમાં

અંબરીષ યજ્ઞ કરે છે, એવા ખબર યાત્રામાં ફરતા વિશ્વામિત્રને મળતાં તે પુણ્ય કર્મમાં ભાગ લેવા અને યજ્ઞ નારાયણના દર્શન કરવા ત્યાં આવી પહોંચ્યા, અંબરીષ અને ત્યાં પધારેલા સર્વ રૂષિગણોએ ઉભા થઈ વિશ્વામિત્રને આવકાર આપ્યો.

પધારો ! પધારો ! રાજર્ષિ ! આપના પધારવાથી આ યજ્ઞ સ્થળ પવિત્ર થયું બિરાજો આ આસન પર. " અંબરીષે આસન આપતાં કહ્યું.

વિશ્વામિત્રે રાજા અંબરીષને આશિર્વાદ આપતાં પોતાનું સ્થાન લીધું. યજ્ઞની પરીચર્યા કરતાં એક બ્રાહ્મ

બાળકને બે હાથે બાંધેલો જોઇ વિશ્વામિત્ર આશ્ચર્ય ચકિત દ્રષ્ટિએ અંબરીષના સામુ જોઇ રહ્યા, બ્રહ્મબાળક પણ આંખમાં આંસુ વરસાવતો જાણે પોતાને બંધનમાંથી મુક્ત કરાવવા વિશ્વામિત્રને વિનવતો હોય તેવા ભાવથી વિશ્વામિત્ર સામે જોતો ઉભો રહ્યો. બાળકની આ સ્થિતિ જોઇ વિશ્વામિત્રને આશ્ચર્ય લાગ્યું તે અંબરીષ તરફ ફરીને બોલ્યા; રાજન! આ બ્રહ્મ બાળકને શામાટે બાંધ્યો છે? શું એ બાળકનોજ આ યજ્ઞને બળી આપવાનો છે!

"હા પ્રભુ? યજ્ઞનો બળી પશુ કોણ જાણે કોણ હરણ કરી ગયું છે એટલે અમારા પુરોહિતજીએ શાસ્ત્રના આધારે નરબળી આપવાનું શોધી કાઢયું છે." અંબરીષે ડરતાં ડરતાં જવાબ આપ્યો.

શું પશુની ગેરહાજરીમાં નરબળી અને તે પણ બ્રહ્મ બાળકનો! હોયજ નહિ! શાસ્ત્રો બ્રાહ્મણના બાળકનો બળી આપવાનું કહેજ નહિ! વિશ્વામિત્રે કંઈક આવેશમાં કહ્યું.

"પ્રભુ! તે તો આ મારા પુરોહિતજીને પુછો, મેં તો તેમની આજ્ઞાથી આ અનાથ બાળકને પકડી મંગાવ્યો છે," અંબરીષે બધો ભાર પુરોહિત પર મુકી દીધો.

"હરિ! હરિ! બ્રહ્મબાળક અને તે પણ અનાથ! રાજન! આ અપવિત્ર યજ્ઞ સ્થળમાં સ્વયં નારાયણ પોતે

પધારે તો પણ પવિત્ર થાય નહિ તેવું આ કાર્ય છે? હું તો અતિ તુચ્છ છું તોપણ હું ખાત્રીથી કહું છું કે તમને આ નરબળીવિધાન બતાવનાર બિલકુલ મુર્ખ છે! બ્રાહ્મણ નહિ પણ—

'રાજર્ષિ બોલતાં વિચાર કરજો! આપ રાજર્ષિ છો એટલે આવા કાર્યમાં આપની ઓછી સમજ હોય એ સ્વભાવિક છે, પરંતુ મેં જે કાંઇ કર્યું છે તે શાસ્ત્રાનુસારજ છે! યજ્ઞ માટે નિર્માણ કરેલું પશુ કદાચ ચોરાઇ જાય તો નરમેધ આહુતિ આપ્યા સિવાય અગ્નિદેવ કદીપણ પ્રસન્ન ન થાય યજ્ઞ અપુર્ણ રહે અને રાજા પાપનો ભાગી થાય! વિશ્વામિત્રને બોલતા અટકાવી પુરોહિતે વચ્ચેજ કહ્યું.

"હું એ નથી માનતો, કદાચ એક પશુ કોઇએ ચોરી લીધું તો તેને બદલે સહસ્ત્ર પશુ પ્રદાન કરવાથી પણ યજ્ઞ પુર્ણ થઇ શકે છે! નરબળી માટે શાસ્ત્ર કદી કહેજ નહિ!" વિશ્વામિત્રે કહ્યું.

"વિશ્વામિત્ર! તમે તપશ્ચર્યા કરી રાજર્ષિત્વ પ્રાપ્ત કર્યું છે, એટલે આ ક્રિયાકાંડનો અનુભવ આપને ક્યાંથી હોય!" પુરોહિતે વ્યંગમાંજ કહ્યું.

"મહાત્મન! કદાચ આપનું એ કહેવું સત્ય હશે, પણ કૃપા કરી મને કહેશો કે ચોરાઇ ગયેલા પશુને સ્થાને

નરબળી આપવાનું ક્યા શાસ્ત્રમાં કહ્યું છે!" વિશ્વામિત્રે પણ તેવાજ ભાવથી કહ્યું.

"રાજર્ષિ! આપની સાથે વિવાદ કરવા જેટલો હવે સમય નથી કારણકે યજ્ઞને આહુતિ આપવાનો સમય વ્યતિત થઈ જાય છે!" પુરોહિતે [illegible] બતાવ્યું અને પછી તે અંબરીષ તરફ ફરીને બોલ્યો "રાજન! ખડગ ગ્રહણ કરો! અગ્નિ દેવતા નરમાંસનું ભક્ષણ કરવા પોતાની જીહ્વા વિસ્તારી રહ્યા છે! ચાલો ઉતાવળ કરો, નહિ તો તમારા પર કોપિત થશે!

"સબુર! રાજન! પહેલાં મને કહો કે આ યજ્ઞ દ્વારા તમે કઈ વસ્તુની ઇચ્છા [illegible] છે! તમો એવા કયા સુખને માટે આ બાળહત્યા, નરહત્યા, અને બ્રહ્મહત્યા જેવા મહાપાપમાં પ્રવર્ત થયા છો! રાજન! જો દેવતાઓને પ્રસન્ન રાખવાની ઇચ્છાથીજ આ યજ્ઞ કરતા હો તો આ બાળકને છોડી દો! નરબળી આપવાનું માંડી વાળો! ગુમ થએલા પશુને સ્થાને સહસ્ત્ર પશુ પ્રદાન કરો!" વિશ્વામિત્રે પુર્ણ આવેશમાં કહ્યું.

"રાજર્ષિ મારા પુરોહિતની આજ્ઞાનું પાલન કરવું એ મારૂં મુખ્ય કર્તવ્ય છે એટલે હું લાચાર છું." અંબરીષે જવાબ આપ્યો.

" ઔર, રાજન ! જો નરહત્યા કરવાનોજ તારા પુરોહિતનો સંકલ્પ હોય ! અરે ! પશુના પરિવર્તનમાં નરદ્વારાજ યજ્ઞ પુર્ણ થતો હોય તો આ બાળકના પરિવર્તનમાં રૂષિમેધદ્વારા યજ્ઞ પુર્ણ કરો ! બાળકને બદલે મનેજ બાંધો જુઓ ? જુઓ ! બિચારો બાળક ભયથી થરથર કંપે છે ! તેના ચક્ષુઓમાંથી અશ્રુની ધારાઓ વહે છે ! તેનું કરૂણાજનક રૂદન, નિસ્તેજ વદન, એક પથ્થરને પણ પીગળાવે તેવું છે ! તો શું તને એ અનાથ બાળકની સ્થિતિ પર જરા પણ દયા નથી આવતી ! હરિ ! હરિ ! આ બાળકનું દુઃખ મારાથી નથી જોવાતું ! તેનું કરૂણાજનક રૂદન મારાથી નથી સંભળાતું ! રાજન ! એ બાળકને છોડી દો ! તેને બદલે મને બાંધો ! મારી આહુતિથીજ તમારા યજ્ઞની પુર્ણાહુતી કરો ! " બોલતાં બોલતાં વિશ્વામિત્રની આંખમાંથી આંસુઓ ખરી પડયાં.

"રાજર્ષિ ! આપ આ શું બોલો છો ! આપ રૂષિ છો આપને હું કેવી રીતે બંધન કરૂં ! આપની આહુતિ યજ્ઞ નારાયણને હું કેવીરીતે આપું ! " અંબરીષે કહ્યું.

"રાજન ! દિલગીર ન થા. હું મારી ઇચ્છાથીજ શરીર અર્પણ કરૂં છું અને યજ્ઞેશ્વર શાલીગ્રામની સમક્ષ પ્રતિજ્ઞા પૂર્વક કહું છું કે મારા વધથી તને સહજ પણ પાપ સ્પર્શે

નહિ કરે ! પરંતુ આ નિર્દોષ અનાથ બાળકનો વધ કરવાથી તું નિશ્ચય પાપભાગી થશે ! રાજન ! ઉતાવળ ન કર ! આ બાળકને બંધન મુક્ત કર ! કારણકે પુરોહિતના કહેવા મુજબ સમય વ્યતિત થશે તો યજ્ઞનું ફળ નહિ મળશે !" વિશ્વામિત્રે કહ્યું.

"વિશ્વામિત્ર ! તમે બહુ ઉદાર છો ઠીક છે બાળકને મુક્ત કરો !" એમ કહી પૂરોહિતે પાસેજ ઉભેલા અનુચરો તરફ જોયું. અને પછી વિશ્વામિત્ર તરફ ફરીને બોલ્યો" વિશ્વામિત્ર ! આ ઉત્સર્ગકૃત દ્રવ્ય ભોજન કરી યુપકાષ્ટ પર મસ્તક ધરો કારણ કે શાસ્ત્રમાં અનાહારી બળી પ્રદાન કરવાનો નિષેધ છે !"

બાળકે જોયું કે વિશ્વામિત્ર પોતાને બદલે પ્રાણ આપવા તૈયાર થયા છે, ત્યારે તેનાથી બોલ્યા શિવાય ન રહેવાયું પોતાને બદલે એક રૂષિનો વધ થાય એ ન સહેવાયું. તેનામાં કોઇ નવીન બળ આવ્યું થોડા સમય પુર્વે મરણના ભયથી રડતું મુખડું મરણનેજ આમંત્રણ કરવા આગળ આવ્યું. તેનું બંધન છોડવા આવેલા અનુચરોને તેણે અળગા કર્યા અને આગળ વધી બોલ્યો—

"નહિ, નહિ, મહાત્મા વિશ્વામિત્રના સંબંધમાં એવું કદી નહિ બને ? મારાજ બળીથી યજ્ઞ નારાયણને પ્રસન્ન

કરો હું તૈયાર છું ! આનંદથી યજ્ઞદેવની આહુતિ થવા ખુશી છું ! રાજર્ષિની દીર્ધાયુ થાઓ ! લાવો ! મારી આહુતિ આપવા માટેનાં શસ્ત્રોને મારા શિર પર લાવો ! હું ઘણાજ આનંદ સાથે મારો દેહ યજ્ઞદેવને અર્પણ કરવા તયાર છું !"

"રાજન ! આ બાળકને ઉન્માદ વાયુ થયો છે તેને અહીંથી કોઇબી જગ્યાએ લઇ જવાની જરૂર છે." વિશ્વામિત્રે અંબરીષને ઉદ્દેશીને કહયું.

"નહિ, હું શુદ્ધિમાં છું ! ઉન્માદ જેવું મને કાંઇજ નથી ! વિશ્વામિત્ર ! ઉદાર વિશ્વામિત્ર ! તમે અંબરીષને અવળું ન સમજાવો !" તે બાળકે કહયું.

"બેટા ? શામાટે તારા પવિત્ર બ્રાહ્મણ જીવનને વિસર્જન કરવા તૈયાર થાય છે ? હું તો વ્યભિચારી છું કામકળાના મોહમાં મુગ્ધ થઇ મેં મારી તપશ્ચર્યા છોડી છે ! ક્રોધાવેશમાં મેં બિચારી નિર્દોષ રંભાને કઠોર શ્રાપ આપી પથ્થર બનાવી છે ? હું ક્ષત્રિયાધમ છું ? મારા માટે તારા દેવ શરીરનો ત્યાગ ન કર ?" વિશ્વામિત્રે બાળકને સમજાવવાનો પ્રયત્ન કરવા માંડયો.

"રાજન ? તું સત્યવાદી છે. ન્યાય તને જે માર્ગ બતાવે તે માર્ગ ગ્રહણ કર ? રાજર્ષિ પર શસ્ત્ર નહિ

ચલાવવાની પૂરોહિતને આજ્ઞા કર ? તું ન્યાયી છે વિશેષ શું કહું ?" બાળકે અંબરીષને ઉદ્દેશીને કહ્યું.

અંબરીષે પુરોહિતના સામે જોયું પુરોહિત અવાક રહ્યો આથી બાળકનો પિતો ઉછળી ગયો તે પુરોહિત તરફ ફરીને બોલ્યો અરે ! ઓ ચાન્ડાલ પશુ પુરોહિત ? મૌન્ય કેમ ધારણ કરી રહ્યો છે ? આવ ? આવ ? જો નરમેધદ્વારાજ યજ્ઞની પુર્ણાહુતી થતી હોય તો આવ ! આ બાળક શરીરનો બળી આપી તારા અસીને તૃપ્ત કર ? યજ્ઞ નારાયણને આ બાળક શરીરનીજ આહુતિ ધર ?"

"બેટા ? મારા આ કલંકિત જીવનની રક્ષા કરી તું સ્વયં કલંકિત શામાટે થાય છે. જા ? હજુ તારા માટે-અરે જગતના કલ્યાણ માટે તારે ઘણું કરવાનું છે ?" વિશ્વામિત્રે તે બ્રહ્મબાળકને પોતાના હૃદય સાથે ચાંપતાં ગળગળિત સ્વરે કહ્યું.

"નહિ, તેમ નહિ થશે ? જો કદાચ આપનો નિશ્ચય નહિ ફેરવો અહીંથી દુર નહિ ખસો, તો એકને બદલે બે બળીથી આજે યજ્ઞનારાયણ તૃપ્ત થશે ? રાજર્ષિ તમારી સાથે આજે મારો પણ પ્રાણ જશે ?" બાળક પોતાના નિશ્ચયને વળગી રહ્યો.

" રાજન ! આ બાળકને યજ્ઞ સ્થળમાંથી દુર કરો. વિલંબ થાય છે ! આહુતિનો સમય જાય છે ?" પુરોહિતે અંબરીષને આજ્ઞા કરતાં કહ્યું.

" અફસોસ ! ઓ પરોપકારી રાજા અંબરીષ ? વિચાર કર ? આવો અનર્થ ન કર ! મહાન તપસ્વી વિશ્વામિત્ર નો બળી આપવાથી યજ્ઞનારાયણ તારા પર કોપિત થશે અરે ? કાંઇ પણ ફળ મેળવવાને બદલે તું શાપિત થશે ? કૃપા કરી વિશ્વામિત્રને છોડી દે, અથવા તો અમો બંન્નેનો બળિ યજ્ઞદેવને આપી દે ?" બાળકે કંપિત સ્વરે કહ્યું.

" ઓહ ! ધર્મ સંકટ ! રાજર્ષિ કૃપા કરી આપ કાંઇ રસ્તો બતાવો ! " અંબરીષે વિશ્વામિત્રની પ્રાર્થના કરવા માંડી.

" રાજન ! તમારા પુરોહિતના કહેવા મુજબ પશુની ગેરહાજરીમાં નરબળિ આપવાથીજ યજ્ઞની પુર્ણાહુતિ થતી હોય તો આ સિવાય અન્ય કોઇ રસ્તોજ નથી ! આ બાળક નો બળી આપતાં બાળહત્યા, બ્રહ્મહત્યા અને નરહત્યા એ ત્રણે મહા પાપો વહોરી લેવાં પડે છે, પણ તેને બદલે રાજી ખુશીથી તને પાપથી મુકત કરીને આપવામાં આવતો મારો બળી તને દરેક રીતે પાપથી મુકત કરે તેવો છે! એટલે આ બાળકને મુકત કરી અહીંથી દુર લઇ જાઓ, એજ સરલ અને ઉતમ રસ્તો છે. ! "

વિશ્વામિત્રના એ શબ્દો સાંભળતાંજ તે બાળક બોલી ઉઠયો, રાજર્ષિ! રાજર્ષિ! આ શું કહો છો! મારી મમતા તમો શા માટે કરો છો! તમે રાજ્ય ધન સર્વ પરિત્યાગ કરી બ્રહ્મર્ષિત્વ લાભ મેળવવાની ઇચ્છાથી અત્યાર સુધી કઠોર તપશ્ચર્યા કીધી છે! હજુ તમારી ઇચ્છા પૂર્ણ થઇ નથી. અભિષ્ટ સિદ્ધ ન હોવાથી તમે લીધેલી પ્રતિજ્ઞાનો ભંગ થશે! બ્રહ્મર્ષિત્વ લાભ મેળવી આપ જગતનું કલ્યાણ કરી શકશો, પરંતુ આ અકર્મન્ય જીવનથી પૃથ્વીને કાંઇ પણ લાભ થવાનો નથી! માટે મને આજ્ઞા આપો! આપ આપના સ્થાને પધારો!" પછી તે અબરીષ તરફ ફરીને બોલ્યો રાજન! આપ બળી પ્રદાન કરો! આ બાળકનેજ યજ્ઞ દેવની આહુતિ રૂપે ધરો! રૂષિહત્યા ન કરો! હું બ્રાહ્મણ છું તમને આશિર્વાદ આપું છું કે તમારો યજ્ઞ પુર્ણ થાય!"

"બાળકને ઉન્માદ થયો છે તેને અહીંથી એકદમ દુર લઇ જાઓ!" પુરોહિતે યજ્ઞની આહુતિનો સમય વ્યતિત થતો જાણી પાસે ઉભેલા સિપાઇઓને આજ્ઞા કરી આજ્ઞાનો તુરતજ અમલ થયો સિપાઇઓ બાળકને ત્યાંથી ખેંચવા લાગ્યા; બાળક હૃદયફાટ રૂદન કરતો ઉંચા હાથ કરી બોલ્યે, હે! બ્રહ્મણ્ય દેવ! તમે ક્યાં છો! હું બ્રાહ્મણ હોવા છતાં પ્રતિપાળકના જીવનનું રક્ષણ કરવાને અસમર્થ થયો છું!

આવો! આવો! આ બાળકના કર્તવ્યમાં સહાય થાઓ! પ્રભુ! જો નહિ આવો તો હું આ યજ્ઞોપવિતને ફેંકી દઇશ! વૃથા સુત્ર ધારણ કરવાથી શો લાભ?" એકાએક આકાશ વાણી થઈ. "શાંત થા! વિશ્વામિત્રને ખડગ સ્પર્શ નહિ કરી શકે! જો! તે ખડગનો અગ્ર ભાગ ઉડીને તારા પગ પાસે પડયો છે! પુરોહિત થર થર કંપે છે!" આકાશ વાણી બંધ થઇ રાજા અંબરીષ આશ્ચર્ય ચકિત મુદ્રાએ ઘડીમાં પુરોહિત તરફ તો ઘડીમાં બાળક અને વિશ્વામિત્ર તરફ જોતો આભોજ બની ગયો. એકાએક તેના મુખમાંથી ઉદ્ગારો નીકળી ગયા કે "અરે! આ શું વિઘ્ન!"

"નહિ, મહારાજ કાંઇ વિઘ્ન નથી, રાજર્ષિની કૃપાથી સર્વ કાર્ય સિદ્ધ થયું છે!" એમ કહેતી અને ઉતાવળે દોડતી એક સ્ત્રી ખોવાએલા યજ્ઞ પશુ સાથે ત્યાં દાખલ થઇ અને બોલી, લ્યો! આ તમારા યજ્ઞનો પશુ! દેવરાજ ઇંદ્ર તમારી પરીક્ષા કરવા હરણ કરી ગયા હતા!"

"ઓહ! કોણ સાધવી સુનેત્રા!" વિશ્વામિત્ર તે સ્ત્રીને જોતાંજ બોલી ઉઠયા અને સુનેત્રાને હૃદય સાથે ચાંપી, એટલામાં ઇંદ્ર સહિત બ્રહ્મા ત્યાં આવી પહોંચ્યા અને વિશ્વામિત્ર તરફ ફરીને બોલ્યા, "વિશ્વામિત્ર! તમારા આત્મત્યાગને ધન્ય છે! આજની તમારી આત્મત્યાગ વૃત્તિથી હું બહુજ

પ્રસન્ન થયો છું અને તમને મહર્ષિત્વ પ્રદાન કરું છું." પછી તે અંબરીષ તરફ ફરીને બોલ્યા, "અંબરીષ! આ પશુથી તારા યજ્ઞની પુર્ણાહુતિ કર! મહાતપા વિશ્વામિત્રના આગમનથી તારો યજ્ઞ પુર્ણ થયો!"

"પ્રભુ! હવે મને બ્રહ્મર્ષિત્વ ક્યારે મળશે!" વિશ્વામિત્રે બ્રહ્માના ચરણમાં મસ્તક નમાવી પ્રાર્થના કરતાં કહ્યું.

"બેટા! હવે પછીના તપનું ફળ તને બ્રહ્મર્ષિત્વ લાભ માંજ મળશે!" બ્રહ્માએ કહ્યું.

"અસ્તુ, દેવ! ત્યારે હવે પછીની તપશ્ચર્યા હું બ્રહ્મત્વ પ્રાપ્ત કર્યા પછીજ છોડીશ!" વિશ્વામિત્રે પ્રતિજ્ઞા કરતાં કહ્યું.

"તારૂં કલ્યાણ થાઓ! અંબરીષ! તારા યજ્ઞમાં રાજર્ષિ વિશ્વામિત્રના પધારવાથી સાક્ષાત દેવો તારા યજ્ઞનો હવી લેવા આવ્યા છે તેઓને આહુતિ આપી તૃપ્ત કર!" બ્રહ્માએ કહ્યું.

અંબરીષે પરમ આનંદ સાથે યજ્ઞની પુર્ણાહુતિ કરી રાજર્ષિનું સન્માન કર્યું. યજ્ઞની પુર્ણાહુતિ થતાં સર્વ દેવો સ્વસ્થાને પધાર્યા અને વિશ્વામિત્ર ઉગ્ર તપશ્ચર્યા કરવાના ઇરાદાથી સુનેત્રા સહિત હિમાલયની તળેટીમાં ચાલ્યા ગયા.

પ્રકરણ ૨૩મું.

પુરૂષાર્થનું પરિણામ

હિમાલયની તળેટીમાં વિશ્વામિત્રે ઉગ્ર તપશ્ચર્યા કરવા માંડી. ખાવામાં વાયુ, સુવામાં ભુમિ, અને છાયામાં આકાશજ હતું, બ્રહ્મત્વની પ્રાપ્તિ અર્થે તેણે એવું તો ઉગ્ર તપ આદર્યું કે જેના પ્રભાવે દશે દિગપાલો ડોલવા લાગ્યા. સકળ બ્રહ્માંડ ખળભળી ઉઠયું.

આ રીતે તપશ્ચર્યા કરતાં પાંચ હજાર વર્ષ વિતી ગયાં, શરીર જર્જરીત થઈ ગયું, રક્ત વિહિન ત્વચામાંથી અસ્થી અને નસો સ્પષ્ટ દેખાવા લાગ્યાં, તેના અંગની આસપાસ ધુળના ઢગલાઓ અને ઉધઇઓનાં ઘરો બંધાયાં, નાગ અને સાપના શરૂડાઓનો તેની આસપાસ જમાવ થવા લાગ્યો, તદપિ બ્રહ્મત્વ પ્રાપ્તિ સિવાય તપ છોડીશ નહિ એવા દ્રઢ નિશ્ચયને વળગી રહેનાર વિશ્વામિત્રે પોતાની તપશ્ચર્યા છોડી નહિ. પરંતુ હિમાદ્રિના શિત પવને રક્ષાએલી અને હિમના ઠંડા જળથી પોષાએલી વનસ્પતિ ઉગ્રતપા વિશ્વામિત્રના તપનો તાપ સહન કરી શકી નહિ તે સળગી ઉઠી. અને તેને લીધે આસપાસના ઉપવનોમાં પણ આગ લાગી, ઉપવનને આશ્રયે રહેલા મનુષ્ય, પ્રાણી, પશુ, પક્ષી, જળચરાદિ

એ કલાહોલ મચાવી મુકયો. રખેને વિશ્વામિત્રના તપનો ભંગ થાય, અને કદાચ તેમ થવાથી તેના શ્રાપને પાત્ર થવું પડે, એવા ભયથી હિમાદ્રિ પોતામાં રહેલી શીતળતા આસ પાસ પ્રસરાવવા લાગ્યો. પરંતુ મહાતપા વિશ્વામિત્રના તપ ના પ્રભાવે પ્રજ્વલિત થએલા અગ્નિથી બળતાં પ્રાણીઓને શાંતી આપી શકયો નહિ. પીડા પામતાં પ્રાણીઓનો પોકાર બ્રહ્માંડ સુધી પહોંચ્યો, બ્રહ્માંડમાં બિરાજતા બ્રહ્મની સાથે સંયમ કરતાં વિશ્વામિત્રે પણ તે સાંભળ્યો, તેનાં નેત્ર ખુલી ગયાં આસપાસ દ્રષ્ટિ કરી પોતાના તપથી તાપિત થએલાં પ્રાણીઓની સ્થિતિ પર તેને દયા આવી, તેણે સુધા ભરી દ્રષ્ટિ તે તરફ ફેંકી. સર્વ શાન્ત થઇ ગયાં.

"હરિ! હરિ! કેવું ધર્મસંકટ! તપશ્ચર્યા કરૂં છું તો તેના તાપથી પ્રાણીઓને ત્રાસ થાય છે, અને તપશ્ચર્યા છોડું છું તો બ્રહ્મત્વ લાભની આશા નિષ્ફળ જાય છે, પ્રભુ હવે શું કરૂં ?" વિશ્વામિત્ર મનમાંજ બબડયા. કેટલીકવાર તે મૌન્યપણે આકાશ સામું જોઇ રહયા વળી કાંઇ વિચાર આવતાં બોલ્યા. "મેં આઠ હજાર વર્ષ તપશ્ચર્યા કરી પરંતુ બ્રહ્મત્વની પ્રાપ્તિ કરી શકયો નહિ, અને હવે કરી શકું એવી આશા પણ નથી. કારણ કે મેં મારા તપને અતિ દુષિત કર્મથી ક્ષીણ કરી નાખ્યું છે ક્રોધને વશ થઇ રંભા જેવી નિર્દોષ અબળાને શ્રાપ આપ્યો! સુનેત્રા જેવી સાધ્વી સતીને

તજી મેનકા જેવી સ્વર્ગની વેશ્યામાં લોભાયો ! અરે ! એટલેથી પણ ન અટકતાં મેં દ્વેષ બુદ્ધિથી વશિષ્ટના સો સો બ્રહ્મતેજસ્વી પુત્રેનો ઘાત કરાવ્યો ! બ્રહ્મતેજસ્વી પુરૂષનો ઘાત કરવો યા કરાવવો એના જેવું એકે મહાપાતક નથી, મેં કરેલા એ પાપની તો ગણુત્રીજ થઇ શકે તેમ નથી ! એ મહાપાપથી મારૂં લાંબા કાળનું દુર્ઘટ તપ નાશ પામ્યું છે. હજુએ કોણ જાણે આ શરીરથી કેટલાંએ દુષિત કર્મો થવાનાં હશે ! હવે મને સમજાય છે કે આ સર્વ દોષ મારા આ ક્ષત્રિય શરીરનો છે ! જ્યાં સુધી એ શરીરનો ત્યાગ નહિ થાય ત્યાં સુધી મારામાં રહેલા એ દોષો પણ નહિ જાય, માટે આજેજ એ સાઠ સહસ્ત્ર વર્ષ ટકાવી રાખેલા શરીરનો ત્યાગ કરૂં !" એમ કહી પોતાના નેત્ર બંધ કરી પરમાત્માને ઉદ્દેશીને કહેવા લાગ્યો; "પ્રભુ ! હવે હું તપ છોડી અન્નજળ વિના સાઠ હજાર વર્ષ ટકી રહેલા આ શરીરનો ત્યાગ કરૂં છું, મેં પ્રતિજ્ઞા કરી છે કે કાંતો બ્રહ્મત્વ પ્રાપ્ત કરીશ, યાતો આ ક્ષત્રિય દેહનો ત્યાગ કરીશ. એ આજે હું પુર્ણ કરૂં છું !" એમ કહી શરીરને સંભાળી રાખનાર સાધનોને સંપેટવા માંડયાં, શરીરને અત્યંત કષ્ટ થવા લાગ્યું. તે મનમાંજ બબડયા; "પ્રભુ ! અત્યારની પરાકાષ્ટાથી મને જણાય છે કે હવે જલદીથી આ દેહનો અંત આવશે ! પ્રભુ ! અંતર-

સ્વામી! અંત સમયે તારા દર્શન કરવાની મારી ઇચ્છાને તૃપ્ત કરજે! હજુ તો વિશ્વામિત્રનું બોલવું પુરૂં થાય તે પહેલાંજ એક શ્યામમુર્તિ વિશ્વામિત્રની દ્રષ્ટિ સમીપ ખડી થઇ તેને જોતાંજ વિશ્વામિત્રે તેને પુછ્યું. "તમે કોણ છો?"

"હું યમરાજનો દૂત છું!" તે શ્યામમુર્તિએ જવાબ આપ્યો,

"અહીં શા માટે આવ્યા છો!"

"તમને યમપુરીમાં લઇ જવા માટે!"

"દુર થાઓ હું યમરાજને આધિન નથી!"

"તમે અત્યારે યમરાજનેજ આધિન છો! રૂષિ, તપસ્વી જ્ઞાની હો પરંતુ જે પાપ કરે છે તે યમરાજને આધિનજ છે!"

"મેં શું પાપ કર્યું છે!"

"તમે આત્મહત્યા કરવાની ઇચ્છા કરી છે! આત્મ હત્યાથી અધિક કોઇ પાપજ નથી!"

"ત્યારે શું મારૂં અવશાન નજીક છે!"

"તમે દિર્ઘાયુ છો પરંતુ જો આજે અનાહારી રહેશો તો અલ્પાયુ છો!" તે યમદુતે કહ્યું.

"પણ હું મારા આ શરીરનો ત્યાગ કરવા ઇચ્છું છું, કારણ કે અભિમાનથી પોષાએલું શરીર મને ઇચ્છીત વસ્તુ પ્રાપ્ત કરવામાં વિઘ્નરૂપ છે!" વિશ્વામિત્રે કહ્યું,

"આત્મઘાત કરવામાં એથી પણ વિશેષ વિઘ્નો છે! જ્યારથી તમે મરવાનો સંકલ્પ કર્યો છે ત્યારથી હું તમારી પાસેનો પાસેજ રહું છું, જુઓ! આ સામે જે અંધકાર દેખાય છે, તેજ તમોમય સ્થાન આત્મહત્યાકારીઓને માટે છે! ત્યાં તમારે એક કલ્પ સુધી રહેવું પડશે!" યમદુતે પોતાની શક્તિના પ્રભાવે આત્મઘાતીઓ માટેનું સ્થાન વિશ્વામિત્રની દ્રષ્ટિ સમીપ ખડું કર્યું.

"ઓહ! શું આત્મઘાતીઓને આવા તમોમય સ્થાનમાં એક કલ્પ પર્યંત રહેવું પડે છે!"

"હા."

"અફસોસ! ત્યારે હવે મારે શું કરવું!"

"નિરાહારી ન રહેવું! આત્મઘાતનો વિચાર છોડી દેવો એજ!"

"પરંતુ મારી પાસે એવી કોઇ ભોજ્ય વસ્તુ નથી કે જે વડે મારી ક્ષુધાને તૃપ્તિ આપું!"

"વસ્તુ તમારી સમિપજ છે તેના અહારથી ક્ષુધાને તૃપ્ત કરો!" એટલું કહેતાંજ તે શ્યામાકૃતિ અદ્રશ્ય થઇ ગઇ વિશ્વામિત્રે નીચે જોયું એક સ્વાદિષ્ટ ફળ તેના ચરણની પાસેજ પડ્યું હતું. તત્કાળ તેણે તે ઉપાડી લીધું અને જેવો તે મોઢામાં મુકવા જાય છે તેવોજ એક વૃદ્ધ બ્રાહ્મણે ત્યાં આવી

ભોજનની યાચના કરી, તે અતિ ક્ષુધાતુર જણાતો હતો. ભૂખથી કૃષ બનેલું તેનું શરિર થરથર કંપતું હતું, તેના અસ્પષ્ટ શબ્દો ન સમજી શકાય તેવા હતા, તે થથરતે અવાજે બોલ્યો;" રાજર્ષિ! એ ફળ મને આપો! સહસ્ત્રો વર્ષની ક્ષુધા સહન કરેલું આપનું શરીર આજે અનાહારી રહી શકશે, પરંતુ આ જર્જરિત, ક્ષુધાથી કંપતું શરીર આજે અનાજ નહિ મળતાં પડી જશે! કૃપા કરી એ ફળ મને આપો!"

ક્ષુધા પિડીત વૃદ્ધના કરૂણામય શબ્દોએ વિશ્વામિત્રના હૃદયમાં દયા ઉત્પન્ન કરી, તેણે તે ફળ મુખ આગળથી પાછું ખેંચ્યું અને તે વૃદ્ધ તરફ ફરીને બોલ્યો; "આપ કોણ છો!"

"હું અનાહારી દરિદ્ર બ્રાહ્મણ છું!" તે બ્રાહ્મણે જવાબ આપ્યો,

"અહો! ધન્ય! ધન્ય! પરમાત્મન! આજે આ શરીરથી અંત સમયે અત્યંત સુકૃત્ય થાય છે! ભક્ષ્ય માટે મળેલું ફળ એક પવિત્ર આત્માને સુખે જાય છે! તારો મારા પર કેટલો બધો ઉપકાર! લ્યો! લ્યો! ભૂદેવ! આ ફળનું આપજ ભક્ષણ કરો!—ક્ષુધાથી પિડાતા આપના શરીરનું રક્ષણ કરો!" વિશ્વામિત્રે અતિ આદર સહિત તે ફળ વૃદ્ધ બ્રાહ્મણની આગળ ધર્યું.

"શું આ એકજ ફળ છે! ત્યારે તો તમેજ ખાઓ! કારણ કે એટલાથી મારી તૃપ્તિ નહિ થાય!"

"આ દૈવી ફળ છે! મારી ખાત્રી છે કે તમારી ક્ષુધા આ ફળથી તૃપ્ત થશે!"

"મારી માફક તમે પણ ઉપવાસી છો! અત્યારે મારી અને તમારી બંનેની સ્થિતિ સરખીજ છે એટલે એ ફળ હું એકલો તો નહિજ ખાઉં!

હું મારી ઇચ્છાથી ઉપવાસી રહ્યો છું અને તમે અન્નના અભાવે ઉપવાસી છો, એટલે એ ફળનો તમેજ આહાર કરો! ભુદેવ! મારી ચિંતા ન કરો!"

"નહિ, તમેજ એ ફળના ભક્ષણથી તમારા શરીરની રક્ષા કરો! કારણ કે તમે સ્વઇચ્છાથી ઉપવાસી રહેલા છો એટલે આત્મહત્યાનો દોષ તમારા પર આવવાનો સંભવ છે! હું અન્ન નહિ મળવાથી ઉપવાસી છું એટલે એ દોષથી મુક્ત છું!"

"નહિ, ભૂદેવ! એ ફળ મેં તમોને અર્પણ કરેલું છે, એટલે મારાથી તેનો ભક્ષ નહિ થાય!"

"રાજર્ષિ! તમે જાણો છો આત્મઘાતના મહાપાપનું પરિણામ નર્કવાસ છે!"

"ચિંતા નહિ! બ્રાહ્મણ શરીરની રક્ષા અર્થે કોટી કલ્પ પર્યંત નર્કમાં રહેવાનું હું પસંદ કરીશ, પરંતુ મારી દ્રષ્ટિસમીપ એક ક્ષુધાતુર બ્રાહ્મણને મૃત્યુ પામતો નહિ જોઇ શકીશ!"

"ધન્ય! ધન્ય! રાજર્ષી! તમારી પરોપકારી વૃતિને ધન્ય છે! તમારૂં કલ્યાણ થાઓ!" એમ કહેતાં તે વૃદ્ધ વિશ્વમિત્રે આપેલું ફળ લઇ ત્યાંથી અદ્રશ્ય થઇ ગયો. વિશ્વામિત્ર અંત સમયે એક બ્રાહ્મણ શરીરનું પોતાનાથી રક્ષણ થયું એથી આનંદ પામતો પ્રફુલ્લ ચિતે શરીર ત્યાગ કરવા તૈયાર થયો અંત સમય નજીક જાણી નારાયણ નારાયણ એ નામનો ઉચ્ચાર કરવા લાગ્યો.

વિશ્વામિત્રની દ્રઢતાથી પ્રસન્ન થએલા સાક્ષાત બ્રહ્મા ત્યાં ઉપસ્થિત થયા અને વરમરોહી! વરમરોહી! કહી વર પ્રદાન અર્થે વિશ્વામિત્રને જાગ્રત કરવા લાગ્યા. વિશ્વામિત્રે નેત્ર ખોલ્યા સ્વયં બ્રહ્મા તેની સમીપ ઉભેલા જણાયા પરંતુ અત્યારે વિશ્વામિત્રમાં બોલવાની બિલકુલ શક્તિ નહોતી, બ્રહ્માએ તેના બે હાથ પકડી બેઠો કર્યો અને બોલ્યા; વિશ્વામિત્ર! બ્રહ્મર્ષિત્વ શિવાય અન્ય જે કાંઇ જોઇએ તે મારી પાસે માગી લે! હું તારા પર પ્રસન્ન થયો છું હું તારી મૃત્યુના મુખથી રક્ષા કરીશ!"

"પ્રભુ! હું મૃત્યુથી ડરતો નથી, જો આપ પ્રસન્નજ થયા હો તો કૃપા કરી તપના પ્રભાવથી મેં જે યોગ ઐશ્વર્ય પ્રાપ્ત કર્યું છે તેનાથી મને વિહિન કરો!"

"હાં! હાં! પુત્ર આ શું! એમ થવાથી તને શો લાભ!"

"લાભ! પ્રભુ લાભ બીજો કાંઇ નહિ, માત્ર મૃત્યુ સમયે અભિમાન શુન્ય થવા મારી ઇચ્છા છે!"

"ધન્ય! ધન્ય! વિશ્વામિત્ર! તું બ્રહ્મર્ષિ છે! આજથી તું બ્રાહ્મણ થયો! બ્રહ્મર્ષિત્વનો અધિકાર થયો!"

"પિતામહ! આજે આ દાસ પુરૂષાર્થ સિદ્ધિ મળવાથી કૃતાર્થ થયો! પ્રભુ! કૃપા કરી મારી બ્રાહ્મણત્વ પ્રાપ્તિ પૃથ્વી પર પ્રકાશ પામે એમ કરો! સ્વયંભુ આટલી કૃપા આવે એટલો પણ ઉપકાર કરો!"

"પુત્ર! વશિષ્ટ સર્વ બ્રહ્મર્ષિમાં શ્રેષ્ટ છે તે જ્યારે તને બ્રહ્મર્ષિ કહી બોલાવશે, ત્યારે તારી ઇચ્છા પુર્ણ થશે! પૃથ્વી પર તારી પ્રખ્યાતિ થશે!"

"પ્રભુ! હું અનાહારી છું આજે મારો દેહાંત થવાનો હોય એમ મને લાગે છે! મારી ઇચ્છા પુર્ણ થઇ પરંતુ સંસારના જીવો પુરૂષાર્થ કરવાથી સિદ્ધિ મેળવી શકાય છે એવું જાણે એમ કરવા હું આપને પ્રાર્થના કરૂં છું!"

"વિશ્વામિત્ર! હજુ પણ તેને યશ લાભની ઇચ્છા હોય એમ જણાય છે?

"નહિ પ્રભો ?"

"તો પછી તેં બ્રહ્મર્ષિત્વ પ્રાપ્ત કર્યું છે એવું જગ તને જણાવવામાં તારો શો હેતુ છે!"

"પ્રભુ! તેમાં મારો ઘણોજ ઉંચ આશય છે, એ ઉંચ તત્વનો પૃથ્વી પર પ્રકાશ થશે કે બ્રાહ્મણત્વ તપસ્યાને આધિન છે! કોઇપણ વર્ણનો મનુષ્ય તપના પ્રભાવથી બ્રાહ્મણ થવાને સામર્થ્યવાન થઇ શકે છે, અને એ પણ સમજાશે કે મનુષ્ય માત્ર પોતાના આચાર અનુરૂપ શ્રેષ્ટ અને નીચ બને છે!"

"ધન્ય! વિશ્વામિત્ર તારી શુદ્ધ ભાવનાને ધન્ય છે! તેં જગતને બતાવી આપ્યું છે કે મનુષ્ય પુરૂષાર્થ કરવાથી ઉચ્ચ પદવીને પ્રાપ્ત કરી શકે છે! નીચ પણ ઉચ્ચ બની શકે છે! જા! કાંઇ પણ ભય વગર તું વશિષ્ટ પાસે જા? તારૂં કલ્યાણ થશે!"

"પણ પ્રભુ? ત્યાગ કરવા ઇચ્છેલું આ શરીર હવે બહુવાર ટકી શકે તેમ નથી, હું વશિષ્ટ પાસે શીરીતે જાઉં?"

"વિશ્વામિત્ર! લ્યો! આ તમે આપેલા ફળનું તમેજ ભક્ષણ કરો! એ અમૃત ફળથી તમારી સર્વ વેદના

દુર થશે! હું ઇંદ્ર છું? બ્રહ્મણ વેશે પરિક્ષા લેવાની ઇચ્છા થીજ મેં આ ફળ તમારી પાસેથી માગી લીધું હતું તમે બ્રહ્મર્ષિ છો? હેતુ આદિ નિયમોથી પરછો!" ઇંદ્રે પોતાના મુળ સ્વરૂપમાં પ્રગટ થઇ વિશ્વામિત્રને ઉદ્દેશીને કહ્યું.

"અહો! કોણ ઇંદ્ર દેવ! શું મારી પરિક્ષા માટે તમેજ બ્રહ્મણવેશે આવ્યા હત?"

"હા, અને મને પણ પોતાની સાથેજ લાવ્યા હતા?" એમ કહેતાજ સાક્ષાત ધર્મ દેવ ત્યાં પ્રગટ થયા.

"અહો! કોણ ધર્મ દેવ? પ્રભુ! આપ બંન્નેને મારા નમસ્કાર હો!" વિશ્વામિત્રે ઇંદ્ર અને ધર્મ બંન્નેને પ્રણામ કર્યા.

"વિશ્વામિત્ર! તમને આત્મઘાત કરતા જોઇ કંઇક ભય બતાવવાના ઇરાદાથી બ્રહ્માએજ મને તમારી પાસે પાસે મોકલ્યો હતો, અને યમદુતનો વેશ ધારણ કરી હું તમારી પાસે આવ્યો હતો, જે ફળનું પ્રાશન કરવા મેં તમને કહ્યું તે સાક્ષાત બ્રહ્મનુંજ આપેલું હતું." ધર્મ રાજાએ પોતાનો પરિચય કરાવ્યો.

"હા, બ્રહ્મર્ષિ! મારી આજ્ઞાથીજ ઇંદ્ર અને ધર્મ આવ્યા હતા હવે તુંજ એ ફળનો અહાર કર, તારાં સર્વ દુઃખ એનાથી દુર થશે—એ ફળના અહારથી તને નવુંજ જીવન પ્રાપ્ત થશે!" એમ કહી બ્રહ્માએ ઇંદ્રના હાથ-

માંથી ફૂળ લઈ વિશ્વામિત્રને આપ્યું. વિશ્વમિત્રે તે ખાધું ખાધાની સાથેજ તેનામાં નવું જીવન આવ્યું. જાણે કે પૂર્વે તેની અપવાસી અવસ્થા હતીજ નહિ એમ તેને લાગ્યું. તે બ્રહ્માના ચરણમાં પડ્યો. બ્રહ્માએ તેને હસ્ત ગ્રહી ઉઠાડયો અને બોલ્યા " વત્સ! ઉઠ! તારી ન્યાયી તપશ્ચર્યા સકળ નિયમોથી પારંગત થશે! આજથી ઇચ્છાનુસાર ત્રિલોકમાં ભ્રમણ કરવાનો અધિકારી થયો! જા? તારા પુરૂષાર્થને પ્રકાશમાં લાવવા તું વશિષ્ટ પાસે જા! તારૂં કલ્યાણ થાઓ?"

આ પ્રમાણે આશિર્વાદ આપી બ્રહ્મા, ઇંદ્ર, ધર્મ આદિ દેવો સ્વસ્થાને ગયા, અને વિશ્વમિત્રે વશિષ્ટના આશ્રમનો રસ્તો લીધો, વશિષ્ટને મળ્યા પરંતુ વશિષ્ટે રાજર્ષિ કહીને બોલાવ્યા. આથી વિશ્વામિત્રને ક્રોધ આવ્યો અને કોઇપણ પ્રકારે વશિષ્ટના મુખે બ્રહ્મર્ષિ એ શબ્દનો ઉચ્ચાર કરાવવાના ઉદ્યોગમાં લાગ્યો.

પ્રકરણ ૨૪મું.

વશિષ્ટ અને વિશ્વામિત્ર

વિશ્વામિત્રે અનેક પ્રયત્નો કર્યા, પરંતુ વશિષ્ટે વિશ્વામિત્રના સંબંધમાં બ્રહ્મર્ષિ એ શબ્દો નજ ઉચ્ચાર્યા, આથી વિશ્વામિત્ર અત્યંત ક્રોધિત થઇ વશિષ્ટનું અનિષ્ટ કરવા

તૈયાર કર્યો, વારંવાર તે ભય બતાવવા લાગ્યા, પ્રસંગોપાત વશિષ્ટની પર્ણકુટીની આસપાસ અગ્નિનો વરસાદ વરસાવતા, તો કોઇ પ્રસંગે તેના શિષ્યવર્ગને દબાવતા, અરૂંધતિ અને વશિષ્ટના પૌત્ર પારાશરને મરણનો ભય બતાવતા, વશિષ્ટ પોતાને બ્રહ્મર્ષિ કહે, તેવી રીતે અરૂંધતિને કહેતા, સતિ પતિને વારંવાર કહેતાં છતાં જેવું દેખે તેવું બોલનારા સત્યનિષ્ટ વશિષ્ટ તો વિશ્વામિત્રને રાજર્ષિજ કહેતા, આથી વિશ્વામિત્રે એક દિવસ અરૂંધતિને ઘણોજ ભય બતાવ્યો અને જો વશિષ્ટ મને બ્રહ્મર્ષિ નહિ કહે, તો તેનો દેહાંત થશે. એમ પણ કહ્યું, વિશ્વામિત્રનો પ્રભાવ અરૂંધતિ જાણતાં હતાં આથી તેણીએ ભયભિત થઇ એક દિવસે પતિને એકાંતમાં કહયું; “ નાથ! વિશ્વામિત્રની સાથે શા માટે કલહ કરો છો! જેના ક્રોધથી આપના સો પુત્રોનો નાશ થયો અને હજુ પણ આપણું અનિષ્ટ કરવાનાજ ઉદ્યોગમાં લાગેલા છે, તેવા ક્રોધી મહર્ષિનો દ્વેષ શા માટે કરો છો! નાથ! હવે તો કેવળ શક્તિના પુત્ર પારાશરના મુખદર્શનથી આનંદ પામવાનું મારે માટે રહ્યું છે! મને ભય લાગે છે કે આ કલહના પરિણામે વિશ્વામિત્ર એ પારાશરનું પણ અમંગળ ન કરે!” કહેતાં કહેતાં સતિનો કંઠ રૂંધાઈ ગયો—નેત્રોમાં જળ ભરાઇ આવ્યાં.

અરૂંધતિની આ સ્થીતિ જોઇ, મુનીશ્રેષ્ટ વસિષ્ટ તેણીનું આશ્વાસન કરતાં બોલ્યા, "સતિ! આશું કરો છો! તમારા જેવાં જ્ઞાનીને આમ કરવું યોગ્ય નથી, કોના પુત્રો કોના પિતા! સતિ જગતમાં જન્મેલો કોઇપણ પ્રાણી સદાકાળ રહેતો નથી, જન્મેલા પ્રાણીઓ જો મરતાંજ ન હોય તો પછી આ ભુમીતળ જે પચાસકોટી યોજન વિસ્તારનું છે તેના પર સમાયજ ક્યાંથી! આ સૃષ્ટિનો નિયમજ એવો છે કે તેમાં નવા નવા પદાર્થો અને નવા નવાં પ્રાણીઓ ઉત્પન્ન થતાંજ જાય છે, અને જુનાઓનો લય થતો જાય છે! બીજ પડે છે, ઉગે છે, વૃક્ષ થાય છે, કુરે છે, ફળે છે, અને તેમાંથી પાછાં નવાં બીજ ઉત્પન્ન થાય છે, એટલે જુના થએલાં વૃક્ષને ક્ષય થવાનો સમય આવે છે, સતિ! વળી એજ વૃક્ષના ફળ તથા બીજનો પણ કોઇક કાળે પોતાના માતાપિતા રૂપ વૃક્ષના પહેલાજ નાશ થઇ જાય છે! કેટલાંક ફળો કાચાને કાચાંજ રોગ લાગવાથી ખરી પડે છે; કેટલાંક કરમાઇ જાય છે, અને કેટલાંકને પક્ષીઓ ખાઇ જાય છે, તો કેટલાંકને મનુષ્યો તોડી લે છે, અરે! એમાંથી પણ જો કોઇ બચીને પાકવા પામ્યાં તો તેઓનો મનુષ્યાદિકના ભક્ષણદ્વારા નાશ થાય છે! કદાચ એમાંથી પણ બચી જાય તો પણ તે પાછા ભુમીપર પડીને—વવાદને પણ નાશ પામે છે!—પુનઃઉગી નીકળવા રૂપે પુનઃર્જન્મ ધરે છે! સતિ!

એજ પ્રમાણે મનુષ્ય પ્રાણીઓને પણ મૃત્યુ થયા પછી પાછો પુનઃર્જન્મ થવારૂપે ઉગી નીકળવાનું નિયતજ હોય છે! કારણ કે મુએલાંઓને અવશ્ય જન્મ લેવો પડે છે, એવો સૃષ્ટાનો અને સૃષ્ટિનો નિયમ છે! આ સૃષ્ટિનિયમ અનિવાર્ય છે!....કોઇથી ટળે નહિ તેવો અટલ છે! તો પછી તારા જેવાં જ્ઞાની મનુષ્યને!—આવા પ્રકારને અનુભવ યુક્ત જાણનાર જનને! એ વિષે કલેશ કે શોક થવો કેમજ સંભવે!"

"નાથ! તમે કહ્યું તે સત્ય છે, થોડા સમય પુર્વે પણ આપે એમજ કહ્યું હતું. પરંતુ તેમાં કલેશ થવાનું સબળ કારણ જે છે તે આપથી અજાણ્યું નથી. નાથ! આપ કહો છો કે આ જગતમાં જન્મેલાને અવશ્ય મૃત્યુ અને મરેલાને અવશ્ય પુનઃર્જન્મ છેજ. તેમ એ પણ આપે જ કહ્યું છે કે જ્ઞાનવડે ધોવાઇ ગએલાં પાપવાળા પવિત્ર પુરૂષો જ્યાંથી પાછું નજ ફરવું પડે એવેજ સ્થાને જાય છે. પ્રભુ! આ સંસાર આપે પરમકલેશકારી દુખમય કહ્યો છે અને તેટલા માટે તેમાં વારંવાર જન્મીને તેમાંના દુઃખોનો ફરી ફરીને અનુભવ ન લેવો પડે એટલા માટે મનુષ્ય પ્રાણીએ જન્મભર મહાન યત્ન વડે જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે. તે જ્ઞાન પણ અધિકાર થયા વિના પ્રાપ્ત થતું નથી. ઘણાક જન્મોના કરેલા પુરૂષાર્થનો પુંજ વધે ત્યારે ઉત્તમ અધિકાર

પ્રાપ્ત થાય છે. તેવો અધિકાર પામેલો મનુષ્ય પ્રાણી આપ સરખા સદ્ગુરૂના સદુપદેશદ્વારા પરમાત્મ સ્વરૂપનાં યથાર્થ જ્ઞાનનો અલભ્ય લાભ મેળવી શકે છે. નાથ! એવા દુર્લભ જ્ઞાનની પ્રાપ્તિ માટે બીજાં સર્વ મનુષ્યો કરતાં બ્રહ્મતેજસ્વી જીવ તો જન્મથીજ અધિકાર સંપન્ન છે! તેમાં પણ આપ સરખા મહાત્માને ત્યાં જન્મ એતો જ્ઞાન પ્રાપ્તિની સાક્ષાત્ અભિસંધીનોજ સમય છે! નાથ! કહો! હવે આપજ કહો! આપને ત્યાં જન્મવાથી ઉત્તમોત્તમ અધિકાર પામેલા, અને બ્રહ્મપ્રાપ્તિની અભિસંધિપર આવી પહોંચેલા, એવા મારા એ પુત્રો ઘણેક જન્મે અને ઘણે ઘણે પુરૂષાર્થે પોતાને પ્રાપ્ત થનારો સર્વોત્તમ અલભ્યલાભ ગુમાવી, મહા દુઃખ અંધકારરૂપ મરણને વશ થયા એથી શું મને ક્લેશ ન થાય! તેઓ મરણ પામ્યા એટલુંજ નહિ પરંતુ અકાળે! અરે! અપવિત્ર એવા રાક્ષસના હાથે! નાથ! એનું જ્યારે મને સ્મરણ થાય છે ત્યારે મારૂં દિલ અપાર ક્લેશ અને દાહથી દઝાય છે!"

અરૂંધતિનું પ્રમાણ યુક્ત વચન સાંભળી વસિષ્ટ તેણીનું શાંત્વન કરતાં બોલ્યા, "સતિ! દિલગીર ન થા! કલ્યાણને માર્ગે લાગેલા અને સત્કર્માચરણ કરનારા પ્રાણીની કદિ દુર્ગતિ થતીજ નથી! તારા પુત્રો જો કે અકાળ મૃત્યુ

પામ્ય છે તો પણ તે કર્મયોગના અભ્યાસી હોવાથી યોગા ભ્રષ્ટોની ગતિને પામશે! એમાં લેશમાત્ર પણ શંકા નથી! યોગભ્રષ્ટ આત્મા કોઇ પવિત્ર શ્રીમાનને ત્યાં અથવા મહાબુદ્ધિવાન યોગીને ત્યાં જન્મે છે અને ત્યાં પોતાના પુર્વના અભ્યાસનું સ્ફુરણ પામી, અધુરો યોગ પુરો કરવા માટે પ્રયત્ન કરે છે, સતિ! મને એ પુત્રો માટે ખેદ થતો નથી પરંતુ મુનીવર વિશ્વામિત્રના સંબંધમાં મને અતિષય ખેદ થાય છે, કેમકે અનંત કાળ સુધી અથાગ પરિશ્રમ વેઠીને એકઠું કરેલું મહાન તપ એ મુનીશ્રેષ્ટ આવા આવા દુષિત કર્મથી સહજમાં ક્ષિણ કરી નાંખે છે!"

"નાથ! એ તેમના ક્રોધી સ્વભાવનું પરિણામ છે!"

"ખરી રીતે જોતાં એ સઘળું અજ્ઞાનનું અને ક્ષત્રિય પણાની રાજસી પ્રકૃતિનુંજ લક્ષણ છે! બ્રહ્મત્વ પ્રાપ્તિ માટે તેણે અથાગ તપ કર્યું છે! દેવતાઓએ તેમના પરિશ્રમથી પ્રસન્ન થઈ તે મુનીશ્રેષ્ટને બ્રહ્મર્ષિ કહ્યા છે!

"ત્યારે પ્રભુ! તેને તમે શામાટે બ્રાહ્મણ કહેતા નથી! સ્વયં બ્રહ્મા અને અન્ય દેવતાઓએ તેને બ્રહ્મર્ષિત્વ આપ્યું છે તો તમને બ્રહ્મર્ષિ કહેવામાં શો વાંધો છે? નાથ! શું કહું! જો તમે તેને બ્રહ્મર્ષિ નહિ કહો તો હવે પછી તે કદાચ આપનું—અરૂંધતિથી આગળ બોલી શકાયું નહિ

તેનો કંઠ રૂંધાઇ ગયો. તે નીચી દ્રષ્ટિ કરી આંસુ વરસાવવા લાગી.

"અરૂંધતિ! આ શું! તારા જેવી જ્ઞાની સ્ત્રીને આમ કરવું ઘટે કે? તું જાણે છે હું મારા જીવનના રક્ષણ અર્થે જુઠું કદી પણ નહિંજ બોલું!" વશિષ્ટે સહજ આવેશમાં કહયું.

"પણ નાથ! આમાં જુઠું બોલવા જેવું છેજ કયાં! તમારે તો જે છે તેજ કહેવું છે!" અરૂંધતિએ શાન્તિથી કહયું.

"દેવી! હું જે જોઉં છે તેજ બોલું છું! શાસ્ત્રનું અપમાન મારાથી નહિ થાય! જ્યાં સુધી વિશ્વામિત્રમાં બ્રાહ્મણનાં લક્ષણો ન જણાય ત્યાં સુધી મારાથી તેને બ્રાહ્મણ કેમ કહેવાય!"

"પ્રભુ! એવાં કયાં લક્ષણો વિશ્વામિત્રમાં નથી!"

"અક્રોધ, જીતેંદ્રિયપણું, નમૃતા, ક્ષમા, દયા, શાંતિ, સમતા, ઇત્યાદિ બ્રહ્મત્વનાં લક્ષણો હજુ તેમનામાં પ્રગટવાને પ્રકાસ્યાં નથી હા હું એટલું માનું છું કે તેની અભિલાષા ઉચ્ચતર છે, અન્ય કશી પણ કામના વિના માત્ર બ્રહ્મત્વ પ્રાપ્તિનીજ કામનાથી તેમણે અથાગ તપોધન સંચિત કર્યું છે, એટલે પરિણામે એ શ્રેષ્ટ જીવનું અંતઃકરણ શુદ્ધ

આસ્તિક અને અધિકારી બનતાં તેમને સત્ય વસ્તુ પ્રાપ્તિ અવશ્ય થશે! પરંતુ તે સમય ક્યાં સુધી અને નિકટ નહિ જણાય અને મેં હમણાં કહી તેવી વૃત્તિઓ તેનામાં દાખલ નહિ થાય ત્યાં સુધી મારાથી તેને બ્રાહ્મણ નહિ કહી શકાય!"

"શું હજુ પણ તું મને બ્રાહ્મણ કહેવાનો અસ્વીકાર કરે છે! એ વશિષ્ટ! હું તારી પાસે આજે છેલ્લી વાર આવ્યો છું! આજે જો તું મને બ્રહ્મર્ષિ નહિ કહે તો તારૂં અનિષ્ટ થશે!" "મારાથી તેને બ્રાહ્મણ નહિ કહી શકાય" એવા વશિષ્ટના કહેલા શબ્દો વશિષ્ટના અનિષ્ટ માટે આવતા અને શ્વાસોશ્વાસ રોકતા વિશ્વામિત્રના શ્રવણ પુટ પર અથડાયા અને જે સાંભળતાંજ અત્યંત ક્રોધમાં આવેલા મુનીએ ઉપલા શબ્દો ઉચ્ચાર્યાં.

"મારૂં ઇષ્ટ હો વા અનિષ્ટ હો! તેની મને દરકાર નથી પરંતુ અબ્રાહ્મણને મારાથી બ્રાહ્મણ કહી શકાશેજ નહિ!" વશિષ્ટે નિર્ભયપણે જવાબ આપ્યો.

"હું બ્રહ્માના વરદાનથી બ્રાહ્મણ થયો છું!" વિશ્વામિત્રે કહયું.

"ઘણુંજ ઉત્તમ," વશિષ્ટે શાંતિથી જવાબ આપ્યો.

"હું તારૂં અનિષ્ટ કરીશ! વશિષ્ટ તું જાણે છે મારા તપનો પ્રભાવ કેવો છે!"

"હા, તમારા તપના પ્રભાવને હું બરાબર જાણું છું! તમે મને વારંવાર અનિષ્ટ કરવાનો ભય આપી ડરાવો છો પરંતુ વિશ્વામિત્ર! હવે મારૂં અનિષ્ટ થવાનું શું બાકી રહ્યું? મારા સો પુત્રોનો કલ્માષદ્વારા નાશ કરાવ્યો એથી વિશેષ અનિષ્ટ કરવાનું હવે શું બાકી રહ્યું છે."

"વશિષ્ટ! તે માટે હું ક્ષમા માગું છું."

"એ માટે મેં તમને ક્ષમા અગાઉથીજ આપી છે!"

"તો મને બ્રાહ્મણ શા માટે કહેતા નથી!"

"અસત્ય ભાષણ મારાથી કેમ થાય!"

"વશિષ્ટ! હજુ પણ સમજ! મને બ્રાહ્મણ કહે! નહિ તો પરિણામ સારૂ નથી!"

"પરિણામની ચિંતા પરમાત્માને છે!"

"ઓહ! આટલો બધો ગર્વ! વશિષ્ટ! સમજ! નહિ તો હવે હું તારા મારણ યજ્ઞમાં પ્રવર્ત થઈશ!"

"જેવી તમારી ઇચ્છા!"

"સત્ય કહું છું તારો મારણ યજ્ઞ કરીશ!"

"ખુશીથી કરો"

એમ! ત્યારે સાંભળ, હું કાલે વશિષ્ટ મારણ યજ્ઞની શરૂઆત કરીશ. તને પુરોહિત થવાનું આમંત્રણ કરૂં છું! મારો એ યજ્ઞ તારેજ પુરો કરવો પડશે!"

"ઘણીજ ખુશીથી હું ત્યાં આવીશ અને તમારો યજ્ઞ પૂર્ણ કરીશ !"

"ઠીક છે ત્યારે કાલે સુર્યોદય પહેલાં મારા આશ્રમમાં હાજર થજે હું જાઉં છું વશિષ્ટ મારણ યજ્ઞની તૈયારી કરૂં છું !" એમ કહેતાં વિશ્વામિત્ર પર્ણકુટી છોડી ગયા તેના જવા પછી અરૂંધતિ કલ્પાંત કરતી બોલી. "નાથ! શું ખરેખર આપ વિશ્વામિત્રના યજ્ઞમાં જશો !"

"હા, વશિષ્ટે જવાબ આપ્યો.

"પિતા! પિતા ! આ શું બોલો છો ? પછી અમારૂં શું થશે ! અમને કોને આશ્રયે મુકી જવા ઇચ્છો છો ?" શક્તિના પુત્ર પરાશરે ગળગળીત કંઠે દાદાની કોટે વળગી કહ્યું.

"બેટા ! હું તમને ધર્મને શરણે છોડી જાઉં છું ? ધર્મજ તમારૂં રક્ષણ કરશે !" વશિષ્ટે કહ્યું.

"દાદા ! દાદા ! શામાટે અમારો ત્યાગ કરો છો ? પરાશરે પોતાનું કલ્પાંત ચાલુજ રાખ્યું.

"પરાશર! તું મારા નેત્રોનો આનંદ છે ! તું બ્રહ્મ બાળક છે ! શક્તિ જેવા મહાસમર્થનો તું પુત્ર છે ! સમજુ છે ! બ્રાહ્મણના કર્તવ્યથી તું અજાણ નથી, છતાં આટલો શોચ કરેછે ? તારે તો સર્વને આશ્વાસન આપવું જોઇએ !

બ્રાહ્મણે તો કર્તવ્ય પરાયણ થવું જોઇએ!' વશિષ્ટે પોતાના પૌત્રના ભવ્ય કપાળ પર એક ચુંબન કરતાં કહ્યું.

"પરાશરના મનનું સમાધાન થયું, તદપિ આખી રાત્રી શોકમાં પસાર થઇ બીજે દિવસે પ્રભાતમાં વશિષ્ટ જ્યારે વિશ્વામિત્રના યજ્ઞમાં જવા પોતાના આપ્તજનો પાસેથી વિદાયગીરી માગતા હતા તે વખતે એક શ્વેત વસ્ત્ર ધારિણી સ્ત્રી ત્યાં દોડતી આવી, અને મુનીના ચરણમાં ઢળી ચોધાર આંસુઓ પાડી રડવા લાગી.

માતા! તમે કોણ છો! આવનાર સ્ત્રીને આશ્વાસન આપતાં વશિષ્ટે પ્રશ્ન કર્યો.

પ્રભુ! હું રાધિરાજની પુત્રવધુ! વિશ્વામિત્રની અર્ધાંગના આપને શરણે આવી છું!"

"ઓહ! કોણ સુનેત્રા! ધન્ય! ધન્ય! દેવી! આજે આ ક્ષુદ્ર પ્રાણીની પર્ણકુટી પવિત્ર થઇ!" પછી તે અરૂંધતિ તરફ ફરીને બોલ્યા; "સતિ! આ સાધ્વીના દર્શન કરી તમારાં નેત્રને તૃપ્ત કરો! પુત્ર પરાશર! દેવીને નમન કરો, અને તમારી માતાને પણ તેમ કરવા કહો!"

"નહિ! નહિ! હું પાપિણી છું મને દોષમાં ન નાંખો! પ્રભુ! હુંજ આપ સર્વને વંદન કરવા યોગ્ય છું! આપના પ્રતાપેજ મારા પતિનું શ્રેય થયું છે કૃપા કરી

મને પાપમાં ન નાખો! પ્રભુ! મારા પ્રણામ સ્વીકારો! દેવી અરૂંધતિ! મને આશિર્વાદ આપો! ગભરાએલી સુનેત્રાએ અસ્પષ્ટ શબ્દોમાં જેમ ફાવ્યું તેમ કહી દીધું.

"દેવી! આ વખતે અહીં આવવાનું કાંઈ કારણ?" કેટલીકવારે વશિષ્ટે પ્રશ્ન કર્યો.

"પતિના કલ્યાણ માટે? પતિની બ્રહ્મહત્યા નિવારણ માટે? પ્રભુ? કૃપા કરી આપ યજ્ઞમાં નહિ જાઓ?" સુનેત્રાએ રડતાં રડતાં કહ્યું.

"કલ્યાણી? હું તમારા પતિને વચન આપી ચુકયો છું?" વશિષ્ટે કહ્યું.

"પ્રભુ? પ્રભુ? મારા પતિને બ્રહ્મહત્યાના પાપથી બચાવો? કૃપા કરી આપ ત્યાં જવાનો વિચાર માંડી વળો?"

"શુભે? તપના પ્રભાવે તમારો પતિ દેવગણોથી રક્ષાએલો છે? ચિંતા નકરો?"

"નહિ, પ્રભુ? આ યજ્ઞમાં તો તમને નહિજ જવા દઉં?" એમ કહી સાધ્વી સુનેત્રા વશિષ્ટની પર્ણકુટીનું દ્વાર રોકી ઉભી રહી.

"દેવી? આ શું કરો છો? સમય થવા આવ્યો છે મને જવા દો?" તમારા સતીત્વના પ્રભાવથી તમારો પતિ જગત પુજ્ય થશે?" વશિષ્ટે કહ્યું.

"શું ! પ્રભુ મારા પતિને સુબુદ્ધિ આપશે ! બ્રહ્મહત્યાના પાપથી તે બચી જશે !"

"અવશ્ય તમારા પતિનું શુભ થશે !"

"અહા ! કેવા શુભ સમાચાર !" એમ કહેતાંજ આનંદમાં આવેલી સુનેત્રા વશિષ્ટ દ્વાર પાસે શામાટે ઉભી હતી તેનું ભાન ભુલી ગઇ. અને જરા દુર ખસી, વશિષ્ટ સમયનો લાભ લઇ પર્ણકુટીથી બહાર નીકળ્યા, અને વિશ્વામિત્રના આશ્રમ ભણી ચાલ્યા, અરૂંધતિ, પરાશર, અદ્રશ્યાંતિ, સુનેત્રા આદિ સજળનેત્રે વશિષ્ટ જતા હતા તે તરફ એકી દ્રષ્ટિએ જોઇ રહયાં.

પ્રકરણ ૨૫મું.

વશિષ્ટ મારણયજ્ઞ

વિશ્વામિત્રનો આશ્રમ આજે રૂષિમંડળથી ભરાઇ ગયો છે સર્વ રૂષિઓ તેને "વશિષ્ટ મારણયજ્ઞ" નહિ કરવા માટે વિનવી રહયા છે.

"બ્રહ્મર્ષિ ! આપના આ યજ્ઞથી દેવતાઓ અસંતુષ્ટ થશે ! કૃપા કરી આ સિવાય કોઇ અન્ય યજ્ઞનો આરંભ કરો કે જેથી જગતનું કલ્યાણ થાય ! વશિષ્ટ મરણયજ્ઞથી તો

આપનું કલ્યાણ થશે!" એક રૂષિએ વિશ્વામિત્રને ઉદ્દેશીને કહ્યું.

"રૂષિઓ! મારો આમાં કાંઇ દોષ નથી. સાક્ષાત બ્રહ્માએ મને બ્રહ્મર્ષિપદ આપ્યું! આપ સર્વપણ મને બ્રહ્મર્ષિજ કહો છો. પરંતુ ગર્વિષ્ટ વશિષ્ટ મને રાજર્ષિ કહીને બોલાવે છે એ પરથી સિદ્ધ થાય છે કે તેને મારા પર કંઇ દ્વેષ છે! મારા તપના મહાન પ્રભાવની તેને ઇર્ષા થઇ છે! વશિષ્ટ સર્વ રૂષિઓમાં શ્રેષ્ટ હોવાથી બ્રહ્માના કહેવા મુજબ તે જ્યાં સુધી મને બ્રહ્મર્ષિ ન કહે ત્યાં સુધી જગતમાં મારા પુરૂષાર્થનો પુરે પુરો પ્રકાશ થાય નહિ! એટલા માટે મને બ્રહ્મર્ષિ નહિ કહેનાર વશિષ્ટનો હું આજે નાશ કરીશ, અને જગતમાં હું બ્રહ્મર્ષિ કહેવાઇશ!"

"વિશ્વામિત્ર! સર્વ જગત તો તમને બ્રહ્મર્ષી કહે છે, માત્ર વશિષ્ટ નથી કહેતા માટે તેનો મારણયજ્ઞ કરવો એ વ્યાજબી નથી!" એક બીજા રૂષિએ કહ્યું.

"રૂષિગણો! આ યજ્ઞ અટકાવવા તમારો અતિ આગ્રહ છે તો હું ખાત્રીથી કહું છું કે જો વશિષ્ટ મારા આ યજ્ઞમાં નહિ આવે તો યજ્ઞનો આરંભ નહિ કરીશ! પરંતુ વશિષ્ટે મને અત્રે આવવાનું વચન આપેલું છે એટલે જો તે નહિ આવે તો સંસારમાં હું તેને અસત્યવાદી તરીકે પ્રસિદ્ધ કરીશ!" વિશ્વામિત્રે કહ્યું.

"બ્રાહ્મણુ હમેશાં સત્યજ વદે છે! પોતાનો બોલ પ્રાણાન્તે પણ પાળે છે! હું તમારો યજ્ઞ પૂર્ણ કરીશ! ચાલો હોમાનલ પ્રજ્વલિત કરો!" એમ કહેતા વશિષ્ટ યજ્ઞ મંડપમાં દાખલ થયા,

"વશિષ્ટ! વશિષ્ટ! ઉન્મત ન થાઓ! વિશ્વામિત્રની સાથે સદભાવ કરો!" સર્વ રૂષિઓ એકી અવાજે પોકારી ઉઠ્યા.

"હું હમેશાં સર્વને સમાન દ્રષ્ટિથી જોનારો છુ!" વશિષ્ટે કહ્યું.

"તો પછી મને બ્રહ્મર્ષિ કહેવામાં તને શી હરકત છે!" વિશ્વામિત્રે કહ્યું.

"તમારામાં બ્રાહ્મણપણાને શોભાવનારાં લક્ષણો નથી એજ માત્ર અપવાદ છે!"

વશિષ્ટ! એ તારો મિથ્યા બકવાદ છે! આ તારોજ મારણયજ્ઞ છે એ તું જાણે છે!"

"હા હું જાણું છું, અને તમારા આમંત્રણથી તે યજ્ઞ નો આચાર્ય પણ હુંજ થયો છું, તમારો યજ્ઞ પુર્ણ કરવો એ આચાર્ય તરીકે મારૂં કર્તવ્ય છે!"

"વશિષ્ટના આ શબ્દોથી વિશ્વામિત્રને આશ્ચર્ય લાગ્યું તેની સાથે વિચારવા લાગ્યો કે આ શું! વશિષ્ટમાં

એવું કયું સામર્થ્ય છે કે જેના પ્રભાવે પોતાના પ્રાણુની આહુતિ આપવાને તૈયાર થયો છે !"

વિશ્વામિત્રને વિચારમાં પડેલો જોઈ વશિષ્ટે કહ્યું; " રાજર્ષિ ! શો વિચાર કરો છો ? હોમાનલની સન્મુખ બેસો!"

" વશિષ્ટ ! હજુ પણ સમજ ! મને બ્રાહ્મણ કહે હું યજ્ઞ બંધ કરૂં છું ! "

" નહિ, નહિ રાજર્ષિ ! યજ્ઞારંભ કરો ? "

" હરિ ! હરિ ! આ બંન્ને ઉન્મત્ત થયા છે બંન્નેની હરિફાઈમાં બ્રહ્મહત્યા થશે ! ઉઠો ! ઉઠો ! આપણાથી આ બ્રહ્મહત્યાનું ઘોર પાપાચરણ નહિ જોઈ શકાય ! એમ કહેતું સર્વ ઋષિમંડળ ઉભું થયું તેને રોકીને વશિષ્ટ બોલ્યા, ઋષિઓ! શાંન્ત થાઓ કૃપા કરી આપ આપના આસન પર બેસો અને મને આશિર્વાદ આપો કે બ્રહ્મગુનું ગૌરવ અને બ્રાહ્મણનું પ્રતિજ્ઞાપાલન કરવાનું મારામાં સામર્થ્ય પ્રાપ્ત થાય ! "

વશિષ્ટને પોતાના નિશ્ચયમાં આટલો બધો અડગ જોઈ વિશ્વામિત્ર વિસ્મીત ચકિત થયો. તેના શરીરમાં એક પ્રકારની ધ્રુજરી ઉત્પન્ન થઈ, તેનું શરીર કંપવા લાગ્યું તે મનમાંજ બબડયો. " અરે ! આ શો ચમત્કાર ? યજ્ઞ પોતાના સંહાર માટે કરવામાં આવે છે એવું જાણવા છતાં પોતાના

પ્રાણને તુચ્છ ગણનારો વશિષ્ટ પોતાના નિશ્ચયમાં અડગ છે! આ તેજ તેને કયાંથી પ્રાપ્ત કર્યું ? શું એજ બ્રાહ્મણત્વ ! જો એમ હોય તો તે મારામાં કેમ નથી !"

"વિશ્વામિત્ર ! બેસો યજ્ઞ આરંભનો શુભ અવસર વ્યતિત થઈ જાય છે !" વશિષ્ટે સર્વ રૂષિઓને શાંન્ત કરી બેસાડયા પછી કહયું.

નિસ્તેજ વદને વિશ્વામિત્ર પોતાંના આસન પર બેઠા યજ્ઞનો આરંભ થયો. વશિષ્ટે મંત્રદ્વારા યજ્ઞકુંડમાં અગ્નિ પ્રદિપ્ત કર્યો અને આહુતિ હાથમાં લઇ બોલ્યા; "હે ! સર્વ મુક ! મારા યજમાનની કામના પુર્ણ કરો ! બ્રહ્માના વચનોને સિદ્ધ કરો ! વશિષ્ટ નિવનં સ્વાહા" એમ કહેતાંજ હાથમાં લીધેલી આહુતિ અગ્નિદેવને અર્પણ કરી અને બીજી આહુતિ હાથમાં લીધી વિશ્વામિત્રનું સર્વાંગ ધ્રુજવા લાગ્યું તે એકાએક બોલી ઉઠયા વશિષ્ઠ ! સબુર!

"વિશ્વામિત્ર ! હવે મને અટકાવવાનો તમને સહજ પણ અધિકાર નથી ! કારણકે તમે મને આ યજ્ઞનો નેતા બનાવ્યો છે એટલે તમારા અટકાવ્યા છતાં પણ હું તમારો યજ્ઞ પુર્ણ કરીશ ! "

"ગર્વિષ્ટ વશિષ્ટ ! ગર્વ કરવાથી આખરે તું પસ્તાઈશ !'

“ચિંતા નહિ, કાર્યમાં પ્રવર્ત થાઓ!” વશિષ્ટ નિધનં સ્વાહા એમ કહેતા બીજી આહુતિ પણ અર્પણ કરી,

વિશ્વામિત્રનું સર્વાંગ શિથિલ થઇ ગયું તેનામાં બોલવાની બિલકુલ શક્તિ રહી નહિ તેનો ચહેરો નિસ્તેજ બની ગયો તોપણ તે હિંમત એકઠી કરી બોલ્યો “ વશિષ્ટ! હવે પછીની ત્રીજી આહુતિ તારા શરીરની આપવાની છે માંટે હજુ પણ સમજ અને મને બ્રાહ્મણ તરીકે સ્વીકાર કર? વિશ્વામિત્રથી વિશેષ બોલી શકાયું નહિ. પોતાના કલ્પિત ક્રોધની વશિષ્ટ પર શી અસર થઇ છે તે જાણવાના હેતુથી વિશ્વામિત્ર વશિષ્ટના સામે એકી દ્રષ્ટિએ જોઇ રહ્યો. વશિષ્ટની શાંન્ત મુર્તિમાં કશો ફેરફાર થયેલો જણાયો નહિ તે નિર્ભયતાથી બોલ્યા “ રાજર્ષિ! મારી ચિંતા તમારે કરવાની નથી હું તૈયાર છું! હું તમારો પુરોહિત છું તમારો યજ્ઞ પુર્ણ કરવો એજ મારો પ્રધાન ઉદ્દેશ છે! આ ત્રીજી આહુતિ આપતાંજ તમારો યજ્ઞ પુર્ણ થશે!” એમ કહી વશિષ્ટ ત્રીજી આહુતિ આપવાની તૈયારી કરવા લાગ્યા.

વિશ્વામિત્ર ગભરાયો ‘ઓહ! આ શું! મૃત્યુ સમય નજીક છતાં વશિષ્ટ પોતાના નિશ્ચયમાં આટલો બધો દ્રઢ! આવી દ્રઢતા તેણે કયા પ્રભાવે પ્રાપ્ત કરી! આવો મહાઆત્મત્યાગ કયા બળથી પ્રાપ્ત થયો! અહા! પોતાના

મૃત્યુની આહુતિ પોતાના હાથેજ આપવાનો સમય છતાં ક્રોધ શુન્ય થઇ કેવો શાંન્તિથી ઉભો છે! હે જગદંબે! હવે મને સમજાયું કે કયા લક્ષણો મારામાં નથી! ક્રોધને વશ થઇ રંભાને શ્રાપ દીધો. એજ ક્રોધને વશ થઇ હું બ્રહ્મવધ કરવા તૈયાર થયો! ધિક્કાર! વિશ્વામિત્ર તારી તપ સ્યાને તારી દુષ્ટ વૃતિને! સહસ્રાવધિ ધિક્કાર! રાજર્ષિંત્વ મહર્ષિંત્વને ધિક્કાર! સત ધિક્કાર! આ બ્રાહ્મણ બનવાની ઇચ્છાને! વશિષ્ટ મને ક્ષમા કરો! આહુતિ પ્રદાન ન કરો!"

વશિષ્ટ આહુતિ આપવાનો મંત્ર બોલી આહુતી આપવાની તૈયારીમાંજ હતા એટલે તે બોલ્યા "રાજર્ષિ! મારા હાથમાં આહુતિ છે તે અગ્નિદેવને અર્પણ થવીજ જોઇએ કારણકે જો તેનો ત્યાગ કરવામાં આવે તો યજ્ઞ નારાયણ અપ્રસન્ન થાય, અને એમ થવાથી યજમાનનું અમંગળ થાય માટે એ આહુતીનો મારાથી ત્યાગ થઇ શકશે નહિ!"

"મહાત્મન! જો એમજ હોય તો મારો વધ કરી યજ્ઞદેવને એ આહુતિ પ્રદાન કરો, અને મને આશિર્વાદ આપો કે જેથી મરવા પછી મારૂં ચાંડાલત્વ દુર થાય! હે બ્રહ્મર્ષિમાં શ્રેષ્ટ મહર્ષિ! તમે સર્વ ગુણોના ધામ છો! આ અધમ કિંકરને ક્ષમા કરો! મેં આપનો પ્રભાવ પહેલાં નહિ જાણ્યો? હવે આ પાપના પ્રાયશ્ચિત નિમિત આપે

બ્રહ્મણુ કરેલી આહુતિ આ અધમ મસ્તક પરજ ધરો, કે જેથી આ મલિન મુહના બે ખંડ થઇ જાય! ધરો! ધરો! શામાટે વિલંબ કરો છો?"—વિશ્વામિત્રની આંખમાંથી ચોધાર આંસુ પડવા લાગ્યા તે સાષ્ટાંગ દંડવત્ કરતા વશિષ્ટના ચરણમાં ઢળી પડયા.

"વિશ્વામિત્ર! આ શું કરો છો? હું તમારૂં અનિષ્ટ કરવાના હેતુથી અહીં નથી આવ્યો?"

"વશિષ્ટ! હવે મને વિશેષ ન શરમાવો! ક્ષમા કરો! જો તમે એ આહુતિ મારા મસ્તક પર નહિ ધરો! તમારા નિશ્ચયથી નહિજ ફરો તો હું યજ્ઞ કુંડમાં પ્રજવલિત થતા અગ્નિને શાંન્ત કરીશ? એમ કહેતાંજ તે યજ્ઞકુંડ તરફ ફરીને બોલ્યા, "અરે? ઓ? પાપયજ્ઞ? શાંન્ત હો?" તત્કાળ અગ્નિ શાંન્ત થયો, વિશ્વામિત્ર વશિષ્ટના ચરણો પકડી બોલ્યા.

"દેવ? મહર્ષિ બ્રહ્માના વરથી મને બ્રાહ્મત્વ લાભ થયો એવી મારી માન્યતા ખોટી હતી એ મને હવે સમજાયું! તમારી કૃપાથી મારા દોષો મને જણાયા? મારો ક્રોધી સ્વભાવ છે? પ્રભુ? મને ક્ષમા કરો? મારામાં બ્રાહ્મણનું એક પણ લક્ષણ નથી? આપ સત્યવાદી છો? જેવું જુઓ તેવુંજ બોલનારા છો? આપે મારામાં બ્રાહ્મણનાં

લક્ષણ ન હોવાથીજ બ્રાહ્મણ કહેવાનું સ્વીકાર્યું નહોતું એ હવે મને સમજાયું! પ્રભુ! મને ક્ષમા કરો! હું મહાન અપરાધી છું! વિશ્વામિત્રનાં અશ્રુપુર્ણ નેત્રો અત્યારે તેને સંપુર્ણ પશ્ચાતાપ થયો છે એમ સુચવતાં વશિષ્ટની શાંન્ત મુર્તિ તરફ જોઇ રહયાં. વશિષ્ટે વિશ્વામિત્રને હૃદય સાથે ચાંપ્યા અને બોલ્યા, "સાધુ! સાધુ! ઉઠો પ્રભુ તમારૂં કલ્યાણ કરશે! બ્રહ્મર્ષિ! મારા નમસ્કાર ગ્રહણ કરો!" એમ કહેતાંજ વશિષ્ટ વિશ્વામિત્રને ચર્ણોમાં ઢળી પડયા.

"અહા! શું આપે મને બ્રાહ્મણ તરીકે સ્વીકાર્યો આજે મારા આનંદનો સાગર રેલાયો!".

"વિશ્વામિત્ર! હવે તમે બ્રહ્મર્ષી છો! લ્યો! આ યજ્ઞોપવિત ધારણ કરો!

"બ્રહ્મણેભ્યો નમઃ" એમ કહેતાંજ વિશ્વમિત્રે યજ્ઞોપવિત ધારણ કરી એટલામાં દેવી અરૂંધતી સાધવી સુનેત્રા સાથે આવી પહોંચ્યા પરાશર અને શકિતની સ્ત્રી અદ્રશ્યંની પણ તેનીજ સાથે હતાં વશિષ્ટની આજ્ઞાથી સર્વેએ વિશ્વામિત્રને પ્રણામ કર્યા અરૂંધતિએ સુનેત્રાનો હસ્ત વિશ્વામિત્રને સોંપી કહયું કે "હવે આ સાધવીને તમારી સાથેજ રાખો જેમ તમે પુરૂષાર્થથી બ્રહ્મત્વને પામ્યા છો તેમ આ સાધવી પતિવૃતાના પ્રભાવે તમારા અર્ધાંગને દીપાવનારી નીવડી છે."

" અસ્તુ દેવી! આપનો અત્યંત ઉપકાર આપના પતિના આશિર્વાદથી હું આજે બ્રાહ્મણ થયો છું! દેવી સુનેત્રા! મેં તને મેનકાના મોહપાશમાં સપડાઇ આશ્રમ છોડી જવાનું કહી અન્યાય આપ્યો છે તે બદલ ક્ષમા માગું છું!"

"નાથ! ક્ષમા તો મારે માગવી જોઇએ કે હું તમારા કાર્યમાં વિઘ્ન રૂપ થવા આવી" સુનેત્રાએ પતિના ચરણોને સ્પર્શ કરી કહ્યું.

"નહિ દેવી સુનેત્રા! જો તું અહીં આવી નહોત, મહાશકિતની આરાધનાથી મારામાં તારાદ્વારા ચોકસ વૃતિની જાગ્રતિ થઇ નહોત, તો કોણ જાણે કેટલાંયે વર્ષો મેનકાના મોહપાશમાં રહી મારા તપને નષ્ટ કર્યું હોત!" વિશ્વામિત્રે સુનેત્રાને પોતાના હૃદય સાથે ચાંપતાં કહ્યું.

સુનેત્રા આંસુ વરસાવતી નીચું જોઇ રહી.

આ રીતે આનંદનો અનુભવ કરતું રૂષિ કુટુંબ ઉભું હતું એટલામાં એક બાળક અને એક યોગિની ત્યાં આવી પહોંચ્યાં. વિશ્વામિત્રે તે બંન્નેને ઓળખ્યાં, અત્યારે વશિષ્ટની કૃપાથી તે યોગિની અને બાળક બંન્નેને સંપુર્ણ ઓળખી શકયો. વિશ્વામિત્રે બંન્નેને સાષ્ટાંગ પ્રણામ કર્યા-

પ્રિય વાંચક! આ બાળક અને યોગિની કોણ હતાં, એ માટે હવે તમને વિશેષ શંકામાં રાખવા યોગ્ય નથી,

યોગિની સાક્ષાત વેદમાતા ગાયત્રિ દેવી પોતેજ હતાં, અને બાળક રૂપે વેદપિતામહ બ્રહ્મા હતા, સુસંસ્કારને પ્રાપ્ત થયેલા વિશ્વામિત્રને સુમાર્ગ પર લાવવા બાળક રૂપે સાક્ષાત બ્રહ્માએ શાન્ત તપોવનમાં બોધ કર્યો હતો, યોગિની દેવીએ સંસાર મિથ્યા છે " એવો ભાસ વિશ્વામિત્રને ધ્યાનમાં કરાવ્યો હતો, એ શિવાય અનેકવાર ભયાટવીમાં અથડાતો યોગિની દેવીએ તેને બચાવ્યો હતો એ વગેરે આપણે આગળ વાંચી ગયા છીએ એટલે એ સંબંધમાં વિશેષ કાંઇપણ લખવું એ પિષ્ટપેશણ કરવા જેવું છે.

અહા ! એક ક્ષણમાત્રના શ્રધા પુર્વ થયેલા જાપનો કેટલો બધો પ્રભાવ ! વેદમાતા ગાયત્રિ દેવીની એક ક્ષણની શ્રધા પુર્વક થયેલી ભકિતનું આ ફળ હોય, તો સદા સર્વદા એક નિષ્ટાથી એ વેદ માતાનો એકાંતમાં જાપ કરનારને કેટલા ફળની પ્રાપ્તિ થાય; એ સમજવું મુશ્કેલ નથી. ખરેખર ! બ્રાહ્મણો ગાયત્રિ ઉપાસક હોવાથીજ જગતપુજ્ય ગણાય છે ! " વર્ણાનામ બ્રાહ્મણો ગુરૂ " એ એટલા માટેજ કહેવાય છે ! એ દેવીનું શરણ લેનાર કેવો સુખી થાય છે એ આ વિશ્વામિત્રના દ્રષ્ટાંત પરથી સાફ સમજાય છે.

" કેમ વિશ્વામિત્ર ! તેં મને ઓળખ્યો ! " કેટલીકવારે બાળક કે જે સાક્ષાત બ્રહ્મા હતા તેણે વિશ્વામિત્રને ઉદ્દેશીને કહ્યું.

"હા, પ્રભુ! આપ સાક્ષાત બ્રાહ્મણ્યદેવ! નમો બ્રહ્મણ્ય દેવાય ગોબ્રાહ્મણ હિતાય જગદ્ધિતાય કૃષ્ણાય ગોવિંદાય નમો નમઃ પછી તે યોગિની મૈયા તરફ ફરીને બોલ્યો "માતા! આટલા લાંબા સમય પછી મેં આપને આજે બરાબર ઓળખ્યાં છે! માતા! બ્રહ્મવાદિની! હવે હું તમને નહિ જવા દઉં, સદા મારી સાથેજ રાખીશ."

"બેટા! હવે હું તારી પાસેજ રહેવા આવી છું. જેમ વશિષ્ટ અને અરૂંધતી છે તેમ તું અને સુનેત્રા શ્રેષ્ટ રૂષિઓની પંક્તિમાં આવ્યાં છો, આજે મને ઘણોજ આનંદ થાય છે." પછી તે સુનેત્રા તરફ ફરીને બોલ્યા "સુનેત્રા! હવે તેં મારા ચાર પુત્રોને ઓળખ્યા હશે!"

"હા માતા! આપના ચાર પૂત્રો તે વેદ અને તેનાં નામ યજુ, રૂગ્વેદ, અથર્વ, અને સામ એ પ્રમાણે છે ખરૂંના દેવી!" સુનેત્રાએ કહ્યું.

"સત્ય છે. સુનેત્રા! હવે મારા એ પુત્રો તને વારંવાર સહાયતા આપતા રહેશે કારણ કે મારા એ ચારે પુત્રો પોતાને ઓળખનારનું—જાણનારનું સદા સર્વદા કલ્યાણ કરવામાંજ તત્પર રહે છે. જગતના પામર જીવો મારા એ પુત્રોનો અનાદાર કરવાથીજ ભવાટવીમાં ભટકે છે અને એથીજ આપતિ પર આપતિ તેઓના શિરપર પડે છે."

"ખરૂં છે માતા! આ ભારતી દેવીને પણ એજ વિષય ખટકે છે! જ્યારે અધમ પુરૂષોના અનાચારથી આપના પુત્રોનો અનાદાર થતો ભારતી માતાની નજરે પડે છે ત્યારે તે બહુજ રડે છે!"

"સુનેત્રા! એવા સમયમાં સાક્ષાત પરમાત્મા મારા પુત્રોની વહારે ચડે છે, અને ભારતી દેવીને એવા અનાચારીઓના ભયથી મુક્ત કરે છે!"

"માતા! એથી તો આ સંસાર ચક્રની સમાનતા જળવાઇ રહે છે! નહિતો આ સંસાર ચક્રના સપાટામાં આવેલા પામર જીવોની કોણ જાણે શી ગતિ થાય! હા, પણ દેવી! આજના આ શુભ પ્રસંગે મારા પતિ અને મહાત્મા વશિષ્ટના સ્નેહમાં વધારો થાય, મારા પતિમાં પ્રેરાએલો વશિષ્ટ પ્રતિનો દ્વેષ ભાવ દુર થાય, અને આજના આ સ્નેહ મિલનનું સ્મરણ સદા કાયમ રહે તેના માટે શું કરવું જોઇએ!"

સુનેત્રાના આ પ્રશ્નથી પ્રસન્ન થયેલાં ગાયત્રિ દેવીએ બ્રહ્માની સામે જોયું. બ્રહ્મા દેવીનો ભાવ જાણી ગયા તે સુનેત્રા તરફ ફરી ને બોલ્યા "બેટા! એ માટે માત્ર એકજ રસ્તો છે અને તે એકે બંન્નેએ પરસ્પરને સ્નેહ ભોજન આપી સ્નેહને દૃઢ કરવો."

બ્રહ્માનો આમ કહેવામાં હેતુ એ હતો કે વિશ્વામિત્રના હૃદયમાં સ્થાન કરી રહેલા તપના ગર્વને દુર કરવો. શાંતમુર્તિ વશિષ્ટ બ્રહ્માનો એ હેતુ જાણી ગયા. છતાં તે મૌનપણે સાંભળી રહ્યા ગાયત્રિ દેવીએ વિશ્વામિત્રના સામે જોયું દેવીના ભાવને જાણી અયેશ્રા વિશ્વામિત્રે પ્રથમ પોતાને ત્યાં અતિથી થયેલા વશિષ્ટને ભોજનનું આમંત્રણ કર્યું, બ્રહ્મા અને ગાયત્રિદેવીના આગ્રહથી વશિષ્ટે તે સ્વીકાર્યું. આ રીતે શાંન્તમુર્તિ વશિષ્ટને પોતાના દ્વેષી તરીકે ઓળખનાર અને પોતાના મહાનતપનું અભિમાન રાખનાર વિશ્વામિત્રના કલ્યાણ માટે તેમના ગર્વનું ખંડન કરવાની યુક્તિ રચી, બ્રહ્મા અને સાવિત્રી (ગાયત્રી) સ્વસ્થાને પધાર્યા. બંને મહર્ષિઓ નિત્યકર્મમાં જોડાયા, સુનેત્રા અતિથીઓનો સત્કાર કરવા, અને અરૂંધતિઆદિ સુનેત્રાને ઘટતી સહાયતા આપવા, એમ સર્વ પોત પોતાના કાર્યમાં પ્રવર્ત થયાં, યથાસમયે ભોજન તૈયાર થયું સર્વેએ સાથે બેસી સ્નેહ ભોજન કર્યું. ભોજન કરાવ્યા પછી કાંઈપણ દક્ષિણા આપવી જોઈએ એ નિયમને અનુસરી વિશ્વામિત્રે પોતાના દશહજાર વર્ષના તપનું ફળ વશિષ્ટને અર્પણ કર્યું.

પ્રકરણ ૨૬મું

ગર્વખંડન—ઇચ્છિત પ્રાપ્તિ

બીજે દિવસે વશિષ્ટે વિશ્વામિત્રને ભોજન આપ્યું. પરંતુ શાંન્તમુર્તિ વશિષ્ટે દક્ષિણામાં માત્ર એક ઘડીના સત્સંગનુંજ ફળ અર્પણ કર્યું, આથી પોતાનું અપમાન થએલું માની વિશ્વામિત્ર અત્યંત ક્રોધે ભરાયો, પતિના ઉગ્ર સ્વરૂપને સુનેત્રા સંપુર્ણ જાણતી હતી એથી તેણીએ વિચાર્યું કે કાંઇ યુકિત રચવામાં નહિ આવે તો પતિ ક્રોધાવેશમાં કાંઇ અનિષ્ટ પરિણામ લાવશે, અને તેની સાથે પોતે કરેલા દુર્ઘટ તપનો કેટલોક હિસ્સો પણ ગુમાવશે, એમ ધારી તેણી મૃદુવાણીએ પતિને ઉદ્દેશીને બોલી "નાથ! આશું! વશિષ્ટ દ્વારા બ્રાહ્મણના ચારિત્રને જાણ્યા છતાં આપના હૃદયમાં ક્રોધનો આવિર્ભાવ કેમ થાય છે! બ્રાહ્મણ હમેશાં ક્ષમાશીલ હોવા જોઇએ! ક્રોધ તેનો મોટો દુશ્મન, ક્ષમા તેની સહચરી, ન્યાય નીતિ પરોપકાર તેના ગુણો, અને સંતોષ એ તેનો સદાનો સંગી હોવો જોઇએ! વશિષ્ટની કૃપાથીજ તમે બ્રાહ્મણ થયા છો. તે પરોપકારી પુરૂષપર ક્રોધ ન કરો! કદાચ તમને વશિષ્ટે આપેલા દાનમાં શંકા હોય તો પરસ્પરે કરેલા દાનમાં શ્રેષ્ટતા કોની છે. તેનો કોઇ

યોગ્ય પુરુષ મારો ન્યાય કરશે? પરંતુ તમારા ક્રોધને શમાવે ?"

સુનેત્રાના શાંન્ત મૃદુ વાક્યોની વશિષ્ટે મનમાંજ પ્રશંસા કરી તે વિશ્વામિત્રની સામે શાંન્ત ભાવે જોઈ રહ્યા. વિશ્વામિત્રને પણ સુનેત્રાની સલાહ યોગ્ય લાગી બંન્ને ન્યાય માટે દેવલોકમાં ગયા.

બ્રહ્મલોક, વિષ્ણુલોક, અને શિવલોકમાં ફરી વળ્યા પરંતુ કોઇએ તેનો યથાર્થ ન્યાય આપવાનું સ્વીકાર્યું નહિ, આખરે તેઓ પાતાળમાં શેષનાગ પાસે ગયા, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ જેવા જેનો ન્યાય કરી શક્યા નથી, તેવા આ મહર્ષિઓને ન્યાય આપવાનું કાર્ય ઘણું દુર્ઘટ છે; એમ શેષનાગ સમજી ગયા, પરંતુ પરમાત્માનો આ ઋષિઓને મારી પાસે મોકલવામાં કાંઇક ઉદ્દેશ છે, એમ ધારી તેણે બંન્ને મહર્ષિઓનો ન્યાય કરવાનું સ્વીકાર્યું. તે બંન્ને બ્રહ્મર્ષિઓ તરફ ફરીને બોલ્યા "બ્રહ્મર્ષિવર ? હું આપનો ન્યાય કરવાને ઘણો ખુશી છું, પરંતુ આપ જાણો છો કે સમસ્ત પૃથ્વીનો ભાર મારા શીર પર છે એટલે એ બોજો ઓછો થાય, ત્યાં સુધી મારાથી તમોને ન્યાય શીરીતે અપાય ! જો એ બોજો ક્ષણભર આપ બેમાંથી એક ઉપાડવાની કૃપા કરો તો હું તમારા ન્યાય માટે મારાથી બનતો પ્રયત્ન કરૂં."

શેષનાગના આ શબ્દોથી બંન્ને મહર્ષિઓ વિસ્મિત ચકિત દ્રષ્ટિએ એક બીજાના સામુ જોઇ રહયા.

"કેમ બ્રહ્મર્ષિવર ! શા વિચારમાં પડયા ?" શેષનાગે બન્નેને મૌન્યપણે ઉભેલા જોઇ કહ્યું.

"દેવ ! અમારી શકિતથી બહારનું કાર્ય અમારાથી કેમ થઇ શકે ?" કેટલીકવારે વિશ્વામિત્રે જવાબ આપ્યો.

"બ્રહ્મર્ષિ ? મને પણ બનાવો છો કે? આખું બ્રહ્માંડ ઝુલાવવાની જેનામાં શકિત છે, તેનાથી આ કાર્ય ન થાય એ કેમ મનાય ? જો તમે ધારો તો તમારા તપના પ્રભાવે મને એ બોજામાંથી મુકત કરી શકો છો ? પૃથ્વીને એક ક્ષણભર અધર રાખી શકો છો ? દેવ ? પૃથ્વી તમારા તપને આધિન છે ? જો તેમ ન હોત તો ત્રિશંકુને માટે નુતન સ્વર્ગ અને નુતન સૃષ્ટિની ઉત્પતિ થઇજ નહોત ? કૃપા કરી તમારૂં દશ હજાર વર્ષનું તપનું ફળ આપી પૃથ્વીને ક્ષણભર મારા મસ્તક પરથી અધર રહેવા કહો ?" શેષનાગે વિશ્વામિત્રને ઉદ્દેશી કંઇક ટકોર કરતાં કહ્યું.

પરંતુ પોતાના અથાગ તપના પ્રભાવથી ગર્વિષ્ઠ બનેલા વિશ્વામિત્રને તે ન સમજાયું, તે શેષનાગ તરફ ફરીને બોલ્યા; સત્ય છે! હમણાંજ હું પૃથ્વીને તેમ કરવાની આજ્ઞા કરૂં છું." એમ કહી તે વસુંધરા તરફ ફરીને બોલ્યા

"દેવી! વસુંધરે? હું આપને મારા દશહજાર વર્ષના તપનું ફળ અર્પણ કરૂં છું, તેના પ્રભાવે આપ શેષનાગના મસ્તક પરથી ક્ષણભર માટે ઉપર આવો!"

વિશ્વામિત્ર બોલી રહ્યા તદપિ પૃથ્વી તલભાર પણ ખસી નહિ. આથી શેષનાગ વશિષ્ટ તરફ ફરીને બોલ્યા "મુનીશ્રેષ્ટ? જો ન્યાય મેળવવાની ઇચ્છા હોય તો તમે પૃથ્વી દેવીને પ્રાર્થના કરી જુઓ."

"પ્રભુ! હું તો એક ક્ષુલ્લક પ્રાણી છું, મહાતપા વિશ્વામિત્રના દશહજાર વર્ષના દુર્ઘટ તપનું ફળ આપવા છતાં કાંઇ પરિણામ ન આવ્યું તો મારૂં શું ગજું?" નિરાભિમાની વશિષ્ટે શાંન્ત મુદ્રાએ જવાબ આપ્યો.

વશિષ્ટના નિરાભિમાની શબ્દોથી શેષનાગ અતિ પ્રસન્ન થયા. તે વશિષ્ટની મનમાંજ પ્રશંસા કરવા લાગ્યા. કેટલીક વારે તેણે વશિષ્ટને ઉદ્દેશીને કહ્યું, "બ્રહ્મર્ષિ! ત્યારે હું લાચાર છું આપનો ન્યાય મારાથી નહિ થાય! કારણ કે પૃથ્વીના બોજાથી હું અત્યંત શ્રમિત થયો છું, અત્યાર સુધી તમારી સાથે કરેલી વાતચીતમાં પણ મને બહુ શ્રમ પડયો છે, હવે મારામાં બોલવાની પણ શક્તિ રહી નથી, એટલે કૃપા કરી મને માફ કરો, યાતો સત્સંગી વશિષ્ટ? તમારા એક ઘડીના સત્સંગનું ફળ આપી મને ક્ષણભરને માટે પૃથ્વીના બોજાથી મુક્ત કરો!"

" ભલે, દેવ ? મને એ માટે પ્રયત્ન કરવામાં કાંઇ હરકત નથી. હું વસુંધરાને પ્રાર્થના કરીશ." એમ કહી તેઓ પૃથ્વી દેવીને ઉદ્દેશીને બોલ્યા " દેવી ! પ્રાણીમાત્રને શાંન્ત વન આપનાર માતા ! જો એક ઘડીના સત્સંગનું કાંઇપણ ફળ હોય તો તેના પ્રભાવે તમો શેષનાગની ફેણુ પરથી એક ક્ષણભરને માટે ઉપર આવો અને અમારો ન્યાય કરવા માટે શેષનાગને અવકાશ આપો ? " તત્ક્ષણેજ પૃથ્વી શેષનાગની ફેણુ પરથી સવાગજ ઉંચે આવી.

આ સમયનો લાભ લઇ વિશ્વામિત્રે શેષનાગને ઉદ્દેશીને કહ્યું, " દેવ ! હવે અમારો ન્યાય કરો ! "

" વિશ્વામિત્ર ? હવે ન્યાય કરવાનું શું બાકી રહ્યું છે ? " શેષનાગે હસતાં હસતાં કહ્યું.

" કેમ ? " વિશ્વામિત્રે કાંઇક આશ્ચર્ય ચકિત મુદ્રાએ પ્રશ્ન કર્યો.

" વિશ્વામિત્ર ? હજુ પણુ ન સમજાયું ? પ્રત્યક્ષ જોવા છતાં તમારા ધ્યાનમાં ન આવ્યું ! શેષનાગે કહ્યું.

" નહિ, દેવ ! આમાં હું તો કાંઇ સમજ્યો નથી ! " વિશ્વામિત્રે કહ્યું.

" વિચાર કરો ! તમારા દશહજાર વર્ષના તપના ફળથી જે પૃથ્વી એક અણુંમાત્ર પણુ ખસી નહિ તે

વશિષ્ઠે આપેલા એક ઘડીના સત્સંગના ફળથી ઉંચે આવી? કહો ! કહો ! વિશ્વામિત્ર કહો ? કયું દાન શ્રેષ્ટ છે ? તમે આપેલા દશહજાર વર્ષના તપનું, કે એક ઘડીના સત્સંગનું !”

“સમજાયું ? સમજાયું ? પ્રભુ ! એક ઘડીના સત્સંગનું ?” એટલું કહેતાંજ વિશ્વામિત્ર વશિષ્ટના ચરણુમાં ઢળી પડયા અને ગદગદ કંઠે બોલ્યા, “મહર્ષિ ? આજે આપે મારા પર મહદ ઉપકાર કર્યો છે ? મને ફરીને ડુબતો તાર્યો છે ? ક્ષમા ? દેવ ? મને ક્ષમા કરો ?”

“હાં, હાં, વિશ્વામિત્ર ? આમાં તમારો શું અપરાધ છે ? ઉઠો ? બ્રહ્મર્ષિ ઉઠો !” એમ કહેતાંજ વશિષ્ટે પોતાના બન્ને હાથો વડે વિશ્વામિત્રને ઉઠાડ્યા અને પોતાના હૃદય સાથે ચાંપ્યા. આ વખતે વિશ્વામિત્રને જે આનંદ થયો તેનું વર્ણન કરવાને આ લેખિનીમાં શક્તિ નથી.

અહા ! સત્સંગનું આટલું બધું મહાત્મ છે, એ તો મેં આજેજ જાણ્યું ! વશિષ્ઠ ! મારી ભુલ થઇ, મને ક્ષમા કરો ?” વિશ્વામિત્રે પુનઃ પ્રાર્થના કરતાં ગળગળિત સ્વરે કહ્યું.

“વિશ્વામિત્ર ? સત્સંગનું મહાત્મ અપાર છે !” પ્રથમ સત્સંગ શબ્દના અર્થનો તમે વિચાર કરી જુઓ, તેમાં સત અને સંગ એ બે શબ્દો આવે છે સત એટલે

શ્રેષ્ટ પ્રતિષ્ટિત, સત્ય સનાતન પરિપુર્ણ, અતિ શ્રેષ્ઠ, અથવા સર્વ શક્તિવાન પરમાત્મ તત્વ. અને તેને પરાયણ હોય તે પણ સત શબ્દથી ઓળખાય છે. ભગવત્પરાયણ તેવા પુરૂષનો કિંવા સત્પદાર્થનો, સંગ એટલે મેળાપ થવો તેનું નામ સત્સંગ, જેમ અંધકારમાં બેઠેલા મનુષ્યને દીપકરૂપ સત્પદાર્થનો સંગ થવાથી તત્કાળજ અંધકારરૂપ મહદાપતિ દુર થઇ જાય છે. તેમજ સત્પુરૂષોનો સંગ થતાં ભવદુ:ખ રૂપ મહદાપતિ દુર થઇ જાય છે.—તમે તમારોજ દાખલો લ્યો ? તમારી પુર્વ સ્થિતિનું સ્મરણ કરો ! જો વશિષ્ટ જેવા મહાપુરૂષના સમાગમમાં ન આવ્યા હોત, તમને દ્વારા બ્રહ્મતેજનું મહાત્મ ન સમજાયું હોત, તો તેમને ક્ષત્રિય બળ તરફ તિરસ્કાર અને બ્રહ્મબળ મેળવવાના વિચાર ન આવ્યા હોત ! એટલુંજ નહિ પરંતુ પરમ પુરૂષાર્થ કરવા તરફ તમારૂં વલણ પણ થયું ન હોત ? આ જે તમે એજ સત્સમાગમનો અપુર્વ લાભ પરમ ફળ મેળવી શક્યા છો ! ક્ષત્રિય મટી બ્રહ્મર્ષી થયા છો ? કહો ! કહો ! આથી વિશેષ શું હોઇ શકે ?" શેષનાગે વિશ્વામિત્રને ઉદ્દેશીને કહ્યું.

"દેવ ! આજે મારૂં અજ્ઞાન દુર થયુ છે ! આજે મારા તપના ગર્વનું ખંડન થયું છે ! ખરૂં કહું તો મારૂં વશિષ્ટેજ પ્રિય કર્યું છે ? હું તેનો સદાનો રૂણી છું ?"

એમ કહેતાંજ તે પુનઃ વશિષ્ટના ચરણમાં ઢળી પડયા, વશિષ્ટે તેને ઉઠાડી હૃદય સાથે ચાંપ્યા.

"વિશ્વામિત્ર ? મેં કાંઇ કર્યું નથી, તમે કરેલા પરમ પુરૂષાર્થનુંજ ફળ તમને મળ્યું છે!" વશિષ્ટે કહ્યું.

"નહિ, નહિ, પ્રભુ! તમારીજ કૃપાથી મારો ઉદ્ધાર થયો છે! દ્વેષ બુદ્ધિથી મેં મારા દુર્ઘટ તપનો અભિમાન વશ થઇ કેટલોક હિસ્સો ગુમાવ્યો છે! જો આપ જેવા મહાત્માના સમાગમમાં હું ન આવ્યો હોત તો કોણ જાણે કેટલાંએ વર્ષોના તપના ફળને મેં નષ્ટ કર્યું હોત?"

"વિશ્વામિત્ર! જો તમને આજના પ્રસંગથી કાંઇ સમજાયું હોય, તો તપના અભિમાનને છોડી દો! વશિષ્ટના પર દ્વેષ કરવાનું માંડીવાળો! ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરવાના માર્ગ પર આવો, અને વશિષ્ટને આજથી તમારા ગુરૂ માનો?" શેષનાગે વિશ્વામિત્રને ઉપદેશ આપતાં કહ્યું.

"દેવ? વશિષ્ટ સમસ્ત વિશ્વના ગુરૂ છે? હું તે વિશ્વનો એક પ્રાણી છું એટલે તે મારા પણ ગુરૂ હોય તેમાં કાંઇ આશ્ચર્ય જેવું નથી! આજ સુધી મેં દ્વેષ બુદ્ધિથી વશિષ્ટને અનેક પ્રકારે ક્લેશ ઉપજાવ્યો છે! હું મહાન પાપી હોવા છતાં તે શાંન્ત મુર્તિએ મને વારંવાર ક્ષમા આપી છે! આજે હું આપની સમક્ષ પ્રતિજ્ઞા કરૂં છું કે હું કાળાંન્તે પણ વશિષ્ટનો દ્વેષ નહિ કરૂં તેને હું મારા

ગુરૂ માનીશ! શિષ્યભાવે તેની પુજા કરીશ!" વિશ્વામિત્રે પ્રતિજ્ઞા કરતાં કહ્યું.

"ધન્ય! વિશ્વામિત્ર! તમારૂં કલ્યાણ થાઓ!" શેષનાગે આશીર્વાદ આપ્યો, અને પુર્વવત પૃથ્વી દેવીને પોતાના મસ્તક પર ધારણ કરી પરમાત્માના ધ્યાનમાં મગ્ન થયા. બંન્ને મહર્ષિઓ પણ પોત પોતાને સ્થાને પધાર્યા.

આ પ્રસંગ પછી વિશ્વામિત્રે વશિષ્ટનો દ્વેષ કરવાનું છોડી દીધું, તેઓ રૂષિકેશની નજીકના તપોવનમાં સાધવી સુનેત્રા સાથે રહેવા લાગ્યા તેણે જગતના કલ્યાણ માટે સિદ્ધાશ્રમમાં ઘણા યજ્ઞો કર્યા રાક્ષસોનું બળ વધી જવાથી અને તેઓ વારંવાર યજ્ઞમાં અડચણ કર્તા હોવાથી તેનો નાશ કરવા વિશ્વામિત્રે અયોધ્યા આવી દશરથ પાસે રામ-ચંદ્રજીને યજ્ઞના રક્ષણ માટે લઇ જવા માગણી કરી. દશ-રથે તે સ્વીકારી અને રામ તથા લક્ષ્મણને સાથે લઇ તેમને હાથે યજ્ઞમાં વિઘ્ન કર્તા રાક્ષસોનો નાશ કરાવ્યો. આ રીતે જગતના કલ્યાણ માટે આ મહાત્માએ ઘણો પરિશ્રમ ઉઠા-વ્યો એટલુંજ નહિ પરંતુ ભાવિમાં તેના રાક્ષસોથી પૃથ્વીને નિર્ભય કરવા તે મહર્ષિએ ધનુર્વેદ બનાવ્યો અને તે પ્રથમ ક્ષત્રિયને ભણાવ્યો કારણકે તે જાણતા હતા કે ક્ષત્રિય જન્મ પૃથ્વી ગાય અને બ્રાહ્મણના રક્ષણ માટેજ છે. અને બ્રાહ્-

ચોનું રક્ષણ કરવું આવશ્યક છે, કારણકે જગતનું કલ્યાણ બ્રાહ્મણોથીજ થવાનું છે.

તેમનો રચેલ ધનુર્વેદનો સંપુર્ણ ગ્રંથ જો કે હાલ હાથમાં આવતો નથી, તોપણ છુટાં તુટાં પાનાં ચોપડાને હાથ લાગ્યાં છે તે પરથી એ વિદ્યા પ્રાચીન કાળમાં કેવી ઉત્તમ દશામાં હતી તે સિદ્ધ થઇ શકે છે.

પૃથ્વીને રાક્ષસોના ભયથી મુક્ત કરી, મહાત્મા વિશ્વામિત્ર નિરંતર પરબ્રહ્મમાંજ લિન્ન રહેવા લાગ્યા. કાળે કરી સાધવી સુનેત્રા પતિના આત્મા સાથે એકયતા પામી, અને મહાન તપરૂપે પરબ્રહ્મ પરમાત્માની ઉપાસના કરનાર મુની વિશ્વામિત્ર પરિણામે આકાશને વિશે પ્રકાશી રહેલા સપ્ત રૂષિ મંડળમાં જઇને બિરાજ્યા.

અહા ? પુરૂષાર્થનો મહિમા કેટલો બધો અગાધ છે ? ખરેખર ! પુરૂષાર્થનો અલૌકિક મહિમા છે ! મનુષ્ય તેમના સેવનથી સદા ઉચ્ચાભિલાષી અને ઉચ્ચગામી રહે છે ! સ્વલક્ષ્યને સિદ્ધ કરે છે. તેને બાહિરના આશ્રયની અપેક્ષા રહેતી નથી, અંતરનો આશ્રયજ તેને સાધ્યસ્થાને પહોંચાડે છે. તેના શબ્દ કોષમાં અશક્ય એ શબ્દજ હોતો નથી એતો નિર્વિવાદ છે કે પરવશતા કિંવા પરતંત્રતા એજ દુઃખનું મૂળ છે ? એ પરતંત્રતાના નિવારણાર્થે તથા શ્રેયની

પ્રાપ્તિ અર્થે “ કોઇ પણ ઉપાયે હું અવશ્ય શ્રેયને સંપાદન કરીશ ” એ પ્રકારના ઉત્સાહ રૂપ સદાગ્રહને વળગી રહેનાર પુરૂષ પ્રયત્ને કરી શ્રેયરૂપ ફળ સંપાદિત કરે છે.

આર્યજનની ! ભારત ભુમી ? તું વિશ્વામિત્ર જેવા દ્રઢ નિશ્ચયવાળા અને પુરૂષાર્થી સંતાનોને ઉત્પન કરી પોતાના નામને એકવાર પુનઃ સંસારમાં વિખ્યાત કર ? હે ઇશ્વર ? પરમાત્મન ? તું આર્યોના હૃદયમાં વિશ્વામિત્ર જેવા સાહસની સ્થાપના કર ! સાધ્વી સુનેત્રા જેવા પવિત્ર ભાવો આર્ય અબળાઓનાં અંતરમાં ભર ! અને શાંન્ત મુર્તિ વશિષ્ટ જેવા પવિત્ર બ્રાહ્મણો ઉત્પન્ન કર. કે જેથી અમે તારા પવિત્ર વૈદિક ધર્મના મહત્વને જાણી, સત્ય આર્ય બનવાની યોગ્યતા પ્રાપ્ત કરી શકીએ ! ! ! અસ્તુ.

શાંન્તિ શાંન્તિ શાંન્તિ

સમાપ્ત

અગાઉથી ગ્રાહક બની આશ્રય આપનાર સદગ્રહસ્થો નાં મુબારક નામો

૨૫ શેઠ ગોકળદાસ આસુઆણી
૨૫ શેઠ ધનજી કરમશી ભુજવાળા
૧૦ ,, અમરચંદ માધવજી
૧૦ ,, હીરાનંદ વેરશીમલ
૧૦ ,, કાસેમામદ ઉમર ડોસલ
૧૦ ,, શીવજી કુંવરજી હા. કાકુભાઈ
૧૦ ,, ઇબરામ સુલેમાન સાલેજી
૧૦ ,, હાજી જેઠાભાઈ ગોકળ
૧૦ ,, અમરચંદ રતનશી
૧૦ ,, રગનાથ કલ્યાણજી
૧૦ ,, ઇસાજી આદમજી જાફરજી
૧૦ ,, રતનશી પરશોતમ
૧૦ ,, લાલજી લખમીદાસ
૦ ,, મીરશાદ હાજી જાસમ
૧૦ ,, ધરમદાસ થાવરદાસ
૧૦ ,, અમલરાય ગોધુમલ
૧૦ ,, મીરજુક મહમદ
૧૦ મેસર્સ નસરવાનજી કંપની

૧૦ શેઠ એ. હાજી ડોસલ એન્ડ સન્સ
૧૦ ,, મુળજી મોગરજી
૧૦ ,, ગોરધનદાસ વિસનદાસ રતનચંદ
૧૦ ,, વલીમામદ લુતફઅલી
૧૦ ,, હસનઅલી હાજી અબદુલા
૧૦ ,, રામજી જસરાજ વાલજી
૧૦ મેસર્સ ત્રીભોવનદાસ કંપની
૧૦ શેઠ જાસમ મજીદ
૭ એક સખી ગ્રહસ્થ
૬ શેઠ હીરજી માધવજી
૫ ,, પ્રાગજી સુરજી
૫ ,, ગંગારામ ત્રીકમદાસ
૫ ,, વલભદાસ ઉમરશી
૫ ,, ટોકરશી લીલાભાઈ
૫ ,, ગોરધનદાસ ધમનમલ
૫ ,, સતરામદાસ હેમરાજ
૫ ,, લીલારામ માધવદાસ
૫ ,, ગુલામહુસેન કાસમ

૫ ,, રામજી પેથાભાઈ
૫ ,, માધવજી થાવર
૫ ,, નરશીદાસ નાનજી
૫ ,, અહમદ અબ્દુલા
૫ ,, લીલારામ કેવળરામ
૫ ,, હુસેનભાઈ મામદ રેમુ માવજી
૫ ,, રમજાન હાસમ
૫ ,, નેભનદાસ જેઠાનંદ
૫ ,, કુંવરજી મોરારજી
૫ ,, મણીલાલ શામજી
૫ ,, જીવણલાલ ગોવિંદજી
૩ ,, અંદાલી કાસમ
૩ ,, શાબાન મીમ
૩ ,, હુસેની મામુ
૩ ,, સુંદરદાસ વલ્લભદાસ
૨ ,, મોસમાલુ હાજી વલીહુઅલી
૨ ,, રતનજી બેચરભાઈ
૨ ,, ગુલામહુસેન પીરૂ
૨ ,, મામદ જાફર કરમાલી
૨ ,, પ્રાગજી ચનજીજની કંપની
૨ ,, માણેકલાલ પ્રીતમદાસ
૨ ,, ઠકુમલ વાધુમલ
૨ ,, વિસનજી ડોસા કલ્યાણ
૨ ,, ખીમચંદ ખેથારામ
૨ ,, થાવરદાસ સોભરાજ
૨ ,, હાજી અબ્દુલા હારૂન
૨ ,, સુલતાન અબ્દુલહુસેન
૧ ,, લાખારામ કેવળીરામ
૨૫ ,, દેવચંદ કલ્યાણજી મારફત
૧ શેઠ તુલસીદાસ નંદાણી
૧ ,, વિસારામ મેઘજી
૧ ,, જેરામ પુરૂષોતમ
૧ ,, પ્રભુદાસ વલભદાસ
૧ ,, મથુરાદાસ રવજી
૧ ,, નાનજી વિશરામ
૧ ઠા. જેસમ ફકીર
૧ શેઠ ચાંપશી નાનજી વાયડા
૧ ,, ત્રીભોવનદાસ કરસનદાસ
૧ ઠા. કુંવરજી ભાણજી
૧ શેઠ ધનામલ પ્રેમચંદ
૧ ઠા. વેલજી ચામજી
૧ શેઠ દેવચંદ હીરજી
૧ ,, હરિકૃષ્ણદાસ પુજશાવરદાસ
૧ ,, માધવજી ગોપાળજી

૧ ,, ઝીણા પીતામ્બર
૧ ,, મુળજી મનુ
૧ ,, જી. એસ. તીરખા
૧ ,, ખીમશી લાલજી
૧ ,, કરસન ગોકળ
૧ ,, દામોદરદાસ માવરદાસ
૧ ,, હેમરાજ [illegible]
૧ ,, ગંગારામ [illegible] અનસુરકર
મિ॰: હૈદ્રાબાદ
૧ ,, રાહેતાજી ગીરધ લાલ
પુ[illegible] [illegible] જહાનાળા
૧ ,, પીતામ્બર [illegible]જી
૯ દવે કેશવલાલ પ્રાગજી હસ્તક
૧ શેઠ મેઘજી માધવજી
૧ ,, તેજશી રામજી
૧ મુખી ફુવનરામ હરીયામલ
૨ શેઠ લવજી અંદરજી
૧ ,, પરશુરામ પુજ દેવનમલ
૧ ,, જગજીવનદાસ છગનલાલ
૧ ,, ચુનીલાલ કુબેરભાઇ
૧ ,, કરસનજી લાલજી
૧ ,, માધવજી જીવરાજ

૧ શેઠ મોહન દેવજી
૧ ,, રામજી બેચરભાઇ
૧ ,, પુરશોતમ ચકુભાઇ
૧ દવે જટાશંકર કાનજી
૧ શેઠ પુરૂષોતમ દેવશી
૧ ,, મોતચંદ ખટુમલ
૧ ,, માવરદાસ હેમરાજ
૧ ,, હેમરાજ પારસી
૧ ,, પરશોતમ રતનશી ભુજવાલા
૧ ,, મુળજી શંભુરામ
૧ ,, હંસરાજ માણેકચંદ
૧ ,, પોપટ તેજા
૧ ,, ભગવાનજી હકુભાઇ
૧ ,, પી. એચ. બલસારા
૧ ,, એન. જે. બાસ
૧ ,, મંગળજી કે ભટ
૨ ,, મુળશંકર ચત્રભુજ
૨ ,, શેવારામ ગીધુમલ
૧ ,, તુલસીદાસ વલભદાસ
૧૦ શેઠ નારણજી દેવકરણ હસ્તક
૧ શેઠ જાદવજી પ્રાગજી
૧ ,, રામજી કેશવજી

૧ ,, તુલસી કરશન
૧ ,, દયાલજી ગોવિંદજી
૧ ,, કુંવરજી નારાણદાસ
૧ ,, કેવળરામ લાલચંદ
૧ ,, મોહનલાલ નથુભાઇ
૬ ,, રાયસી જેઠાભાઇ

ચંદારાણા

૧ ,, નારણદાસ દેવકરણ
૧ ,, ત્રીકમજી ભોધાભાઇ
૨ દલાલ હોતચંદ કંપની
૧ શેઠ મગનલાલ મથુરાદાસ
૧૦ ,, વધજીભાઇ મોરારજી મારફત
૧ શેઠ છતાનમલ ભાણમલ
૧ ,, અનુભાઇ કાભાઇ
૧ ,, પંચેરજી ફીરોજી પંચાકી
૧ ,, રામચંદજી હીરાજી
૧ ,, પુરશોતમ સુંદરજી રવાણી
૧ ,, ભીખાભાઇ મગનલાલ
૧ ,, કરસનદાસ ટોકરસી
૧ ,, ડાહ્યાલાલ લવજી
૧ ,, બેચરભાઇ દેવકરણ
૧ ,, બાળકૃષ્ણ મુરલીધર

૧૦ ગવાડી અમૃતલાલ શંકરજી મારફત
૧ શેઠ નંદરામ પીતાંબરદાસ
૧ ,, નાનજી લાલજી ટોપીવાળા
૧ માસ્તર મણીલાલ ગોરધનદાસ
૨ શેઠ મોતીલાલ ડી. સેજપાળ
૧ ,, રામજી દેવકરણ સચદે
૧ ઠા. પ્રેમજી મેઘજી
૧ શેઠ મધા આસકરણ
૧ ,, હીરાલાલ ચાંદુમલ
૧ મેતા અનંતરાય માનશંકર

ઝીણા

૫ શેઠ અમરશી જુઠા મારફત
૧ શેઠ મોહન ડારા
૧ ,, લાલજી નાનજી
૧ ,, લખમશી મુળજી
૨ ,, અમરસી જુઠાભાઇ
૨૦ રાવળ પ્રભાશંકર કાળીદાસ મારફત
૧ શેઠ પમનમલ ઉકરમલ
૧ ,, મનજી અણી
૧ સુતાર હોતચંદ મુળજી
૧ ઠા. રતનસી કરશન

૧ ,, જેઠા માધવજી
૧ પટેલ હંસરાજ
૧ સુતાર મેઘજી સુંદરજી
૧ ,, ધનજી નથુ
૧ શેઠ લખમીદાસ બાવાભાઇ
૧ સુતાર નાગજી કેશા
૧ પટેલ માધા કલ્યાણ
૧ ઠા. લીલાધર માધવજી
૧ પટેલ દેવશી જીવરાજ
૧ ,, માવજી મટુંબાવાળા
૧ ઠા. પ્રાગજી કરસન
૧ પટેલ ભીમજી ભાદાવાળા
૧ શેઠ હુંવામલ હૈદ્રાબાદવાળા
૧ ,, ગીધુમલ પરતાપરાય
૧ સોની અમૃતલાલ ગોપાલદાસ
૧ ,, ખુશાલદાસ ત્રીકમદાસ

૧ ખત્રી કરશન કાશીદાસ
૧ શેઠ જેરામ કાનજી
૧૦ મીસ્ત્રી લીલાધર પ્રાગજી મારફત
૧ મીસ્ત્રી જેરામ ઝીણાભાઇ
૧ ,, રણછોડ આખઇ
૧ ,, શીવરામ ત્રીકમ
૧ પાઠક મણીશંકર ગોરધન
૧ મીસ્ત્રી મેઘજી દેવકરણ
૧ ,, લીલાધર પ્રાગજી
૧ ,, ગોવીંદજી ભીમજી
૧ ,, અરજણ ખીમજી
૧ ,, રામજી તથા શીવજી પેરાજ
૧ ,, મોરારજી જેઠા
૫ ,, ભાઇલાલ મગનલાલ
૧ ,, ત્રીભોવનદાસ પુરષોતમદાસ કડીવાળા
કડીવાળા ૧ અંબાલાલ જગજીવન
૧ મીસ્ત્રી કાનજી દેવકરણ